# ‘અભીવ્યક્તી’ બ્લોગમાં મુકાયેલા શ્રી. મુરજી ગડાના લેખોની ‘અભીવ્યક્તી’ ઈ.બુક – 03

:મુલ્ય:

**રૅશનલ સદ્ભાવ**

:પ્રકાશક:


ગોવીન્દ મારુ

govindmaru@yahoo.co.in


## અર્પણ...

જેને કોઈ ઉપમા ન આપી શકાય તે **‘મા’**

કવીશ્રી બોટાદકરે સાચું જ કહ્યું છે :

‘મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.’

## મારા પરીવાર માટે પોતાની જાત ઘસી નાખનાર



## મારાં માતુશ્રી. મીઠીબા મારુના ચરણોમાં સાદર અર્પણ


## ગોવીન્દ મારુ

405,સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટીની સામે, એરુ ચાર રસ્તા,
વીજલપોર

પોષ્ટ: એરુ એગ્રી. કોલેજ. પીન કોડ:396 450. જીલ્લો: નવસારી.
ગુજરાત રાજ્ય. ભારત. ફોનઃ 9537 88 00 66 e.Mail:
govindmaru@yahoo.co.in



# હે લોકો,

હું જે કંઈ કહું તે પરમ્પરાગત છે એમ જાણી ખરું માનશો નહીં.
તમારી પુર્વપરમ્પરાને અનુસરીને છે એમ જાણીને પણ ખરું માનશો નહીં.
આવું હશે એમ ધારી ખરું માનશો નહીં.
તર્કસીદ્ધ છે એમ જાણી ખરું માનશો નહીં.
લૌકીક ન્યાય છે એમ જાણી ખરું માનશો નહીં.
સુન્દર લાગે છે એમ જાણી ખરું માનશો નહીં.
તમારી શ્રદ્ધાને પોષનારું છે એમ જાણી ખરું માનશો નહીં.
હું પ્રસીદ્ધ સાધુ છું, પુજ્ય છું એવું જાણી ખરું માનશો નહીં.

પણ તમારી વીવેકબુદ્ધીથી મારો ઉપદેશ ખરો લાગે તો જ તમે તેનો સ્વીકાર કરજો."

–ગૌતમ બુદ્ધ

Ebook Distributed By

અક્ષરનાદ
AksharNaad.com

## સમ્પાદકીય

માનનીય શ્રી. મુરજીભાઈ ગડાનાં માતા–પીતા મુળ કચ્છના વતની. પણ એમનો જન્મ અને ઉછેર તો મહારાષ્ટ્રના અંતરીયાળ ગામમાં થયો. મુંબઈ યુનીવર્સીટીમાંથી બી. ઈ. (મીકેનીકલ) થયા અને એ જ ક્ષેત્રમાં અમેરીકામાં એમ. એસ. કરી, ત્યાં કન્સલ્ટન્ટસી કરી. વીસેક વર્ષ ત્યાં ગાળીને હવે પોતે વડોદરામાં સ્થાયી થયા છે. નીવૃત્તીના છેલ્લા એક દાયકાથી કચ્છી વીશા ઓસવાળ સમાજ, મુમ્બઈના મુખપત્ર ‘પગદંડી’ માસીક અને કચ્છી જૈન સમાજ, અમદાવાદના મુખપત્ર ‘મંગલ મન્દીર’માં તેમણે લખવાનું શરુ કર્યું. પ્રચલીત સામાજીક માન્યતાઓથી વીરુદ્ધ શ્રી. મુરજીભાઈનું ચોખ્ખું ચીન્તન, તેને આલેખતી સૌમ્ય, સરળ અને અહીંસક શૈલી તથા તર્કબદ્ધ રજુઆતથી હું આકર્ષીત થયો. જીવનનો સાચો રાહ બતાવતા એમના લેખોને મારા ‘અભીવ્યક્તી’ બ્લોગમાં પ્રગટ કરવા દેવા, મુમ્બઈના એક કાર્યક્રમમાં, મેં એમની અનુમતી માંગી હતી. ‘અભીવ્યક્તી’ બ્લોગ તો તેઓ નીયમીત વાંચતા હોઈ તેઓએ મારી પીઠ થાબડીને મને રાજીખુશીથી મંજુરી આપી.

આજદીન સુધીમાં શ્રી. મુરજીભાઈના **42** લેખો ‘અભીવ્યક્તી’ બ્લોગમાં પ્રગટ થયા છે. આ તમામ લેખોને વાચકમીત્રો તરફથી ખુબ જ સારો આવકાર અને પ્રતીસાદ સાંપડતો રહ્યો છે. તેમાંથી તેમના **23** લેખોની પ્રથમ અને ‘અભીવ્યક્તી’ બ્લોગની ‘અભીવ્યક્તી ઈ.બુક–3’ વાચકમીત્રોને સહર્ષ ભેટ ધરું છું. રૅશનલજીવનનો સાચો રાહ ચીંધવામાં તે ઉપયોગી થશે તો એમનું લેખન અને મારી મહેનત સફળ થશે...

મને સપને પણ ખ્યાલ ન હતો કે અમને સાત સમન્દર પાર અમેરીકા જવાની તક મળશે. અમારા દીકરા પવનને ત્યાં, પુત્રવધુ

સંઘમીત્રાની કુખે પૌત્રી ચી. ફ્રેયા (**Freyja**) ના અવતરણના પ્રસંગે આજે અમને અમેરીકા જવા–જોવા–જાણવાનો અવસર પ્રાપ્ત થયો છે.

માતૃભુમી નડીયાદથી દશ હજાર માઈલ દુર અમેરીકામાં શ્રી. સુભાષભાઈએ તંત્રી અને ભગવતીબહેને સહતંત્રી તરીકે પોતાને ઘરેથી 12 પાનાનું 'ગુજરાત દર્પણ' 1994માં શરૂ કર્યું હતું. આજે તેમના દીકરા શ્રી. કલ્પેશભાઈ શાહ (મેનેજીંગ એડીટર)ના યુવા હાથે, 'ગુજરાત દર્પણ' 176 પાનના દળદાર અંક બની પ્રગતીના પંથે છે. હવે તો તે તેની વેબસાઈટ http://gujaratdarpan.com/ પર પણ જોઈ શકાય છે.

શ્રી. સુભાષભાઈ શાહ અને તેમનો પરીવાર દર મહીને 'ગુજરાત દર્પણ સાહીત્યસભા'ના નેજા હેઠળ ગુજરાતી સાહીત્યમાં રસ ધરાવતા લેખકો, કવીઓની એક 'સાહીત્યસભા' પોતાની ઓફીસમાં ની:સ્વાર્થભાવે યોજે છે. તેમાં ભાગ લેનાર દરેક સાહીત્યકારની સ્વરચના ચર્ચાને ચાકડે ચડે છે. લેખકોનાં નવાં પુસ્તકોનું વીમોચન પણ કરાય છે. આ વીમોચન પામેલાં પુસ્તકનું અવલોકન પણ 'ગુજરાત દર્પણ જ્ઞાન પરબ'ના નેજા હેઠળ પ્રકાશીત થાય છે. વળી દરમહીને સભાની સમાપ્તી બાદ શ્રી. સુભાષભાઈ શાહ અને તેમનો પરીવાર સ્વાદીષ્ટ ભોજનથી ઉપસ્થીત સર્વને સંતૃપ્ત પણ કરે છે. ગુજરાતીઓ અમેરીકાના લેખકોને જે ગણતા હોય તે; પરન્તુ સુભાષભાઈ તો તેમને 'સરઆંખો' પર રાખે છે અને એમ, સૌનું સર્જકોનું હીર પ્રગટાવવાનો મોકો આપે છે.

આવા ગુણગ્રાહી સુભાષભાઈએ આ ઈ.બુકનું વીમોચન કરવાનું અમારું નીમંત્રણ સ્વીકાર્યું અને સૌની આગતાસ્વાગતા કરી તે બદલ તેમનો અને આ આખા કાર્યક્રમમાં સાથ–સહકાર આપવા બદલ સર્વશ્રી. સુબોધભાઈ શાહ, કલ્પેશભાઈ શાહ, અમૃતભાઈ હજારી, કૌશીકભાઈ અમીનનો હું અંત:કરણથી ઋણ સ્વીકાર કરું છું.

અન્તમાં આ ‘ઈ.બુક–03’ પ્રકાશીત કરવાની અનુમતી આપવા માટે માનનીય શ્રી. મુરજીભાઈ ગડાનો ઋણ સ્વીકાર કરવા સાથે હું હૃદયથી વંદન કરું છું. મારા ‘ફ્રેન્ડ, ફીલોસોફર અને ગાઈડ’ ઉત્તમ + મધુકાન્તા ગજ્જરને તો કેમ ભુલાય...?




ગોવીન્દ મારુ

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટીની સામે, વીજલપોર

પોસ્ટ: એરુ એગ્રી. કૉલેજ પીન કોડ: 396 450. જીલ્લો: નવસારી.

ફોનઃ 9537 88 00 66 e.Mail: govindmaru@yahoo.co.in


# પ્રાસ્તાવીક

ભારતીય સમાજમાં અન્ય દેશ, ધર્મ, સંસ્કૃતીઓ વગેરે વીશે ઘણી ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. આ ઉપરાન્ત સામાન્ય ભારતીય નાગરીકનું ઈતીહાસ અને વીજ્ઞાનનું જ્ઞાન પણ ઘણું જ મર્યાદીત છે. આને લગતા કેટલાક વીષય પર 2006 થી લખવાનું મેં શરુ કર્યું હતું. કાળક્રમે આ લેખ જરુરી ફેરફાર સાથે શ્રી. ગોવીન્દભાઈ મારુના બ્લોગ 'અભીવ્યક્તી' પર દર મહીને નીયમીત મુકવાનું શરુ થયું. આ બ્લોગ ભારતની બહાર, ખાસ કરીને અમેરીકા અને યુરોપમાં, ઘણો વંચાય છે. આ સમય દરમીયાન અન્ય બે રૅશનાલીસ્ટ મેગેઝીનો, 'વીવેકપંથી' અને 'માનવવાદ'માં પણ અવારનવાર આમાંથી યોગ્ય લાગતા લેખ છપાતા રહ્યા.

આ લેખોને વાચકો તરફથી સર્વત્ર ઘણો જ સારો આવકાર અને પ્રતીભાવો મળતા રહ્યા, તેમ જ થોડો ઘણો વીરોધ પણ થયો છે. લખવાનું ચાલુ રહેતાં આ બધા લેખોને એક પુસ્તક સ્વરુપે પ્રગટ કરવાનાં સુચનો ચાહકો તરફથી અવારનવાર મળતા રહ્યા. શ્રી. ઉત્તમભાઈ ગજ્જર તરફથી એક બીજું સુચન મળ્યું, પુસ્તકને બદલે ઈ.બુક બનાવવાનું. થોડી વીચારણાને અન્તે લેખોના વીષયો અનુસાર બે 'ઈ.બુક્સ' બનાવવાનું નક્કી થયું. એમાંની પહેલી ઈ.બુક હવે તૈયાર થઈ છે, જેના લેખ બે વીભાગમાં વહેંચાયેલા છે.

છપાયેલા પુસ્તકની સરખામણીએ ઈન્ટરનેટ પર મુકાતી ઈ.બુકનો ફાયદો એ છે કે દુનીયાના કોઈપણ ખુણે રહેનાર વાચક પાસે એ તરત પહોંચી જાય છે. આ ઈ.બુક તૈયાર કરવાનો **સમ્પુર્ણ યશ** શ્રી. ગોવીન્દભાઈ મારુને ફાળે જાય છે. શ્રી. ગોવીન્દભાઈની **ધગશ**, **મહેનત**, **ઉત્સાહ** અને **પ્રતીબદ્ધતા** **કાબીલે દાદ છે**. અને શ્રી. ઉત્તમભાઈના **પ્રોત્સાહન** વગર આ કાર્ય શક્ય થયું ન હોત. હું એ બન્નેનો ખુબ ખુબ આભારી છું.

સતત વીસ્તરતી જતી ગુજરાતી બ્લોગની દુનીયામાં, 'અભીવ્યક્તી' બ્લોગે આગલી હરોળમાં પોતાનું સ્થાન હાંસલ કર્યું છે એમ કહેવામાં જરાપણ અતીશયોક્તી નથી. 'અભીવ્યક્તી' બ્લોગમાં મુકાયેલા મારા લેખોની પ્રથમ ઈ.બુક અને 'અભીવ્યક્તી ઈ.બુક–3'નું પ્રકાશન 'ગુજરાત દર્પણ સાહીત્ય સભા', ન્યુ જર્સી, અમેરીકાના ઉપક્રમે, શ્રી. ગોવીન્દભાઈ અમેરીકામાં કરવાના છે, એ જાણી હું આનન્દની લાગણી અનુભવું છું. 'અભીવ્યક્તી ઈ.બુક–3'ને સામયીકો અને બ્લોગ કરતાં પણ વધુ સફળતા મળે એવી મનોકામના. વાચકો માટે આનન્દ સાથે જ્ઞાન વધારવાનો આ એક અવસર હશે એવી ભાવના સાથે......



મુરજી ગડા

1, શ્યામવાટીકા સોસાયટી, વાસણા રોડ, વડોદરા–390007

**સેલફોન:** 972 679 9009 **ઈ–મેલ:** mggada@gmail.com

# અનુક્રમણીકા

અનુક્રમણીકામાં ‘લેખના શીર્ષક’ પર ક્લીક કરતાં જ તે લેખનું પાનું ખુલશે અને દરેક લેખના અંતે ‘અનુક્રમણીકા’ પર ક્લીક કરતાં અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે.


| ક્રમ | લેખનું શીર્ષક | લેખ મુકાયા તારીખ | પાન ક્રમાંક |
|---|---|---|---|

## વીભાગ ૧ : પ્રચલીત માન્યતાઓની બીજી બાજુ

| | | | |
|---|---|---|---|
| 01 | બદલાતી સંસ્કૃતીઓ | 13-09-2013 | 009 |
| 02 | ભારતનો સાચો સુવર્ણકાળ | 14-06-2013 | 013 |
| 03 | અંગ્રેજી શાસનનો વારસો | 14-12-2012 | 019 |
| 04 | પશ્ચીમી સંસ્કૃતીની આલોચના | 17-01-2014 | 028 |
| 05 | “સત્યમેવ જયતે”નું સાતત્ય | 15-11-2013 | 032 |
| 06 | અહીંસાની આગેકુચ | 11-10-2012 | 038 |
| 07 | નક્કર વાસ્તવીકતા | 12-07-2013 | 044 |
| 08 | વૈશ્વીકીકરણમાં પ્રાદેશીક ભાષાઓની આહુતી | 25-04-2014 | 048 |
| 09 | ખોરાક્ની પસંદગી સ્વાસ્થ્ય માટે કે શાસ્ત્રો આધારે? | 30-05-2014 | 053 |

## વીભાગ ૨: વીચારવાયોગ્ય વીષયો

| | | | |
|---|---|---|---|
| 10 | વીચારધારા અને માર્કેટીંગ | 05-05-2011 | 058 |
| 11 | વીચારધારાઓની સફળતા નીષ્ફળતા | 16-06-2011 | 064 |
| 12 | સ્થળાંતર-ધર્માંતર-વીચારાંતર | 11-01-2013 | 069 |
| 13 | આપણી બે દુનીયા | 25-07-2014 | 075 |
| 14 | અવગણાયેલા મહામાનવો | 06-09-2012 | 079 |
| 15 | જ્ઞાન સાગરનુ ઉંડાણ | 19-10-2013 | 084 |

| | | | |
|---|---|---|---|
| 16 | દાનથી પરીગ્રહ વીચ્છેદ સુધી | 09-05-2013 | 089 |
| 17 | સુખની શોધ | 15-02-2013 | 096 |
| 18 | પુરુષાર્થ અને પ્રવૃત્તી | 21-02-2014 | 101 |
| 19 | સીલેક્ટીવ મોરાલીટી | 07-06-2012 | 105 |
| 20 | ક્ષમા, સહનશીલતા કે ન્યાય | 13-12-2013 | 111 |
| 21 | રાજવંશ અને રાજઅંશ | 23-03-2013 | 116 |
| 22 | સ્વપસંદગીની (ફાવતી) નૈતીકતા | 20-09-2014 | 120 |
| 23 | મનનો અંધાપો અને તાર્કીકતા | 09-11-2011 | 124 |

01-2013-09-13

## બદલાતી સંસ્કૃતીઓ

આપણે જ્યારે ભારતીય સંસ્કૃતીની વાત કરીએ છીએ ત્યારે આપણા મનમાં એક આદર્શ સમાજ વ્યવસ્થાનો ખ્યાલ હોય છે. આપણે જે સાંભળતા અને વાંચતા આવ્યા છીએ, એને સ્વાભાવીકપણે સ્વીકારી લીધું છે. વાસ્તવમાં એ અર્ધસત્ય છે.

આપણી પ્રાચીન સંસ્કૃતી ખરેખર કેવી હતી એ કહેવું લગભગ અશક્ય છે. ગણ્યાંગાંઠ્યાં મહાકાવ્યો કે ગ્રન્થો પરથી એનો સાચો ખ્યાલ ન આવે. એમાં થોડી અતીશયોક્તી અને ઘણી બધી કવી–કલ્પના (વીશફુલ થીંકીંગ) પણ હોઈ શકે છે. સદીઓ પછી પણ એ અકબંધ જળવાઈ રહી છે એમ માનવું. **ભોળપણ છે**.

આપણને વર્તમાનમાં જે નજર સામે દેખાય છે તે આપણી સદીઓની સંસ્કૃતીનો નીચોડ છે એટલે એજ આપણી સાચી સંસ્કૃતી છે. આપણી સંસ્કૃતીનું જમા પાસું છે : આપણી કુટુમ્બભાવના, વડીલો પ્રત્યેની માનમર્યાદા, પડોશીઓ સાથેનો સમ્બન્ધ, સહીષ્ણુતા વગેરે. સાથેસાથે, આપણી દેખાદેખી, દમ્ભ, ભ્રષ્ટાચાર, બહાનાંબાજી, અન્ધશ્રદ્ધા, જાતીભેદ, વર્ણભેદ, અસ્પૃશ્યતા, પરીવર્તનનો વીરોધ, રુઢીચુસ્તતા, જાહેર જગ્યાઓની ગંદકી વગેરે બધું જ આપણી સંસ્કૃતીનું ઉધાર પાસું છે. આમાંથી ઘણું પહેલેથી ચાલ્યું આવે છે.

ભારતીય સંસ્કૃતી ઘણી જુની છે. પાંચ પ્રાચીન સંસ્કૃતીઓમાંની તે એક છે. આ બધી સંસ્કૃતીઓનો ત્યારે પણ એક બીજા સાથે સમ્પર્ક હતો અને પરસ્પર વીચારોની આપલે થતી હતી. જો એમાં ઉંડા ઉતરીએ તો પ્રાચીન સંસ્કૃતીઓ વચ્ચે ઘણી સમાનતા દેખાઈ આવે છે. સાથે સાથે બધી સંસ્કૃતીઓમાં પોતાની સ્થળ આધારીત વીશીષ્ટતા પણ હતી.

સંસ્કૃતીઓ આદીકાળથી અસ્તીત્વમાં છે, અને સમયાન્તરે બદલાતી રહી છે. એને બદલે છે ધર્મ, માનવીય સ્થળાન્તર, રાજકારણ, ઈતીહાસ, ઔદ્યોગીકીકરણ, વૈશ્વીકીકરણ વગેરે.

ધર્મ અને સંસ્કૃતી બે ભીન્ન બાબતો છે. ધર્મ એ મનુષ્ય જીવનનું એક અગત્યનું અંગ હોવા છતા તે સંસ્કૃતીનોજ એક ભાગ છે. જ્યારે સંસ્કૃતીમા ધર્મ ઉપરાન્ત આપણી દરેક પ્રવૃત્તી, વીચારો, માન્યતાઓ વગેરે બધાનો સમાવેશ થાય છે. એને જીવનવ્યવસ્થા કે સમાજ–વ્યવસ્થા પણ કહી શકાય. એ આપણા વહેવાર, તહેવાર, રીતરીવાજ, રહેણીકરણી, સાહીત્ય, સંગીત, કળા, ફીલ્મ વગેરે દ્વારા છતી થાય છે.

સંસ્કૃતી અને ધર્મ અલગ હોવા છતાં એકબીજાના પુરક છે. આજના સ્વરુપમાં જે જુદા જુદા ધર્મો અસ્તીત્વમાં છે, તે પ્રાચીન સમયમાં મોજુદ નહોતા. સ્થાનીક સંસ્કૃતીની તત્કાલીન જરુરીયાત તેમ જ તેમાં રહેલા કેટલાક અતીરેકના પર્યાયરુપે જુદા જુદા ધર્મોનો ઉદય થયો અને તે પ્રમાણે ધર્મોના સીદ્ધાન્ત રચાયા. (હીન્દુ અને જૈન ધર્મના અનુયાયીઓ પોતાનો ધર્મ આદીકાળથી હોવાનો દાવો કરે છે. એની ચર્ચામાં અત્યારે નહીં ઉતરીએ) ધર્મના ફેલાવા સાથે એમાં રહેલ વીચારભેદને કારણે સંસ્કૃતીઓ વચ્ચેનું અન્તર વધવા લાગ્યું. સંસ્કૃતીઓ એકબીજાની પુરક બનવાને બદલે સ્પર્ધક બની ગઈ.

સમાજશાસ્ત્ર એ બધી જ શાળાઓમાં ભણાવવામાં આવતો વીષય છે. વ્યવસાયમાં એનું મહત્ત્વ ન હોવાથી મોટા ભાગના વીદ્યાર્થીઓ દ્વારા એ અવગણાયેલો વીષય રહ્યો છે. છતાંયે એ ફરજીયાત ભણાવાય છે; કારણ કે એ આપણા જીવન સાથે વણાયેલો છે.

સમાજશાસ્ત્રનો એક ભાગ છે ઈતીહાસ. ઈતીહાસ એ રાજાઓનાં નામો અને લડાઈની તારીખો ઉપરાન્ત ઘણું વધારે છે. ઐતીહાસીક

ઘટનાઓ પાછળનાં કારણો અને તેમની અસર ઈતીહાસનું હાર્દ હોય છે. દરેક મહત્ત્વની ઘટના અને વહેણ (ટ્રેન્ડ) એની અસર અચુક મુકતા જાય છે.

સંસ્કૃતી, ધર્મ અને ઐતીહાસીક ઘટનાઓ ગાઢપણે સંકળાઈને એકબીજાને ઘડે છે. ધાર્મીક ભેદભાવોએ યુદ્ધો સર્જ્યાં છે. યુદ્ધોએ રાજકીય નકશા બદલી સંસ્કૃતીને મઠારી છે. એમાંથી નવા ધર્મોનો ઉદય થયો છે અથવા તો પ્રસ્થાપીત અને પ્રચલીત ધર્મમાં ફાંટા પડ્યા છે. આ ચક્ર ચાલતું રહે છે.

સંસ્કૃતીઓને સ્પષ્ટપણે બદલતી છેલ્લી સદીની થોડીક ઘટનાઓ અને વહેણ છે : યુરોપીય સંસ્થાનવાદનો અન્ત, લોકશાહીનો તેમ જ શીક્ષણનો ફેલાવો, સામ્યવાદનો ઉદય અને પીછેહઠ, બે વીશ્વયુદ્ધો, ઔદ્યોગીકીકરણ, વૈશ્વીકીકરણ, શહેરીકરણ વગેરે..

ભારતના સંદર્ભમાં જોઈએ તો ઈતીહાસમાં પ્રથમવાર ભારત એક દેશ તરીકે ઉદભવ્યો છે. એ પહેલા ભારત ઉપખંડ સેંકડો નાનાં રજવાડાંઓમાં વહેંચાયેલો હતો. પડોશી રાજ્યો સાથેનાં ઘર્ષણ સામાન્ય ઘટના હતી. એની અસર આજે પણ આપણી સંસ્કૃતી પર અને રાજકારણમાં દેખાય છે. આપણી વફાદારી પોતાના સમાજ, જ્ઞાતી, ધર્મ કે પ્રાંત પ્રત્યે વધુ છે અને રાષ્ટ્ર પ્રત્યે ઓછી છે. મોગલ શાસન તેમ જ અંગ્રેજી શાસનની અસર પણ આપણી સંસ્કૃતીમાં વણાઈ ગઈ છે. તે છતાંયે પરીવર્તનના સ્વીકારને બદલે વીરોધની વૃત્તી અકબંધ છે.

આશરે પાંચસો વર્ષ પુર્વે યુરોપમાં વૈજ્ઞાનીક વીચારસરણી સાથે આવેલી ઔદ્યોગીક ક્રાંતીએ ત્યાંની સંસ્કૃતી મહદ્ અંશે બદલી નાંખી. આપણી સામાજીક તેમ જ અન્ય સમસ્યાઓ માટે પશ્ચીમી સંસ્કૃતીને દોષ દેવાનું આપણને ફાવી ગયું છે. આપણે એમનાથી જુદા છીએ એમ કહેવા

કરતાં એમનાથી પાછળ છીએ એમ કહેવું વધુ ઉચીત છે. આપણે જેને પશ્ચીમી સંસ્કૃતી કહીએ છીએ તે હવે પશ્ચીમના દેશો પુરતી જ મર્યાદીત નથી રહી. જ્યાં પણ વૈજ્ઞાનીક વીચારસરણી અને ઓદ્યોગીકીકરણ પહોંચ્યા છે ત્યાંની મુળ સંસ્કૃતી પર એની અસર અચુક થઈ છે. અહીં સારા–નરસાની સરખામણી નથી. દુનીયાની બધી જ સંસ્કૃતીઓનો પ્રવાહ કઈ બાજુએ વહી રહ્યો છે એની ચર્ચા છે.

સાંસ્કૃતીક રીતે ભારતનાં મોટાં શહેરોમાંનો અમુક વર્ગ એકવીસમી સદીમાં જીવે છે, ગામડાંના લોકો ઓગણીસમી સદીમાં જીવે છે અને આદીવાસીઓ કદાચ સત્તરમી સદીમાં જીવે છે. દુનીયાના બધા જ વીકાસશીલ દેશોમાં વત્તે ઓછે અંશે આવી જ વ્યવસ્થા દેખાય છે. માહીતી પ્રસારણમાં જે જબરદસ્ત ક્રાન્તી આવી છે એના લીધે કાળેક્રમે આ ભેદ ઓછો થશે. પરમ્પરાગત માન્યતાઓની પકડ ઢીલી પડશે અને દુનીયાની બધી જ સંસ્કૃતીઓ ફરી પાછી એકબીજાની વધુ નજીક આવે એવી શક્યતા દેખાય છે.

ભારતીય, પશ્ચીમી કે બીજી કોઈ સંસ્કૃતીને બદલે, લોકો કઈ સદીમાં જીવે છે, એ શબ્દપ્રયોગ વધુ યોગ્ય લાગે છે. દરેક દેશમાં બધી જ વીચારધારાઓ અનુસરતા લોકો હવે મળે છે. પશ્ચીમનો અમુક વર્ગ આપણી પાસેથી યોગ અને ધ્યાન શીખે છે તો આપણે પુર્વ એશીયાના દેશો પાસેથી કરાટે શીખીએ છીએ. દુનીયા આખી પશ્ચીમ પાસેથી વૈજ્ઞાનીક વીચારસરણી શીખે છે. દુનીયાનાં બધાં જ મોટાં શહેરોમાં બધા દેશોની ખાવાની વસ્તુઓ મળે છે. ફક્ત વ્યાપાર ક્ષેત્રે નહીં; પણ સાંસ્કૃતીક સ્તરે વૈશ્વીકીકરણ થઈ રહ્યું છે. એનો આંધળો વીરોધ કરવાને બદલે એમાંથી સારાં તત્ત્વોને અપનાવવું આપણા હીતમાં છે.

વર્તમાન સમાજ વ્યવસ્થા ચાલુ રહે એમાં ચોક્કસ વર્ગનું હીત સમાયેલું હોય છે. તેઓ પરીવર્તનનો વીરોધ કરે એ સ્વાભાવીક છે. એના માટે તેઓ 'મહાન સંસ્કૃતી, શ્રેષ્ઠ પરમ્પરા' વગેરે દલીલોનો ઉપયોગ કરે છે. આજ સુધી તેઓ સફળ થતા આવ્યા છે; પણ હવે એમનો સમય પુરો થયો છે. સમાજ અને દેશ ધીરે ધીરે જાગી રહ્યો છે. આંધળા વીરોધનો જ વીરોધ કરવુ જરુરી બન્યું છે. આવનારો સમય પોતે એનો ઉત્તર આપશે.

સમાજશાસ્ત્રનો બીજો ભાગ છે ભુગોળ. ભૌગોલીક રીતે છુટા પડેલા પ્રદેશો પર સંસ્કૃતીના ફેરફારની અસર મોડી પડતી હતી. હવે એ ભેદ પણ ભુંસાઈ રહ્યો છે.

ભુગોળે બીજો એક મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એમાં સમાયેલી બાબતો નક્કર હકીકત હોવાથી એણે ઘણી પરમ્પરાગત ગેરસમજો દુર કરી છે. કમનસીબે કેટલીક રુઢીગત ગેરસમજો હજી પણ આપણી વચ્ચે પ્રચલીત છે તેમ જ તેનો ફેલાવો કરવામાં આવે છે.

જે બાબતો ની:શંક રીતે સાબીત કરી દુનીયાએ સ્વીકારેલ છે અને બધી જ શાળા કૉલેજમાં ભણાવવામાં આવે છે; છતાં જેની વીરુદ્ધ પ્રચાર કરવામાં આવે છે એ તો ધાર્મીક જડતાની પરાકાષ્ઠા છે. આવા અપપ્રચારના કેટલાક અંશ છે: 'પૃથ્વી ગોળ નહીં પણ સપાટ છે, પાણી પર તરે છે, ગુરુત્વાકર્ષણનું અસ્તીત્વ નથી, ચંદ્ર પર માનવી ગયો જ નથી અને જઈ શકે પણ નહીં, ભુતકાળમાં લોકોનું આયુષ્ય લાખો વરસનું હતું' વગેરે વગેરે..

બધા જ ધર્મોના મુળભુત સીદ્ધાન્તોમાં સત્યનું આગવું સ્થાન છે. સત્યપાલન એટલે સાચું બોલવા અને આચરવા ઉપરાન્ત સત્યનો સ્વીકાર પણ છે. જે બાબતો ની:શંકપણે પુરવાર થયેલી છે એની સાથે પરમ્પરાને નામે અવીરત લડવા કરતાં સ્વીકારી લેવામાં વધારે

ધાર્મીકતા છે. ભુતકાળમાં કોઈએ કંઈ કહ્યું હોય એટલા માટે એને વળગી રહેવામાં અન્ધશ્રદ્ધા સીવાય બીજું કંઈ નથી.

આવી બાબતો વીશે આપણે જે પણ માનીએ એનાથી આપણા રોજીન્દા જીવનમાં કંઈ ફરક પડતો નથી. છતાંયે એ આપણી વીચારસરણીનો પડઘો જરુર પાડે છે. ખોટી હઠ રાખવાથી બદલાતી દુનીયા સાથેનું તાદાત્મ્ય અઘરું બને છે, સત્યપાલનથી દુર રાખે છે. એકવીસમી સદીમાં જીવવું હોય, પ્રગતી કરવી હોય તો પંદરમી સદીની માન્યતાઓને છોડવી પડશે.

♦

અનુક્રમણીકા

02-2013-06-14

## ભારતનો સાચો સુવર્ણકાળ

સતત ભુતકાળમાં રાચતા અને એને વટાવતા વર્ગની એક ખાસીસયત એ છે કે નાની અમથી વાતમાં એ તરત 'પહેલાના જમાનામાં' પહોંચી એની ભવ્યતાની વાતો કરવા માંડે છે. એમનો એ પહેલાનો જમાનો એટલે રામાયણ અને મહાભારતમાં વર્ણવાયેલ વૈદીક કાળ. 'જુનું એટલું સોનું; નવું એટલું નકામું' એ એમનો મંત્ર છે. તે સીવાય અન્યત્ર જ્યારે પણ ભારતીય સંસ્કૃતીની વાત આવે છે ત્યારે એની વીશીષ્ટતાનો બધો યશ આ વૈદીક સમયકાળને ફાળે જાય છે. વાસ્તવીકતા એ છે કે એ આથમી ગયેલી સંસ્કૃતી છે.

આ સમયકાળ ઉપરાંત પણ ભારતના ભુતકાળમાં ઘણું બધું બની ગયું છે. ઘણાંને એનો ખ્યાલ નહીં હોય કે પછી એનાથી એમનો હેતુ સરતો નહીં હોય એટલે રસ ન હોય. ક્યાંક સાંભળેલું કે વાચેલું આગળ ચલાવવાની વૃત્તી પણ એમાં ભાગ ભજવે છે.

આ વૈદીક કાળ સાચે જ કેવો હતો, એનું યોગદાન કેટલું અને કેવું રહ્યું, એની ભવ્યતાના ખ્યાલ ક્યાંથી અને ક્યારે આવ્યા એની થોડી ચર્ચા કરીએ.

ઈતીહાસે છેલ્લાં 2500 વરસની આછીપાતળી નોંધ રાખી છે એને ઐતીહાસીક સમય કહેવાય છે. એના પહેલાંનો 1000 વર્ષ લાંબો એવો સમય વૈદીક કાળ કે પૌરાણીક કાળ ગણાય છે. એની પહેલાં પણ 1000-1500 વરસ સુધી ઉત્તર અને પશ્ચીમ ભારત તેમ જ આજના પાકીસ્તાનમાં હરપ્પન સંસ્કૃતી વીકસી હતી. કમનસીબે આજે એના વીશે ઘણી ઓછી માહીતી ઉપલબ્ધ છે. ભુતકાળની આ પ્રસ્તાવના અને ચર્ચા

વર્તમાનને સમજવા તેમ જ ભવીષ્યની શક્યતાઓને આલેખવા જરુરી છે.

એક વીચારધારા પ્રમાણે વીદેશીઓએ કરેલ ભારતીય સંસ્કૃતીના તેજોવધના પ્રત્યાઘાતરુપે 17મી સદી અને ત્યાર પછીના ઈતીહાસકારોએ ભારતનો વૈદીક સમય હતો એના કરતાં ઘણો જ વધારે ભવ્ય ચીતરવાનો શરુ કર્યો. એ મનોવૃત્તી અને ખ્યાલ ત્યારથી પાંગરતાં આવ્યાં છે.

જે ઈતીહાસમાં નોંધાયેલું હતું એને વધુ પડતું બદલાવવું શક્ય નહોતું; પણ પૌરાણીક કાળને જોઈએ એટલો અને એવો ઓપ આપી શકાતો હતો. એના માટેનો મંચ પણ તૈયાર હતો, જેનો ભરપુર ઉપયોગ કરવામાં આવ્યો. વૈદીક કાળની આ વીશીષ્ટ માર્કેટીંગને લીધે બીજા બધા સમયકાળની સીદ્ધીઓને યથાયોગ્ય સ્વીકૃતી નથી મળી. આજના ભારતના વારસા પાછળ બધા જ સમયકાળનું યોગદાન છે. એની પાછળ જે અગણીત લોકોનો પુરુષાર્થ રહેલો છે તેઓ હમ્મેશને માટે ગુમનામ થઈ ગયા છે.

વ્યક્તી, બનાવ અને વીચારસરણીના માર્કેટીંગની અસર તેમ જ એના અભાવનાં પરીણામોની ઉંડાણપુર્વકની ચર્ચા આ પુસ્તકના બીજા ભાગમા કરવામાં આવી છે.

વીદેશી ઈતીહાસકારો જ્યારે પ્રાચીન સભ્યતાઓની વાત કરે છે ત્યારે સુમેર, ઈજીપ્ત, મેસોપોટેમીયા, ગ્રીસ, ચીન વગેરેનું નામ પહેલાં લેવાય છે. ભારતનું નામ પછી લેવાય છે. આની પાછળ એમનો ભારતદ્વેષ નહીં; પણ પુરાવાના અભાવ ઉપરાંત એમના ખ્યાલો આપણાથી અલગ હોવાની શક્યતા વધુ છે. ઈજીપ્ત અને ગ્રીસની પ્રાચીન સભ્યતાના પ્રતીક સમા અવશેષો ત્યાં હજી ઉભા છે અને એમની

સીદ્ધીઓની પ્રતીતી કરાવે છે. આપણી પાસેના પ્રતીક એવા બૌદ્ધ સ્તુપ, શીલાલેખ, નાલંદા વગેરે બધા વૈદીક કાળના નહીં; બલકે ત્યાર પછીના ઐતીહાસીક સમયના અવશેષ છે.

પુરાતત્ત્વ ખોદકામથી મળી આવેલી બધી વસ્તુઓ હરપ્પન સભ્યતાની છે. જેમાં ખેતીનાં અને બીજાં ઓજારો છે; પણ યુદ્ધને લગતાં હથીયાર ખાસ નથી. આ એમની શાંતીપ્રીયતાની નીશાની છે. વૈદીક સભ્યતાના પ્રતીક એવાં શસ્રો, અસ્ત્રો, રાજાઓના મુગટ, તુટેલા રથના ભાગ વગેરે વસ્તુઓ હજી સુધી કોઈ ખોદકામમાંથી મળી નથી.

હરપ્પન સંસ્કૃતી વીશે ભલે મર્યાદીત માહીતી હોય; પણ એના પછીના સમય પરની એની અસરને અવગણી ના શકાય. અહીંસક વીચારધારા ધરાવતા બૌદ્ધ અને જૈન ધર્મનાં મુળ શાન્તીપ્રીય હરપ્પન સભ્યતામાં હોવાની શક્યતા વધારે છે. યુદ્ધવીરોને બીરદાવતી લડાયક વૈદીક સભ્યતામાં હોવાની શક્યતા ઘણી ઓછી છે.

વૈદીક કાળની સૌથી મોટી પુંજી છે ગ્રંથો, મહાગાથાઓ અને અન્ય પુસ્તકો. વીવીધ વીષયો પરનું લખાણ ત્યારથી જ શરુ થયું છે. એમાં સમાયેલું વીસ્તૃત જ્ઞાન આજે પણ એટલું જ સુસંગત છે. છતાંયે પુસ્તકોની કેટલીક મર્યાદાઓ હોય છે. એ ક્યારે લખાયાં અને પાછળથી એમાં કેટલા અને કેવા ફેરફાર થયા એ વીશે ચોક્કસપણે કંઈ કહી શકાતું નથી. શું હોવું જોઈએ અને શું હોઈ શકે છે, એવી લેખકની કલ્પનાઓ અને અપેક્ષાઓ પુસ્તકોમાં વધુ હોય છે. એ બધું સો ટકા વાસ્તવમાં હતું એમ માની લેવામાં ભોળપણ છે. વૈદીક કાળનું જ્ઞાન સૈદ્ધાન્તીક વધુ છે. એનો વ્યાવહારીક ઉપયોગ ઘણી સદીઓ પછી થયો હતો. આજે પણ નવી શોધના વ્યાવહારીક ઉપયોગ માટે સદીઓ નહીં; તો દાયકાઓ તો લાગે જ છે.

પૌરાણીક દન્તકથાઓ અવાસ્તવીકતા, અસંગતતા અને વીરોધાભાસથી ભરપુર છે. એની ચર્ચા કરવી એટલે કે વીવાદનો મધપુડો છંછેડવા બરાબર છે. ચમત્કારોથી ભરપુર વાર્તાઓ લોકોને વધુ ગમે છે. પણ દન્તકથાઓને જ્યારે ઈતીહાસના નામે ફેલાવવામાં આવે છે ત્યારે અજ્ઞાન અને અન્ધશ્રદ્ધા પાંગરે છે. ભુતકાળનું ગૌરવ હોવું એ એક વાત છે અને એના નશામાં પડ્યા રહેવું એ બીજી વાત છે. દરેક પ્રકારનો નશો પ્રગતીની આડે આવી, હાનીકારક બને છે.

વર્ણવ્યવસ્થાને પરીણામે શરુ થયેલી અસ્પૃશ્યતા પણ વૈદીક સભ્યતાની જ ઉપજ છે. આ ભારતીય સંસ્કૃતી પરનું સૌથી મોટું કલંક રહ્યું છે. વૈદીક સમય બ્રાહ્મણો અને ક્ષત્રીયો માટે ભલે સુવર્ણકાળ હોય, આમપ્રજા માટે તો નહોતો જ.

છેલ્લાં 2500 વરસની ઈતીહાસની નોંધ પ્રમાણે ઉત્તર ભારતનો સુવર્ણકાળ મૌર્યવંશ, ગુપ્તવંશ અને પછી ઠેઠ મોગલકાળના પુર્વાર્ધ દરમીયાન ગણવામાં આવે છે. આ ઉપરાંત ભારતમાં એક લાખથી પણ વધારે રાજાઓ થઈ ગયા છે. એમાંથી ઈતીહાસમાં ગૌરવશાળી સ્થાન પામેલા રાજાઓની સંખ્યા સો બસો થી વધુ નહીં હોય.

રાજાશાહીના જમાનાની ફક્ત ઉપલા વર્ગની વાતો જ નોંધાયેલી છે. 99 ટકા પ્રજાની કથા–વ્યથાનો ક્યાંય અણસાર નથી. પ્રજાનો એક મોટો ભાગ દલીત ને દાસ હતો. એમના માટે સમ્પત્તી રાખવાનું શક્ય અને માન્ય નહોતું. બીજો વીશાળ વર્ગ ખેડુતોનો હતો. તેમના પર કરનો બધો ભાર હતો. પુષ્કળ રાજકીય અને સામાજીક બન્ધનો હતાં. શીક્ષણ અને સ્વતન્ત્રતાનો સદન્તર અભાવ હતો. પડોશી રાજ્યો વચ્ચેનાં યુદ્ધો એક સામાન્ય ઘટના હતી. વેપારી વર્ગ સીવાયની વ્યક્તીઓ માટે આર્થીક પ્રગતી શક્ય નહોતી.

સદીઓ સુધી ચાલેલી આ રાજકીય અરાજકતા છતાંયે ભારતીય સંસ્કૃતી પાંગરતી રહી છે. ભવ્ય મન્દીરોનું નીર્માણ, શીલ્પ–સ્થાપત્ય, ચીત્રકામ, સંગીત, સાહીત્ય વગેરે જે આજે પણ મોજુદ છે એનો મોટો ભાગ આ સમય દરમીયાન થયેલો છે. કમનસીબે ઈતીહાસે એની ખાસ નોંધ લીધી નથી.

વર્તમાનને વખોડનારાઓને નહીં દેખાય; પણ ભારત માટે સાચો સુવર્ણકાળ હવે આવ્યો છે. સાચો એટલા માટે કે પહેલાંની જેમ એ ફક્ત ખાસ વર્ગ પુરતો મર્યાદીત નથી; પણ દેશ આખા માટે છે. આ માત્ર આર્થીક પ્રગતી નહીં; પણ બધી બાબતોને લાગુ પડે છે.

પહેલીવાર ભારત એક રાષ્ટ્રીય એકમ તરીકે ઉભરી આવ્યો છે. ગુંગળાવી નાંખતી પુરાણી સમાજવ્યવસ્થા અને શોષીત આર્થીક વ્યવસ્થામાંથી દલીત, ગરીબ અને સ્ત્રી વર્ગ બહાર નીકળી રહ્યો છે. રાજકીય સ્વતંત્રતા કરતાં આ સામાજીક અને આર્થીક સ્વતંત્રતા એમના માટે વધુ મહત્વ ધરાવે છે. શીક્ષણ વધ્યું છે, ચેપી રોગો અંકુશમાં આવ્યાથી આવરદા લંબાઈ છે, બધાને વીવીધ ક્ષેત્રોમાં પોતાની કુશળતા અજમાવવાની તક મળે છે. કળા, મનોરંજન, રમત ગમત, વ્યવસાય વગેરે બધાં ક્ષેત્રોમાં આ સ્પષ્ટ દેખાય છે. જાતીવાદ, અસ્પૃશ્યતા, પરપ્રાન્તના લોકો પ્રત્યેનો અણગમો અને અવીશ્વાસ ઓછા થઈ રહ્યા છે. વીકસતાં શહેરો, પરીવહન અને સંદેશાવ્યવહારનો આની પાછળ ઘણો મોટો ફાળો રહેલો છે.

આર્થીક પ્રગતીના આંકડામાં ન દેખાતી આ બધી બાબતો સમાજ અને દેશને શક્તીશાળી બનાવવામાં અને ટકાવી રાખવામાં ખુબ અગત્યનો ભાગ ભજવે છે.

**1990ના દાયકાથી શરુ થયેલ** આર્થીક પ્રગતીને લીધે ભારત આજે આગલી હરોળના દેશો વચ્ચે સ્થાન મેળવી શક્યું છે. આની પાછળ આપણી મહેનત અને કાબેલીયત ઉપરાંત કુદરતની કૃપા અને આંતરરાષ્ટ્રીય સંજોગોએ પણ મોટો ભાગ ભજવ્યો છે. આઝાદીએ આપણને આબાદીની જે તક આપી છે, એનાં ફળ બધાને એકસરખાં અને આપોઆપ નથી મળી જવાનાં. એ મેળવવાની સ્વતંત્રતા મળી છે, જે પુરાણી સમાજવ્યવસ્થામાં નહોતી. લાયકાત આપણે પોતે કેળવવાની છે.

બદલાતી સામાજીક અને આર્થીક વ્યવસ્થાથી જેમને કંઈક ગુમાવવાનું છે એ લોકો ‘ધર્મદ્રોહ’, ‘નૈતીક અધ:પતન’, ‘સંસ્કૃતીનો નાશ’ વગેરે જેવા નારા લગાવીને એનો વીરોધ કરતા રહેવાના. એમની વાતોમાં જે થોડુંઘણું પણ સત્ય હોય તે એકંદરે થયેલ પ્રગતીની ચુકવવી પડતી કીમ્મત ગણાશે.

કોઈ ગમે તેટલો વીરોધ કરે પણ જે પરીવર્તન ચાલુ થયું છે તે અટકવાનું નથી; કારણ એમાં આપણે એકલા નથી. આપણા પુરતું એને ધીમું પાડી શકીએ એટલું જ.

પહેલી વખત મોટાભાગની દુનીયા એક જ દીશામાં જઈ રહી છે. એ છે ‘લોકશાહી રાજ્યપદ્ધતી’ અને ‘મુક્તવેપારની આર્થીક નીતી’. બીજા વીશ્વયુદ્ધની સમાપ્તી અને ભારતની આઝાદી વખતે ફક્ત 25 દેશોમાં લોકશાહી હતી. 60 વરસમાં એ સંખ્યા વધીને 125 જેટલી થઈ ગઈ છે. જે દેશોએ હજી સુધી લોકશાહી નથી અપનાવી, એમણે પણ મુક્ત આર્થીક નીતી અપનાવી છે. દુનીયાથી અલીપ્ત રહેવાની સનાતની મનોવૃત્તી અધોગામી છે.

આપણી જ પ્રગતીથી અંજાઈને આપણે આત્મગૌરવથી આગળ વધી આત્મપ્રશંસા/ આત્મશ્લાઘા સુધી જવા લાગ્યા છીએ. બેઠામાંથી ઉભા થઈ ચાલવા માંડ્યું છે. દોડવાનું તો હજી બાકી છે, ત્યાં જીતવાની વાતો થાય છે. કેટલાક લોકોને મહાસત્તા બનવાનું હાથવેંતમાં લાગે છે. ઉંચું ધ્યેય રાખવામાં કંઈ ખોટું નથી; પણ પગ જમીન પર હોવા જરુરી છે. સફળતા કોઈને સારો કે ખરાબ નથી બનાવતી. માણસમાં કે સમાજમાં મુળભુત ગુણ કે અવગુણ, જે પણ હોય એને તે બહાર લાવે છે. આ નીયમ માણસની જેમ રાષ્ટ્રને પણ લાગુ પડે છે.

હવે વાસ્તવમાં એક ડોકીયું કરીએ. દુનીયાની કુલ વસ્તીનો છઠ્ઠો ભાગ ભારતમાં વસે છે. જ્યારે આપણે દુનીયામાં થતા કુલ ઉત્પાદનના છઠ્ઠા ભાગ જેટલું ઉત્પાદન કરીએ, દરેક ક્ષેત્રની 'એકસો શ્રેષ્ઠ'ની યાદીમાં 17 નામો ભારતીયોનાં આવતાં થાય ત્યારે આપણે દુનીયાની સરેરાશમાં આવ્યા કહેવાઈશું. આગેવાન બનવાની વાત પછી આવશે. રમતગમત જેવાં કેટલાંક ક્ષેત્રોમાં હજી તો ખાતું માત્ર ખોલ્યું છે.

રાષ્ટ્રીય ઉત્પાદનમાં જે રાષ્ટ્રોથી આગળ નીકળવાની સંભાવના છે એમના કરતાં આપણે વીસ્તારમાં દસ ગણા અને વસતીમાં પંદર ગણા જેટલા મોટા છીએ. વૈશ્વીકીકરણ અને ઔદ્યોગીકીકરણના આ જમાનામાં જ્યારે માનવ સંખ્યા એ ખરી સંપત્તી છે, ત્યારે વસતી પ્રમાણે દેશોના ક્રમ અને મહત્ત્વ રહે એ સ્વાભાવીક છે. આપણું વાજબી સ્થાન હોવું જોઈએ એ તરફ આગળ વધી રહ્યા છીએ એટલું જ. આજે વસતીની રીતે ભારત દુનીયાનો બીજા નંબરનો અને ક્ષેત્રફળની રીતે દુનીયાનો સાતમા નંબરનો મોટો દેશ છે (ક્ષેત્રફળમાં ભારતથી ઘણા મોટા દેશ એવા કેનેડા અને ઓસ્ટ્રેલીયાની જેટલી વસતી છે એટલો વસતીવધારો ભારતમાં દોઢ વર્ષમાં થાય છે!)

આર્થીક પ્રગતીથી ન્યાયતંત્રની જડતા, કાયદો-વ્યવસ્થાનો અભાવ, ભ્રષ્ટાચાર, ટ્રાફીકની સમસ્યા, જાહેર જગ્યાઓની ગંદકી વગેરે પ્રશ્નો હલ નથી થઈ જવાના. એમ કહેવાય છે કે અંદરથી સડો લાગ્યા સીવાય બહારથી પડી ભાંગવું સહેલું નથી. આને જ બીજી રીતે જોતાં એમ કહેવાય કે બીજાઓ પર સરસાઈ મેળવવી હોય તો અંદરનો સડો દુર કરવો આવશ્યક છે. મહાસત્તા બનવા માટે આ બધું કરવું જરુરી છે.

રાજકારણીઓ ભલે આંતરીક વીવીધતાને આપણી શક્તી કહેતા હોય; પણ એ એક પ્રચાર જ છે. વાસ્તવમાં આપણો જાતીવાદ, ધર્મવાદ, પ્રાન્તવાદ વગેરે પ્રગતીમાં હમ્મેશાં બાધારુપ–અડચણરુપ રહ્યા છે. આપણું રાજકારણ એનો પડઘો પાડે છે.

ભાગ્યમાં માનતી અને મન મનાવીને બેસી રહેતી અશીક્ષીત, ગરીબ પ્રજા હવે એટલી ભોળી નથી રહી. આનો યશ ટી.વી.ને ફાળે જાય છે. એમની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ વધી છે. આર્થીક અસમાનતા પ્રત્યેના એમના પ્રત્યાઘાતો પ્રગતીમાં અવરોધ બની શકે છે.

આટલાં બધાં નકારાત્મક પરીબળો ઉપરાંત વર્તમાનકાળ આગલા કોઈપણ સમયકાળ કરતાં પ્રજા માટે વધારે સારો છે. ભારતના સાચા સુવર્ણકાળની આ હજી શરુઆત છે. મધ્યાહ્ને પહોંચવામાં હજી ઘણી વાર છે. જ્યારે પણ ત્યાં પહોંચીએ ત્યારે એનો યશ પ્રગતીશીલ નવી વીચારસરણીને હશે. પરીવર્તન વીરોધી જુનવાણી માનસને નહીં.

આ બધું લખાણ કોઈ એક ચોક્કસ વર્ગને લક્ષમાં રાખી કરવામાં નથી આવ્યું. કેટલીક બાબતો સામાજીક સ્તરે, કેટલીક રાષ્ટ્રીય સ્તરે જ્યારે મોટાભાગની માનવસમુદાયને સંબોધે છે. એટલા માટે એનો સંદર્ભ જોવો જરુરી છે.

♦

અનુક્રમણીકા

## 03-2012-12-14

### અંગ્રેજી શાસનનો વારસો

વર્તમાનને વખોડવાની અને ભુતકાળને વખાણવાની મનોવૃત્તી સર્વસામાન્ય છે. આપણો ભુતકાળ કેટલો લાંબો અને વીવીધ છે એનો ઘણાખરા લોકોને ખ્યાલ નથી. પહેલાના જમાનાનો દાખલો ટાંકનારનો નીર્દેશ સામાન્યપણે લોકવાયકા દ્વારા પ્રચલીત ભુતકાળ કે પછી પૌરાણીક સમય તરફ હોય છે.

આપણો નજીકનો ભુતકાળ છે, આઝાદી પછીનો સમય. આઝાદી પછી તુરતનાં થોડાં વરસ આંતરીક રમખાણો અને ભાગલાને લીધે વીસ્થાપીતોના પુનર્વસનના પ્રશ્નો તેમજ દરેક વસ્તુની તીવ્ર અછતવાળો હતો. ત્યાર પછી આપણે ધીમી પ્રગતી શરુ કરી હતી. તાજેતરની ઝડપી પ્રગતીની હજી શરુઆત છે.

એનાં પહેલાંનો સમય હતો અંગ્રેજી શાસનનો. આ લેખનો હેતુ એ સમયકાળને વીસ્તૃત અને અલગ દૃષ્ટીકોણથી જોવાનો છે. આ રજુઆત પ્રચલીત માન્યતાથી અલગ હોઈ ઘણાં માટે સમજવામાં અને માનવામાં મુશ્કેલ લાગશે. કોઈપણ જાતના પુર્વગ્રહ વગર, ખુલ્લા મને વાચવાથી એનું તથ્ય સમજાઈ શકશે.

આઝાદીની ચળવળ દરમીયાન અંગ્રેજોને દેશમાંથી કાઢવા, એમની વીરુદ્ધ જનમત ઉભો કરવો જરુરી હતો. સ્વાભાવીક રીતે આઝાદી પછી પણ એ માનસ જળવાઈ રહ્યું. આપણી બધી મુસીબતોના દોષનો ટોપલો અંગ્રેજો પર ઢોળવાનું ઘણા સમય સુધી ચાલુ રહ્યું. રાજકારણીઓને એ ફાવતું હતું.

આજની 95 ટકા પ્રજા સ્વતંત્ર ભારતમાં જન્મેલી છે. અંગ્રેજી શાસનનો જાત અનુભવ એક ટકાથી પણ ઓછા લોકો પાસે છે. આપણી

અંગ્રેજો વીશેની અને એમના શાસનકાળની છાપ અને જાણકારી આડકતરી રીતે લોકવાયકાઓ અને પુસ્તકોમાંથી મળેલ છે.

અંગ્રેજી શાસનકાળ એ ભારતના ભુતકાળનો ખુબ અગત્યનો ભાગ છે. આપણા વર્તમાન પર સૌથી વધારે અસર એ સમયની છે. એમના વારસાને તટસ્થ રીતે મુલવવું આવશ્યક  છે. એમના શાસનથી થયેલ હાની સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ લાભનો ક્યાસ કાઢવો પણ જરુરી છે. વર્તમાનને સાચા સ્વરુપમાં સમજવા માટે ભુતકાળમાં એના મુળ શોધવા પડે છે. એ આપણને સત્ય સમજવામાં મદદરુપ થાય છે.

આના માટે અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારની દુનીયાના પ્રવાહો સાથે ભારતની ત્યારની અને ત્યાર પછીની આંતરીક પરીસ્થીતી જાણવી અને સમજવી જરુરી છે.

સાચો ઈતીહાસ જાણવો અશક્ય છે. એ હંમેશા લેખકની સમજ અને વીચારસરણીથી પ્રભાવીત હોય છે. જે સંજોગોમાં અને સમયકાળમાં લખાયો હોય એની અસર પણ લખાણ પર હોય છે. ત્રીજા પક્ષ દ્વારા લખાયેલ ઈતીહાસ પ્રમાણમાં વધારે આધારભુત હોઈ શકે છે.

સોળમી સદીમાં યુરોપમાં શરુ થયેલી વૈજ્ઞાનીક અને ઔદ્યોગીક ક્રાન્તીએ એમને 'અન્ધારીયા યુગ' માંથી બહાર કાઢયા. પરીણામે એમની જરુરીયાતો અને અપેક્ષાઓ ઘણી વધી ગઈ. એ સન્તોષવા માટે એ લોકોએ બહારની દુનીયા તરફ નજર દોડાવી. યુરોપની બધી દરીયાખેડુ પ્રજાઓ દરીયા માર્ગે નવી દુનીયાની શોધમાં નીકળી પડી. એમનું મુખ્ય ધ્યેય એશીયા હતું. ભારત એમાનું એક હતું. ત્યારે ચીન, ઈરાન અને ઉત્તર ભારતમાં શક્તીશાળી સામ્રાજ્ય હતા. બાકીની દુનીયા હજી અંધારીયા યુગમાં જ હતી.

એ લોકો ભારતના પશ્ચીમ કીનારે આવ્યા. સ્થાનીક રાજાઓ પાસેથી વેપારની પરવાનગી લીધી. દરીયા કીનારે બંદરો વીકસાવ્યા અને પોતાની નાનકડી વસાહતો સ્થાપી. વેપાર સીવાય એમનો બીજો કોઈ હેતુ નહોતો. એ સૈન્ય લઈને પ્રદેશ જીતવા નહોતા આવ્યા. ત્યારે મુખ્ય ચાર યુરોપીય પ્રજાઓ ભારતમાં સક્રીય હતી. એમની પ્રવૃત્તીઓ કાંઠાના પ્રદેશો પુરતી મર્યાદીત હતી. આનાથી સ્થાનીક વેપારીઓ માટે પણ વીદેશી વેપારની નવી તકો ઉભી થઈ. દેશના અન્તરીયાળ ભાગમાંથી બન્દરો સુધી માલ પહોંચાડવાનું એમના હાથમાં હતું. સ્થાનીક રજવાડાંઓને પણ આમાં ફાયદો હતો. બધાના ફાયદાની આ સમ્પુર્ણ વેપારી પ્રવૃત્તી આશરે દોઢસો વરસ સુધી ચાલતી રહી.

પડોશી રાજ્યો વચ્ચેના યુદ્ધ હમ્મેશની જેમ એક સામાન્ય ઘટના હતી. આ બાજુ યુરોપીય પ્રજાઓ વચ્ચે પણ હરીફાઈ હતી. એકબીજાને મહાત કરવા અન્દરોઅન્દર છમકલા થતાં. એમની પાસેના હથીયારો અને યુદ્ધ–કુશળતા સ્થાનીક રાજાઓ કરતાં વધારે સારા હતા. સમયની માગ અને જરુરીયાત પ્રમાણે દેશી રાજ્યો અને યુરોપીયન કમ્પનીઓ વચ્ચે સન્ધી અને સહયોગ થવા લાગ્યાં. આ રાજકીય પગપેસારાની શરુઆત હતી.

આ સમય દરમીયાન ઉત્તર ભારતમાં મોગલ સામ્રાજ્યની પડતી થઈ. આખો દેશ સેંકડો રાજ્યોમાં વહેંચાઈ ગયો. યુરોપીય પ્રજાઓ સાથેની હરીફાઈમાં અંગ્રજો વીજયી થયા. દેશમાં રાજકીય રીતે શક્તીશાળી થવામાં એમને બીજા સો વરસ લાગ્યા.

એ સમજવું જરુરી છે કે આના પહેલાના બધા વીદેશીઓએ સૈન્ય સાથે આક્રમણ કર્યું હતું અને ટુંકી લડાઈ કરી સત્તા હાંસલ કરી હતી. શક્તીશાળી મોગલ સામ્રાજ્યના સ્થાપક બાબરે તો માત્ર ચાર કલાકમાં

જ લડાઈ જીતી હતી. એના વંશજોએ બસો વરસ સુધી અડધા ભારત પર રાજ્ય કર્યું. આની સામે અંગ્રેજોને સત્તા મેળવતા બસોથી અઢીસો વરસ લાગ્યા હતા. આ દરમીયાન આપણી આઠ દસ પેઢીઓ બદલાઈ ગઈ હતી.

એમની રાજકીય સફળતા માટે આપણી ત્યારની આંતરીક પરીસ્થીતી વધારે જવાબદાર હતી. આધુનીક શસ્રો તેમજ યુદ્ધ કૌશલ્યના લીધે યુરોપીય દેશોએ માત્ર ભારતજ નહીં પણ મોટાભાગની દુનીયા પર પોતાનું આધીપત્ય જમાવી દીધું હતું. ભારતના વીભાજન અને આંતરીક વીખવાદને લીધે આ પ્રવાહને અટકાવવવો શક્ય નહોતો. ગૌરવર્ણ પ્રત્યેના અહોભાવની આપણી મનોવૃત્તીએ પણ એમાં મોટો ભાગ ભજવ્યો હશે.

એમની આંતરીક પ્રતીસ્પર્ધામાં જો અંગ્રજો હાર્યા હોત તો બીજી કોઈ  યુરોપીય પ્રજાએ ભારત પર રાજ કર્યું હોત. ત્યારના સંજોગો જોતા, કોઈ એક યુરોપીય પ્રજાની ભારત પર હકુમત નીશ્ચીત હતી.

સ્પેનીશ અને પોર્તુગીઝ લોકોએ પોતાના તાબા નીચેના દેશોમાં ખુબ ક્રુરતાથી રાજ્ય કર્યું છે. એમણે બળજબરીથી ધર્મપરીવર્તન પણ કરાવ્યું છે. આજે પણ ભારતના પશ્ચીમ કીનારા પર પોર્તુગીઝોના ધર્મપરીવર્તનની અસર જોઈ શકાય છે. (ત્યાંના ખ્રીસ્તીઓના નામ પોર્તુગીઝ છે, અંગ્રેજી નથી.) ત્યારની બધી યુરોપીય પ્રજાઓમાં અંગ્રજો પ્રમાણમાં વધુ ન્યાયી અને શીસ્તપ્રેમી હતા. ત્યારે ફક્ત ઈંગ્લેન્ડમાં જ આંશીક લોકશાહી હતી. અંગ્રેજો સીવાયની બીજી કોઈપણ યુરોપીય પ્રજાનું ભારત પરનું શાસન વધારે નુકસાનકર્તા રહ્યું હોત. આનાથી જે પણ આશ્વાસન લેવું હોય તે લઈ શકાય.

જો કોઈ અકળ કારણસર ભારત આ યુરોપીય સંસ્થાનવાદના જુવાળમાંથી બચી ગયું હોત તો આપણો વર્તમાન કેવો હોત? વૈકલ્પીક બનાવોની કે ભવીષ્યની કલ્પના કરવી ઘણી અઘરી છે. છતાં આપણે થોડાં અનુમાનો બાંધી શકીએ છીએ.

અંગ્રેજોના પ્રભાવ વગર ત્યારે જે ઘટનાઓ બની તે તો બનવાની જ હતી. ઉત્તર ભારતમાં મોગલ સામ્રાજ્યનો ઉદય અને અંત એમ જ થાત. ઔરંગઝેબની ધર્મ ઝનુનતા અને હીન્દુ દમનથી પ્રજામાં ધાર્મીક દ્વેષ પ્રસર્યો હતો. મરાઠા પણ આંતરીક વીખવાદથી તુટ્યા હતા. બીજો કોઈ શક્તીશાળી રાજવંશ ઉભરી આવવાની શક્યતા નહીવત હતી. સદીઓથી ચાલ્યા આવતાં નાનાં રજવાડાં ચાલતા હોત. નાનાં રાજ્યોને લીધે અર્થતંત્ર સ્થાનીક અને મર્યાદીત રહેત. વધતી જતી વસતીની જરુરીયાતો પુરી કરવા ખેતી અને ગ્રામોદ્યોગ પુરતા નહોતાં. દુનીયા પરની હજાર વરસની આપણી સરસાઈ આપણે ગુમાવી દીધી હતી.

દરીયાપાર ન જવાની અને બીજાઓ પાસેથી ન શીખવાની પરીવર્તન વીરોધી માનસીકતાને લીધે આપણે યુરોપમાં આવેલી ઔદ્યોગીક ક્રાંતીનો ઉપયોગ ન કર્યો હોત. વર્ણવ્યવસ્થા, જાતીવાદ વગેરે અકબંધ રહેત. આઝાદી વખતે હતી એટલી ગરીબી હોત. કદાચ એનાથી વધારે પણ હોત.

રાજાશાહીની આપણી સમજ લોકવાયકાઓ, બાળવાર્તાઓ અને ધાર્મીક દૃષ્ટાંત કથાઓ પરથી આવેલી છે. એ વાર્તાઓ જ છે. વાસ્તવીકતા સાવ જુદી છે. સાવ ઓછા રાજાઓએ પ્રજાના હીતને ધ્યાનમાં રાખીને કાર્ય કર્યું હશે. મોટા ભાગના રાજાઓ પોતાની સગવડો અને તરંગો પોષવામાં વ્યસ્ત હતા. રાજાશાહીમાં પણ સત્તા અને સમ્પત્તી

ઉપલા નાનકડા વર્ગના હાથમાં રહેતી. સામાન્ય રીતે પ્રજા ગરીબ, પછાત અને અશીક્ષીત હતી. રાજા સારો હોય તો પણ એના અધીકારીઓ દ્વારા પ્રજાનું શોષણ થતું રહેતું.

અંગ્રેજો અને એમના શાસન વીષેની પ્રચલીત સમજ કંઈક આવી છે. એમણે લોકોમાં ફાટફુટ પાડીને લડાવ્યા અને પોતે એનો લાભ લીધો; દેશનું શોષણ કરી સમ્પત્તી પોતાના દેશ ભેગી કરી; પ્રજા પર અત્યાચાર કર્યા; ઘમંડીપણાને લીધે આપણને તીરસ્કારતા રહ્યા; વગેરે.

આ બધું પુરેપુરું અને એનાથી પણ વધુ સ્વીકારી લઈએ. એની સાથે એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે અંગ્રેજી શાસનની સરખામણી એક આદર્શ રાજ્ય વ્યવસ્થા સાથે ન કરતાં ત્યારના આપણા બીજા વીકલ્પો સાથે અને સામાન્ય પ્રમાણે બધે જ પ્રવર્તતી શાસન પદ્ધતી સાથે કરવી જરૂરી છે. એ રીતે એમને મુલવવામાં આપણી પ્રામાણીકતા અને ન્યાયવૃત્તીની કસોટી છે. ત્યારે ભારત માટે બે વીકલ્પો હતા. અન્ય કોઈ યુરોપીય પ્રજાનું શાસન અથવા સેંકડો નાના રજવાડા. બન્ને વીકલ્પો વધુ હાનીકારક રહ્યા હોત.

પરદેશી શાસન ક્યારે પણ માન્ય ન હોઈ શકે. પણ શોષીતો માટે શોષક દેશી હોય કે પરદેશી; કંઈ ફરક પડતો નથી. ભારતની વીશાળતા અને વીવીધતાને લીધે પરદેશીપણાની વ્યાખ્યા થોડી બદલાઈ જાય છે. સત્તરમી અને અઢારમી સદીમાં ગુજરાતીઓ માટે અંગ્રેજો જેટલા પરદેશી હતા એટલા જ પરદેશી પંજાબી, બંગાળી કે તામીલ હતા. આ સરખામણી બધા જ પ્રાંતોને લાગુ પડે છે. ત્યારે રાષ્ટ્રીય નહીં, પ્રાદેશીક ભાવના હતી. વીજયી રાજાઓએ હારનાર પ્રજાપર હંમેશા જુલમ કર્યા છે. પરીપકવ લોકશાહી સીવાયની બધી જ

રાજ્ય વ્યવસ્થામાં જનસમુદાયનું ભરપુર શોષણ થતું આવ્યું છે. આપણે હજી સુધી પરીપકવ લોકશાહી અનુભવી નથી.

આપસી ફાટફુટ અને કલહ એ રાજનીતીની વાસ્તવીકતા છે. ચાણક્યનીતી અને કુટનીતી જેવા શબ્દો આપણા સાહીત્યના ભાગ બની ગયા છે. અંગ્રેજોને આ શરૂ કરવાની જરૂર નહોતી, એ સદાકાળથી ચાલતી રીત છે. જે મોજુદ હતું એનો એમણે લાભ ઉઠાવ્યો એ સાચું છે. આજના સ્વતંત્ર ભારતના રાજકારણમાં પણ આવું જ ચાલે છે.

દેશની સમ્પત્તી લઈ ગયા એ પણ સાચું છે. એ વેપારી પ્રજા વેપાર કરવા આવી હતી. એમનો હેતુ જ સમ્પત્તી ભેગી કરવાનો હતો. પાછળથી રાજકીય સત્તા હાથમાં આવતા એનો વીશેષ લાભ લીધો. ત્યારની સમ્પત્તી હતી જમીન અને પશુધન. એ લઈ જવાનું શક્ય નહોતું. એ પ્રજાની મહેનતનું ફળ લઈ ગયા. રાજાશાહીમાં પ્રજાની મહેનત, વગર વળતરે મહેલો અને કીલ્લાઓ બાંધવામાં વપરાતી હતી. પ્રજા માટે દેશી રાજાઓનુ એ શોષણજ હતું.

આ સમય દરમીયાન આપણા ગુજરાતીઓ રંગુનથી કે આફ્રીકાના દેશોમાંથી, અને તમીળો ઈન્ડોનેશીયામાંથી વેપાર દ્વારા ઘણી સમ્પત્તી ભેગી કરી પોતાના વતનમાં લઈ આવતા હતા. આ બધા દેશ આપણાથી પણ વધુ ગરીબ હતા. એમાં કોઈને અયોગ્ય લાગતું નથી. આને ડબલ સ્ટૅન્ડર્ડ નહી તો શુ કહેવાય?

અંગ્રેજો જ્યારે ધન પોતાના દેશ ભેગું કરતા હતા ત્યારે ઘણા દેશી રાજાઓ પોતાની મીલ્કતો પણ વીદેશમાં તબદીલ કરતા હતા. એમના વંશજોમાંથી આજે વીદેશમાં વસનારાઓની સંખ્યા ભારતમાં વસનારાઓ કરતા વધારે છે. આજે આપણી કંપનીઓ વીદેશી કંપનીઓ ખરીદી રહી છે ત્યારે આપણે સ્વાભાવીકપણે ગૌરવ અનુભવીએ છીએ.

આવો માનવ સ્વભાવ સહજ છે. આપણો રોષ અંગ્રજોની કરણી કરતાં એમની સફળતા તરફ વધુ હોય એવું દેખાય છે.

આ બધી રજુઆત અંગ્રજોને નીર્દોષ બતાવવા કે એમની કરણીને માન્યતા આપવા માટે નથી કરી. એમને વાજબી સંદર્ભમાં મુલવવામાં આવે તો સમજાશે કે જે થયું તે સારૂં નહીં તો સ્વાભાવીક અવશ્ય હતું.

હવે અંગ્રેજી શાસનના થોડા પ્રત્યક્ષ અને પરોક્ષ ફાયદા જોઈએ. આપણે સ્વીકારીએ કે નહીં પણ અંગ્રેજી શાસનનો સૌથી મોટો રચનાત્મક વારસો છે, ભૌગોલીક રીતે એક ભારત ખંડને ભૌતીક રીતે જોડીને એક રાષ્ટ્ર બનાવવાનો. એમણે નાંખેલી દેશવ્યાપી રેલ્વે લાઈનો, સડકો, ટપાલ અને તાર સેવા, એક કાયદા–કાનુન, એક ચલણ વગેરેને લીધે તે શક્ય બન્યું છે. એના લીધે લોકો બીજા પ્રાંતોમાં જવા લાગ્યા, પરપ્રાંતીઓ પ્રત્યેનો અવીશ્વાસ ઓછો થયો, વેપાર વધ્યા અને એટલા પુરતી અસ્પૃશ્યતા ઓછી થઈ.

આટલા મોટા વીસ્તારમાં એક કેન્દ્રીય સત્તા પહેલાં કોઈ કરી શક્યું નહોતું. પાછળથી ગાંધીજીએ લોકોમાં એક રાષ્ટ્રની ભાવના જગાડી અને સરદાર પટેલે આઝાદી વખતે દેશી રાજ્યોને જોડીને અખંડ *ભારત દેશ* બનાવ્યો. આ બધું ભૌતીક એકતા સધાયા વગર શક્ય નહોતું.

ભારત એક રાષ્ટ્ર ન થાય ત્યાં સુધી લોકશાહી આવવી શક્ય નહોતી. અને લોકશાહી વગર ભારત એક થવાનું નહોતું આ (**Catch 22**) ચક્રમાંથી નીકળવામાં અંગ્રેજી શાસને અનપેક્ષીત છતાં પાયાનો ભાગ ભજવ્યો છે. સેંકડો સ્વતંત્ર રજવાડા હોય ત્યાં લોકશાહીની વાત કરવી અવ્યવહારૂ હતી. કોઈ એક રાજ્યથી શરૂ કરી આખા દેશમાં લોકશાહી ફેલાતા ઘણો સમય લાગી જાત. દેશવ્યાપી સુધારા શક્ય ન બનત. બીજા

વીશ્વયુદ્ધ પછી યુરોપીય સંસ્થાનોમાં સ્વતંત્રતાની સાથે લોકશાહી પણ આવી ગઈ. જુના રાજાશાહી રાષ્ટ્રોમાં હજી બધું યથાવત ચાલે છે. આજે ભારત પણ કદાચ એવુજ હોત.

મુંબઈ, મદ્રાસ, કલકત્તા જેવા શહેરોનો ઉદય અને વીકાસ અંગ્રેજી શાસનકાળમાં થયો છે. અંગ્રેજોની પ્રવૃત્તીના આ કેન્દ્રસ્થાનો હતા. સાવ થોડા સમયમાં આ શહેરો અન્ય જુના શહેરો કરતાં મોટા થઈ ગયા. પ્રગતીની તક દેખાતા આ શહેરોમાં લોકો સ્વેચ્છાએ આવ્યા હતા.

અંગ્રેજોએ આ શહેરોમાં યુનીવર્સીટી શરુ કરી. પહેલી વખત નાતજાતના ભેદભાવ વગર કોઈપણ લાયક વ્યક્તી માટે શીક્ષણ શક્ય બન્યું. એમની શાળા–કૉલેજોમાં વૈજ્ઞાનીક, ટેકનીકલ, કાયદાકીય, તબીબી વગેરે વીષયોનું શીક્ષણ અપાતું. આના પહેલાં શીક્ષણ મોટાભાગે ધાર્મીક સંસ્થાઓના હાથમાં હતું. ત્યારનું શીક્ષણ મુખ્યત્વે શાસ્ત્રો અને ખાસ વર્ગ પુરતું મર્યાદીત હતું. નવી અને સ્વતંત્ર વીચારસરણીને ત્યારે અવકાશ ન હતો. કળા, હુન્નર વગેરેનું શીક્ષણ વારસાગત અને જાતીગત હતું. ગુરુકુળ એ પણ એક રીતે ધાર્મીક સંસ્થાઓના વીસ્તાર **(extension)** હતા. નાલંદા, તક્ષશીલાના દાખલા અહીં અસંગત છે.

કાળક્રમે આપણા બુદ્ધીમાન યુવાનો કાયદાનો અભ્યાસ કરવા ઈંગ્લેન્ડ જવા લાગ્યા. ત્યાંથી તેઓ કાયદા સાથે સ્વતંત્રતા અને લોકશાહીના આદર્શો પણ શીખી આવ્યા. ત્યાંથી પાછા આવેલા તેમજ અંગ્રેજોની ભારતમાંની કોલેજોમાં ભણેલા શીક્ષીત વર્ગે આઝાદીની લડતની નેતાગીરી લીધી હતી. સેંકડોના હીસાબે મોજુદ રાજાઓએ આઝાદીની ચળવળ નહોતી ઉપાડી. આ લડત પ્રજાતંત્ર માટે હતી જેમાં રાજાઓને મેળવવા કરતાં ગુમાવવાનું વધુ હતું.

1857માં અંગ્રેજોને હાંકી કાઢવાના પ્રયાસમાં ઉત્તર ભારતના થોડાક રાજાઓનો પોતાનું રાજ્ય જાળવી રાખવાનો હેતુ હતો. લશ્કરના આંશીક સાથ પાછળ ધાર્મીક લાગણીઓ જવાબદાર હતી. એને બળવો કહીએ કે સ્વાતંત્ર્ય યુદ્ધ, એ દેશવ્યાપી નહોતો. ભારતને એક રાષ્ટ્ર બનાવવાની કે પ્રજાતંત્ર સ્થાપવાની વાત કોઈ કરતું નહોતું. તે સીવાય અંગ્રેજો સામે લડનાર બીજા કેટલાક રાજાઓની શૌર્યગાથા આપણે ગાઈએ છીએ. એ યુદ્ધો પણ પ્રજાના હીતમાં નહીં પણ પોતાનું રાજ્ય ટકાવવા માટેના હતા.

સંજોગો માણસને ઘડે છે અને માણસ ઈતીહાસ સર્જે છે. અંગ્રેજો આવ્યા ન હોત તો પણ આઝાદીની લડતના નેતાઓ વ્યક્તીગત રીતે સફળ થયા હોત. એમની એ સફળતા બીજા કોઈ ક્ષેત્રમાં હોત. ગાંધીજી સમાજ સુધારક થાત કે કોઈ રાજ્યના દીવાન થાત. પોતાની રીતે સત્ય અને અહીંસાનો સંદેશ પણ ફેલાવત. એમની પ્રવૃત્તીઓ બહુધા પ્રાદેશીક મર્યાદામાં રહેત. એ અહીંસક માર્ગે રાજપલટો લાવનાર રાષ્ટ્રીય નેતા અને યુગપુરુષ ન થાત. ગાંધીજી અને બીજા બધા રાષ્ટ્રીય સ્તરના નેતાઓ અંગ્રેજી શાસનની આડકતરી પેદાશ છે. ભારતે ગાંધીને જન્મ આપ્યો, અંગ્રેજોએ એમને યુગપુરુષ બનાવ્યા એમ કહેવું અનુચીત નથી.

જનસમુદાયની સુખશાંતી અને જીવન ધોરણને ઘણી રીતે માપી શકાય છે. અત્યારની જેમ વીકાસના આંકડા ત્યારે મોજુદ નહોતા. ઝડપી વસતી વધારો, એ ત્યારના સમયમાં આબાદીની નીશાની હતી. અકાળે થતા મૃત્યુને લીધે વસતી વધારો ધીમો રહેતો. આ અકાલીન મૃત્યુના કારણ હતા સ્વાસ્થ્યનો અભાવ, ઉંચો બાળ મૃત્યુ દર, રોગચાળો, ભુખમરો અને યુદ્ધો.

અંગ્રેજી શાસનકાળમાં આશરે સો વરસે વસતી બમણી થઈ હતી. એના પહેલાં વસતીને બમણી થતાં ત્રણસો વરસ લાગ્યા હતા. આની પાછળ એમણે ઉભી કરેલ માળખાકીય સવલતો **(infrastructure)**નો મોટો ફાળો છે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હતા આધુનીક ચીકીત્સા પદ્ધતી, હૉસ્પીટલ, શૈક્ષણીક સંસ્થાઓ, રેલ્વે, તાર, ટપાલ, બેંકો અને વીમા કંપની જેવી નાણાકીય સંસ્થાઓ વગેરે. આ બધું ભલે એમણે પોતાની જરુરીયાત અને હીતને લક્ષમાં રાખીને કર્યું હોય, એનો લાભ પ્રજાને પણ મળતો હતો.

વર્તમાનમાં કુટુમ્બ નીયોજનનો પ્રચાર અને આંશીક પાલન હોવા છતાં; ફક્ત ચાર દાયકાઓમાં ભારતની વસતી બમણી થઈ છે. વર્તમાનને વખોડનારાઓ માટે આ એક આંચકો (eye opener) છે.

ત્યારે કોઈને કલ્પના પણ નહોતી કે અંગ્રજી ભાષા ભવીષ્યમાં આખી દુનીયા પર છવાઈ જશે. એનાં કારણોમાં ન જતાં એટલું તો સ્વીકારીએ કે અનાયાસે આપણને મળેલ અંગ્રેજી ભાષાના વારસાએ બહારની દુનીયા સાથે એકરુપ થવામાં અને વીકાસમાં ઘણો મોટો ભાગ ભજવ્યો છે અને ભજવી રહ્યો છે.

અંગ્રેજોના મોટા ભાગના શાસનકાળ દરમીયાન ભારતમાં એમની કુલ સંખ્યા પચાસ હજારથી ઓછી હતી. એમાં લશ્કરી અને વહીવટી અમલદાર, અધીકારીઓ વગેરે બધા જ આવી જતા હતા. વીશ્વયુદ્ધો અને આઝાદીની ચળવળને લીધે છેલ્લા ચાળીસેક વરસમાં આ સંખ્યામાં વધારો થયો હતો છતાં હમ્મેશાં એક લાખથી ઓછો રહ્યો હતો. આની સામે ભારતની વસતી એ સમયકાળમાં 20 કરોડથી વધી 40 કરોડ થઈ હતી. આટલી ઓછી સંખ્યાના વીદેશીઓ આટલા વીશાળ દેશ પર ત્યારે જ શાસન કરી શકે જ્યારે પ્રજાનો મુક સહકાર હોય. એમણે

ક્યારેય પણ આપણી ધાર્મીક બાબતોમાં દખલગીરી નહોતી કરી. જન સમુદાય માટે આ ખુબ અગત્યની બાબત હતી.

અંગ્રેજી શાસનનો સૌથી વધુ ગેરલાભ ઉપલા વર્ગને થયો છે. આ ઉપલો વર્ગ એટલે રાજાઓ, એમની નીકટના લોકો અને અમુક અંશે બ્રાહ્મણો. રાજાઓએ પોતાની સત્તા ગુમાવી જ્યારે બ્રાહ્મણોનો સાક્ષરતાનો ઈજારો જતો રહ્યો. ગ્રામ્ય પ્રજા આવા રાજકીય ફેરફારો પ્રત્યે ઉદાસીન હતી.

આઝાદી વખતના ભારતના ભાગલા માટે આપણે એમને દોષ આપીએ છીએ. એ સત્તામાં આવ્યા ત્યારે ભારત ઘણો વીભાજીત હતો. આજે ભારતના ત્રણ નહીં પણ ત્રીસ કે પછી ત્રણસો ટુકડા હોઈ શકત. પોતાની મેળે ભારત એક દેશ બની જાત એમ માનવું નાદાનીયત છે.

યુરોપ કદમાં ભારત જેવડું છે અને વસતીમાં ત્રીજા ભાગનું છે. ત્યાં આજે ત્રીસથી વધુ દેશ છે. ધર્મ, જાતી અને ભાષાની આટલી વીવીધતાવાળો એક માત્ર દેશ ભારત છે. વીવીધ પ્રજાઓવાળા દેશોના ટુકડા થઈ નવા રાષ્ટ્રો અસ્તીત્વમાં આવી રહ્યા છે. જુનું રશીયા અને યુગોસ્લાવીયા એના તાજેતરના દાખલા છે.

આજે ભારતમાં પંદર ટકા મુસ્લીમ છે. પાકીસ્તાન અને બંગલા દેશ સાથેના અખંડ ભારતમાં પાત્રીસ ટકા મુસ્લીમો હોત. પાયાના મતભેદવાળી આટલી મોટી લધુમતી સાથે શાંતીથી રહેવું અઘરું થાત. બીજા દેશોની જેમ અહીં પણ આંતરવીગ્રહ ચાલતો હોત. સરહદ પર ક્યારેક થતા છમકલા કરતાં આંતરવીગ્રહ ઘણો વધારે પીડાકારક હોય છે.

કોઈપણ પાયાના પરીવર્તન ભોગ માગી લે છે. અંગ્રેજી શાસન, એ ભારતને એક રાષ્ટ્ર બનાવવા અને પ્રજાતંત્ર સ્થાપવા માટે ચુકવાયેલી

કીમ્મત છે. એ કીમ્મત કેટલી વાજબી હતી એ વ્યક્તીગત દૃષ્ટીકોણ પર આધાર રાખે છે. દોઢસો વરસનો ઈતીહાસ દોઢસો વાક્યોમાં લખવામાં આવે તો એમાં અથડામણો અને અત્યાચારનો જ સમાવેશ હોય. પ્રચલીત માન્યતા કરતાં એમનો શાસનકાળ પ્રમાણમાં ઘણો શાન્તીપુર્ણ હતો. આજે પણ આપણે એમનું વહીવટી માળખું સ્વેચ્છાએ જાળવી રાખ્યું છે. એની ગુણવત્તાનું એ મુક અનુમોદન છે.

અન્ય દેશોએ આઝાદી માટે આપણા કરતાં ઘણી મોટી કીમ્મત ચુકવી છે. આપણે એમના જેવી લોહીયાળ ક્રાંતી નથી અનુભવી. કેટલાકના વર્તમાનને ભુતકાળ સાથે નામનો જ સમ્બન્ધ રહ્યો છે. અંગ્રેજી શાસનકાળ દરમીયાન આપણા વડીલોએ જે પણ યાતનાઓ સહન કરી હશે એનું મીઠું ફળ એમના વંશજો એવા આપણે માણી રહ્યા છીએ.

સમયના વધુ વીશાળ પટ પર જોઈએ તો યુરોપીય સંસ્થાનવાદ વૈશ્વીકીકરણનું પહેલું પગથીયું હતું. એના પહેલાં પુર્વ અને પશ્ચીમના લોકોને એકબીજાના અસ્તીત્વ ઉપરાંત વધુ કંઈ ખબર નહોતી. બધા પોતપોતાને સર્વશ્રેષ્ઠ માનતા હતા. અત્યારે આપણે વૈશ્વીકીકરણના બીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યા છીએ. ત્રીજો તબક્કો ત્યારે આવશે જ્યારે ગમે તે દેશમાં જવા વીઝાની જરુર નહીં પડે. આજે એ પ્રથા મર્યાદીત દેશો વચ્ચે કાર્યરત છે. એ ત્યારે શક્ય બનશે જ્યારે બધે જ મોટે ભાગે આર્થીક સમાનતા આવશે અને ધર્મ રાજકારણીય ન રહેતાં વ્યક્તીગત ભાવનામાં સીમીત રહેશે.

♦

અનુક્રમણીકા

04-2014-01-17

## પશ્ચીમી સંસ્કૃતીની આલોચના

જ્યારે પણ કોઈ અણછાજતી ઘટના બને છે, સંતાનો સાથે મા–બાપના સમ્બન્ધ બગડે છે ત્યારે કેટલાંક વર્તમાનપત્રો અને સામયીકો એનો દોષ પશ્ચીમી સંસ્કૃતી પર ઢોળે છે. આવું વાચીને લોકો પણ એવું માનતા થાય છે. આમાં સત્ય સાથે અસત્યનો ઘણો અંશ છે.

જ્યારે ત્યારે વગોવાતી આ પશ્ચીમી સંસ્કૃતી સાચે જ શું છે અને આપણી સામાજીક સમસ્યાઓ માટે કેટલી જવાબદાર છે એ ઘણું વીશ્લેષણ માંગી લે છે.

બધી જ સંસ્કૃતીઓમાં સારાં–નરસાનું મીશ્રણ હોય છે. બે–ત્રણ હજાર વરસ પહેલાં કોઈએ ઘડેલા આદર્શોને સંસ્કૃતીનો સાચો અને પુર્ણ માપદંડ ન માની લેવાય. આજે આપણી નજર સામે જે દેખાય છે તે બધું આપણી સદીઓની સંસ્કૃતીનો નીચોડ છે. એ જ આપણી આજની સાચી સંસ્કૃતી છે. એ સ્થાનીક હોય કે બહારથી આવી હોય, આપણે અપનાવી એટલે આપણી થઈ ગઈ કહેવાય. ભારતીય સંસ્કૃતીમાં ગૌરવ લેવા જેવી ઘણી બાબતો છે. સાથે સાથે જાતીભેદ, અસ્પૃશ્યતા, અંધશ્રદ્ધા, ભ્રષ્ટાચાર, દંભ, દહેજ, જાહેર જગ્યાઓની ગંદકી વગેરે ઘણી આપણી સંસ્કૃતીની કાળી બાજુ પણ છે. એક સંસ્કૃતી કરતાં બીજી ચડીયાતી છે એમ બેધડક કહેવું વાજબી નથી. આનો અર્થ એમ પણ નથી કે પશ્ચીમી સંસ્કૃતી દોષરહીત છે. એના ઘણા પાસા આપણને અનુકુળ આવે એવા નથી.

આઝાદી પછીના થોડાં વરસ આપણે આપણા બધા પ્રશ્નો માટે અંગ્રેજોને દોષ આપતા હતા. હવે શબ્દપ્રયોગ બદલાઈને પશ્ચીમી સંસ્કૃતી વપરાય છે. જોકે એનો ખરો ઈશારો અમેરીકા (USA) તરફ હોય

છે. પશ્ચીમના અન્ય દેશોની સંસ્કૃતી વીશે ભારતના લોકોને ઝાઝો ખ્યાલ નથી.

આ અમેરીકન સંસ્કૃતી સમજવા માટે એનો ઈતીહાસ જાણવો જરુરી છે. અમેરીકાની ભુમી શોધાયાને 500 વર્ષ અને એક સ્વતન્ત્ર રાષ્ટ્ર બનવાને હજી 240 વર્ષ થયા છે. જ્યારે અંગ્રેજો ભારત પર પ્રભુત્વ જમાવવાની વેતરણમાં હતા ત્યારે અમેરીકા અંગ્રેજી શાસનથી મુક્ત થયું હતું.

અમેરીકા સમ્પુર્ણપણે બીજા દેશોમાંથી આવેલા વસાહતીઓનો દેશ છે. ત્યાંના મુળ વતનીઓ તો ગણતરીમાં ન લેવાય એટલા જુજ છે. શરુઆતમાં અંગ્રેજો ત્યાં ગયા એટલે ત્યાં અંગ્રેજી ભાષા અને સંસ્કૃતીનું પ્રભુત્વ રહ્યું છે. પાછળથી યુરોપના બીજા દેશોમાંથી પણ લોકો ત્યાં જવા લાગ્યા. બીજા વીશ્વ યુદ્ધ પછી વળી નવો પ્રવાહ શરુ થયો અને દુનીયાના બધા દેશોમાંથી મોટી સંખ્યામાં લોકો ત્યાં જવા લાગ્યા.

પાંચસો વરસ પહેલા શરુ થયેલું આ એકતરફી માનવીય સ્થળાન્તર/ દેશાન્તર જરાય ધીમું નથી પડ્યું. આજે પણ દુનીયાના ઘણા દેશોમાંથી માન્યામાં ન આવે એટલા લોકો ત્યાં જવા ઉત્સુક છે. વીઝાના નીયંત્રણ ન હોય તો પરીસ્થીતી બેકાબુ બની જાય. અત્યારે ત્યાં સવા કરોડ જેટલા ગેરકાયદે આવેલા વીદેશીઓ છે.

આ આકર્ષણ પાછળ સમ્પત્તી ઉપરાંત અન્ય કારણો પણ છે. વ્યક્તીગત વીકાસની ત્યાં ઘણી તકો છે. ત્યાં દુનીયાની શ્રેષ્ઠ શીક્ષણ સંસ્થાઓ છે જેમાં હડતાળો પડતી નથી. જાતી, રંગ વગેરે પર આધારીત ભેદભાવ હવે ઘણા ઓછા થઈ ગયા છે. શીસ્ત અને કાયદાપાલન ઉંચું છે. સામાન્ય માણસને ભ્રષ્ટાચાર નડતો નથી તેમજ ન્યાય મળવાની

શક્યતા ઘણી વધુ છે. સ્વચ્છતા છે, મોકળાશ છે અને દરેક વસ્તુની વીપુલતા છે.

આ એક એવો દેશ છે જ્યાં વસતી વધારો બે રીતે થાય છે. દેશમાં જન્મેલા તેમજ બહારથી આવેલાને લીધે. આજે અમેરીકાની 15 ટકા વસતી દેશાન્તર કરીને આવેલી પ્રથમ પેઢીની છે. ત્રણ–ચાર પેઢી પાછળ જઈએ તો અડધી પ્રજાના પુર્વજો અન્ય કોઈ દેશમાંથી આવેલા જણાશે.

આમ તો ભારતના ભુતકાળમાં પણ બહારથી ઘણા આવ્યા છે. ફરક એટલો છે કે આર્યોથી માંડીને અંગ્રજો સુધીના આગન્તુકોમાંથી કેટલાક લુંટીને જતા રહ્યા અને બાકીના રાજ કરવા રોકાયા. જે થોડા ઘણા સ્થાઈ થયા છે એ પણ, અલ્પ અપવાદ બાદ કરતા, મુખ્ય પ્રવાહમાં પુર્ણપણે ભળી શક્યા નથી.

દેશાન્તર કરનાર પ્રથમ પેઢી (**First Generation Immigrants**) બધા પોતાના બેગ–બીસ્તરા સાથે પોતાની સંસ્કૃતી પણ લાવે છે અને બને તેટલી જાળવી રાખવાની કોશીશ કરે છે. જ્યારે એમની બીજી પેઢી મુખ્ય પ્રવાહમાં ભળવા માંગે છે. તેઓને ઘરના અને બહારના સાંસ્કૃતીક વાતાવરણના ફરક વચ્ચે પોતાનો માર્ગ શોધવાના આત્મમંથનમાંથી પસાર થવું પડે છે. ભારતીયોની આ પેઢી ABCD તરીકે ઓળખાય છે. એમની યાતના સમજવાને બદલે બહુધા એમને હાંસીપાત્ર બનાવાય છે. એમના પછીની પેઢી સમ્પુર્ણપણે મુખ્ય પ્રવાહમાં ભળી જાય છે. આ બધો બદલાવ કોઈપણ બાહ્ય દબાણ વગર સ્વેચ્છાએ થાય છે. એટલે જ અમેરીકાને “**Melting Pot**” કહેવાયું છે.

અમેરીકન સંસ્કૃતી ત્યાં ગયેલા બધા દેશવાસીઓની સામુહીક સંસ્કૃતીનો નીચોડ છે. એ સદા ધબકતી અને સમય પ્રમાણે બદલાતી

સંસ્કૃતી છે. યુરોપીયનો લાંબા સમયથી રહેતા હોવાથી સંસ્કૃતી પર એમનું પ્રભુત્વ હતું. હવે સમીકરણ બદલાઈ રહ્યા છે. મધ્ય અને દક્ષીણ અમેરીકા તેમજ એશીયન સંસ્કૃતીની અસર વર્તાઈ રહી છે.

અમેરીકનોની એક ખાસીયત એ છે કે તેઓ જે પણ નવું હોય એને ખુલ્લા મને એક વખત અજમાવશે, અને ગમે તો અપનાવશે. એમને સંસ્કૃતીનો કે મોટાપણાનો મીથ્યા આડંબર નડતો નથી.

પશ્ચીમી સંસ્કૃતી વીશેના આપણા ખ્યાલ મુખ્યત્વે એમના સીનેમા, ઈન્ટરનેટ, છુટાછેડાના ઉંચા દર વગેરે પરથી આવેલ છે. આ વાજબી નથી. (આમ તો 70ના દાયકા સુધી પશ્ચીમના દેશોમાં ભારતની છાપ ભુખમરાના, મદારીઓના, રસ્તે રઝળતી ગાયોના અને ભીખારીઓના દેશ તરીકેની હતી. એ પણ વાજબી નહોતું.) ખાસ કરીને ત્યાંના યુવા વર્ગની જીવનપદ્ધતી બધાની ટીકાપાત્ર બને છે. એને વીસ્તારમાં સમજીએ.

એક હજાર વરસ જેટલો લાંબો ઈતીહાસનો મધ્યયુગ, આખી દુનીયાનો અન્ધકારયુગ કહેવાય છે. તે સમય દરમીયાન સત્તાધીશો, ધર્મગુરુઓ અને સમાજના આગેવાનો સંસ્કૃતી ઘડતા હતા અથવા તો એને સ્વીકૃતી આપતા હતા. આ બધા સામાન્ય રીતે મોટી ઉમ્મરના પુરુષો હતા. પરમ્પરાના ઓઠા હેઠળ એમણે પ્રજાનું ખુબ શોષણ કર્યું છે અને સ્ત્રીઓ પર અત્યાચાર કર્યા છે. ચારસો વરસ પહેલાં યુરોપ આ અન્ધારીયા યુગમાંથી બહાર આવવા લાગ્યું. બાકીની દુનીયા છેલ્લી અડધી સદીથી ધીરે ધીરે નવા યુગમાં પ્રવેશી રહી છે.

નવા યુગમાં સ્વતંત્ર રીતે વીચારવાની અને નવા અખતરા કરવાની શરુઆત થઈ છે. એની આગેવાની યુવા પેઢીએ લીધી છે. એનો પાયો વીચારોની મુક્ત અભીવ્યક્તી, વ્યક્તી સ્વાતંત્ર્ય અને સ્વાવલંબન

પર આધારીત છે. આ સ્વતંત્રતા અને સ્વાવલંબનની શરુઆત, તેઓ પુખ્ત વયના થતાં મા–બાપથી અલગ રહેવાથી કરે છે. વીકસીત દેશોમાં આર્થીક રીતે આ શક્ય છે. આ પ્રથા ઘણાને જલદી જવાબદાર નાગરીક બનાવે છે, જ્યારે કેટલાકને આકરો સંઘર્ષ કરવો પડે છે.

સંસ્કૃતી પરની યુવા પેઢીની અસર સંગીત, નૃત્ય, મનોરંજન, રમતગમત વગેરેમાં ચોખ્ખી દેખાય છે. એટલું જ નહીં, સાહીત્ય અને ધંધામાં પણ એ પેઢીનો ઘણો ફાળો છે. અમેરીકાની અત્યારની ઘણી મોટી અને સફળ કંપનીઓ શરુ કરનાર, ત્યારે કોલેજમાં જતા યુવાનો હતા.

અમેરીકાની સંસ્કૃતી, એ વીશ્વના શીક્ષીત યુવા પેઢીની સંસ્કૃતી બની રહી છે. ત્યાંથી શરુ થતું આ સાંસ્કૃતીક પરીવર્તન ઘણું જોરદાર છે. આપણને ગમે કે ના ગમે, પણ તે આજનો પ્રવાહ છે. આખી દુનીયાનો શીક્ષીત વર્ગ એમાં જોડાવા ઈચ્છે છે. એમની સ્વતંત્રતા આપોઆપ જાહેર થઈ જાય છે અને શક્ય હોય તો સ્વાવલંબી (વીભક્ત કુટુમ્બ) પણ થઈ જાય છે.

અગત્યની વાત એ છે કે આ પરીવર્તન સ્વીકારવું કે નહીં એ યુવાનોના પોતાના હાથમાં છે. બન્ધનવાળી જુની સંસ્કૃતીમાં કોઈની પાસે આવો વીકલ્પ નહોતો. એના માઠા પરીણામ જોયા પછી નવી પેઢી આ સ્વતંત્રતાનો અખતરો કરવા અને એની કીમ્મત ચુકવવા તૈયાર છે.

નાની ઉમ્મરે મળતી આ સ્વતંત્રતા, વધુ પડતી મહત્વકાંક્ષા અને સીદ્ધી ઘણી વખત અનીચ્છનીય પરીણામો પણ લાવે છે. ક્યારેક મા–બાપ પણ એનો ભોગ બને છે જે એક કમનસીબી છે. આદર્શ સમાજ વ્યવસ્થા ક્યારે પણ જાળવી શકાતી નથી. લોલકની જેમ તે કોઈ એક બાજુ જતી રહે છે. જ્યારે અન્તીમે પહોંચે છે ત્યારે એની દીશા પલટાવા

લાગે છે. સંસ્કૃતીનો આ દીશા પલટો ઘણો લાંબો સમય ચાલતો હોય છે. અત્યારે તો દોર યુવા પેઢીના હાથમાં છે.

આપણે ત્યાં જે માધ્યમો દ્વારા પશ્ચીમી વીચારધારા આવે છે એમાંથી સૌથી પ્રભાવશાળી અને પ્રચલીત માધ્યમ છે સીનેમા, ટેલીવીઝન અને ઈન્ટરનેટ. એની સાથે સંકળાયેલા લોકોને કોઈ એક સંસ્કૃતીને બચાવવામાં કે ફેલાવવામાં રસ નથી. એમને ફક્ત પૈસા કમાવવામાં રસ છે. એમનો જે માલ વધુ વેચાય છે એ જ તેઓ બનાવે છે અને વેચે છે. એટલે સંસ્કૃતી કે માધ્યમને દોષ દેવા કરતાં સપ્લાય/ડીમાંડના માર્કેટ–ફોર્સને સ્વીકારવું રહ્યું.

સીનેમા બે ત્રણ કલાકનું મનોરંજન પુરું પાડે છે. એના અન્તે ક્યારેક સારો સંદેશ પણ હોય છે. એની સરખામણીએ ટી.વી. પર આવતી કૌટુમ્બીક સીરીયલો વર્ષોના વર્ષો ચાલે છે. એમાં બતાવાતા અવાસ્તવીક કાવાદાવા ભોળા માનસને કલુષીત કરે છે. એનાથી આપણી સંસ્કૃતીને વધારે હાની પહોંચે છે. આવી સીરીયલો વીદેશી નહીં પણ દેશી ઉપજ છે. એમની સામે ઉહાપોહ નથી સંભળાતો. ઉલટાનું લોકો એમને મોટાપાયે માણે છે. બાવા–ચેનલો પણ લોકોને ધર્મનું અફીણ ખવડાવીને, ઘેનમાં રાખી, પલાયનવાદી બનાવી રહી છે.

ભારત અને અમેરીકા જેવા વીશાળ અને બહુરંગી પ્રજા ધરાવતા દેશની સંસ્કૃતી જટીલ હોઈ એને સરળતાથી સમજી કે વર્ણવી ન શકાય. બન્ને સંસ્કૃતીઓમાં ઘણા જમા પાસાં છે; તેમ જ બન્નેમાં ઘણી અનીચ્છનીય બાબતો પણ છે. એના મુખ્ય મુદ્દા આવરી લેવાનો અહીં પ્રયાસ કર્યો છે. આપણી સંસકૃતીમાં જે ગર્વ લેવા જેવું છે તે ઈરાદાપુર્વક સામેલ નથી કર્યું કારણ કે તે બધે ઠેકાણે ખુબ ચર્ચાય છે. સામાન્ય રીતે જે

નથી કહેવાતું તે રજુ કરવાનો આ લેખનો આશય હતો.
અનુક્રમણીકા

05-2013-11-15

## 'સત્યમેવ જયતે' નું સાતત્ય

ભારત સરકારે 'સત્યમેવ જયતે'ને રાષ્ટ્રનો મુદ્રાલેખ બનાવ્યો છે. અવારનવાર સાંભળવા કે વાંચવા મળતી આ ઉક્તી સાચે જ કેટલી યથાર્થ છે **?** શું સત્યનો વીજય હમ્મેશાં નીશ્ચીત છે **?**

સત્યપાલન એ સાચું બોલવા ઉપરાન્ત ઘણું વધારે છે. એમાં પ્રામાણીકતા, વચનપાલન, ન્યાયપરસ્તી વગેરે બીજું ઘણું આવી જાય છે.

અનુભવે ઘણી વખત સત્યને હારતાં જોયું છે. રોજીન્દા બનાવોમાં સત્ય કે અસત્ય ગમે તેનો વીજય થતો દેખાય છે. ચોરી કરનારો ક્યારેક પકડાય છે; પણ મોટે ભાગે છટકી જાય છે. એ સામાન્ય વ્યાખ્યા પ્રમાણેનો ઘરફોડ ચોર હોય, હાથચાલાકીવાળો હોય, પરીક્ષામાં ચોરી કરતો વીદ્યાર્થી હોય કે પછી ધંધા વ્યવસાયમાં કરવામાં આવતી અપ્રામાણીકતા હોય. એનો વીજય થયો એટલા માટે કહેવાય કે થોડા સમયમાં એ બનાવ ભુલાઈ જાય છે અને ગુનેગાર કાયદાના હાથમાંથી હંમેશ માટે છટકી જાય છે. ક્યારેક પકડાય તો એ નીયમ નહીં; પણ અપવાદ હોય છે.

જુઠ બોલીને છટકી જવું એ સાવ સહેલું અને સલામત લાગે છે. સાચી વાત જાણવા છતાં; જુઠ આગળ આપણે નીરુપાય હોઈએ છીએ. ઉપકાર પર અપકાર કરનારા, વાયદો આપીને ન નીભાવનારા, કામ પતી ગયા પછી મોઢું ફેરવનારાઓનો અનુભવ ઘણાને હશે. આ બધામાં સત્યની હાર ઉપરાન્ત લાચારી પણ છે.

આ બધી નાની અને સામાન્ય વાતો થઈ. થોડી ગમ્ભીર બાબત જોઈએ. આપણી કાયદા અને ન્યાયની વ્યવસ્થા સત્યના વીજય, નીર્દોષના રક્ષણ અને ગુનેગારને સજા કરવા માટે બનાવવામાં આવી છે. જ્યારે કોર્ટના ચુકાદા હમ્મેશાં સત્યની તરફેણમાં નથી આવતા. ત્યાં વીજય થાય છે પુરાવાઓ અને રજુઆતનો. કમનસીબે આજની પરીભાષામાં લાંચરુશ્વત, ધાકધમકી વગેરે રજુઆતનાં પાસાં બની ગયાં છે. સાધનસમ્પન્ન, શક્તીશાળી અને ચાલાક લોકો જીતી જાય છે. પરીણામે સત્ય કે અસત્ય ગમે તે વીજયી બની શકે છે.

નૈતીકતાની અદાલતમાં આ બધા હમ્મેશ માટે ગુનેગાર રહે છે. એમનો ન્યાય કોણ અને ક્યારે કરે છે તે એક કોયડો છે.

જ્યારે મોટા ભાગનો જનસમુદાય ગમે તે રસ્તે વીજય મેળવવાની કોશીશ કરતો હોય એનો મતલબ ચોખ્ખો છે કે એમને સત્યના વીજય પર વીશ્વાસ નથી. પછી ભલેને આપણે રાષ્ટ્રનો મુદ્રાલેખ બનાવીને જાહેરમાં એનો પ્રચાર કરીએ કે ધાર્મીક આદર્શોમાં એને આગવું સ્થાન આપીએ !

વીકસીત દેશો જ્યાં કાયદા પાલનનું પ્રમાણ વધારે છે, ત્યાં ઘણા ગુનેગારો પકડાય છે. એમને સ્વબચાવની તક મળે છે અને ગુનો સાબીત થતાં વાજબી સજા પણ થાય છે. મોટા ભાગના કીસ્સાઓમાં સત્યનો વીજય થતો હોય છે. આનો યશ એમનાં ન્યાય અને વ્યવસ્થાતંત્રના ફાળે જાય છે. જો તાત્ત્વીક રીતે સત્યનો વીજય થતો હોત તો એનાં પરીણામ બધે જ સરખાં હોત. એમાં આવો સ્થળભેદ જોવા ન મળત. કાયદાની જેટલી વધારે સ્થાપના હોય એટલી વધારે નીતીમત્તા જળવાય. અને સાથે સાથે એટલું વધુ સત્યપાલન પણ થાય. જ્યાં સુધી કાયદાનું પાલન

સર્વસ્વીકૃત ન થાય ત્યાં સુધી આપણો મુદ્રાલેખ કાગળ પર જ રહેવાનો છે.

સૌથી મોટી અને ગમ્ભીર ઘટના છે યુદ્ધ. એમાં ઘણાની જીંદગી પુરી થઈ જાય છે અને એનાથી કેટલાયે વધારેની હમ્મેશ માટે બદલાઈ જાય છે. જો યુદ્ધમાં સત્યનો જ વીજય થવાનો હોત તો આક્રમણખોર હમ્મેશાં હારતો હોત અને પોતાના દેશની રક્ષા કરનારા હમ્મેશાં જીતતા હોત. પણ વાસ્તવીકતા ઘણી જુદી છે. આક્રમણખોર જીત્યા હોય એવા દાખલાઓથી ઈતીહાસ છલકાય છે.

યુદ્ધમાં વીજય માટે ધર્મયુદ્ધ કે રક્ષણાત્મક પક્ષે હોવું પુરતું નથી. વીજય થાય છે કાબેલ અને શક્તીશાળીનો. જેની વ્યુહરચના સારી હોય, સૈનીકો તાલીમબદ્ધ હોય, શસ્રો વધુ અસરકારક હોય તે જીતે છે. બે ધાર્મીક વીચારધારાઓ વચ્ચે ઘણાં સશસ્ત્ર યુદ્ધો થયાં છે. બન્ને પક્ષે ધર્મયુદ્ધનો દાવો હોય; છતાંયે હારજીત બદલાતી રહી છે. અહીં પણ વીજય સત્ય–અસત્યથી પર રહ્યો છે.

પ્રાણી જગત કુદરતી નીયમો પ્રમાણે ચાલે છે. એમના પોતાના કોઈ આદર્શો હોતા નથી. એમાં શક્તીશાળી અને ચાલાકની જીત થાય છે. શીકારી પ્રાણી એના શીકાર કરતાં વધારે શક્તીશાળી હોય છે. શીકાર જ્યારે ચાલાકી અને ચપળતા દેખાડે છે, ત્યારે તે બચી જાય છે અને જ્યારે ગાફેલ રહે છે, ત્યારે એનું મોત થાય છે અને શીકારીનું ભોજન બને છે. અહીં સત્ય અસત્ય જેવું કઈ નથી.

આપણે પણ જ્યારે આપણા ઉપરીપણાનો, શક્તીનો કે ચાલાકીનો ઉપયોગ કરીને બીજા પર વીજય મેળવીએ છીએ, એ આપણી અન્દર રહેલા પાશવીપણાની જીત છે. પ્રામાણીકપણે કે ન્યાયીપણે કંઈ મેળવીએ છીએ, તે આપણા સંસ્કારોની અને સાથે સત્યની પણ જીત છે.

આ બધી રજુઆત જુઠની તરફેણમાં નથી કરવામાં આવી. આના દ્વારા 'સત્યમેવ જયતે' ની મર્યાદા તરફ ધ્યાન દોર્યું છે.

દુનીયાના બધા જ તત્ત્વચીંતકોએ સત્યની ઉપાસના કરી છે, હીમાયત કરી છે અને માનવીય આદર્શોમાં 'સત્ય' ને આગવું સ્થાન આપ્યું છે. બહુ ઓછા આદર્શો માટે આટલી એકમતતા હશે.

દુનીયાની બધી જ ધાર્મીક અને આધ્યાત્મીક વીચારધારાઓ એમના સામુહીક તત્ત્વજ્ઞાન પર રચાયેલી છે. એમાંથી જ બધી સંસ્કૃતીઓ ઉભી થઈ છે. સમય અને સ્થળની મર્યાદાથી પર એવા આટલા બધા વીશ્વમાનવોએ જે એક અવાજે કહ્યું છે તે ખોટું ન હોઈ શકે.

તો પછી આ બધી જ વીચારધારાઓમાં અને આગળ જણાવેલી, રોજેરોજ નજર સામે બનતી અને અનુભવાતી વાસ્તવીકતામાં આટલો વીરોધાભાસ કેમ છે **?** એના કેટલાક ચીલાચાલુ ખુલાસા અને પ્રત્યુત્તર આ પ્રમાણે છે.

અ) પહેલો ખુલાસો છે 'આ કળીયુગ છે' નો

અન્યાય, અત્યાચાર અને જુઠ તો સદાકાળથી ચાલ્યાં આવે છે. કેટલીક ધાર્મીક કથાઓ પ્રમાણે અત્યાચારીઓનો નાશ કરવા માટે, કહેવાતા સતયુગમાં ઈશ્વરને પોતાને આવવું પડ્યું હતું. અત્યારે કોઈ અવતારી પુરુષ આવતો નથી; કારણ એની જરુર જણાતી નથી. હકીકતમાં સ્વાસ્થ્ય, આવરદા, સમ્પત્તી, શાન્તી, સ્વતન્ત્રતા વગેરે બધી રીતે વીચારીએ તો અત્યારે આપણે શ્રેષ્ઠ સમયકાળમાં જીવી રહ્યા છીએ, ભલે એને બીજા ગમે તે નામ આપે. **લાખો વરસ લાંબા** યુગોની કલ્પના ને માન્યતા ભુતકાળને વટાવનારાઓ દ્વારા લોકોને છેતરવાની એક તરકીબ **માત્ર** છે. માનવસંસ્કૃતી દસ હજાર વરસથી વધુ પુરાણી હોવાના

કોઈ પુરાવા નથી અને જે પુરાવા મળ્યા છે એના પરથી વધુ પુરાણી હોવાની શક્યતા થતી નથી.

બ) બીજો ખુલાસો છે **‘અંતે સત્યનો વીજય થાય છે’** નો

અહીં ઉમેરેલો ‘અન્તે’ શબ્દ મહત્વનો છે. એના લીધે કોઈ સમયમર્યાદા ન રહેતાં એના અર્થઘટનમાં ઘણી મોકળાશ મળે છે. કોઈ ચોખવટ ન કરવાથી એ બનાવને અન્તે, આપણા જીવનના અન્તે, કે પછી વીશ્વના અન્તે પણ હોઈ શકે છે..

ઘણી જ વજુદવાળી અને યથાર્થ એવી એક અંગ્રેજી કહેવત છે. **‘Justice delayed is justice denied.’** ‘ન્યાયનો વીલંબ એ ન્યાયનો ઈન્કાર છે.’ ‘અન્તે’ થતા સત્યના વીજયનો આ કહેવત સાથે મેળ ખાતો નથી. ‘અન્તે’ સ્વીકારીએ તો પણ હમ્મેશાં સત્ય બહાર આવે જ છે એવું દેખાતું નથી. સત્ય બહાર આવે તોયે એનો વીજય થયો કે નહીં તે એક સવાલ તો રહે જ છે. ભુતકાળના કેટલાયે કોયડા સદીઓથી વણઉકલ્યા પડ્યા છે. જો લાંબા સમય પછી જ સત્યનો વીજય થવાનો હોય તો એ દરમીયાન ભોગ બનતા નીર્દોષ લોકોની યાતનાનો ઉકેલ શો? વીલમ્બની આવી વીચારસરણી લોકોને નીષ્ક્રીય બનાવવાનું કામ કરે છે.

ક) ત્રીજો ખુલાસો છે: ‘કર્મના સીદ્ધાન્ત’ નો

આ માન્યતા આગલા ખુલાસાથી પણ બે ડગલાં આગળ જાય છે. પુર્વજન્મ અને પુનર્જન્મને સ્વીકારવાથી બધા જ પ્રશ્નોના ઉત્તર આપી શકાય છે. આનાથી સમય મર્યાદાનો સદન્તર છેદ ઉડી જાય છે. દુર્ભાગ્યે આવી માન્યતાની વાસ્તવીકતાના કોઈ સચોટ પુરાવા નથી. એની તરફેણ કે વીરુદ્ધમાં કંઈ સાબીત કરી શકાતું નથી. એ વ્યક્તીગત વીચારસરણીનો મુદ્દો બની જાય છે.

જે લોકો પુનર્જન્મમાં ન માનતા હોય એમના માટે સત્યની વેળાસર ન થયેલી જીત એ હાર સમાન છે. એમના માટે કર્મનો સીદ્ધાન્ત એ અઘરા સવાલોના સાચા જવાબ ટાળવા માટે શોધી કે ઉપજાવી કાઢેલો એક ચાલાક રસ્તો માત્ર છે. વૈશ્વીક સ્તરે પુનર્જન્મમાં ન માનનારા લોકોની બહુમતી છે. માત્ર ભારતમા પાંગરેલા ધર્મો જ પુનર્જન્મમા માને છે.

જ્યારે ધર્મના નામે કે સત્તા માટે લાખો લોકોની સામુહીક કતલ કરવામાં આવે છે, કોઈ એક જાતીનું નીકન્દન કાઢી નાંખવામાં આવે છે, ત્યારે કર્મનો સીદ્ધાન્ત પાંગળો લાગે છે. એને સ્વીકારવું બુદ્ધીગમ્ય નથી લાગતું. આવા સીદ્ધાન્ત હોત તો સમસ્ત માનવજાતને લાગુ પડત. કોઈ ચોક્કસ વીચારધારા અનુસરનારાઓ માટે ન હોત. એક રીતે જોઈયે તો કર્મનો સીદ્ધાન્ત એ પોતાની ભુલોની જવાબદારી ન સ્વીકારવાનો ચોખ્ખો પલાયનવાદ છે. બધો ન્યાય અહીં, આ જન્મમાં અને સમયસર મળે તો જ સત્યનો વીજય થયો ગણાય.

‘સત્યમેવ જયતે’ નો આદર્શ અને રોજરોજ જોવાતી કે અનુભવાતી વાસ્તવીકતા વચ્ચે જે વીરોધાભાસ છે એના ત્રણ ચીલાચાલુ ખુલાસા અને એમનું ખંડન આગળ વર્ણવ્યું છે. આજ સુધી કોઈપણ વાચક તરફથી બીજા નવા ખુલાસા કે પછી આ ખુલાસાઓની તરફેણમાં ‘શાસ્ત્રોમાં લખ્યું છે’ સીવાયની કોઈ તાર્કીક દલીલો કરવામા આવી નથી.

વાસ્તવીકતા એ છે કે, ‘સત્યનો હંમેશાં વીજય થાય છે’ એ એક વીશફુલ થીંકીંગ માત્ર છે. આના બદલે ‘સત્યનો વીજય થજો’ એને આપણો આદર્શ બનાવી શકાય. તેમ જ ‘વહેલું મોડું સત્ય પ્રકટ થાય છે’ એવું આશ્વાસન લઈ શકાય.

આનો અર્થ એવો થાય છે કે સત્ય–અસત્યના આધારે કોઈ દૈવી શક્તી પાસેથી કૃપા કે દંડની અપેક્ષા ન રખાય. આપણા આચરણના જે પણ ફાયદા–ગેરફાયદા થતા હોય તે સમાજના પ્રત્યાઘાત રુપે ભોગવવાના આવે છે. ખોટું કરનાર કાયદામાંથી છટકી જાય તો પણ; આડકતરી રીતે તે સમાજ પાસેથી કોઈક પ્રકારની સજા પામતો હોય છે. ગમે તેટલું ખોટું કરનાર 'મોટાં માથાં' છટકી જાય છે, જ્યારે સામાન્ય માણસ ફસાઈ જાય છે ની વાસ્તવીકતા એ સમાજની મનોભાવના અને બેવડી નીતી છતી કરે છે. (અહીં 'સમાજ' શબ્દમાં રાજ્યવ્યવસ્થા, ધર્મ તેમ જ જ્ઞાતી–વર્ણ બધાનો સમાવેશ થાય છે.)

ઈતીહાસ હંમેશા જીતનારો પક્ષ રચે છે અને લખે છે. એ પ્રમાણે નાયક અને ખલનાયક નક્કી થાય છે. સત્ય અને અસત્યની વ્યાખ્યા પણ ત્યારે જ રચાય છે. જેનો વીજય થાય છે એના દૃષ્ટીકોણને જ સત્ય હોવાનું ઠસાવવામાં આવે છે. અને હારનારનો દૃષ્ટીકોણ દબાઈ જાય છે. સાચો નીષ્પક્ષ ઈતીહાસ પણ સત્યની જેમ જ એક "વીશફુલ થીંકીંગ" માત્ર છે.

બીજા વીશ્વયુધ્ધમાં જો સાથી રાષ્ટ્રોને બદલે જર્મની-જપાનની જીત થઈ હોત તો આજે દુનીયાનું સ્વરુપ સાવ જુદું હોત. ધર્મ અને જાતી આધારીત ઉંચનીચના ભેદ સ્વીકૃત હોત. શીતયુધ્ધમાં રશીયાની જીત અને અમેરીકાની હાર થઈ હોત તો દુનીયામાં બધે સામ્યવાદ અને સરમુખત્યારી હોત. લોકશાહી એક પ્રયોગ બની રહી જાત. વ્યક્તીગત સ્વતન્ત્રતાની વાત પણ ગુનો ગણાત.

સત્યના વીજયની બીજી બાજુ પણ છે. દરેકના જીવનમાં અત્યંત ખાનગી કહેવાય એવી થોડી ઘણી બાબતો હોય છે. ખાનગી એટલા માટે કે સંબંધી વ્યક્તી તે જાહેર ન થાય એવું ઈચ્છે છે.

ભુતકાળમાં બનેલ કોઈ અનીચ્છનીય બનાવ કે પછી છાનાંછપનાં લગ્નેતર સમ્બન્ધ આના દાખલા છે. ઘણા "**Victimless Crime"** હોય છે. આવાં સત્ય જ્યારે પ્રકાશમાં આવે છે, ત્યારે લાગતા–વળગતા બધાને ગુમાવવાનું હોય છે. એમાં બધાની હાર છે, જીત કોઈની નથી. ઘણી વાર આવા "સત્યો" બહાર ન આવે એમાં જ સૌનું હીત સમાયેલું હોય છે.

રાષ્ટ્રીય કે આન્તરરાષ્ટ્રીય સ્તરે જોઈએ તો દરેક સરકાર પાસે અને સરકાર વીશે કેટલીય ગુપ્ત બાબતો હોય છે. જો એ બધી તેમ જ એમના ગુપ્તચર ખાતાનાં કારસ્તાન બહાર આવે તો એનાં અતી ગમ્ભીર પરીણામ આવી શકે છે. આવાં ગમ્ભીર પરીણામોના ભોગે પણ બધાં જ સત્યોનું પ્રગટ થવું અને સત્યનો વીજય ઈચ્છવો કેટલું વાજબી છે **?**

એવું કહી શકાય કે માત્ર બહુજન હીતાય, બહુજન કલ્યાણકારી સત્ય પ્રગટે અને એનો વીજય થાય. જો એ શક્ય હોય તો એ સત્ય 'બહુજન હીતાય' કે 'બહુજન કલ્યાણકારી' છે એવું કોણ નક્કી કરે**?** બહુમતી પણ હમ્મેશાં સાચી નથી હોતી.

અન્તે એટલું જ ફલીત થાય છે કે સત્યનો વીજય ઈચ્છનીય ખરો; છતાં એ એક આદર્શ છે, વાસ્તવીકતા નથી. આપણે સાચા હોઈએ એટલે સત્યની જીતની આશામાં બેસી ના રહેતાં, જીત માટે જરુરી બધા જ પ્રયત્નો કરી છુટવા જોઈએ. આપોઆપ સત્યનો વીજય નથી થવાનો. માનવ સમુદાય આદી કાળથી પોતા વીશેના અને આસપાસની દુનીયા વીશેના સત્ય સમજવાની કોશીષ કરી રહ્યો છે. એને થોડાઘણાં સત્યો સમજાયા છે અને ઘણા સત્યો હજી સમજવાના બાકી છે. બધાજ સત્યો હજી સુધી કોઈને પણ સમજાયા નથી કારણ તે શક્ય નથી. જોકે સત્યના નામે બીજું ઘણુ અસત્ય ફેલાવવાની ભરપુર કોશીશ થઈ છે, થઈ રહી છે. એમાં ઘણાને સફળતા પણ મળી છે.

આપણું જીવન બે પ્રકારના નીયમોને આધીન હોય છે. કુદરતના નીયમો અને સમાજના નીયમો. કુદરતના નીયમ અચલ છે. સત્યનો વીજય થાય જ એ કુદરતનો નીયમ નથી; કારણ કે કુદરતી નીયમોમાં સત્ય–અસત્ય જેવું કશું નથી. સમાજના નીયમો માણસે બનાવ્યા છે. સત્ય–અસત્ય જે તે સમાજના નીયમો આધારીત અર્થઘટન છે. સત્યની વ્યાખ્યા સમાજે–સમાજે બદલાય પણ છે. એટલે સત્યનો વીજય થાય એ આડકતરી રીતે સમાજના નીયમોનું પાલન થાય એવી અપેક્ષા છે, એવો આગ્રહ છે. ટુંકમા દેશના કાયદાનુ પાલન એ સત્યનો વીજય ગણી શકાય. કાયદા વાજબી કે ગેરવાજબી પણ હોઈ શકે છે. એ આપણી અપરીપક્વતા છતી કરે છે. એનો કોઈ ઉપાય નથી.

કુદરતના રહસ્યો ઉકેલવાની શરુઆત છેલ્લા ચારસો વરસથી શરુ થઈ અને છેલ્લા બસો વરસથી ઝડપી બની છે. એનાથી ઘણી પરમ્પરાગત માન્યતાઓ ખોટી સાબીત થઈ છે. પુનર્જન્મ જેવી માન્યતાઓને હવે આંખો મીચીને સ્વીકારવા ઘણા લોકો તૈયાર નથી. એમના મતે અઘરા સવાલોના સાચા જવાબ ટાળવા માટે શોધાયેલો આ એક ચાલાક રસ્તો માત્ર છે. જો “સત્યમેવ જયતે” કુદરતનનો નીયમ હોત તો અહીંસાપ્રધાન વીચારધારા આજસુધી બધે સ્વીકારાઈ ગઈ હોત. ધાર્મીક મતભેદોને લીધે અગણીત લોકોએ જાન ગુમાવ્યા ન હોત. દુનીયામાં ગુલામી કે અસ્પૃશ્યતા જેવી પ્રથા ન આવત. લાખોની સંખ્યામા સામુહીક સંહાર ન થયો હોત.

છેલ્લે, ભારત સરકારના મુદ્રાલેખ વીષે નાનપણમાં વાંચેલ એક કાવ્યની બે-ત્રણ પંક્તીઓ યાદ છે તે અત્રે ટાંકી છે.

સત્યમેવ જયતે, સરસ મુદ્રાલેખ છે, પણ કદી એ વીચાર્યું છે**?**
સત્ય જો જીતશે, આપનુ શું થશે**?**

અનુક્રમણીકા

06-2012-10-11

## અહીંસાની આગેકુચ

*આ લેખ અહીંસાને કેન્દ્રસ્થાને રાખી લખાયો છે. એમાં કેટલાક પૌરાણીક પાત્રોના નીર્ણયને અહીંસાના દૃષ્ટીકોણથી મુલવાયા છે. પોતાની માન્યતાથી ભીન્ન રજુઆત વાંચવાથી જેમની લાગણી દુભાતી હોય એમના માટે આ લેખ ન વાંચવો હીતાવહ રહેશે.*

રામાયણ અને મહાભારતના સાચાપણા માટે વીવાદ ઉઠતો રહે છે. આપણે એમાં ન પડતાં એટલું તો સ્વીકારીએ કે સો કરોડથી વધુ લોકોની સંસ્કૃતી અને જીવનપદ્ધતી પર સૌથી વધુ પ્રભાવ આ બે મહાગાથાઓનો છે. એટલે રામાયણ અને મહાભારત વાસ્તવીક હોય યા ન હોય, એમને અવગણી તો ન જ શકાય.

આ મહાકાવ્યોનું અસલી સંસ્કૃત લખાણ તો સાવ ઓછા લોકોએ વાચ્યું હશે. રામાયણ અને મહાભારત ઘણા વીદ્વાન લોકોયે લખ્યું છે એવું પણ સાંભળ્યું છે. અત્યારે જનસામાન્યના મનમાં જે સ્વરુપે છે તે મુખ્યત્વે રામાનન્દ સાગર અને બી. આર. ચોપરાની T. V પર દર્શાવેલ શ્રેણીની રજુઆતનું છે. નીચેનું લખાણ એના સંદર્ભમાં છે.

પ્રચલીત માન્યતાની તરફેણમાં લખવું સહેલું અને સુરક્ષીત હોવાથી એવું ઘણું લખાય છે. માન્યતાની બીજી બાજુ રજુ કરવાનો આશય આંધળા વીરોધનો લગીરે નથી, બલ્કે તે વીષયને બીજા દૃષ્ટીકોણથી તપાસવાની–જોવાની કોશીશ છે. વૈચારીક તેમ જ સાંસ્કૃતીક વીકાસ માટે તે જરુરી છે.

આ મહાકાવ્યોમાં વર્ણવાયેલ બધું તત્કાલીન સમાજની વાસ્તવીકતા હશે. અત્રે એને મુલવવાની કોશીશ નથી કરી; બલકે આજનાં જીવનમુલ્યો, સાચાં–ખોટાંની આપણી સમજ, માનવતા વગેરેના

સંદર્ભમાં વીચારતાં આ મહાકાવ્યોના કેટલાક પ્રસંગો મનને મુંઝવતા પ્રશ્નો ઉઠાવે છે. એમાંથી થોડાને અહીં અહીંસાના માપદંડથી જોઈએ.

રામાયણનો સૌથી વધારે જાણીતો પ્રસંગ છે રામ–રાવણનું યુદ્ધ. દર દશેરાએ એની યાદ તાજી કરાય છે તેમ જ અન્ય કેટલાયે પ્રસંગે એનો ઉલ્લેખ થાય છે.

(૧) કોઈનું અપમાન કરવું હોય, કોઈ વાતનો બદલો લેવો હોય તો તે સમયે એનો સૌથી અકસીર રસ્તો હતો એની પત્નીનું અપહરણ કરવાનો. એ અનુસાર રાવણ સીતાનું અપહરણ કરે છે. સ્ત્રીના અપહરણનો આ પહેલો પ્રસંગ નહીં હોય, અને છેલ્લો તો નહોતો જ.

આને બે વ્યક્તીઓ વચ્ચેનો અંગત મામલો કહેવાય. સામાન્ય રીતે જ્યારે આવો બનાવ બનતો ત્યારે બે જણ વચ્ચેના દ્વન્દ્વ દ્વારા એનો ઉકેલ લવાતો.

શ્રીરામ સામાન્ય રાજા નહોતા. એમના મનમાં પોતાની પ્રજા ઉપરાંત સમસ્ત સૃષ્ટીનું હીત રહેલું હતું. વીષ્ણુના અવતાર એવા ત્રીકાળજ્ઞાની રામને ખબર હતી કે પોતે અજેય છે તેમ જ તેમના સીવાય રાવણને બીજો કોઈ હરાવી કે મારી શકે એમ નથી. યુદ્ધના અન્તે રામ–રાવણ સામ–સામે આવે જ છે. યુદ્ધનો અન્ત પણ એમના દ્વન્દ્વથી જ આવે છે. એ દરમીયાન બન્ને બાજુના કેટલા બધા સૈનીકોનું મૃત્યુ થાય છે ! શું આટલા લોકોની આહુતી જરુરી હતી ?

જે કથાને આધારે સંસ્કૃતી રચાય છે અને ઘડાય છે તે કથા માત્ર રસપ્રદ હોય એ પુરતું નથી. એનો દરેક પ્રસંગ આદર્શ હોવો જરુરી બને છે.

શાન્તીકાળમાં દરેક દેશના સૈન્યમાં સ્વેચ્છાએ ભરતી થયેલ સૈનીકો હોય છે. જ્યારે કોઈ દેશ યુદ્ધે ચઢે છે કે પરાણે ચડવું પડે છે ત્યારે,

સૈન્યમાં યુવાનોની ફરજીયાત ભરતી કરવામાં આવે છે. અર્વાચીન ભારત ક્યારે પણ મોટા યુદ્ધમાં સંડોવાયું નથી. ભારતની વસતી અને ગરીબીને લીધે ફરજીયાત ભરતીની જરૂર ઉભી થઈ નથી એટલે આપણને એનો ખ્યાલ ન હોય. આવી રીતે ફરજીયાત જોડાયેલ સૈનીકો અને ધન્ધાકીય રીતે જોડાયેલ સૈનીકોમાં ઘણો ફરક હોય છે.

રાવણની સેનામાં તે સમયે આવા ફરજીયાત ભરતી કરેલા સૈનીકો હશે જ. સુગ્રીવની પુરી સેનાને (વાનરસેના) આ યુદ્ધ સાથે કશી નીસબત ન હતી. યુદ્ધમાં જે સૈનીકો મરે છે એમનાં કુટુમ્બો નીરાધાર થાય છે. યુદ્ધનો અન્ત કેવી રીતે આવવાનો છે એની રામને ખબર હોવા છતાં; યુદ્ધમાં આટલી બધી નીર્દોષ વ્યક્તીઓનો ભોગ આપવાનું કારણ શું હતું ?

થોડા વર્ષો પહેલા ઈરાક–અમેરીકાના યુદ્ધનો સમગ્ર વીશ્વમા વીરોધ થયો હતો. ખુદ અમેરીકાની બહુમતી પ્રજા, જે શરુઆતમાં યુદ્ધને ટેકો આપતી હતી તે, આખરે યુદ્ધ આટોપવાની તરફેણમાં હતી. કારણ કે બધાને ઈરાકના નાગરીકોની યાતના નજર સામે દેખાયી હતી. રાવણ સેના તેમ જ વાનર સેનાની યાતના ત્યારે કોઈને દેખાઈ નહીં? ભુતકાળનું જે દેખાતું નથી એનું મહત્ત્વ ઓછું નથી થઈ જતું.

યુદ્ધ એ રાજકારણનું વીસ્તૃતીકરણ ગણાય છે. મહત્ત્વાકાંક્ષી નેતાઓના અંગત એજન્ડા માટે કેટલાયે નીર્દોષ લોકો ખુવાર થઈ જાય છે. આજે આ બધું સ્પષ્ટ દેખાય છે. પહેલાં એવું નહોતું એમ માની ન લેવાય.

(2) મહાભારતની કથા ધર્મયુદ્ધના નામે ઓળખાતા કુરુક્ષેત્રના યુદ્ધ આસપાસ વણાયેલી છે. યુદ્ધ નીવારવાના બધા પ્રયાસો નીષ્ફળ જતાં, અંતે કૌરવ–પાંડવ યુદ્ધમેદાનમાં સામસામે આવી જાય છે. બધા

સ્વજનોને સામે ઉભા જોઈને વીવશ અર્જુનને શ્રીકૃષ્ણ જે બોધ આપે છે તે શ્રીમદ્ ભગવદગીતા નામે હીન્દુ વીચારધારાનો પાયાનો ગ્રંથ બની જાય છે. અન્તે યુદ્ધ થાય છે. આઠ જણ સીવાય બન્ને બાજુના બધાનો એમાં નાશ થાય છે.

અહીં પણ મન મુંઝાય છે અને પ્રશ્ન ઉઠે કે શું યુદ્ધ નીવારવા બધા પ્રયત્નો સાચે જ થયા હતા ?

રાજવંશની વ્યકતીઓ માત્ર રાજ કરે; બીજું કંઈ ન કરે એ ત્યારની પ્રથા હશે. આ પ્રથા એટલી સબળ હોય કે એના માટે સર્વનાશ વહોરી લેવાય ! મીત્રરાજ્યમાં પાંડવો એક વર્ષ માટે અજ્ઞાતરુપે સામાન્ય નાગરીક થઈને રહ્યા હતા. હવે તો અજ્ઞાતવાસનો સવાલ નહોતો. પ્રતીષ્ઠા સાથે મીત્રરાજ્યમાં રહી શક્ત. અંતર્યામી કૃષ્ણને યુદ્ધનાં પરીણામ વીશે બધી ખબર હતી. એમણે સર્વનાશ નીવારવા આ પ્રયાસ કર્યો હતો ?

યુધીષ્ઠીરને બધા ભાઈઓમાં સૌથી વધુ ધીરગમ્ભીર, નમ્ર, માયાળુ, ભાવનાશીલ વગેરે બતાવવામાં આવે છે. યુદ્ધ મેદાનમાં જે રીતે અર્જુન વીવશ થાય છે તેમ યુધીષ્ઠીર પણ થયા હશે. યુદ્ધ નીવારવાની એક વધુ શક્યતા તપાસીએ.

યુદ્ધ મેદાનમાં શ્રીકૃષ્ણ, અર્જુનને બદલે યુધીષ્ઠીરને ઉપદેશ આપે છે. એ કાલ્પનીક તેમ જ વૈકલ્પીક ઉપદેશનો સાર યુધીષ્ઠીરના શબ્દોમાં જોઈએ. કૌરવ પક્ષમાં ઉભેલા વડીલોને પ્રણામ કરી યુધીષ્ઠીર કહે છે: ‘અમે અહીં અમારી સાથે થઈ રહેલ અન્યાય સામે લડવા આવ્યા છીએ; આપ સાથે લડવા કે આપને મારવા નથી આવ્યા. અમે મરવાથી પણ ડરતા નથી. એક ક્ષત્રીય તરીકે અમે હવે યુદ્ધભુમી છોડીને પણ નથી જવાના; તેમ જ કૃષ્ણની જેમ અમે પણ શસ્ત્રો વાપરવાના નથી. જ્યાં

સુધી અમને અમારો હક ન મળે ત્યાં સુધી અમે પાંચ ભાઈઓ અન્નજળનો ત્યાગ કરી અહીં જ ઉભા રહીશું.’

પછી પોતાના પક્ષના બધા યોદ્ધાઓ અને સૈનીકોનો આભાર માની કહે છે, ‘તમને બધાને પોતપોતાના ઘરે પાછા જવાની છુટ છે. તમારા પર યુદ્ધભુમી છોડી જવાનું કલંક નહીં લાગે. સત્યવક્તા યુધીષ્ઠીરનું આ વચન છે.’

ફરી પાછું કૌરવો તરફ વળીને કહે છે, ‘આપ પણ આપના સૈનીકોને પાછા જવાની છુટ આપી શકો છો; પણ આપ સૌ મહારથીઓને યુદ્ધભુમી છોડી જવાની છુટ નથી. આપને યોગ્ય લાગે તો અમને હણી શકો છો. આપ સૌને અહીં જ રહેવાનું છે.’ વગેરે વગેરે સમ્પુર્ણ ‘ગાંધીગીરી’ કરે છે.

દુર્યોધનને તો વગર યુદ્ધે જોઈતું મળી જાત; પણ ભીષ્મ, દ્રોણાચાર્ય, કર્ણ વગેરે મહારથીઓના પ્રત્યાઘાત કેવા હોત અને એનું પરીણામ શું આવત એ વાચકો પોતાની રીતે વીચારી લે. કદાચ યુદ્ધ થયું જ ન હોત. બીજું કંઈ નહીં તોયે; લાખો નીર્દોષ સૈનીકો બચી ગયા હોત. પાંડવોના વારસાગત હક માટે લાખો સૈનીકોનાં જીવનનો મુળભુત હક છીનવાયો ન હોત. એમનાં પરીવાર નીરાધાર ન થયાં હોત. કે પછી ત્યારની સમાજવ્યવસ્થામાં સૈનીકો અને એમનાં પરીવારનાં જીવનની કંઈ કીમ્મત જ નહોતી !

(3) પત્નીને એટલા માટે અર્ધાંગના કહેવામાં આવી છે કે તે પતીની મર્યાદાઓની પુરક બને. (આમ તો પતી–પત્ની બન્નેએ એકબીજાનાં પુરક બની, પાર્ટનર બની, સંસારના પ્રશ્નો ઉકેલવાના હોય છે.) અન્ધ રાજકુમાર સાથે વીવાહ નક્કી થતા આંખે પાટા બાંધી સ્વેચ્છાએ જીવનભરનો અંધાપો સ્વીકારી લેનાર ગાંધારીને મહાસતીનું બીરુદ મળ્યું

છે. શું એનું આ પગલું વાજબી હતું ? પતીની ખામી પ્રત્યેની સહાનુભુતીથી પોતે પણ એની મજબુરીનો અહેસાસ કરી કદાચ પત્નીધર્મ (!) નીભાવ્યો હોય. એના બદલે મહારાજ ધૃતરાષ્ટ્રની આંખો બની મહારાણી તરીકેની ફરજ બજાવવી એ વધુ જરુરી નહોતું ? એ રીતે કેટલાંયે સંકટો નીવારાયાં હોત.

(4) પીતાની એક ઈચ્છા પુરી કરવા પુત્ર દેવવ્રત આકરી પ્રતીજ્ઞા લઈ ભીષ્મ તરીકે પ્રસીદ્ધ થયા. એ પ્રતીજ્ઞા પાળવા એમણે કંઈ કેટલીયે બાંધછોડ કરી હતી. કોઈ ચોક્કસ સંજોગોમાં લીધેલી પ્રતીજ્ઞા સંજોગો બદલાતાં પણ તોડી ન શકાય એવી સમજ ત્યારે દૃઢ બનેલી હશે. દેશના હીતમાં, માનવસમાજના હીતમાં ગાંધારીએ તેમ જ ભીષ્મ પીતામહે પોતાની પ્રતીજ્ઞાઓ તોડી હોત તો કેટલો વીનાશ ટાળી શકાયો હોત ! આજના સંદર્ભમાં કોઈ એક વ્યક્તીની પ્રતીજ્ઞા કે વચન આટલા માનવસંહાર કરતાં વધારે અગત્યનાં હોઈ શકે ?

(5) મહાભારતના યુદ્ધ દરમીયાન ભીષ્મ, દ્રોણાચાર્ય, કર્ણ, અભીમન્યુ, દુર્યોધન, પાંડવપુત્રો વગેરેને મારવા માટે બન્ને બાજુના યોદ્ધાઓએ પોતાના ક્ષત્રીયધર્મનું તેમજ યુદ્ધના નીતીનીયમોનું ઉલ્લંઘન કર્યું હતું. જીતવા માટે નીયમોનો ભંગ વાજબી હતો પણ સંહાર અટકાવવા કોઈને પણ પ્રતીજ્ઞાનો ભંગ વાજબી નહોતો લાગ્યો ?

♦♦♦

થોડા સમય પહેલાં પસાર થયેલી ગાંધીજીની 60મી પુણ્યતીથી નીમીત્તે એમના વીશે સમાચારપત્રોમાં ઘણું લખાયું હતું. એમાંનો એક લેખ ખાસ ધ્યાન દોરી ગયો. તે હતો ‘મોહનથી મોહન, વાયા મહાવીર’. એ લેખમાં શ્રીકૃષ્ણ (મોહન), મહાવીર અને ગાંધીજી(મોહનદાસ)ના

વીચાર અને જીવનની સરખામણી કરી હતી. આપણે એમને થોડા જુદા દૃષ્ટીકોણથી જોઈએ.

પાંડવોને એમના રાજ્યનો હીસ્સો અપાવવા માટેની વીષ્ટી નીષ્ફળ  જતાં કૃષ્ણને યુદ્ધ અનીવાર્ય લાગ્યું. એમને ત્યારે અહીંસક વીકલ્પો યોગ્ય લાગ્યા નહીં કે પછી સુઝ્યા નહીં?

મહાવીર અને બુદ્ધ બન્નેએ, કૌરવ પાંડવોથી અલગ દૃષ્ટીકોણ અપનાવી, બીજાનાં દુ:ખો નીવારવા પોતાના હકનાં રાજપાટ હતાં તે પણ છોડ્યાં હતા. દુનીયાને અહીંસાનો માર્ગ બતાવ્યો હતો.

જો કે એમની અહીંસા વ્યક્તીગત અજમાયશ પુરતી સીમીત રહી છે. સાર્વજનીક રીતે જનસમુદાય જેટલી વીસ્તૃત ન બની શકી. એમના ઉપરાંત ઘણા સાધુસંતોએ પણ અહીંસાનો વ્યક્તીગત અમલ કર્યો છે  અને ઉપદેશ આપ્યો છે.

ગાંધીજીની અહીંસાનો વીસ્તાર સાર્વજનીક હતો. એમણે સત્ય અને અહીંસાને માર્ગે સત્તારુઢ શાસકોને શાસન છોડી જવાની ફરજ પાડી હતી. ગાંધી કોઈ અવતારી પુરુષ નહોતા. આપણી જેમ જ સામાન્ય વ્યક્તી તરીકે જનમ્યા અને ઉછર્યા હતા. એમણે ઘણી ભુલો પણ કરી હતી અને જાહેરમાં એનો એકરાર પણ કર્યો હતો.

આટલી ઉન્નત અને વીસ્તૃત હોવા છતાં એમની અહીંસાના પ્રયોગની પણ મર્યાદા હતી. એ અંગ્રેજો સામે કામ આવી; પણ પોતાના જ દેશબાંધવો સામે કામ ન આવી શકી. દેશના ભાગલા વખતે ફાટી નીકળેલાં કોમી રમખાણોને અટકાવવામાં એ નીષ્ફળ નીવડી. ગાંધીજી લાંબું જીવ્યા હોત તો આવા બનાવોને કારણે એમની પાછલી જીન્દગીમાં તેઓ સાર્વજનીક અહીંસાના સફળ પુજારી ગણાયા હોત કે નહીં એ એક પ્રશ્ન રહી જાય છે. કમનસીબે અહીંસાના પુજારીનું મૃત્યુ કુદરતી નહોતું,

હીંસક હતું. દેશ તેમ જ એમના ચાહકો માટે તે દુ:ખદ ઘટના હતી. એમના ભોગે અહીંસાની શાખ જળવાઈ કહેવાય ?

આવા સંવેદનશીલ વીષય પર અલગ મંતવ્ય રજુ કરવાનો એક અર્થ એ કરી શકાય કે લખનારને આવા બનાવો પાછળના ગુઢ સંદેશ વીશે કંઈ સમજ નથી. એ અર્થ લઈ શકાય. બીજો અર્થ એ પણ હોઈ શકે કે માનવ સંસ્કૃતી ધીરેધીરે વીકાસ પામી રહી છે. સાંસ્કૃતીક વીકાસનાં આ પગથીયાં છે.

આડેધડ યુદ્ધ કરવા કરતાં એને નીવારવા પ્રયાસ કરવા અને ન છુટકે જ યુદ્ધનો આશરો લેવો એ અહીંસાનું પહેલું પગથીયું હતું. કોઈ પણ સંજોગોમાં યુદ્ધ ન કરવાનો, બદલો ન લેવાનો, ક્ષમા કરવાનો મહાવીરનો સંદેશ એ અહીંસાનું બીજું પગથીયું હતું. જ્યાં સમયનો બાધ ન હોય ત્યાં અહીંસક રીતે અન્યાયી સત્તા સામે લડતા રહેવું એ ગાંધીજીનો માર્ગ ત્રીજું પગથીયું હતું. જ્યાં એક એક ક્ષણ અગત્યની હોય એવા યુદ્ધ મેદાનમાં, આક્રમણખોર સામે અહીંસા અજમાવવી એ માનવસમાજની અહીંસાનું ચોથું પગથીયું હશે. (નાના પાયે આવો પ્રયોગ સફળ રીતે અજમાવાયો હોય એવા દાખલા વર્તમાનમાં નોંધાયા છે.)

એ ભુલવું ન જોઈએ કે પહેલાં પગથીયાંની અગત્યતા પછીનાં પગથીયાં કરતાં જરાય ઓછી નથી. એના વગર બીજાં પગથીયાંનું અસ્તીત્વ શક્ય નથી. એટલે જ જુદેજુદે તબક્કે હીંસા ટાળનાર કે અહીંસા આચરનાર બધા મહાપુરુષો વંદનીય છે.

આગળ ચર્ચેલાં મહાકાવ્યોનાં દૃષ્ટાંત ઉપરાંત અન્ય કેટલીક વીસંગતતાઓ તેમજ અન્ય પુરાણો કે દંતકથાઓ વીશે પણ મનમાં પ્રશ્ન ઉઠે છે. જો કે આવા પ્રશ્નોના ઉત્તર મેળવવા અગત્યના નથી અને જરુરી પણ નથી. અગત્યની વાત એ છે કે બે ત્રણ હજાર વરસ પુરાણી

વીચારધારાનું આંધળું અનુકરણ આજે ન કરાય. એને વર્તમાન સંજોગોમાં તપાસવી જરુરી છે. માનવજાતની દરેક વીષયની સમજ ઘણી વધી છે. રોજરોજ બનતી કેટલીયે ખરાબ ઘટનાઓ ઉપરાંત વર્તમાન સમાજ એકંદરે સંસ્કારી છે. રામનું એકપત્નીવ્રત એક આદર્શ ગણાતું, આજે તે એક સામાન્ય બાબત ગણાય છે. કહેવાતા સતયુગમાં પ્રચલીત એવા વર્ણભેદ, જાતીભેદ ઘટી રહ્યા છે. દાસ–દાસી જેવા શબ્દો ભુંસાતા જાય છે. ગુલામી નાબુદ થઈ છે. સામાન્ય માણસની જીન્દગીની પણ કદર થાય છે.

આ તો એક જ સદીનો પ્રતાપ ગણાય; પાંચ – છ સદીઓ પછી તો શુંનું શું થઈ શકે છે....

♦

અનુક્રમણીકા

07-2013-07-12

## નક્કર વાસ્તવીકતા

નીયમીત રીતે થતાં અનેક સર્વેક્ષણોમાં ચાલો આજે આપણે એકનો ઉમેરો કરીએ. આ એક કાલ્પનીક મહાવરો માત્ર છે. એની અંદર એક સત્ય અને સંદેશ છુપાયો હોવાથી એની ચર્ચા ઉપયોગી બને છે.

ધારો કે દુનીયાના બધા દેશ એક મતે એવું નક્કી કરે કે : "જેને પણ પોતાનો દેશ છોડી અન્ય કોઈપણ દેશમાં જઈને રહેવાની ઈચ્છા હોય તો તેઓ ત્યાં સહકુટુમ્બ જઈ શકે છે. એને માટે એમણે અત્યારે માત્ર નામ નોંધાવવાની જરુર છે. એમનો વારો આવે ત્યારે સરકાર એમના માટે પાસપોર્ટ, વીસા, ટીકીટ વગેરેની વ્યવસ્થા કરી આપશે જેથી ગરીબ તેમ જ અશીક્ષીતને પણ સરખો લાભ મળી શકે. સામાનમાં માત્ર એક સુટકેસ સાથે લઈ જઈ શકાશે."

નવા દેશમાં દરેકને લાયક કામની તેમ જ એક વરસ માટે રહેવાની અને બાળકોને શીક્ષણની વ્યવસ્થા કરવામાં આવશે. ત્યાર પછી બધાએ પોતપોતાની રીતે સગવડ કરી લેવાની રહેશે. નવા દેશમાં સૌ પોતાનો ધર્મ, તહેવાર વગેરે અંગત રીતે પાળી શકશે; પણ જાહેર સરઘસ અને દેખાવો પર પ્રતીબંધ હશે.

આવી તક મળે તો કેટલા લોકો તે ઝડપી લે, તે જાણવું રસપ્રદ હશે. જો કે આવી શક્યતા જરા પણ નથી. અત્યારે આપણે માત્ર આપણી કલ્પના દોડાવવીયે છીયે.

દેખીતી રીતે જેમની પાસે ગણનાપાત્ર મીલકત હોય એમની, આવી રીતે દેશાન્તર કરી અજાણ્યા પ્રદેશમાં જવાની ઈચ્છા ઓછી હશે. જેમને પોતાની વર્તમાન સ્થીતીમાં ખાસ કશું ગુમાવવા જેવું નહીં લાગે એવા લોકો જ તૈયાર થશે. જેમને દુનીયાના અન્ય દેશો વીશે થોડી ઘણી

માહીતી છે, તેઓ પોતાની પસન્દગીના દેશમાં જવા ઈચ્છશે. જેમને બહારની દુનીયા વીશે ખાસ ખબર નથી, એવાઓને ભાષા અને સંસ્કૃતીની સમાનતા હોય એવા પડોશના દેશમાં અથવા એમના સમ્બન્ધી જ્યાં હોય ત્યાં જવાની ઈચ્છા થશે.

સૌ પ્રથમ ભારતમાં શું થઈ શકે તે વીચારીએ. આ લખનારનું વ્યક્તીગત મન્તવ્ય છે કે આજે જે દીશામાં પ્રવાહ ચાલુ છે તે દીશામાં જ વધુ ઝડપી બનશે. આપણા પડોશી એવા બાંગલાદેશ, પાકીસ્તાન, નેપાળ વગેરે દેશોમાંથી વધુ ને વધુ લોકો ભારત આવવા માગશે; જ્યારે ભારતમાંથી ઘણા વધારે બહાર જવા તૈયાર થશે. એમાંથી મોટા ભાગના લોકો પશ્ચીમના વીકસીત દેશોમાં જવા માગશે. એકંદરે ભારતમાં આવનાર કરતાં ભારત છોડી જવા તૈયાર લોકોની સંખ્યા કેટલાયે ગણી વધારે હશે. આ બધું દેશાન્તર કોઈ પણ જાતના દબાણ વગર સ્વેચ્છાએ કરેલું હશે. નવા આવનાર અને જનાર વચ્ચે સમતોલન સધાય ત્યાં સુધી દેશની વસ્તી ઘણી ઓછી થઈ ગઈ હશે.

પોતપોતાનાં કારણોસર ભારતમાં જ રહેવાનુ પસંદ કરનારમાંથી એક વર્ગ સાધનસમ્પન્ન પરીવારોનો હશે, જે નોકરચાકરોથી ટેવાયેલો છે. તેઓ નોકરોની સખત તંગી અનુભવશે. તેમને પોતાનાં ઘણાં કામ જાતે કરવાની વાસ્તવીકતા સ્વીકારવી પડશે. ઉજળી બાજુ એ હશે કે, સામાન્ય રીતે બધે નડતી ગીરદીનો સામનો કરવાનો નહીં રહે.

અન્ય દેશો વચ્ચે થતી દેશાન્તરની પ્રક્રીયા પણ લગભગ ભારત જેવી જ હશે. પડોશના ગરીબ દેશના લોકો ત્યાં આવવા ઈચ્છશે અને એ દેશના લોકો એમનાથી વધુ વીકસીત અથવા તો વધુ અનુકુળ દેશમાં જવા ઈચ્છશે. આ પ્રવાહ ત્યાં સુધી ચાલુ રહેશે, જ્યાં સુધી આવા

અનુકુળ કે ઈચ્છનીય દેશોની વસ્તી ઘણી વધી જાય જેથી એ દેશ પણ હવે એટલા ઈચ્છનીય ન રહે.

આ કાલ્પનીક કવાયતનાં તારણો જો યોગ્ય હોય તો, કેટલાક સવાલ ઉભા થાય છે. ધાર્મીક, આધ્યાત્મીક, પવીત્ર, સંસ્કારી ગણાતો ભારત દેશ છોડી, ભૌતીકવાદી, ભોગવાદી, અનૈતીક ગણાતા પશ્ચીમના દેશોમાં આટલી મોટી સંખ્યામાં લોકો શા માટે જવા માગતા હશે ? વળી, આપણી નજરમાં અનૈતીક ગણાતા પ્રદેશના લોકોને સંસ્કારી ભારતમાં આવવાની ઈચ્છા કેમ નહીં થતી હોય ? અને માત્ર ને માત્ર વધુ ગરીબ દેશના લોકો જ શા માટે ભારત આવવા માગે છે ?

આ બધા સવાલોનો સીધો સાદો ઉત્તર એ છે કે બધાની નૈતીકતાની તેમ જ સંસ્કારીપણાની સમજ અલગ હોય છે. આપણી સમજનાં ત્રાજવે બધાને ન તોળાય. મોટા ભાગના લોકોને કુટુમ્બ સાથે રહેવા મળે અને પોતાનો ધર્મ તેમ જ તહેવારો પાળવા મળે તો એમના માટે બીજું બધું ગૌણ બને છે. એમના માટે રોજબરોજની જરુરીયાતો વધુ અગત્યની હોય છે. એમને પોતાના પરીવારનું આજનું જીવન–ધોરણ સુધારવામાં વધુ રસ છે. પરભવ, અધ્યાત્મ, સંસ્કૃતી, દેશપ્રેમ વગેરે બધું પછી આવે છે.

ગીતામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પુરુષાર્થનાં ચાર ક્ષેત્રો ગણાવ્યાં છે. આ ક્રમ ચોક્કસ હેતુસર રાખવામાં આવ્યો છે કે કેમ; તે ખબર નથી. વર્તમાન સમાજની મનોવૃત્તી પ્રમાણે "અર્થ" નો ક્રમ સૌથી પહેલો છે. દેશાન્તર કરનારનો હેતુ ચોખ્ખો દેખાય છે. તેમ જ દેશાંતર નકારનારનું મુખ્ય કારણ પણ સમ્પત્તી ન છોડવાનું છે. સામાન્ય માણસનું સમ્પત્તી માટેનું વળગણ નક્કર વાસ્તવીકતા છે.

આની પાછળ ત્યાંની પાયાની સગવડો, વસ્તુઓની વીપુલતા, કાયદો વ્યવસ્થા, સ્વતંત્રતા અને આનન્દલક્ષી અભીગમ કારણ–ભુત છે. દરેક વાતને પશ્ચીમદ્વેષના ચશ્માંથી જોનાર ઉન્નતભ્રુ માટે આ એક આંખ ખોલનારું (eye opener) ઉદાહરણ છે.

આ કંઈ નવું નથી; બલકે આદીકાળથી ચાલ્યું આવે છે. આર્યોથી શરૂ કરી અંગ્રજો સુધીના બધા સમૃદ્ધીની શોધમાં ભારતમાં આવ્યા હતા, ભારતની સંસ્કૃતીથી આકર્ષાઈને નહીં. બીજા આગળ નીકળી ગયા અને આપણે પાછળ રહી ગયા; એટલે હવે પહેલાનાં કારણસર અહીં કોઈ આવતા નથી. ઉલટા આપણે સમૃદ્ધીની શોધમાં પશ્ચીમના દેશોમાં જવા લાગ્યા છીયે. તે પણ રાજ કરવા નહીં; પણ નોકરી કરવા! પ્રાચીન સાહીત્યમાં આવતી દૃષ્ટાંત કથાઓમાં આમપ્રજાની વાસ્તવીકતા ઓછી અને લખનારનું વીશફુલ થીંકીંગ વધુ છે.

માણસની જરુરીયાતો, એમની પ્રાથમીકતા, અગત્ય, એની નૈતીક/ આધ્યાત્મીક ઉન્નતી વગેરે વીશે 20મી સદીના મનોવૈજ્ઞાનીક અબ્રાહમ માસલોએ સુંદર અને સચોટ ચીતાર આપ્યો છે. એની વીસ્તૃત ચર્ચા માટે અલગ લેખ કરવો પડે.

આ કાલ્પનીક કવાયત હજી એક ડગલું આગળ વધારીએ. બધા દેશો વચ્ચે જો મુક્ત દેશાન્તર શક્ય બને તો, આવતા સમયમાં બધા દેશોનું જીવન ધોરણ ઘણું સરખું થવા લાગે. સાંસ્કૃતીક અંતર ઘટે, ધાર્મીક મતભેદ ઓછા થાય અને વસુધૈવ કુટુમ્બકમ્ ની કલ્પના સાકાર બનતી લાગે.

નરી વાસ્તવીકતા તો એ છે કે દરેક સ્થીતી એક ચોક્કસ વર્ગ માટે ફાયદાકારક હોય છે. કોઈને પોતાનો વીશેષ દરજ્જો ગુમાવવો ગમતો નથી. આવો વર્ગ ચાલુ સ્થીતીમાં કોઈપણ પ્રકારના બદલાવનો

વીરોધ કરવાનો છે. પરીણામે આવું મુક્ત દેશાન્તર પ્લાનીંગથી ક્યારે પણ થવાનું નથી.

પ્લાનીંગથી નહીં; પણ ટૅકનૉલૉજીનો વીકાસ અને વીકસીત દેશોની જરુરીયાતને લીધે, વૈશ્વીકીકરણના માધ્યમથી, દુનીયા ધીરેધીરે એકરુપ થઈ રહી છે. ગરીબ દેશોનો શીક્ષીત યુવાવર્ગ મર્યાદીત દરે પણ વીકસીત દેશોમાં જઈ રહ્યો છે. પરીણામે એમનાં કુટુમ્બીઓનું જીવનધોરણ ઝડપથી બદલાઈ જાય છે. બીજી બાજુ સસ્તી મજુરીની ખોજમાં વીકસીત દેશોની કંપનીઓ ગરીબ દેશોમાં જવા લાગી છે, જે બધાના લાભમાં છે, કારણ કે ગરીબ દેશમા નોકરીની નવી તકો સર્જાય છે.

ધરમુળથી બદલાતી પરીસ્થીતીને ક્રાંતી કહે છે. આજસુધીની બધી ક્રાન્તીઓ લોહીયાળ હતી. ધાર્મીક વીચારધારાઓની શરુઆત પણ આમાં અપવાદ નથી. આજની ધીમી ગતીથી બદલાતી પરીસ્થીતી, શાંતીપુર્ણ ક્રાંતીની શરુઆત છે. જોકે આજનો પ્રવાહ ભવીષ્યમાં અટકી જશે એવી શંકા ક્યાંક સેવાય છે. થોડા દાયકાઓથી શરૂ થયેલ આ પ્રવાહમાં આર્થીક મંદીઓના લીધે અવારનવાર અવરોધ આવ્યા કરે છે; પણ પ્રવાહ અટકતો નથી. સાહસીકો માટે ભાવી ઉજ્જવળ છે. ઉત્ક્રાંતીવાદનો સીદ્ધાન્ત "સર્વાઈવલ ઓફ ધ ફીટેસ્ટ"' ને બદલે "સક્સેસ ફોર ધ પ્રોગ્રેસીવ" અત્રે વધુ લાગુ પડે છે.

બીજા શબ્દોમાં કહીએ તો હવેની સફળતા, નવું વીચારનારના પક્ષમાં છે. પરંપરાવાદીઓની પીછેહઠ નીશ્ચીત છે.

♦

અનુક્રમણીકા

08-2014-04-25

## વૈશ્વીકીકરણમાં પ્રાદેશીક ભાષાઓની આહુતી

આજકાલ ભારતના બધા પ્રાન્તોમાં વત્તેઓછે અંશે પ્રાદેશીક ભાષાઓને બચાવવાની – ટકાવવાની ચળવળ ચાલે છે. ઘણા લોકો પોતાના મત અને મુરાદ પ્રમાણે એમાં પોતાનું યોગદાન આપે છે. એના માટે વીવીધ કાર્યક્રમો યોજાય અને લેખ લખાય છે. ગુજરાતમાં આ ઝુંબેશ કદાચ વધુ પ્રમાણમાં છે. એ હેતુથી ભુતકાળમા વડોદરામાં એ માટેના આંતરરાષ્ટ્રીય સંમેલનો પણ યોજાયા હતા.

આવી ચળવળમાં લોકોનો પોતાની માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અને ગૌરવ છતો થાય છે. આ લાગણીની કદર કરીએ તોય વાસ્તવીકતાને અવગણી ન શકાય. ગમે તેટલી નીષ્ઠાથી નાની પ્રાદેષીક ભાષા બચાવવાના પ્રયત્નો કરવામાં આવે તોયે, લાંબાગાળે પ્રાદેશીક ભાષાઓનું ભાવી ધુંધળું દેખાય છે.

લોકો કાં તો વૈશ્વીકીકરણ સમજતા નથી કે હજી એને સ્વીકારવા તૈયાર નથી. વૈશ્વીકીકરણનું અને ટૅકનોલોજીનું આ સુનામી એટલું જબરદસ્ત છે કે સો વરસ પછીની દુનીયા માની ન શકાય એટલી અલગ હશે.

ભુતકાળમાં કુટુમ્બો સંયુક્ત હતાં અને દુનીયા વીભક્ત હતી. હવે કુટુમ્બો વીભક્ત થઈ રહ્યાં છે અને દુનીયા સંયુક્ત થઈ રહી છે. બીજા વીશ્વયુદ્ધના અંત સાથે વૈશ્વીકીકરણનું નવું મોજું શરુ થયું છે અને છેલ્લા ત્રણ દાયકાથી એણે વેગ પકડ્યો છે. એનું એક પાસું એ છે કે લોકો પ્રવાસ, વ્યાપાર, શીક્ષણ, સ્થળાન્તર, દેશાન્તર જેવાં કારણોને લીધે વધુ ભાષાઓ શીખવા લાગ્યા છે. એના પહેલાં બહુ ઓછા લોકોને પોતાની માતૃભાષા ઉપરાંત બીજી કોઈ ભાષા આવડતી હતી. હવે બે કે તેથી વધુ

ભાષાઓ જાણનાર લોકોની સંખ્યા ઘણી વધી છે અને હજી વધતી જશે. પરીણામે માતૃભાષા પરનું અવલંબન ઓછું થતું જાય છે. માણસ કામચલાઉ ધોરણે ઘણી ભાષાઓ જાણી સમજી શકે, પણ પારંગત તો એક–બેમાં જ થઈ શકે છે. એની પસન્દગી જરુરત પ્રમાણે વધુ પ્રચલીત અને સમૃદ્ધ ભાષા પ્રત્યે ઢળે છે.

કોઈપણ ભાષાનું મહત્વ કે અગત્યતા તે કેટલા લોકોની માતૃભાષા છે, માત્ર એનાથી ન થઈ શકે. એ માટેના બીજા પણ કેટલાક માપદંડ છે. એ ભાષાના મુળ પ્રદેશની બહાર એનો ફેલાવો કેટલો છે, જેમની એ માતૃભાષા ન હોય એવા કેટલા લોકો એ ભાષા સારી રીતે સમજી, બોલી, વાચી શકે છે, એમાં કેટલા દૈનીક, સામયીક, પુસ્તકો બહાર પડે છે, એમાં કેટલી ફીલ્મો બને છે અને જોવાય છે વગેરે બાબતો એ ભાષાની '**પહોંચ**' બતાવે છે. પહોંચને લીધે પ્રભાવ વધે છે.

ચીનમાં વપરાતી અને બહાર ચીની કહેવાતી, મેન્ડરીન ભાષા દુનીયામાં સૌથી વધુ લોકોની માતૃભાષા છે એ વાત ખરી; પણ ચીનની બહાર કેટલા લોકો એ જાણે છે કે જાણવા ઈચ્છે છે? માતૃભાષાને ધોરણે સ્પેનીશનો બીજો, અંગ્રેજીનો ત્રીજો અને હીન્દીનો ચોથો નંબર આવે છે. હીન્દીની હાલત પણ ચીની જેવીજ છે. આ બન્ને ભાષાઓની પહોંચ ઓછી હોવાથી એમનો આંતરરાષ્ટ્રીય પ્રભાવ ઓછો છે.

અંગ્રેજીની પહોંચ અને પ્રભાવના બે દાખલા જોઈએ. જ્યારે ભારત અને ચીન વચ્ચે કોઈ વેપારી કે રાજદ્વારી કરાર થાય છે ત્યારે એ હીન્દી કે ચીની ભાષામાં નહીં; પણ અંગ્રેજીમાં થાય છે. એ જ પ્રમાણે ખાડી દેશો હોય કે જાપાન – કોરીયા હોય, એમની સાથેનો આપણો વ્યવહાર અંગ્રેજીમાં જ થાય છે. આ બધું આપણે સ્વેચ્છાએ કરીએ છીએ. માત્ર આપણે જ નહીં, દુનીયાના બહુમતી દેશ એકબીજા સાથેનો વ્યવહાર

અંગ્રેજીમાં જ કરે છે. આનું કારણ દેખીતું છે. મોટાભાગના દેશોમાં અંગ્રેજી જાણનાર વર્ગ જેટલી સહેલાઈથી મળી રહે છે, એટલી સહેલાઈથી બીજી કોઈ ભાષા જાણનાર નહીં મળે. અંગ્રેજીની પહોંચ અને પ્રભાવનો બીજો દાખલો છે એમાં પ્રકાશીત થતા છાપા, સામયીકો, પુસ્તકો અને ફીલ્મોની સંખ્યા તેમજ તેમની ગુણવત્તાનો. બીજી કોઈ ભાષા એની નજીક પણ નથી આવી શકતી. અંગ્રેજીનો પ્રભાવ સ્વીકારવામાં ઘેલછા છે કે એનો આંધળો વીરોધ કરનારમાં ઈર્ષા છે તે એક ચર્ચાનો વીષય છે. એના માટે અલગ લેખ જોઈએ

સત્તરમી સદીમાં, જ્યારે ભારત દુનીયાનું સૌથી સમૃદ્ધ અને શક્યત: સૌથી શક્તીશાળી રાષ્ટ્ર હતું ત્યારે, જો બધે છવાઈ ગયું હોત તો આજે અંગ્રેજીને બદલે હીન્દી– ઉર્દુની બોલબાલા હોત. આપણે મન્દીરો અને મહેલો બાંધવામાંથી ઉંચા નહીં આવ્યા.

ભુતકાળ અને વર્તમાનની વાત છોડીને ભવીષ્યની શક્યતાઓ તપાસીએ. આજે દુનીયામાં જે 6000 – 7000 ‘જીવંત’ ભાષા–બોલીઓ છે તેમાંથી મોટાભાગની મુખ્ય પ્રવાહથી દુર રહેતી આદીવાસી પ્રજાની બોલીઓ છે. જેમાં લખાણ થતું હોય એવી ગણનાપાત્ર ભાષાઓ તો માત્ર સેંકડોમાં છે; હજારોમાં નથી. એક લાખથી વધુ લોકો વાપરતા હોય એવી ભાષાઓ 400થી પણ ઓછી છે. એક કરોડથી વધુ લોકોની હોય એવી ભાષાઓ માત્ર 65 જેટલી છે, જેમાથી 18 જેટલી માત્ર ભારતમાજ છે.

આદીવાસીઓ હવે ઝડપથી મુખ્ય પ્રવાહમાં ભળવા લાગ્યા છે. આધુનીક સગવડોનું આકર્ષણ બધાને સરખું છે. ઘણાને પોતાની પરમ્પરાનું વળગણ હવે એટલું રહ્યું નથી. ઝડપી શહેરીકરણ અને શહેરમાં રહેલી કમાણીની તકો એમાં અગત્યનો ભાગ ભજવે છે. જે જાતીઓ મુખ્ય પ્રવાહમાં જલદી ભળશે તેઓ નવી ભાષા અપનાવશે

અને એમની બોલી જલદી લુપ્ત થશે. પછી વારો આવશે મુખ્ય પ્રવાહમાં ભળેલ હોવા છતાં જેમાં ખાસ લખાતું ન હોય એવી ભાષા–બોલીઓનો. ગુજરાતની કચ્છી બોલી એમાંની એક છે એની વાત કરીએ.

જેમણે ધંધાર્થે કચ્છ છોડ્યું એમણે નવા પ્રદેશની ભાષા શીખી, અપનાવી અને રોજીન્દા વ્યવહારની મુખ્ય ભાષા બનાવી. એમના માટે કચ્છી અંગત સમ્બન્ધો વચ્ચે વપરાતી બીજી ભાષા બની ગઈ. ભુકંપ પછી કચ્છ બહારના લોકો મોટા પ્રમાણમાં કચ્છમાં રહેવા આવ્યા તેઓ ગુજરાતી કે હીન્દીમાં વ્યવહાર કરે એટલે સ્થાનીક લોકોને પણ ગુજરાતી વાપરવી પડે. આમાંથી ક્યારેક મીશ્ર ભાષા ઉભરી આવે છે. આ કુદરતી ક્રમ છે. એક ભાષાનું સંકોચન બીજી ભાષાનો ફેલાવો બને છે.

દરેક કચ્છીનું શીક્ષણ અન્ય કોઈ ભાષામાં થાય છે. શીક્ષણની ભાષા એમની મુખ્ય ભાષા બની જાય એ સ્વાભાવીક છે. માતૃભાષા અને મુખ્યભાષા એક ન હોય એવું હવે સામાન્ય બની ગયું છે. પરીણામે માતૃભાષાનું મહત્ત્વ ઓછું થાય છે. શીક્ષણ અને ઔદ્યોગીકીકરણને લીધે કચ્છની કાયાપલટ થઈ રહી છે. એ રીતે કચ્છી ભાષાની (બોલીની) પણ કાયાપલટ થઈ એ ધીરે ધીરે ગુજરાતીમાં ભળી જશે. સવાલ માત્ર સમયનો છે.

ભાષાની લુપ્તી એટલે લુપ્ત થનાર ભાષા વાપરનારાઓનું બીજી મોટી અને સમૃદ્ધ ભાષામાં ભળી જવું. નાનું ઝરણું પોતાનું પાણી નદીમાં ઠાલવીને સુકાઈ જાય એના જેવી જ વાત છે. આમાં ગુમાવવાની સાથે મેળવવાનું પણ છે. કચ્છી માણસ ગુજરાતી અપનાવે એટલે વીસ-પચીસ લાખના બદલે છ-સાત કરોડ લોકો સાથે સંવાદ કરી શકે. શીક્ષણ શક્ય બને. ગુજરાતી સાહીત્યનો વીશાળ ખજાનો એના માટે ખુલે. એજ

રીતે ગુજરાતી માણસ હીન્દી શીખે એટલે છ-સાત કરોડને બદલે 50-60 કરોડ લોકો સાથે સંવાદ કરી શકે, વગેરે.

ભાષાનો વીલોપ વાર્ષીક ધોરણે નહીં પણ પેઢી દર પેઢીના ધોરણે થાય છે. વળી એ તબક્કાવાર થાય છે. પહેલાં એ મુખ્ય ભાષા મટી બીજી ભાષા બને છે. પછી એ માત્ર અંગત સમ્બન્ધો વચ્ચે વપરાય છે. અન્તે બોલી નામશેષ થાય છે. જો કે નવી ટૅકનોલોજીને લીધે હવે બોલીને સી.ડી. પર અંકીત કરીને સાચવી શકાય પણ વ્યવહારમાં બચાવવું અઘરું છે. જે ભાષામાં લખાયું છે તે ભાષાઓ લખાણો દ્વારા સચવાઈ છે. પ્રાચીન ભારતની પાલી અને અર્ધમાગધી આના દાખલા છે. એ પણ બચાવી નથી શકાઈ; માત્ર લખાણો દ્વારા સચવાઈ છે.

દુનીયા ઘણી ઝડપથી બદલાઈ રહી છે. 300 – 400 પ્રસ્થાપીત ભાષાઓ પર રાજકીય પ્રવાહોની અસર વધારે હશે. ધીરે ધીરે આ સંખ્યા પણ નાની થતી જશે. બાકી રહેનારમાંથી મુખ્યત્વે જે તે દેશની રાષ્ટ્રભાષા હશે. કારણ કે રાષ્ટ્રભાષાઓને એમની સરકારનું પીઠબળ હોય છે. એ રાષ્ટ્રનું ગૌરવ મનાય છે. એ ધોરણે પ્રમાણમાં નાની એવી શ્રીલંકાની સીંહાલી કે નેપાળની નેપાળી ભાષાનું આયુષ્ય ગુજરાતી કરતાં લાંબુ હોઈ શકે છે, જો આ રાષ્ટ્રો ત્યાં સુધી સ્વતંત્ર રહે તો ! (અંગ્રેજી વાપરતો સૌથી મોટો દેશ અમેરીકા, એકમાત્ર દેશ છે જેની સત્તાવાર કોઈ રાષ્ટ્રભાષા નથી.)

નાની પ્રાદેશીક ભાષાઓ લુપ્ત થવા સાથે બાકી રહેનાર ભાષાઓ વધુ મોટી અને સમૃદ્ધ થશે. એમાં સમાનાર નાની ભાષાના કેટલાક શબ્દપ્રયોગો, સાહીત્ય વગેરે પોતાની મેળે ઓતપ્રોત થશે. વૈશ્વીકીકરણની નાની આવૃત્તી જેવું હીન્દીનું રાષ્ટ્રીયકરણ ભારતમાં થઈ રહ્યું છે. દેશમાં હીન્દી ફેલાવાનો સરકારનો 50 અને 60 ના દાયકાનો

પ્રયાસ ખાસ સફળ ન થયો. એ કામ આજે બોલીવુડ, ટેલીવુડ અને શહેરીકરણ કરી રહ્યું છે. હીન્દી અંગ્રેજી મીશ્રીત 'હીન્ગલીશ' મહાનગરોમાં વીકસવા લાગી છે.

વૈશ્વીકીકરણનું એક હકારાત્મક પાસું છે લોકોનું એકીકરણ. આ સારી વાત છે. સંસ્કૃતી, ધર્મ, ભાષા, જાતી વગેરેના ભેદભાવ તો મોટાભાગના ઝગડાઓના મુળમાં છે. આ ભેદભાવ જેટલા ઓછા થાય એટલા ઝગડાના કારણ ઘટે. આનો મતલબ એમ નથી કે ભાષાઓ લુપ્ત થવાથી ઝગડાઓ મટી જશે. એકીકરણને લીધે લોકો વચ્ચેની ગેરસમજો ઓછી થાય. વાડાબંધીને નામે ઉશ્કેરનારને સાથ આપનાર ઓછા મળે.

ભાષાનું ગૌરવ અને ભાષાના ઝનુન વચ્ચે પાતળી ભેદરેખા છે. મુમ્બઈમાં દેખાતું મરાઠીનું 'મહત્વીકરણ' આ ભેદરેખા ઓળંગતું હોય એમ લાગે છે. ગૌરવ ક્યાં પુરું થાય અને ઝનુન ક્યાં શરું થાય એ કોણ નક્કી કરે? કોઈ કરે તોયે ઝનુનીઓને કોણ રોકી શકે ?

મુળ વાત ભાષાને બચાવવાની છે. એ કેટલી વાજબી છે, કેટલી જરુરી છે અને કેટલી શક્ય છે એ વીષે કોઈની વાતોમાં આવ્યા વગર દરેકે શાંતીથી વીચારવાનું છે. બહારનું કોઈ બળજબરીથી આપણી માતૃભાષાને મીટાવવા માંગતું હોય તો એને અટકાવવા આપણાથી શક્ય હોય એટલું બધું કરી છુટીએ. પણ કાળચક્રને લીધે માતૃભાષાના પોતાના સંતાનો એને છોડવા ઈચ્છતાં હોય ત્યારે એને ટકાવી રાખવાના થોડા લોકોના પ્રયાસથી ખાસ ફરક ન પડે.

ભાષા બચાવવાનું કામ કોઈ એક વ્યક્તી, કુટુમ્બ કે સંસ્થાના ગજા બહારની વાત છે. એકીકરણના મુખ્ય પ્રવાહની વીરુદ્ધ જવું ખુબ અઘરું હોય છે. જે પેઢી પુરી તાકાતથી માતૃભાષાને બચાવવાની કોશીશ

કરે તે ભાષાનો વીલોપ એક પેઢી દુર ઠેલી શકે. બાકી, આવતી પેઢી કઈ રીતે વીચારશે તે કોણ જાણે છે !

વીશ્વમાં દરેક વસ્તુની એક્સપાયરી ડેટ છે. સંસ્કૃતીઓ અને સામ્રાજ્યો લુપ્ત થયાં છે. સુર્ય, ચંદ્ર, પૃથ્વી બધા નાશવંત છે. હાલ અસ્તીત્વમાં છે એના કરતાં ઘણી વધુ ભાષા–બોલીઓ લુપ્ત થઈ ચુકી છે. આ ક્રમ ચાલુ રહેવાનો છે. તેથી 'ભાષા બચાવ' ઝુંબેશમાં કેટલી શક્તી, સમય અને સમ્પત્તીનું રોકાણ કરવું એ દરેકની સમજ પર આધાર રાખે છે.

આજે આન્તરપ્રાન્તીય અને આન્તરરાષ્ટ્રીય લગ્નો વધી રહ્યાં છે. શીક્ષીત યુગલોના આવા લગ્નોમાં બન્ને જણ પોતાની પ્રાદેશીક ભાષા છોડીને હીન્દી કે અંગ્રેજીને અપનાવે એ શક્ય છે. એમનાં બાળકોની માતૃભાષા કઈ? એમના માટે માતૃભાષા/પીતૃભાષા શબ્દ નીરર્થક બની જાય છે. એ જ રીતે વધુ ભાષાઓ જાણનાર શહેરનીવાસી માટે પણ માતૃભાષા કરતાં મુખ્યભાષા વધારે મહત્ત્વની બને છે.

ગુજરાતીને હાલ કંઈ જોખમ નથી. સમૃદ્ધ કુટુમ્બના બાળકો અંગ્રેજી સ્કુલમાં જઈ ગુજરાતીથી વીમુખ થાય છે એ વાત સાચી છે. બીજી બાજુએ કચ્છીઓ અને અન્ય પછાત વર્ગો ગુજરાતીમાં શીક્ષણ લઈ એને સમૃદ્ધ કરે છે. ગુજરાતીમાં આજે પહેલાં કરતાં વધારે વર્તમાનપત્રો, સામયીકો અને પુસ્તકો બહાર પડે છે તેમજ વંચાય છે. અત્યારે તો તેનો શ્રેષ્ઠ સમય ચાલી રહ્યો છે.

આઠ–દસ પેઢીઓ પછી જે પણ થવાનું હશે એને અત્યારથી બદલી ન શકાય. જ્યારે પણ ગુજરાતી લુપ્ત થવાને આરે હશે ત્યારે બીજી પ્રાદેશીક ભાષાઓની પણ એ જ હાલત હશે. ત્યારે ભારત સાચા અર્થમાં અખંડ દેશ બનતો હશે. એ સમય રાજી થવાનો હશે, અફસોસ

કરવાનો નહીં. ગુજરાતીના સન્દર્ભમાં અત્યારની ‘ભાષા બચાવો’ ઝુંબેશ વાણી વીલાસથી વધુ ન પણ હોય !

ભાષાને બચાવવા કરતાં જંગલો, પાણીના સ્રોત, ખનીજ તેલ, અન્ય ખનીજ પદાર્થો, પર્યાવરણ વગેરે જેવી કુદરતી સમ્પત્તી બચાવવાની તાતી જરુર છે. એ પ્રત્યે દુર્લક્ષ સેવશું તો ભાષાને બચાવવા માટે આપણા વંશજો નહીં રહે.

♦

અનુક્રમણીકા

09-2014-05-30

## ખોરાકની પસન્દગી સ્વાસ્થ્ય માટે કે શાસ્ત્રો આધારે ?

જૈન મીત્રો સાથેની વાતચીતમાં એક પ્રશ્ન અવારનવાર પુછવામાં આવે છે. દુધ પ્રાણીઓનાં શરીરમાંથી આવતું હોવાથી એને હીંસક ગણાય કે અહીંસક? આ પ્રશ્ન વ્યાપક હોવાથી એની ચર્ચા જાહેરમાં કરવી જરુરી લાગી છે. આ લેખ જૈનોને ધ્યાનમા રાખીને લખાયો હોવા છતાં અન્ય શાકાહારીઓને પણ તે ઉપયોગી થશે એ આશયથી અત્રે રજુ કર્યો છે.

જૈન વીચારધારામાં અહીંસાને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે, ખાસ કરીને ખોરાકની પસંદગીમાં. એક એવો પણ વર્ગ છે જેણે દુધ તેમ જ દુધની બનાવટોનો સદન્તર ત્યાગ કર્યો છે. તેઓ પોતાને વેગન–વેજીટેરીયન ગણાવે છે અને આપણને લેક્ટો–વેજીટેરીયન (દુધ વાપરતા શાકાહારી) કહે છે.  બીજા ઘણા પ્રકારના લોકો છે, જેમની શાકાહારની વ્યાખ્યા અને ખાનપાનની મર્યાદા આપણાથી અલગ પડે છે. એનાં ઉંડાણમાં જવું જરુરી નથી.

બાળકને શરીરના વીકાસ માટે અને પુખ્ત વયનાઓને શરીર ટકાવી રાખવા માટે સમતોલ આહારની જરુર પડે છે. દરેક પ્રદેશમાં જે સહેલાઈથી મળતું હતું તે એમનો મુખ્ય ખોરાક બન્યો. પાછળથી ધાર્મીક વીચારધારાઓને લીધે એમાં જરુરી ફેરફાર થયા. દુધમાં પુષ્કળ પ્રમાણમાં પ્રોટીન, કેલ્શીયમ અને જરુરી વીટામીન હોય છે. ધાર્મીક કારણથી દુધ ન લેવું હોય તો આ બધાં જરુરી તત્ત્વોનો વીકલ્પ શોધવો પડે જે શાકાહારી માટે થોડું અઘરું છે.

દુધમાંથી બનતાં દહીં, છાશના સેવનમાં સુક્ષ્મ સ્તરે અહીંસા પાળવી શક્ય નથી. દહીં બનાવવા માટે દુધમાં ઉમેરાતું ‘મેળવણ’

બેક્ટેરીયાનો સમુહ છે. દુધમાં રહેલાં પોષક તત્ત્વોને લીધે આ બેક્ટેરીયા ઝડપથી વધે છે. દહીં છાશના બેક્ટેરીયા આપણી પાચનક્રીયા માટે ઘણા ઉપયોગી છે. એના ત્યાગથી જરુરી પોષણ ઉપરાન્ત આ ફાયદો પણ જતો રહે છે.

કેટલીક વાનગીઓના ઘટકમાં આથો લાવવો જરુરી હોય છે. આ આથો બેક્ટેરીયાને લીધે આવે છે. ક્યારેક આથો લાવવા માટે ‘યીસ્ટ’ કહેવાતા બેક્ટેરીયા ઉમેરવામાં આવે છે. આટલા સુક્ષ્મ સ્તરે અહીંસાથી દુર રહેવું હોય તો આવી બધી વાનગીઓ પણ ત્યજવી પડે. શક્ય છે કે શાસ્ત્રોમાં આવી બાબતોની ચોખવટ નહીં કરી હોય. ખોરાક એવો ન હોવો જોઈએ કે એનાથી પુરતું પોષણ ન મળે, એટલો શુષ્ક ન હોવો જોઈએ કે જમવાનું અધુરું લાગે કે જમવાનો કંટાળો આવે.

દહીં, છાશ તેમ જ આથાવાળી વાનગીઓમાં રહેલા બેક્ટેરીયા વીશે આ લેખ દ્વારા જેમને ખબર પડી હોય એમને એટલું કહેવાનું કે ધર્મના નામે આ બધું ત્યજી દેવાથી તેઓ પોતાના સ્વાસ્થ્ય સાથે બાંધછોડ કરી રહ્યા છે.

હીંસા–અહીંસાની બાબતમાં કુદરત તટસ્થ છે. આપણા શરીરમાં જ મોટી સેના છે જે બહારના જીવાણુ સાથે યુદ્ધ કરી આપણું રક્ષણ કરે છે. એ આપણા લોહીમાંના શ્વેતકણો છે.

દુનીયાની એંસી ટકા પ્રજા માંસાહારી છે. શાસ્ત્રો પ્રમાણે જીવનભર માંસાહારનુ ‘ઘોર પાપ’ કરનારને પાછો મનુષ્ય અવતાર ન મળે. એ ન્યાયે દુનીયાની માનવ વસતી સતત ઘટવી જોઈતી હતી. વાસ્તવમાં એ સતત વધી રહી છે. છેલ્લાં સો વરસમાં એ બે અબજથી વધી સાત અબજ નજીક પહોંચી છે. આ કેવી રીતે શક્ય બને? આનાથી એટલું

સાબીત થાય છે કે ખોરાકની પસન્દગી સાથે પુનર્જન્મનો (જો પુનર્જન્મ હોય તો) સીધો સમ્બન્ધ નથી.

આનો અર્થ એમ પણ નથી કે બધા પ્રકારની આહાર–પસંદગી સરખી છે. બેશક, સમતોલ શાકાહારી ભોજન પણ સમ્પુર્ણ ખોરાક બની માણસને સંસ્કારીતાના અને સ્વાસ્થ્યના ઉંચા પગથીયે લઈ જઇ શકે છે. અહીંસા ઉપરાંત એની તરફેણમાં બીજા ઘણા મુદ્દા છે. એટલું ખ્યાલ રાખવાનું કે માત્ર ખોરાકની પસંદગી માણસને સારો કે ખરાબ નથી બનાવતી. શાકાહારી ન હોય એવા માણસો પણ પ્રામાણીક, નીતીવાન, અપરીગ્રહી, પ્રકૃતીપ્રેમી, પ્રકૃતીરક્ષક હોઈ શકે છે.

અહીંસાના આધારે ખોરાકની પસંદગીની આ વાતો હતી. ખોરાક ઉપરાંત રોજબરોજની અન્ય બાબતોમાં પણ હીંસા–અહીંસાનો વીચાર કરવાનો હોય છે. કાંદા, બટેટા, દુધ વગેરે ત્યજતાં પહેલાં બીજું ઘણું છોડવા જેવું અને કરવા જેવું છે એની થોડી વાતો કરીએ. અત્રે ધાર્મીક માન્યતાઓની સમીક્ષાનો પ્રયાસ નથી કર્યો. બલકે આજની વાસ્તવીકતા સાથે એમની વીસંગતી પ્રકાશમાં લાવવાની કોશીશ કરી છે.

હીંસાના પ્રકારને ચાર વર્ગોમાં વહેંચી શકાય : પ્રત્યક્ષ, પરોક્ષ, નીવાર્ય અને અનીવાર્ય. જૈન વીચારધારામાં માનનાર પ્રત્યક્ષ હીંસા ન આચરે એવું સ્વીકારી લઈએ. ખેતીમાં થતી જીવહીંસા અનીવાર્ય છે. આપણે એના પરોક્ષ ભાગીદાર હોવા છતાં ખેત પેદાશનો ઉપયોગ અનીવાર્ય હોવાથી એની ચર્ચા કરવી વ્યર્થ છે. અટકાવી શકાય એવી નીવાર્ય હીંસામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ભાગીદાર થતા હોઈએ એવા ઘણા દાખલા છે, જે આપણે નીવારી શકીયે. અહીં એવા ચાર દૃષ્ટાંતોની વાત કરી છે.

રેશમ કેવી રીતે બને છે એની જેમને ખબર હોય તેઓ રેશમી વસ્રો પહેરવાનો વીચાર સુદ્ધાં ન કરે. જેમને કદાચ ખ્યાલ ન હોય એમને જણાવવાનું કે એક મીટર રેશમનું કાપડ બનાવવામાં લાખો રેશમના કીડાઓનો નાશ કરાય છે.

કારખાનાઓમાં બનતી પ્રાણીજન્ય વસ્તુઓ માટેનો કાચો માલ સીધો કતલખાનામાંથી આવતો હોય છે. એવી વસ્તુઓના બીનજરુરી વપરાશથી પરોક્ષ રીતે હીંસાના ભાગીદાર બનીએ છીએ.

વાહનમાંથી નીકળતા ધુમાડાથી વાતાવરણ તો બગડે જ છે; સાથે સાથે હવામાંના કેટલાયે સુક્ષ્મ જીવ પણ મરે છે. જરુર વગર ગાડી લઈને નીકળી પડતા લોકો પ્રત્યક્ષ રીતે હીંસાના ભાગીદાર બને છે.

આપણા વપરાશની વસ્તુઓ બનાવવામાં જેટલી કુદરતી સમ્પત્તી વપરાય છે, જેટલી ઉર્જા વપરાય છે, જેટલું પર્યાવરણ બગડે છે, જેટલો કચરો પેદા થાય છે, જેટલા મજુરોનું શોષણ થાય છે, જેટલા બાળમજુરોનો દુરુઉપયોગ થાય છે; એ બધામાં એક પ્રકારની હીંસા રહેલી છે. આપણે જ્યારે પણ કોઈ વસ્તુની ખરીદી કરીએ છીએ ત્યારે પરોક્ષ રીતે આ હીંસાના ભાગીદાર બનીએ છીએ. ખાનપાન બાબતે અહીંસાને એક અંતીમ સુધી લઈ જનાર આવી બધી બાબતો પ્રત્યે સાવ ઉદાસીન રહે તો એમની અહીંસાની સમજ અધુરી કહેવાય.

બધા પ્રકારની હીંસા બને તેટલી ટાળવાનો સરળ ઉકેલ પણ જૈન વીચારધારામાં છે. એ છે અપરીગ્રહનો. આપણે એને સગવડતાથી હાંસીયામાં ધકેલી દીધો છે. વાસ્તવમાં અહીંસા અને અપરીગ્રહ એકબીજા સાથે અભીન્ન રીતે સંકળાયેલા છે. મોટો પરીગ્રહી અહીંસક ન હોઈ શકે. માણસ જેટલો અપરીગ્રહી એટલો વધુ અહીંસક ગણાય.

અહીં સંસાર છોડીને સાધુ બનવાની વાત નથી કે સ્વેચ્છાએ ગરીબી સ્વીકારવાની પણ વાત નથી. આજના સંદર્ભમાં બીનજરૂરી ખરીદી ન કરવાથી અને બગાડ અટકાવવાથી પણ આ ક્ષેત્રમાં ઘણું કરી શકાય છે. કરૂણતા એ વાતની છે કે, વધેલી સંપતીથી છકી ગયેલા, આડેધડ ખરીદી કરતા, વેડફાટ કરતા, કારણ વગર દોડાદોડ કરતા ઘણા લોકો પોતાને પ્રકૃતીપ્રેમી, પર્યાવરણવીદ્, જાગૃત નાગરીક વગેરે માને છે અને અપરીગ્રહી સાધુઓને નમે છે જ્યારે અપરીગ્રહી સંસારી પ્રત્યે ઉતરતી નજરે જુએ છે.

અહીંસા ઉપરાંત બીજી પણ એક બાબત ધ્યાનમાં લેવા જેવી છે. દરેક વસ્તુના બેફામ વપરાશથી આપણે ભાવી પ્રજા માટે દુષીત પર્યાવરણવાળી અને વપરાઈ ગયેલી કુદરતી સમ્પત્તીવાળી દુનીયા છોડી જઈએ છીએ. પૃથ્વી પર માત્ર આપણો જ અધીકાર નથી, ભાવી પેઢીઓનો પણ એટલો જ અધીકાર છે. એમના માટે આપણે કેવી દુનીયા છોડી જઈએ છીએ એના પરથી તેઓ આપણને મુલવવાના છે. આગલી પેઢીઓનો સમૃદ્ધ વારસો આવનારી પેઢીઓને કેવી સ્થીતીમાં આપવાનો છે એ વીચારણા માગી લેતો વીષય છે.

જે શાસ્ત્રોના લખાણને આધારે આટલી ચર્ચા થઈ છે એ શાસ્ત્રો વીશે થોડી વાત કરી લઈએ. સાદી સમજ પ્રમાણે પૌરાણીક પુસ્તકો (ગ્રંથો) શાસ્ત્રો કહેવાય છે. જો કે શાસ્ત્રનો સાચો અર્થ છે કોઈ પણ વીષયને લગતી વીસ્તૃત માહીતી આપતું પુસ્તક. એ વીષય જુનો કે નવો હોઈ શકે છે. એટલે જ ભૌતીકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવા શબ્દો વપરાય છે. એ હીસાબે ધર્મશાસ્ત્ર એક વીષય માત્ર ગણાય.

દરેક ધર્મના લોકો પોતાના શાસ્ત્રોમાં સંપુર્ણ સત્ય સમાયલું હોવાનું માને છે. ધર્મશાસ્ત્રો લખાયા પછી માનવ સમાજનું વધેલું જ્ઞાન

એમના મતે મીથ્યા છે. બદલાતા સમય પ્રમાણે સમાજની બદલાતી જરુરીયાતો એમને સ્પર્શતી નથી. આપણે વાસ્તવીક દુનીયામાં જીવીએ છીએ. જો સત્યને સ્વીકરવું હોય તો પોતાની બુદ્ધીનો ઉપયોગ કરી શાસ્ત્રોની મર્યાદા સ્વીકારવી રહી.

સદીઓ અગાઉ, તત્કાલીન રાજકીય, સામાજીક અને ધાર્મીક વાતાવરણમાં લખાયેલ શાસ્ત્રોની આચારસંહીતા વર્તમાન સંજોગોમાં કેટલી અસંગત થઈ ગઈ છે એના થોડા દાખલા અહીં આપ્યા છે.

જે શાસ્ત્ર દ્રવ્યદાનની વાત કરે; પણ રક્તદાન, ચક્ષુદાન, અવયવદાન, શરીરદાન વગેરેની વાત ન કરે એ શાસ્ત્ર આજના સંદર્ભમાં અધુરું છે.

જે શાસ્ત્ર સુક્ષ્મ સ્તરે અહીંસાની અને ક્ષમાની વાત કરે; પણ અન્યાય અને અત્યાચારનો સામનો કરવાની વાતને  જરુરી મહત્ત્વ ન આપે એ શાસ્ત્ર પલાયનવાદી અને અધુરું છે.

જે શાસ્ત્ર કહેવાતા દેવદ્રવ્યનો  ઉપયોગ માનવ હીતાર્થે કરવાનો નીષેધ ફરમાવે એ શાસ્ત્ર આજના સંન્દર્ભમાં (out dated) અવ્યવહારું છે.

જે શાસ્ત્ર ક્ષત્રીયકુળને શ્રેષ્ઠ ગણી રાજાશાહીનો મહીમા કરે જ્યારે લોકશાહીનો ઉલ્લેખ સુદ્ધાં ન કરે તે શાસ્ત્ર આજના સંદર્ભમાં અવ્યવહારું છે.

જે શાસ્ત્ર સ્ત્રીઓને પુરુષોથી ઉતરતી ગણે તે શાસ્ત્ર માત્ર આજના જ નહીં, હંમેશના સંદર્ભમાં અવ્યવહારું છે.

જે શાસ્ત્ર હજી પણ પૃથ્વી સપાટ હોવાની વાતો કરે છે તે શાસ્ત્ર આજના સંદર્ભમાં અવ્યવહારું છે.

આધુનીક માણસ માત્ર બે લાખ વરસ પહેલાં જ અસ્તીત્વમાં આવ્યો છે. જે શાસ્ત્ર આદી માનવોનું આયુષ્ય કરોડો વરસ હોવાનું કહે છે; તે શાસ્ત્ર આજના સંદર્ભમાં અવ્યવહારું છે.

ધર્મશાસ્ત્રોમાં સમયાનુસાર સુધારા થવા એ નવી વાત નથી. સમય પ્રમાણે શાસ્રો બદલાતા રહે છે. દરેક ધર્મના વીવીધ પંથોની ધર્મ વીશેની સમજમાં જે તફાવત છે તે ધર્મગુરુઓ દ્વારા શાસ્ત્રોમાં કરવામાં આવેલ ફેરફારનો પુરાવો છે. શાસ્રો લખનાર અને બદલાવનાર આપણા જેવા જ માણસો હતા. એમની મર્યાદા અહીં છતી થાય છે.

મુળ વાત ખોરાકની પસંદગીની હતી. આપણે જે પણ કરવાનું કે ત્યજવાનું વીચારીએ એના પરીણામોને સમજી, સ્વીકારી પછી કરીએ એ જ આ લેખનો મુખ્ય હેતુ છે. આ જીવન આનંદથી જીવવા માટે છે. પરલોકના ખ્યાલમાં પલાયનવાદી બનવા  કે પરાવલંબી બનવા માટે નથી કે કોઈનો પડછાયો બનીને જીવવા માટે પણ નથી. કોઈને પણ હાની પહોંચાડ્યા વગર આપણને ગમતું હોય તે કરવા માટે છે. આવી પડેલ જવાબદારીઓ નીભાવવા માટે છે. સમાજનું હીતકારક ધ્યેય રાખવા માટે છે. આખરી નીર્ણય હંમેશા આપણા હાથમાં હોય છે.

♦

અનુક્રમણીકા

10-2011-05-05

## વીચારધારા અને માર્કેટીંગ

દુનીયામાં માનવસર્જીત સૌથી શક્તીશાળી કોઈ પરીબળ હોય તો તે વીચારધારા છે. લોકમાનસ પર લાંબા સમય સુધી શાસન કરવાનું એ શ્રેષ્ઠ સાધન રહ્યું છે.

પ્રભાવશાળી અને પ્રતીભાવાળી વ્યક્તીઓની વીચારસરણીએ સમાજને, દેશને અને દુનીયાને ઘડી છે. ઈતીહાસે રાજાઓ અને યુદ્ધો સીવાય જેની પણ નોંધ લીધી હોય તે છે ક્રાંતીકારી વીચારધારાઓની.

વીચારધારા ધાર્મીક હોય, રાજકીય હોય, સામાજીક હોય કે આર્થીક હોય; લોકજીવન અને સંસ્કૃતી પર એની અસર ચોક્કસ બનાવો કરતાં ઘણી વધારે રહી છે. અડધી દુનીયા જીતનાર ચંગીઝખાન ભુલાઈ ગયો છે. જ્યારે એનાથી છસ્સો વરસ પહેલાં થઈ ગયેલ મહમંદ પયગંબરની વીચારધારાનો પ્રભાવ જરાયે ઓછો નથી થયો.

વીચારધારા સર્જનાત્મક હોઈ શકે, વીનાશકારી હોઈ શકે કે પછી એક સાથે બન્ને હોઈ શકે છે. સર્જનાત્મક વીચારધારાને જ્યારે સર્વશ્રેષ્ઠ ઠરાવવાનો પ્રયાસ થાય છે કે પછી એમાં ખોટી માન્યતાઓનો કચરો ઉમેરવામાં આવે છે, ત્યારે તે એટલે અંશે વીનાશકારી બની જાય છે. વીચારધારાની વીનાશકારી અસર માણસે બનાવેલ કોઈ પણ શસ્ત્ર કરતાં વધારે સંહારક રહી છે અને ઘણા લાંબા સમય સુધી કામ કરે છે. અમેરીકાએ નાગાસાકી પર નાંખેલા અણુબોમ્બે 60,000 લોકોનો પળવારમાં નાશ કર્યો. એની સરખામણીએ હીટલરે યહુદીઓ પ્રત્યે પ્રસરાવેલ ધૃણાએ, એનાથી સો ગણા વધારે લોકોનો વરસો સુધી, ભોગ લીધો છે. **આજના કટ્ટરપંથી ધર્મઝનુનીઓ પણ આવી જ વીનાશકારી વીચારધારાના હાથા બન્યા છે.**

આ બધી વીચારધારાઓ પાછળનું ચાલક બળ છે 'માર્કેટીંગ'. ઘણી ઉમદા વીચારધારાઓ માર્કેટીંગના અભાવે વીસરાઈ ગઈ છે કે પછી વાજબી સ્વીકૃતી પામી શકી નથી.

સામાન્ય રીતે ઔદ્યોગીક જગતમાં માર્કેટીંગ શબ્દ ધંધા માટે વપરાય છે. એનો અર્થ માત્ર વેચાણ નથી પણ લોકમાનસ પર એ વસ્તુની મોજુદગી, ઉપયોગ વગેરે ઠસાવવાનો હેતુ છે. જ્યારે તે વ્યક્તી, બનાવ કે વીચારધારાના સંદર્ભમાં વપરાય છે ત્યારે તેનો અર્થ સંકલન, રજુઆત અને પ્રચાર થાય છે. આ 'માર્કેટીંગ બળ' આગળ વ્યક્તી, બનાવ કે 'વીચારધારાની ગુણવત્તા' પણ ક્યારેક ઓછી મહત્વની બની જાય છે.

સેંકડો લોકોએ હીંસક કે અહીંસક માર્ગે આપણા દેશની આઝાદી માટે પોતાની જાતનું બલીદાન આપ્યું છે. આ શહીદોમાં પહેલું નામ લેવાય છે ભગતસીંહનું. એમના ઉપરાંત બીજાં થોડાંક નામ હજી લોકોને યાદ હશે; પણ મોટા ભાગનાં ભુલાઈ ગયાં છે. શહીદ તો તેઓ પણ થયા હતા અને એવી જ ભાવનાથી થયા હતા. આની પાછળ અન્ય કારણો સાથે એક કારણ એ છે કે ભગતસીંહનું જેટલું માર્કેટીંગ થયું છે એટલું બીજા કોઈનું નથી થયું.

માર્કેટીંગ નકારાત્મક રીતે પણ થાય છે. ઔરંગઝેબ પોતાના ભાઈઓને મારીને, બાપને કેદ કરીને સત્તા પર આવ્યો હતો એ ખુબ ગવાયું છે. આવો બનાવ પહેલો કે છેલ્લો નથી. ઘણા સત્તા–પલટા લોહીયાળ રહ્યા છે. એમાં ભાઈઓની હત્યા, કારાવાસ કે દેશનીકાલ બધું બનતું હતું. ઘરઆંગણે ઝવેરચંદ મેઘાણીની ખુબ પ્રસીદ્ધી પામેલી બહારવટીયાઓની વાર્તાનાં મુળ આવા રાજસત્તા માંટે થતા કાવાદાવાઓમા રહેલાં છે. એમનો એટલો પ્રચાર નથી થયો.

નાઝી જર્મનીમાં શાસક વર્ગ દ્વારા યહુદીઓની સામુહીક હત્યા ઘણી ચર્ચાઈ છે અને હજી પણ ચર્ચાય છે. શાસકવર્ગ દ્વારા રશીયા, ચીન, કમ્બોડીયા, રવાન્ડા જેવા ઘણા દેશોમાં લાખો લોકોની નીર્દય કતલ ત્યાર પછી થઈ છે. એની આટલી નોંધ નથી લેવાઈ. ફરીથી એ જ, માર્કેટીંગનો પ્રભાવ અને અભાવ.

વ્યક્તીઓ અને બનાવો વીશે આવા તો ઘણા દાખલા આપી શકાય. **આ લેખનો હેતુ દાખલા ટાંકવાનો નથી. વીચારધારા અને માર્કેટીંગના પ્રભાવના અને અભાવના પરીણામને રજુ કરવાનો છે.**

સંદેશા વ્યવહારમાં આવેલી જબરદસ્ત ક્રાંતીને લીધે છાપાં, સામયીક અને ટી.વી. દ્વારા ભરપુર માહીતી મળવા લાગી છે. એમનો મુળ હેતુ વ્યાપારી હોવાને લીધે માહીતીની ગુણવત્તા સંશયાત્મક હોય છે. સમયના દબાણ નીચે કામ કરતા લોકોને અપાતી માહીતીની ચોકસાઈ તપાસવાનો સમય નથી હોતો અને એની દરકાર પણ નથી હોતી. આ માધ્યમો માહીતી સાથે પોતાનાં મંતવ્યો પણ રજુ કરતા હોય છે. એમના પક્ષપાતી પ્રસારણથી આપણી વીચારસરણી જાણે–અજાણે એક ચોક્કસ દીશામાં ઘડાતી જાય છે. જુદાં માધ્યમોનો અલગ દૃષ્ટીકોણ જાણવાનો કે સમજવાનો સમય અને વીવેક બધા પાસે નથી હોતો. પોતાની મેળવેલી માહીતી સાચી અને અન્ય બધી ખોટી એમ ઘણા લોકો માનતા થઈ જાય છે. પરીણામે એક ચુસ્ત મતવાદી, જડ સમુદાય અસ્તીત્વમાં આવે છે.

આ બાબતમાં પુસ્તકો થોડાં જુદાં પડે છે. એમાં લેખકના અભીપ્રાય અવશ્ય હોય છે; પણ એ લખવા પાછળ લેખકનો વ્યાપારી હેતુ ઓછો હોય છે. ચોક્કસ સમયમાં પતાવવાનું દબાણ ઓછું હોવાથી

પ્રમાણમાં એ વધારે આધારભુત હોય છે. કમનસીબે પુસ્તકોનું વાચન મર્યાદીત થતું જાય છે.

દુનીયામાં વસતા 700 કરોડથી પણ વધુ માનવ સમુદાયની ધર્મ અને ઈશ્વર વીશેની ઘણી જુદી જુદી સમજણ છે. બધા જ પોતાની સમજણને સાચી અને પોતાના ધર્મને શ્રેષ્ઠ માને છે. એની તરફેણમાં એ પોતાના ધર્મની વીશેષતાઓ ગણાવે છે.

**સંખ્યાની દૃષ્ટીએ જોઈએ તો ખ્રીસ્તીઓ 200 કરોડ જેટલા છે. મુસ્લીમ 140 કરોડ, હીન્દુ 90 કરોડ અને બૌદ્ધ 70 કરોડ જેટલા છે. એમની સરખામણીમાં જૈન, શીખ, પારસી વગેરે ધર્મોની સંખ્યા સાવ ઓછી એટલે સોમા ભાગ જેટલી છે.**

સંખ્યાબળ એ કોઈપણ વીચારધારાની ગુણવત્તાનું માપ નથી. છતાંયે એની મર્યાદીત સ્વીકૃતી કંઈક તો જરૂર સુચવે છે. **બધી બાબતોની જેમ ધાર્મીક વીચારધારાના ફેલાવામાં પણ એનું આકર્ષણ અને માર્કેટીંગ મોટો ભાગ ભજવે છે.** શરુઆતમાં બધા ધર્મોનો ફેલાવો રાજ્યાશ્રયમાં થતો હતો. ઘણી વખત બળપુર્વક પણ ધર્માન્તર કરાવવામાં આવતું.

બૌદ્ધ અને જૈન ધર્મનો ઉદય લગભગ એક જ સમયગાળામાં અને નજીકના પ્રદેશોમાં થયો છે. બન્ને ધર્મોની વીચારધારા પણ ઘણી મળતી આવે છે. વૈદીક ધર્મના વ્યાપક પ્રચારને લીધે ત્યારે એમનો સ્વીકાર કે પ્રચાર થયો નહીં. ત્રણ સદીઓ પછી સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મ અંગીકાર કરી એનો પ્રચાર કર્યો. પરીણામે ઉત્તર ભારતમાં પાંચસો વરસ સુધી બૌદ્ધ ધર્મ સારા પ્રમાણમાં પળાતો રહ્યો. સમ્રાટ અશોકને ત્યારે જૈન વીચારધારા આકર્ષી નહીં શકી હોય. અત્યારના સમયમાં હીન્દુ ધર્મની વર્ણવ્યવસ્થાથી ઘવાયેલા ડૉ. બાબાસાહેબ આંબેડકરે પણ અન્ય ધર્મો

તરફ નજર દોડાવી. જરુરી અભ્યાસ પછી એમણે બૌદ્ધ ધર્મ પર પોતાની પસંદગી ઉતારી. એમના ઘણા અનુયાયીઓએ એમનું અનુકરણ કરી પોતાને 'નવબુદ્ધ' ગણાવ્યા.

**આ બન્ને કીસ્સાઓમાં બળ કે લાલચ વડે ધર્માન્તર નથી કરવામાં આવ્યું. આ બન્ને પ્રભાવશાળી વ્યક્તીઓએ સ્વેચ્છાએ બૌદ્ધ ધર્મ સ્વીકારી બીજાઓને પ્રેર્યા હતા.** આવા બીજા પણ કીસ્સા હશે.

માર્કેટીંગના પ્રભાવને પારખી હાલ કેટલાયે ધાર્મીક સમ્પ્રદાયો પોતાની વીચારધારાનો પ્રચાર અને પ્રસાર કરવાની હોડમાં લાગ્યા હોય એમ દેખાય છે. એને લીધે કેટલીક ટી.વી. ચેનલો 'બાવા' ચેનલો તરીકે ઓળખાતી થઈ છે. ધાર્મીકતા વધારવામાં એમનું યોગદાન કેટલું રચનાત્મક છે તે તો એમને સાંભળનારા જાણે. બીજી બાજુએ **ધાર્મીક સીરીયલો પોતાનું આર્થીક હીત સાધવામાં શ્રદ્ધાળુઓને ભરપુર અન્ધશ્રદ્ધા પીરસી રહી છે એ હકીકત છે.**

સમાજનો એક વર્ગ છાપું પણ વાંચતો નથી. પુસ્તકો તો દુરની વાત થઈ. ઘણાં મહાનગરોમાં રહેતા હોવાં છતાં હજી પોતાના નાનકડા સમ્પ્રદાયમાંથી બહાર નીકળ્યા નથી. બહારની દુનીયા ઘણી વીશાળ અને વીવીધતાપુર્ણ છે. બીજી વીચારધારાઓમાં ઘણું સારું અને અપનાવવા જેવું છે. આપણી જ વીચારધારા શ્રેષ્ઠ અને અન્ય સૌ ઉતરતી એ વૃત્તીને જ કુપમંડુકતા કહેવાય છે.

આ વર્ગની માહીતી અને સમજણનો મુખ્ય સ્રોત છે લોકવાયકા અને સાધુવર્ગનાં વ્યાખ્યાનો. એમની વીચારસરણી એનાથી ઘડાય છે. **સમાજ પર સાધુ સમુદાયનો ઘણો પ્રભાવ હોવાથી આ ક્ષેત્રમાં સૌથી વધુ યોગદાન તેઓ જ કરી શકે છે.** પરીવર્તનનો સંદેશ અને જરુરીયાત એમના સુધી પહોંચાડવાની જવાબદારી સમાજના આગેવાનોની છે. આ

મર્યાદીત સ્વીકૃતીનાં કારણો ફરીથી તપાસવાની જરુર છે. કોઈ સુચનો આવે તો એને ધર્મ વીરુદ્ધ કહેવાને બદલે એના પર વીસ્તૃત ચર્ચા થઈ શકે. જ્યારે સમયાનુસાર જરુરી ફેરફાર કરવામાં નથી આવતા ત્યારે કેટલાક અનુયાયીઓ વીમુખ થતા જાય છે.

આર્થીક, સામાજીક અને રાજકીય ક્ષેત્રે વીચારસરણીમાં આપણે ઝડપી ફેરફાર સ્વીકાર્યા છે અથવા તો બહારથી આવતા ફેરફારોને આવકાર્યા છે. કારણ કે એમાં કોઈ અવરોધ નથી. એની સરખામણીમાં સ્થાપીત હીતોને લીધે ધાર્મીક વીચારસરણીનો ફેરફાર ઘણો જ ધીમો અને નાના વર્તુળ પુરતો મર્યાદીત રહ્યો છે. **અન્તે તો ધર્મ એ નીતીશાસ્ત્રનો વીષય છે. ધર્મ જો સનાતન અને સર્વવ્યાપી સત્ય હોત તો બધા ધર્મોના આદેશ એકસરખા હોત. કોઈપણ વીચારધારા શાશ્વત સ્થીર નથી રહી શકતી. એને જનસમુદાયના વીશાળ હીતને ધ્યાનમાં રાખી સમયાનુસાર બદલાવું પડે છે. વીચારધારા માટે શાશ્વતપણું એ ગુણ નહીં; પણ ખામી છે. બંધીયાર પાણી કરતાં વહેતું પાણી હમ્મેશાં વધુ સ્વચ્છ હોય છે.**

રાજાશાહી એ એક પ્રકારની સરમુખત્યારશાહી હતી. કંઈ પણ પામવા માટે રાજાની મહેરબાનીની જરુરી હતી. રાજા સામે કોઈ પણ વાતનો વીરોધ કરવો જોખમી હતું. આ વ્યવસ્થાથી લોકો એટલા ટેવાઈ ગયા હતા કે ધર્મમાં આવેલી સરમુખત્યારશાહીને સહજપણે સ્વીકારી લીધી. પહેલાં ધાર્મીક સંસ્થાઓ સમાંતર સત્તા ગણાતી. હજી પણ મુસ્લીમ રાષ્ટ્રોમાં એવું જ છે. હવે રાજકીય ક્ષેત્રે જ્યા લોકશાહી આવી છે ત્યા સત્તા સામે આપણો વીરોધ પ્રગટ કરી શકીએ છીએ. પુરતો જનમત કેળવાય તો કાયદાઓ અને સત્તાધીશો પણ બદલી શકાય છે.

આમ તો ધાર્મીક વીચારધારાઓમાં સમયાંતરે ફેરફાર થતા આવ્યા છે. પણ એ ફેરફાર ગુરુઓ વચ્ચેના વ્યક્તીગત કે વૈચારીક ભેદભાવોને લીધે થયા છે. જનસમુદાયના હીત માટે નથી થયા. એનાથી લાભ કરતાં હાની વધુ થઈ છે. સમ્પ્રદાયોમાં વીભાજન થતાં આન્તરીક સ્પર્ધાને લીધે સમાજ નબળો પડે છે.

**કેટલાક સાધુઓએ પોતાની ધાર્મીક માન્યતાઓમાં સમયને અનુસાર જરુરી પરીવર્તન કર્યાં છે.** તેઓ પરંપરા તોડીને દરીયો ઓળંગી પરદેશ ગયા છે તથા સાધુપણાની અલીપ્તતા છોડીને સામાજીક સંસ્થાઓ ઉભી કરી એનું સંચાલન પણ કરે છે. સમાજે એમને સ્વીકારી એને આવકાર્યા છે. આવાં પ્રગતીશીલ પરીવર્તનોનો વ્યાપ હજી ઘણો વધે એ જરુરી છે.

વીકસીત દેશોના વીકાસ પાછળનાં કારણો તપાસીએ તો એમાનું એક અગત્યનું કારણ એમની ધાર્મીક વીચારસરણી છે. આ ધાર્મીક વીચારસરણી આપણી ઘણી પ્રવૃત્તીઓને પ્રભાવીત કરે છે. **દેશના એક ચોક્કસ વર્ગને કે સ્ત્રીઓને નીચો દરજ્જો આપનાર દેશો પછાત રહ્યા છે. ભુતકાળમાં રાચ્યા રહેતા કે પરલોકને વધુ પડતું મહત્ત્વ આપતા સમાજની પ્રગતી મર્યાદીત રહી છે.** વીકસીત રાષ્ટ્રોએ વર્તમાનને અને આ લોકના ભવીષ્યને મહત્વ આપ્યું છે. આ ફક્ત ભૌતીક વીકાસની નહીં પણ પુરા દેશના સર્વાંગી વીકાસની વાત છે. **પ્રાચીન સંસ્કૃતીમાં ભારત સાથે ઉભા રહેનાર ચીનની વર્તમાન પ્રગતી પાછળ પણ આ જ કારણો છે.**

જ્યારે કોઈ  કમ્પનીની વસ્તુઓ એમની ગુણવત્તાને લીધે વધુ વેચાય છે ત્યારે એની 'બ્રાન્ડ એસ્ટાબ્લીશ' થઈ ગઈ એમ કહેવાય છે. એ કંપની  બીજી કોઈ વસ્તુ બનાવે તો તે પણ એમના 'બ્રાન્ડનેમ'ના લીધે

તુરન્ત પ્રસીદ્ધી પામે છે. સમય જતાં બીજાઓનો સારો માલ આ બ્રાન્ડ કંપની પોતાના નામે વેચવા દેવાના શરતી કરાર પણ કરે છે. જ્યારે કેટલીક તકસાધુ કંપનીઓ પોતાનો ઉતરતો માલ બ્રાન્ડ કંપનીને જણાવ્યા વગર એમના નામે વેચી રોકડી કરી લે છે. વસ્તુઓનું આવું બ્રાન્ડીન્ગ આપણે જાણીએ અને સમજીએ છીએ. જે આ સમજતા કે સ્વીકારતા નથી એમને સમજાવવા આટલી પ્રસ્તાવના જરુરી હતી.

વીચારધારાના માર્કેટીંગમાં ધર્મ સૌથી મોખરે રહ્યો છે. એની સ્વીકૃતી થયા પછી બીજા ઘણા સ્વતંત્ર વીષયોએ ધર્મ સાથે જોડાણ કર્યું. ઈતીહાસ, ભુગોળ, આરોગ્યશાસ્ત્ર, જ્યોતીષ વગેરે એમાં મુખ્ય છે. આ જોડાણમાં બન્ને પક્ષોને ફાયદો થયો. એનાથી ધર્મનો વ્યાપ વધ્યો અને બીજાઓને ધર્મના નામે સ્વીકૃતી મળી. **નુકસાન આમ પ્રજાને થયું. એમને આ ભેળસેળની ખબર પડી નહીં. લેભાગુઓએ એનો ભરપુર લાભ ઉઠાવ્યો છે.**

ધર્મના નામે ઘુસાડવામાં આવેલા આવા વીષયોને અલગ પાડી સચોટ રીતે રજુ કરવા આવશ્યક છે. જ્યાં પણ માન્યતાઓ વાસ્તવીકતાથી અલગ પડે છે ત્યાં એમની પોકળતાને પ્રકાશમાં લાવવી જરુરી છે. સમયને અનુરુપ વાસ્તવીકતા પર રચાયેલ સમાજની એ જરુરી સેવા હશે.

♦

અનુક્રમણીકા

11-2011-06-16

## વીચારધારાની સફળતા – નીષ્ફળતા

વીચારધારા કેટલી શક્તીશાળી હોઈ શકે છે એની ચર્ચા આગલા પ્રકરણમા કરી છે. આ પ્રકરણમાં વીચારધારાની સફળતા, નીષ્ફળતા અને તેનાં કારણો વીશે વાત કરી છે.

કેટલીક વીચારધારાઓ ઘણી ઉમદા હોવા છતાંયે ફક્ત આંશીક રીતે સફળ થાય છે. જ્યારે શરુઆતમાં આકર્ષક લાગતી અને મોટે પાયે સ્વીકારાતી અન્ય કોઈ વીચારધારા થોડા સમય પછી નીષ્ફળ નીવડે છે. આવી રીતે પ્રગટ થતી, ઓલવાઈ જતી કે પછી પાંગરતી વર્તમાનની ચાર વીચારધારાઓની છણાવટ કરીએ.

પહેલી છે અહીંસા, અભય અને અસહકારના માર્ગે પરીવર્તન લાવવાની. ગાંધીજીએ એને અમલમાં મુકી ભારતને આઝાદી અપાવી. એમનું અનુકરણ કરી બીજા પણ થોડા દેશોએ એ માર્ગ અપનાવી સફળતા મેળવી.

આઝાદી મળવા પાછળ દેશના ઘડવૈયાઓની મહેનત ઉપરાંત બીજાં કેટલાંક વીશેષ કારણો પણ હતાં. એ અરસામાં વૈશ્વીક સ્તરે બનેલા બનાવોને લીધે વહેલી મોડી બધાને આઝાદી મળવાની હતી. બીજા વીશ્વયુદ્ધે સંસ્થાનવાદનો મૃત્યુઘંટ વગાડયો હતો. સંચાર માધ્યમોને લીધે દુનીયા નાની થવા લાગી હતી. આપણી ખાસીયત માત્ર અહીંસક અસહકારની રીતમાં હતી.

પણ પછી શું થયું ? આઝાદી પછીના કોમી રમખાણોમાં ખુદ અહીંસાની હોળી થઈ ગઈ. આજે ગાંધીજીનું નામ માત્ર રાજકીય લાભ માટે વટાવાય છે. એમનું અસહકારનું શસ્ત્ર અન્યાય સામે લડવા નહીં; પણ અંગત લાભ માટે વપરાય છે. અહીંસક અસહકાર અને ટોળાશાહીમાં

ઘણો ફરક છે. શાન્ત દેખાતું ટોળું પણ જો સામા પક્ષમાં ભય પેદા કરે, તો એ અહીંસક ન ગણાય. ભય અને અહીંસાનું સહઅસ્તીત્વ શક્ય નથી. આજના સામુહીક દેખાવો અહીંસક નથી લાગતા.

વીચારધારા બનવાના ગુણધર્મ ધરાવતી આ અહીંસક અસહકારની રીત અત્યારે તો એક પ્રયોગ માત્ર બનીને રહી ગઈ છે. વીચારધારા બનવા બહોળી સ્વીકૃતી અને ઘણાં ક્ષેત્રોમાં સફળ થવું જરુરી છે. કદાચ એનો સમય હજી આવ્યો નથી.

વર્તમાનની બીજી શક્તીશાળી વીચારધારા ઓગણીસમી સદીના જર્મન વીચારક અને મુડીવાદના વીરોધી અર્થશાસ્ત્રી કાર્લ માર્ક્સનું બ્રેનચાઈલ્ડ–માનસ સન્તાન હતી. રાષ્ટ્રીય સ્તરે આર્થીક સમાનતા લાવવાની વાત એમણે પોતાના પુસ્તક ‘Das Capital’ માં કરી છે. રાજકીય અને આર્થીક ક્ષેત્રે એનો અમલ રશીયામાં લેનીન અને ચીનમાં માઓ એ પોતાને અનુકુળ ફેરફારો સાથે કર્યો હતો. ખુબ ઝડપથી એ અડધી દુનીયામાં ફેલાઈ ગઈ. એ વીચારધારાથી અંજાઈ નહેરુ એને થોડા જુદા સ્વરુપે ભારતમાં આર્થીક ક્ષેત્રે લઈ આવ્યા. રાજકીય દરમ્યાનગીરીથી આર્થીક સમાનતા લાવવાની કોશીશમાં ગરીબોનો ઉદ્ધાર તો ન થયો; પણ સમાજવાદને નામે આડકતરી રીતે (ઉંચા કરવેરા દ્વારા) બધાને ગરીબ રાખવાના પ્રયત્ન થયા. પરીણામે સમાનતા આવવાને બદલે ભ્રષ્ટાચાર વધ્યો. રાષ્ટ્રીય સ્તરે આર્થીક સમાનતા લાવનારી વીચારધારા સાત આઠ દાયકાઓમાં નીષ્ફળ પુરવાર થઈ બધે પડી ભાંગી છે.

એક વીચારધારાને માત્ર પ્રાસંગીક સફળતા મળી, જ્યારે બીજી **વીચારધારા** જેટલી ઝડપથી ફેલાઈ, એટલી જ ઝડપથી લુપ્ત થઈ રહી

છે. આની પાછળ ઘણાં કારણો હોઈ શકે છે. આ લેખકને જે મુખ્ય જણાય છે એની અત્રે રજુઆત કરી છે.

વીચારધારાઓ બહુધા આદર્શવાદી હોય છે. એક પ્રકારનુ Wishful thinking હોય છે. આદર્શ એક ધ્યેય છે; એના જનકનું માનસ સન્તાન છે. તે સમયની વાસ્તવીકતા બને એટલો સાંસ્કૃતીક વીકાસ હજી થયો નથી.

માણસ જૈવીક રીતે (બાયોલોજીકલી) એક પ્રાણી છે. પ્રાણીઓની ઉત્ક્રાન્તીમાં આપણે આગવા સ્થાને પહોંચ્યા તે આપણા બૌદ્ધીક વીકાસને આભારી છે. એની સાથે જન્મજાત (જીનેટીક) વૃત્તીઓ આપોઆપ બદલાઈ જતી નથી. માણસની જન્મજાત વૃત્તીઓ છે સ્વાર્થ, સ્પર્ધા, અનુકરણની વૃત્તી, અંકુશની વૃત્તી વગેરે... આ વૃત્તીઓનો સહકાર, સમાનતા, સંયમ, ઉદારતા વગેરે જેવા સાંસ્કૃતીક રીતે કેળવાયેલા ગુણો સાથે ટકરાવ થાય છે. શરીર પુખ્ત બનતાં કુદરતી વૃત્તીઓ અને સામાજીક, ધાર્મીક સંસ્કારો વચ્ચે જે માનસીક ગડમથલ થાય છે તે આનું એક ઉદાહરણ છે. સંસ્કૃતી પણ આદર્શની દીશામાં આગળ વધે છે. આપણી સાંસ્કૃતીક પ્રગતીની ઝડપ બાયોલૉજીકલ ફેરફારો કરતાં કેટલાયે ગણી વધારે છે. પરીણામે આપણી સમજ, જે સાંસ્કૃતીક છે એની, સંવેદનાઓ અને ઈચ્છાઓ જે જન્મજાત છે એમની વચ્ચે અંતર વધવા લાગ્યું છે.

આદર્શવાદી વીચારધારા માણસની જન્મજાત પ્રકૃતીથી જેટલી દુર હોય એટલો એનો સ્વીકાર મર્યાદીત હોય છે. સમાજનો માત્ર એક નાનો વર્ગ એને સાચી રીતે અપનાવે છે. બીજો નાનો વર્ગ સમજ્યા વગર માત્ર અનુકરણની વૃત્તીથી એમાં જોડાય છે. જ્યારે બાકીનો મોટો વર્ગ એનાથી દુર રહે છે. બહુબહુ તો અપનાવવાનો ઢોંગ કરે છે. આ

વાસ્તવીકતા દરેક ક્ષેત્રે જોવા મળે છે. ખાસ કરીને નૈતીક અને ધાર્મીક ક્ષેત્રે.

અહીંસક અસહકારની વીચારધારામાં જે બલીદાનની અપેક્ષા રાખવામાં આવે છે. તે બહોળા સમાજની જન્મજાત વૃત્તીથી ખુબ દુર હોવાથી એની અસફળતાનું કારણ બની છે. સામ્યવાદી વીચારધારાની નીષ્ફળતા પાછળ પણ આવાજ કારણોએ ભાગ ભજવ્યો છે. વીશેષમાં તે પરાણે લાદેલી હતી. એમાં રાજકીય નેતાઓ દ્વારા નીશ્ચીત કરેલા ચોક્કસ માળખામાં જ બધા લોકોને જીવવાનું હતું. વ્યક્તીગત કુનેહ (ટૅલન્ટ) કરતાં હુકમનું પાલન અને સીનીયોરીટી વધારે મહત્ત્વનાં હતાં.

“કુદરતે બધાને સરખા બનાવ્યા છે” એ સુવીચાર માણસના પાયાના અધીકાર માટે બનાવેલો છે, એનામાં રહેલ આવડત માટે નહીં. આ પાયાનો અધીકાર છે સ્વતંત્રતાનો, ગૌરવભેર જીવવાનો, ન્યાય મેળવવાનો, પ્રગતી કરવાનો અને સુખી થવાનો. એનો લાભ બધાને એકસરખો મળવો જોઈએ.

દરેક વ્યક્તી પોતાની ખુબીઓ અને મર્યાદાઓ લઈને જન્મે છે. જેનું મીશ્રણ બધામાં અલગ હોય છે. **‘માણસ ધારે તો ગમે તે કરી શકે’ એ વાસ્તવીકતા નથી.** એ હતાશ માણસને અપાતું ટૉનીક માત્ર છે. **‘માણસ ધારે તો ઘણું કરી શકે છે પણ બધું જ નહીં’, એ વાસ્તવીકતા છે.** મોટા ભાગના લોકો પોતાની આંતરીક શક્તીનો (પોટેન્શીયલનો) પુરો ઉપયોગ કરતા નથી હોતા. માણસ નીશ્ચય કરી એના માટે જરુરી મહેનત કરે તો હમણાં છે એનાથી ઘણી વધારે પ્રગતી કરી શકે છે. સરખામણી પોતાના ભુતકાળ સાથે કરાય, બીજાઓના ભવીષ્ય સાથે નહીં. કારણ કે બીજા પણ વધારે પ્રગતીની મહેનત કરતા જ હોય છે. આવી સરખામણી

વીરોધાભાસી છે. જરુરી મહેનત કરે તો બધા ઉમદા પરીણામ લાવી શકે. પહેલો નંબર તો એક જ હોઈ શકે, બધા નહીં.

સ્વતંત્રતાના અભાવ સાથે વધારે પડતા અંકુશ સામ્યવાદની નીષ્ફળતાના પાયામાં રહેલા છે. સોવીયેટ રશીયાના ભાંગી પડવા પાછળ અમેરીકા એક નીમીત્ત માત્ર બન્યું હતું. મુખ્ય કારણો આંતરીક હતાં. જ્યારે ચીને સ્વેચ્છાએ આર્થીક નીતીમાં ફેરફાર કર્યા છે, તે સામ્યવાદી વીચારધારાનો આર્થીક ક્ષેત્રે નીષ્ફળતાનો સ્વીકાર છે.

હવે વર્તમાનની બીજી બે વીચારધારાઓ તપાસીએ જે નીષ્ફળ નહીં પણ સફળ થઈ પાંગરી રહી છે.

સદીઓથી ચાલી આવતી રાજાશાહીવાળી રાજ્યપદ્ધતી બદલાઈને હવે બધે લોકશાહી ફેલાઈ રહી છે. વર્તમાનની *આ ત્રીજી વીચારધારા* પશ્ચીમના દેશોમાં શરુ થઈ ત્યાં પરીપક્વ થઈ છે. એનો યશ કોઈ એક વ્યક્તીને આપી શકાય તેમ નથી. માનવ સંસ્કૃતીની ઉત્ક્રાંતીના એક મહત્ત્વપુર્ણ પગથીયારુપે તે જનસમુદાય દ્વારા સામુહીક રીતે વીકસી છે. ભુતકાળમાં નોંધાયેલ કહેવાતી લોકશાહીના છુટાછવાયા પ્રયાસો ખરી રીતે લોકશાહી નહીં પણ વર્ગશાહી હતી.

લોકશાહી વીચારધારા માત્ર માનવીય પ્રકૃતી કે સંસ્કૃતી પર આધારીત નહીં પણ એ બન્નેના મીશ્રણ પર આધારીત છે. એની સફળતા જે તે દેશની પ્રજાને અનુકુળ આવા મીશ્રણની માત્રા પર નીર્ભર છે. ધર્મ, જાતી, વર્ણ વગેરેના ભેદભાવ વીના બધાને પોતપોતાની શક્તી પ્રમાણે મનગમતા ક્ષેત્રમાં પ્રગતી કરવાની તકનો સમાન અધીકાર આપવાના સીદ્ધાંત પર તે રચાયેલી છે.

લોકશાહીમાં ધર્મને રાજ્ય વ્યવસ્થાથી અલગ રાખવાનો આશય હોય છે. જો કે દરેક દેશમાં ધાર્મીક સંસ્થાઓનો પોતાનો એક

એજન્ડા હોય છે એના માટે એમની એક રાજકીય લોબી પણ હોય છે. પરીપક્વ લોકશાહીમાં એ બધું પડદા પાછળ થતું હોવાથી એની અસર મર્યાદીત હોય છે. કોઈ નાનકડા મુદ્દે ચુંટણીનાં પરીણામો બદલાતાં નથી. જ્યાં ધાર્મીક મુદ્દે ચુંટણીમાં હારજીત થાય છે અને સરકાર બદલે છે એ હજી કાચી લોકશાહી કહેવાય. કાચી લોકશાહીમાં ચુંટાયેલા પ્રતીનીધી દેશની સંપત્તીના માલીક બની બેસે છે. પરીપક્વ લોકશાહીમાં તેઓ માત્ર વ્યવસ્થાપક હોય છે. સેવક તો ક્યારે, કોઈ અને ક્યાંય પણ હોતા નથી. રાજકારણીઓ દ્વારા વપરાતો સેવક શબ્દપ્રયોગ છેતરામણો છે.

આ વીચારધારા હવે વીશ્વવ્યાપી હોવાથી એની સફળતા નીશ્ચીત જણાય છે. સફળતાની માત્રાનો આધાર જે તે પ્રજાની શીક્ષીતતા અને પરીપક્વતા પર રહે છે. રાજ્યવ્યવસ્થા માટે વર્ણવાયેલ આ દરેક બાબત બધી સામાજીક સંસ્થાઓને પણ એટલી જ લાગુ પડે છે.

વર્તમાન સમયની *ચોથી વીચારધારા છે* મુક્ત વ્યાપારનીતીની. આ પણ પશ્ચીમના દેશોમાં શરૂ થઈ, સફળતા પામી, હવે બધે ફેલાવા લાગી છે. મુક્ત વ્યાપારની નીતીમાં વ્યક્તીના પોટેન્શીયલનો પુરો ઉપયોગ થાય છે. દેશના સીમાડા ઓળંગી વીશ્વવ્યાપી થવાથી એ સાચા અર્થમાં સ્પર્ધાત્મક બની છે.

આજ સુધીની બધી અર્થવ્યવસ્થાઓ માલીક, શેરહોલ્ડર, કર્મચારી, કામદાર વગેરે જેવા સમાજના કોઈ એક કે બે વીશીષ્ટ વર્ગના હીતમાં હતી. આ બધા જ વર્ગો સમાજનો એક નાનકડો ભાગ માત્ર હોય છે. સ્પર્ધા આધારીત મુક્ત વ્યાપાર નીતી વપરાશકારના, કન્ઝ્યુમરના હીતમાં છે. એના પરીણામે થતી હરીફાઈનો લાભ કન્ઝ્યુમરને મળે તેવી વ્યવસ્થા છે. દેશની અને દુનીયાની દરેક વ્યક્તી કન્ઝ્યુમર છે. જે વ્યવસ્થા બધાના લાભમાં હોય તે અનાયાસે શ્રેષ્ઠ હોવાની.

આપણે ત્યાં આની જે ટીકા સંભળાય છે એમાં થોડું વજુદ છે પણ એના માટે અપાતાં કારણો વાજબી નથી. પશ્ચીમના દેશોમાં આ વીચારધારા ધીરેધીરે વીકસી હોવાથી સમાજના વીશાળ વર્ગને તે સમજવાનો અને એમાં જોડાવાનો સમય મળ્યો હતો. ભારત જેવા વીવીધતા ધરાવતા વીશાળ દેશમાં એ ઝડપથી આવી છે. એના લીધે સામાજીક અને આર્થીક સ્તરે અસમાનતા હતી એના કરતાં પણ વધતી દેખાય છે. આટલા વીશાળ દેશમાં એનો લાભ બધાને એક સાથે અને એકસરખો મળે એવી અપેક્ષા રાખવી અવાસ્તવીક છે. ધીરેધીરે બધાનો વારો આવશે. તક જ્યારે દરવાજે આવીને ટકોરા મારે છે ત્યારે ઉઠીને દરવાજો ખોલવા જેટલી મહેનત તો આપણે કરવી જ પડે છે. સ્પર્ધા અને વૈજ્ઞાનીક શોધોની તરફેણમાં ટેલીફોનનો એક દાખલો પુરતો છે. બે દાયકા પહેલાં ઘરે ટેલીફોન હોવો એ સમૃદ્ધીની નીશાની ગણાતી. એના સામે આજે બધાનાં ખીસ્સામાં રણકતો મોબાઈલ ઘણું કહી જાય છે.

અવાસ્તવીક હદે આદર્શવાદી એવા સામ્યવાદ અને સમાજવાદની નીષ્ફળતાની યાદ હજી તાજી હોવાથી આ નવી અર્થવ્યવસ્થાને વીશેષ આવકાર અને બળ મળે છે. એ માણસની મુળભુત પ્રકૃતી પર આધારીત હોવાથી એની લાંબા ગાળાની સફળતા નીશ્ચીત જણાય છે.

દરેક પરીસ્થીતીમાં એનો ગેરલાભ ઉઠાવનાર એક વર્ગ હોય છે. મુક્તવ્યાપાર નીતીના સંદર્ભમાં એવા જ ગેરફાયદા દેખાય છે. એની પાછળ આવા તકસાધુઓ તથા કાયદા વ્યવસ્થાનો અભાવ ઘણો જવાબદાર છે. એમાં વીચારધારાનો દોષ નથી. એમાં કેટલાક જરુરી ફેરફારો કરવાના છે તે દીશામા દુનીયાના અર્થશાસ્ત્રીઓ મથામણ કરી રહ્યા છે.

બીજી નોંધપાત્ર બાબત એ છે કે ભારત તેમજ દુનીયાના આર્થીક, સામાજીક વગેરે મોટાભાગના પ્રશ્નો માટે વીસમી સદીમાં થયેલો વસ્તી–વીસ્ફોટ મોટાપાયે જવાબદાર છે. આર્થીક ક્ષેત્રે જે પણ પ્રગતી થઈ રહી છે તે સતત વધતા માનવ સમુદાય વચ્ચે વહેંચાય છે. જો વસતીવધારો અંકુશમાં રહ્યો હોત તો આજના પ્રશ્નો આટલા આકરા ન હોત. આજ બાબતને બીજી રીતે જોઈએ તો, હમણાં છે એટલો ઔદ્યોગીક વીકાસ થયો ન હોત છતાં વસતી આટલી જ વધી હોત તો ખેતીપ્રધાન દુનીયાના પ્રશ્નો ઘણા વધારે જટીલ હોત. આધુનીકીકરણના વીરોધીઓને આ બાબત ખાસ વીચારવા જેવી છે.

આ બધી વર્તમાનની રાજકીય તેમ જ આર્થીક વીચારધારાઓની છણાવટ હતી. ભુતકાળની વીચારધારાઓ મુખ્યત્વે નૈતીક સ્વરુપથી શરુ થઈ હતી. એમને ખાસ સફળતા ન મળતાં એમાં માનવીય પ્રકૃતીગત ફેરફારો કરી એને ધાર્મીક સ્વરુપે રજુ કરવામાં આવી. એ પણ આંશીક રીતે જ સફળ થઈ છે. એની ચર્ચા અન્યત્ર કરવામા આવી છે.

12-2013-01-11

## સ્થળાંતર – ધર્માંતર – વીચારાંતર

જન્મ સાથે આપણને ઘણું બધું અનાયાસે વારસામાં મળી જાય છે. કર્મના સીદ્ધાન્તમાં ન જઈએ તો જન્મ એ વ્યક્તીની પોતાના હાથની વાત નથી. જન્મતાં જ આપણને જે લેબલ લાગે છે તે આપણી ઓળખ બની જાય છે. આ રીતે આપણને લાગેલા લેબલ છે: વાણીયા, વૈષ્ણવ, ગુજરાતી, ભારતીય વગેરે વગેરે. મોટા ભાગના લોકો આવી ઓળખ સાથે આખું જીવન વીતાવે છે અને એમને જાળવી રાખવામાં ગૌરવ અનુભવે છે. એમના માટે વારસાગત વફાદારી ઘણી અગત્યની છે.

આગળ જતાં શીક્ષણ કે વ્યવસાયને લીધે એક બે નવા લેબલ પણ લાગે છે.

આ બધા લેબલોનું ગૌરવ લેતી વખતે એ જાણવું જરુરી છે કે આ પ્રકારની ઓળખે માનવ સમુદાય વચ્ચે હંમેશા ઘર્ષણ પેદા કર્યું છે. જ્યાં વર્ણ, જ્ઞાતી, ધર્મ, પ્રાન્ત વગેરેના ભેદભાવ ઓછા છે અથવા હોય છતાં પ્રજા એના પ્રત્યે સભાન નથી એવા દેશોના આન્તરીક પ્રશ્નો ઘણા ઓછા હોય છે. ભારતની ઘણી શક્તી આવા પ્રશ્નો ઉકેલવામાં વપરાઈ જાય છે.

આઝાદી પછી ગ્રામ્ય સમાજમાં એક મોટું પરીવર્તન શરુ થયું. લોકો ગામડું છોડી મોટા શહેરોમાં જવા લાગ્યા. આ સ્થળાન્તર, સ્વેચ્છાએ કરેલ છે. બળજબરીથી નથી કરવામાં આવ્યુ. આની પાછળનું કારણ છે ત્યારની ગામડાની પરીસ્થીતી કરતાં વધુ સારી પરીસ્થીતીની ખોજ, જ્યાં આર્થીક પ્રગતી કરી જીવનધોરણ ઉંચું લાવી શકાય. આની પાછળ ગામ પ્રત્યે જરા પણ અણગમાની ભાવના નહોતી.

આવા સ્થળાન્તર કે દેશાન્તર છતાંયે મોટાભાગના લોકો પોતાની મુળ ઓળખ જાળવી રાખે છે, સમાજ સાથેના સમ્બન્ધ જાળવી રાખે છે. જે આવું સ્થળાન્તર નથી કરી શક્યા તેઓ પોતાના સંતાનો માટે આવી તક શોધતા હોય છે. સ્થળાન્તર સાથે આવતા ભાષાના, પહેરવેશના, ખોરાકના વગેરે ફેરફાર આપોઆપ અપનાવાઈ જાય છે. જીવનધોરણ સાથે જીવનશૈલી પણ સ્વેચ્છાએ બદલી જાય છે. કોઈને આમાં જરા પણ ખોટું થતું હોય એમ લાગતું નથી.

માનવ સમુદાયો આદીકાળથી સ્થળાન્તર કરતા આવ્યા છે. વ્યક્તીગત ધોરણે હોય કે સમુદાયમાં હોય, સ્વેચ્છાએ સ્થળાન્તર કરનારે સરવાળે વધુ પ્રગતી કરી છે. આ વાતને બીજી રીતે પણ કહી શકાય કે

જેણે જન્મજાત વારસાનું બંધન ઢીલું કર્યું છે તે વધુ પ્રગતી કરી શક્યો છે. અથવા તો પ્રગતી કરવા માટે જન્મજાત વારસાની માયા થોડી છોડવી પડે છે. આમાં વારસો દોષયુક્ત હોય એવું નથી, પણ એ બંધનકર્તા હોઈ શકે છે. કોઈપણ જાતનું બંધન, પ્રગતીને ધીમી કરે છે.

સ્થળાન્તરની સરખામણીએ ધર્માન્તર વધુ નાજુક બાબત છે. એના પ્રત્યે લોકમાનસ એટલું ઉદાર નથી. વાસ્તવીકતા એ છે કે દરેક નવા ધર્મનો ઉદય અને ફેલાવો ધર્માન્તરથી જ થયો છે. સ્વેચ્છાએ થતાં ધર્માન્તર અને એની પાછળના કારણ અમુક અંશે સ્થળાન્તરને મળતા આવે છે. ઈતીહાસને પાને ચડેલા બે કીસ્સા જાણીતા છે. પ્રાચીન કાળના સમ્રાટ અશોકનું ધર્માન્તર અને વર્તમાનના ડૉ. બાબાસાહેબ આંબેડકરનું ધર્માન્તર. સ્વેચ્છાએ કરાયેલ ધર્માન્તર પાછળ જે પણ કારણ હોય, એવું કરનારને સરવાળે ફાયદો થયો છે. મધ્યયુગમાં ઘણા ધર્માન્તર બળજબરીથી કરવામાં આવતા હતા. એનો ભોગ બનેલા બધા સહાનુભુતીને પાત્ર છે. હવે એવા બળજબરીથી કરાતા ધર્માન્તર ઘટી ગયા છે.

વીચારાન્તર અને મતાન્તર બે અલગ બાબત છે. મતાન્તર એ બે વ્યક્તીઓ વચ્ચેનો મતભેદ છે, જ્યારે વીચારાન્તર એ વારસાગત માન્યતાઓને છોડી નવી વીચારસરણી અપનાવવાની પ્રક્રીયા છે. માણસ પોતાનો જન્મજાત વારસો ત્યારે છોડે છે જ્યારે તેને એમાં કોઈ ખામીઓ દેખાય તેમજ અન્યત્ર વધારે સારી સ્થીતી દેખાય.

ગ્રામ્ય સમાજના સ્થળાન્તરને લીધે સામાજીક રીતરીવાજોમાં જે ફેરફાર આવ્યા છે તે વીચારાન્તરનો એક પ્રકાર છે. અગત્યની બાબત એ છે કે આ વીશે પુરા  સમાજમાં વીચારોની સમાનતા જળવાઈ રહેવાથી

નવા પ્રશ્નો ઉભા થયા નથી. ભુતકાળમાં થયેલા સમાજના ભાગલા પાછળ વીચારાન્તરના સ્વીકાર–અસ્વીકારના કારણ હતા.

પશ્ચીમી દેશની કોઈ વ્યક્તી ભારતીય જીવનશૈલીની અમુક બાબતો અપનાવે ત્યારે આપણે આપણી સંસ્કૃતીની શ્રેષ્ઠતાને નામે ફુલાઈએ છીએ. આવા થોડા દાખલાઓની સરખામણીએ સેંકડોગણા વધારે ભારતીયો જ્યારે હોલસેલમાં પશ્ચીમી જીવનશૈલી અપનાવે છે ત્યારે એમને ‘બગડી ગયા, અધોગતી, વીનાશ’ વગેરે કહીએ છીએ. બન્ને કીસ્સાઓમાં વીચારાન્તર રહેલું છે જે દરેક માનવીનો જન્મસીદ્ધ હક છે. ફરક આપણી મનોવૃત્તીમાં છે. પોતાના વીચારોથી ભીન્ન વીચારો તરફ કોઈ આકર્ષાય તે આપણને ગમતું નથી.

વીચારાન્તર બધા ક્ષેત્રોમાં થાય છે. આ લેખનો મુખ્ય હેતુ ધાર્મીક વીચારાન્તરનો છે. આગલી બધી રજુઆત એની પ્રસ્તાવના રુપે હતી એમ કહી શકાય. ધાર્મીક વીચારાન્તર એ ધર્માન્તર કરતાં અલગ બાબત છે. કોઈ એક ધર્મ પાળતા માણસની પોતાની ધાર્મીક વીચારસરણીમાં સ્વૈચ્છીક રીતે કરવામાં આવતા ફેરફાર તે ધાર્મીક વીચારાન્તર છે.

ધર્મનો એક અર્થ ફરજ કે કર્તવ્ય થાય છે. બીજો અર્થ નીતી, સદાચાર, પ્રામાણીકતા વગેરે થાય છે. ધર્મના આ ખરા અર્થ છે. જો કે વ્યવહારમાં ધર્મ એ માણસની ઓળખ બની જાય છે. સંપ્રદાય, પંથ, ફીરકા વગેરેના ક્રીયાકાંડને ધર્મ ગણવામાં આવે છે. આને સંસ્થાકીય ધર્મ, **Organized Religion** કહેવાય છે. આ પ્રકારના ધાર્મીક ગણાતા લોકો પ્રામાણીક કે સદાચારી હોય અને ન પણ હોય. તેમજ ધાર્મીક ન ગણાતા લોકો પણ પ્રામાણીક હોય અને ન પણ હોય. ટુંકમાં, નીતી અને

સદાચારને પ્રચલીત સંસ્થાકીય/વ્યવહારીક ધર્મથી અલગ પાડી દેવાયા છે. આ જાહેર અનુભવની વાત છે.

ધર્મની આ વ્યવહારીક વ્યાખ્યાના સન્દર્ભમાં લોકમાનસનું વર્ણપટ, સ્પેક્ટ્રમ, અતી વીશાળ છે. એના એક છેડે 'પથ્થર એટલા પુજે દેવ' વાળી માનસીકતા છે જ્યારે બીજે છેડે આવા સંસ્થાકીય ધર્મમાં સદંતર ન માનનારા પણ છે. મોટાભાગના લોકો આ બે અન્તીમોની વચ્ચેની અનેક શક્યતાઓમાં પોતાને ક્યાંક ગોઠવી દે છે.

લેખની શરુઆતમાં વારસામાં મળતી જે બાબતોનો ઉલ્લેખ કર્યો છે એમાંની એક છે આપણી ધાર્મીક માન્યતાઓ. બાળક જન્મે છે ત્યારે એને કોઈ પ્રકારની માન્યતાઓ હોતી નથી. એ આસપાસના વાતાવરણમાંથી પોતાની માન્યતાઓ મેળવે છે. ગામડામાં જન્મેલા અને મોટા થયેલા લોકોનું વીશ્વ ઘણું નાનું હોય છે. તેઓ એક ચોક્કસ પ્રકારના ચુસ્ત ધાર્મીક વાતાવરણમાં ઉછરેલા હોય છે. એ જ એમની ધાર્મીક વીચારસરણી બને છે. શહેરમાં રહેવા છતાં આસપાસના શહેરી વાતાવરણથી અલીપ્ત એવા પોતાના નાનકડા સંકુલમાં, સમાજમાં રહેનારાઓની વીચારસરણી પણ ગામડાં જેવી જ હોય છે. બે પેઢીઓ વચ્ચે કહેવાતી જનરેશન ગેપ પાછળ ઉછેર વખતના વાતાવરણનો ફરક ખુબ મોટો ભાગ ભજવે છે વીચારસરણીનો વારસો આપણને મળેલી ભેટ નહીં પણ ઉધાર છે. આ એક એવી ઉધારી છે જે આપનારને પાછી કરવાની નથી હોતી પણ એને પોતાની સમજ અને અનુભવથી કસાવી, મઠારી આવનારી પેઢીને આપવાની હોય છે. જેને બીજાઓ કરતાં પોતાની જાત પર વધુ વીશ્વાસ છે તે એને અમલમાં મુકે પણ છે. જે આવું નથી કરતા તે કસાયેલી નહીં પણ કટાયેલી, વધુ ઘસાયેલી વીચારસરણી ભાવી પેઢીને આપી જાય છે.

મોટી ઉમ્મરે ધાર્મીક માન્યતાઓ બદલવી ઘણી અઘરી હોય છે; અશક્ય નથી હોતી. ક્યારેક એ બદલાય પણ છે. માણસને પોતાને કે એની નજીકની કોઈ વ્યક્તીને જ્યારે હચમચાવી દેતો ગમ્ભીર અનુભવ થાય છે ત્યારે ધાર્મીક ન હોય એ વ્યક્તી ધાર્મીક બની શકે છે. એ જ રીતે ચુસ્ત ધાર્મીક વ્યક્તી પણ સમ્પુર્ણ પણે શ્રદ્ધા ગુમાવી શકે છે. જાત અનુભવને લીધે આવતું આ વીચારાન્તર સ્વેચ્છાએ કરેલું હોવા છતાં લાગણીના આવેશમાં થયું હોય છે. એની પાછળ ઝાઝો વીચાર નથી હોતો.

એક નાનો વર્ગ એવો છે કે જે લાગણીના આવેશમાં નહીં પણ વીશાળ વાચન, ઉંડો અભ્યાસ તેમજ મનોમંથન પછી વીચારાન્તર કરે છે. એ પરમ્પરાગત ધાર્મીક માન્યતાઓથી વીમુખ થાય છે. એની આ વીમુખતા સંસ્થાકીય ધર્મ પ્રત્યે હોય છે. ધર્મના આદર્શો, નીતી, પ્રામાણીકતા, ફરજ વગેરે પ્રત્યે નથી હોતી. છતાય ધાર્મીક સમાજ એમને નાસ્તીક માને છે.

આ રીતે પોતાની માન્યતાઓ બદલનાર વીચારોના ક્રાન્તીકારી કહેવાય છે. તેઓ પોતાના સમયથી ઘણા આગળ હોય છે. વૈચારીક ક્રાન્તીકારો સાચા કે ખોટા ઠરી શકે છે, સફળ કે નીષ્ફળ થઈ શકે છે પણ અજ્ઞાની તો ક્યારેય નથી હોતા. એમને અજ્ઞાની માનનાર પોતાના જ અલ્પજ્ઞાનનું પ્રદર્શન કરે છે.

ધાર્મીક ક્ષેત્રના આધુનીક ક્રાન્તીકારો પોતાને ઉદાર મતવાદી, વાસ્તવદૃષ્ટા, વીવેકબુદ્ધીવાદી, રૅશનલ થીન્કર વગેરે ગણે છે. આ બધામાં થોડો ફરક ખરો પણ મુખ્ય પ્રવાહથી તેઓ ઘણા અલગ છે. વર્તમાન ભારતમાં રાજકીય તેમજ સામાજીક ક્ષેત્રે કેટલાક રૅશનલ નેતાઓ થઈ ગયા છે. જવાહરલાલ નહેરુ એમાંના એક હતા. આ

નેતાઓને ધાર્મીક પ્રજા સાથે કામ કરવાનું હોવાથી પોતાના રૅશનલ વીચારોને મોખરે લાવવું વાજબી નહોતું માન્યું. એમના મુખ્ય કાર્યક્ષેત્રમાં એ બાધારુપ બનત. છતાં જરુર પડે તેઓ પોતાના વીચાર છુપાવતા પણ નહોતા.

વીચારાન્તર એ વીચારધારાની જનેતા છે. લાંબા ગાળાના પ્રશ્નોનો ઉકેલ શોધવો હોય તો ચીલાચાલુ ઘરેડથી દુર જવું પડે છે. જો કોઈએ પણ વીચારાન્તર ન કર્યું હોત તો માનવસમાજ જરાપણ પ્રગતી કરી શક્યો ન હોત. વૈશ્વીક સ્તરે આ પ્રકારના વીચારાન્તર આર્થીક, સામાજીક, રાજકીય, ધાર્મીક બધાય ક્ષેત્રે થતા જોઈ શકાય છે.

ધાર્મીક વીચારાન્તરના સંદર્ભમાં જોઈએ તો દુનીયાના બધા જ ધર્મ પરીવર્તકોને તત્કાલીન ધાર્મીક વીચારધારાઓમાં જે ખામીઓ જણાઈ એનો તેમણે વીકલ્પ શોધ્યો હતો. એમની તપસ્યા, ધ્યાન, ચીન્તન, સાધના જે પણ કહીએ તે એક પ્રકારનું વીચારાન્તર જ હતું. એમની નવી વીચારધારાને પણ તરત સફળતા નહોતી મળી.

ભારતમા, મહાવીર અને બુદ્ધને તત્કાલીન વૈદીક–સનાતન ધર્મમાં ખામીઓ જણાઈ એટલે જ એમણે પોતાની નવી વીચારધારા શરુ કરી. પણ તેઓ છેલ્લા નથી. એમના પછી પણ નવી અને ભીન્ન ધાર્મીક વીચારધારાઓ આવતી રહી છે. અહીં મુદ્દો કોણ વધુ સાચું કે સારું એનો નથી. મુદ્દો છે કોઈપણ વીચારધારા શાશ્વત કે સનાતન ન હોવાનો છે. જ્યાં સુધી કોઈ ચોક્કસ વીષય પર માનવ સમાજમાં પાયાના મતભેદ છે ત્યાં સુધી એ વીષય પરનું કોઈપણ ધાર્મીક વીચારધારાનું કથન સર્વવ્યાપી સર્વકાલીન સત્ય તરીકે સ્વીકારી શકાય નહીં.

દુનીયાના બધા જ સંસ્થાકીય ધર્મો વચ્ચે થોડી સમાનતા અને થોડી વીષમતા રહેલી છે. એમના વચ્ચેની સૌથી મોટી સમાનતા છે

રહસ્યવાદની. કોઈપણ ધાર્મીક વીચારધારા એનાથી બાકાત નથી રહી. એનું મુખ્ય કારણ એ છે કે માણસને જન્મજાત રીતે રહસ્યમય વાતો ગમે છે. લોજીક કરતાં મેજીકમાં વધુ મઝા આવે છે.

જે પ્રશ્નોનો બધાને ગળે ઉતરે એવો ચોક્કસ ઉકેલ નથી તેને રહસ્ય કહેવાય છે. એના જુદા જુદા ચીન્તકો દ્વારા અપાયેલ જવાબ રહસ્યવાદ બની જાય છે. વીશેષમાં ધર્મપ્રણેતાઓને નામે આજે જે ફેલાવવામાં આવે છે તેની વીશ્વસનીયતા પણ સંશયાત્મક છે. દરેક ધર્મના આટલા ફાંટા, એમાં પાછળથી કરવામાં આવેલી ભેળસેળનું તેમજ મનફાવતાં અર્થઘટનોનું પરીણામ છે. ધર્મોમાં મોજુદ રહસ્યવાદનો મોટો ભાગ પાછળથી ઉમેરવામાં આવ્યો હોવાની શક્યતા ઘણી છે. કાળક્રમે થઈ ગયેલા ધર્મગુરુઓ પોતાનો નવો પંથ કે સમુદાય સ્થાપવા આ રહસ્યવાદને થોડાં જુદા સ્વરુપે રજુ કરતા રહ્યા છે. એના વડે કેટલાયે અઘરા પ્રશ્નોના ઉત્તર સહેલાઈથી આપી શકાય છે અથવા એમને સદન્તર ટાળી શકાય છે.

આ રહસ્યવાદ મુખ્યત્વે સ્વર્ગ, નરક, પુનર્જન્મ જેવા વીષયો વીશે છે. માનવ સમાજ પાસે દરેક રહસ્યમય વીષયના કેટલાક અલગ મત પ્રવર્તે છે. એક વીષયના આવા ભીન્ન મત બધા તો સાચા ન હોઈ શકે. કદાચ એક સાચો હોઈ શકે; પણ કોનો ? જો પાંચમાંથી ચાર ખોટા હોય તો પાંચેપાંચ ખોટા હોઈ શકે છે. આપણી પાસે અત્યારે સર્વમાન્ય ઉકેલ નથી એટલા માટે કોઈએ ભુતકાળમાં આપેલ ગમે તે ઉકેલ સાચો નથી બની જતો. વાસ્તવમાં કેટલીયે પુરાણી ધાર્મીક માન્યતાઓ ખોટી સાબીત થઈ છે. એ જ બતાવે છે કે બધી રહસ્યમય માન્યતાઓ માટે ખુલ્લી દૃષ્ટી રાખવી જરુરી છે. ભુતકાળમાં જેમણે રહસ્યવાદ રહીત માત્ર નૈતીક વીચારધારા ફેલાવવાની કોશીશ કરી હતી તે સફળ નથી થયા.

એમની નીષ્ફળતાનું કારણ રહસ્યપ્રેમી માનવ પ્રકૃતી ઉપરાંત ભુતકાળમાં તાર્કીક કે વૈજ્ઞાનીક રીતે વીચારવાનો બહુધા અભાવ હતો.

વર્તમાનની રાજકીય આર્થીક, સામાજીક વગેરે બધી જ વીચારધારાઓ પશ્ચીમના દેશોમાં શરુ થઈ આખી દુનીયામાં ફેલાઈ રહી છે. સ્વેચ્છાએ કે અનીચ્છાએ બધા દેશો તે અપનાવી રહ્યા છે. ધાર્મીક ક્ષેત્ર અતી સમ્વેદનશીલ હોવાથી તે સૌથી છેલ્લે આવશે. તે ધર્માન્તર સ્વરુપે નહીં; પણ ધાર્મીક વીચારાન્તર સ્વરુપે હશે.

મધ્ય યુગમાં પશ્ચીમમાં પણ રહસ્યવાદ અને અન્ધશ્રદ્ધા મોટે પાયે અસ્તીત્વમાં હતાં. ત્યા વર્તમાન યુગ પાંચસો વરસ પહેલાં શરુ થયો હોવાથી આ બધું હવે ઘણું ઓછું થઈ ગયું છે. ભારત એકસાથે બધા યુગોમાં જીવે છે. એટલું જ નહીં, ઘણી વ્યક્તીઓ પણ જુદા જુદા સમયમાં જીવતી હોય છે. ધંધા વ્યવસાયની બાબતમાં એકવીસમી સદીમાં જીવનાર માણસ સામાજીક રુઢીઓ બાબતે ઓગણીસમી સદીમાં અને ધાર્મીક માન્યતાઓ સંદર્ભે ચૌદમી સદીમાં જીવતો હોય એ સામાન્ય બાબત છે.

ટુંકમાં, પશ્ચીમના વીકસીત દેશોમાં રહસ્યવાદ હજી કેટલેક અંશે ચાલુ છે જ્યારે ભારત સહીત પુર્વના અન્ય દેશોમાં તાર્કીક/ વૈજ્ઞાનીક વીચારધારા પ્રસરી રહી છે. એટલે પુર્વ પશ્ચીમના શબ્દ પ્રયોગને બદલે જુની દુનીયા અને નવી દુનીયાનો શબ્દપ્રયોગ વધુ યોગ્ય રહેશે.

હવે જ્યારે વૈજ્ઞાનીક વીચારસરણીને ભૌતીક જગતના પ્રશ્નો ઉકેલવામાં વ્યાપક સફળતા મળવા લાગી છે ત્યારે રહસ્યવાદમાં ન માનનારાઓને આશાનું કીરણ દેખાય છે. એમના પ્રયત્નો પથ્થર પર રેડાતા પાણી નહીં; પણ બાલદી પાણીમાં ઉમેરાતા રંગના થોડાં ટીપાં બનવાની પુરી શક્યતાઓ છે. પાંચ હજાર વરસ જુના રહસ્યવાદે માનવ

સમાજનું જેટલું ભલું કર્યું છે એનાથી વધારે ભલું છેલ્લા બસો વરસમાં વૈજ્ઞાનીક શોધોએ કર્યું છે. આ તો હજી શરુઆત છે. જે ઝડપે દુનીયાનું એકીકરણ થઈ રહ્યું છે તે જોતાં એમ લાગે છે કે એકવીસમી સદી વીવીધ ધાર્મીક વીચારધારાઓની પીછેહઠ અને એકમાત્ર 'નૈતીક વીચારધારા આધારીત માનવવાદ'ની સદી તરીકે વીદાય લેશે. એનો યશ કોઈ એક વ્યક્તીને નહીં પણ વૈજ્ઞાનીક/તાર્કીક વીચારસરણીને અનુસરતા સમુદાયને જશે. શુદ્ધ નૈતીકતામાં વૈવીધ્ય કે રહસ્યને સ્થાન નથી.

એક ધાર્મીક વીચારધારામાં અનેકાન્તવાદને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે. અનેકાન્તવાદ એ માત્ર વીવાદને નીવારવાનો સમાધાનકારી માર્ગ નથી. સાચો અનેકાન્તવાદ એ છે જે ભીન્ન વીચારધારા પર પુરતો વીચાર કરી જો વાજબી લાગે તો અપનાવવામાં છે.

♦

અનુક્રમણીકા

13-2014-07-25

## આપણી બે દુનીયા

આપણે બધા બે પ્રકારની દુનીયામાં જીવીએ છીયે. પહેલી દુનીયા જે આંખો સામે દેખાય છે તે બહારની દુનીયા છે. આપણા જીવન સાથે સંકળાયેલી બધીજ વ્યક્તીઓ, પ્રાણીઓ, વસ્તુઓ અને પ્રવૃત્તીઓ બધું જ આ બહારની દુનીયામાં સમાયેલું છે. એ નક્કર છે, વાસ્તવીક છે અને સત્ય છે. બધા માટે તે સરખી છે. એના નીયમો બધાને લાગુ પડે

છે. એની સાથે આપણો ભુતકાળ, વર્તમાન, અને ભવીષ્ય, ત્રણેય સંકળાયેલા છે.

બીજી આપણા મગજની અંદર ચાલી રહેલી અંગત દુનીયા છે. એ નક્કર નથી, દેખાતી નથી કારણ કે તે બહુધા આભાસી છે. એમાં આપણી બધી અપેક્ષાઓ, આકાંક્ષાઓ, કલ્પનાઓ, માન્યતાઓ વગેરે આવેલી છે. એ થોડી વાસ્તવીક અને મોટે ભાગે શ્રધ્ધા, ગેરસમજ, માન્યતાઓ વગેરેથી ભરેલી છે. દરેકની પોતાની એ અંગત દુનીયા હોઈ, અમુક અંશે બીજાઓથી ભીન્ન હોય છે. એને કોઈ સર્વમાન્ય નીયમો કે કાયદાઓ લાગુ પડતા નથી. માનવજાતી સીવાય બીજા કોઈને આ દુનીયા મળેલી નથી. એ વર્તમાન કરતાં આપણા ભુતકાળ અને ભવીષ્ય સાથે વધારે સમ્બન્ધ ધરાવે છે. જુદી હોવા છતાં આપણી આ બન્ને દુનીયા એકબીજા સાથે ગાઢપણે સંકળાયેલી છે.

પ્રાણી જગતની બધીજ પ્રવૃત્તીઓ કુદરતી અને સ્વયંસ્ફુરીત (instinctive) હોય છે. આ સ્વયંસ્ફુરીત ઉપરાન્તની જે પણ પ્રવૃત્તી માણસ કરે છે તેમાંની મોટાભાગની પોતાની અંગત દુનીયાથી પ્રભાવીત અને પરીણામરુપે હોય છે. એ આપણુ જબરદસ્ત પ્રેરકબળ છે.

કેટલાક લોકો બહારની દુનીયા કરતાં અંદરની દુનીયામાં વધુ જીવતા હોય છે. વૈજ્ઞાનીક, તત્ત્વજ્ઞાની, કળાકાર, ચીત્રકાર, લેખક, કવી વગેરે આ પ્રકારમા આવે છે. તેમની પ્રવૃત્તીઓ રચનાત્મક છે. પોતાની અંગત દુનીયાનો લાભ તેઓ પોતાના સર્જન દ્વારા બીજાઓને આપે છે. આપણે એમના ઋણી છીયે.

માનસીક સંતુલન ખોઈ બેસેલા તેમ જ નશીલા પદાર્થોના બંધાણી વગેરે જેવા પણ પોતાની અંગત દુનીયામાં વધુ જીવતા હોય છે.

તેમની પ્રવૃત્તીઓ આંશીક રીતે ખંડનાત્મક છે. તેઓ આપણી સહાનુભુતીને પાત્ર છે.

આ બે અન્તીમ વર્ગો વચ્ચે એક એવો મોટો વર્ગ છે જે પોતાની ખાસ એવી અંગત દુનીયાનો દોર કોઈ બીજાના હાથમાં સોંપીને બેઠો છે. મોટા ભાગના લોકોની અંગત દુનીયાનો સૌથી વધુ ભાગ એમની ધાર્મીક માન્યતાઓનો હોય છે. એ મળેલો હોય છે એમના ધર્મગુરુઓ પાસેથી, સમ્પર્કો પાસેથી, દંતકથાઓ દ્વારા, અને છેલ્લા થોડા વર્ષોથી ટી. વી. જેવા પ્રસાર માધ્યમો દ્વારા.

દેશના ઘડવૈયાઓએ આપણને રાજકીય સ્વતન્ત્રતા મેળવી આપી. એની સાથે નાગરીક હક્કો અને વાણી સ્વાતન્ત્ર્ય પણ આપમેળે આવી ગયાં. કમનસીબે વીચારોનું સ્વાતન્ત્ર્ય ખાસ ક્યાંય દેખાતું નથી. એ આપણને કોઈ મેળવી આપવાનું નથી. આપણે જાતે એ મેળવવાનું છે. વૈચારીક સ્વાતન્ત્ર્યનો અભાવ ટોળાશાહી અને ગાડરીયા પ્રવાહમાં પરીણમી અનર્થકારી પરીણામો લાવે છે.

મહત્વાકાંક્ષી લોકો પોતાની અંગત મહત્વાકાંક્ષા સંતોષવા લોકોના આવા વૈચારીક પરાવલમ્બનને લીધે સર્જાતી ટોળાશાહીનો પુરો લાભ ઉઠાવે છે. બની બેઠેલા ધર્મગુરુઓ આમાં અગ્રસ્થાને છે. સત્તા અને સમ્પત્તીના વધારે પડતા લોભને લીધે જેટલો વીનાશ સર્જાયો છે એટલો જ વીનાશ ધાર્માન્ધતાને લીધે પણ થયો છે. ધર્મ અને જાતીવાદને નામે જેટલાં યુધ્ધ અને જાનહાની થઈ છે એટલી કદાચ બીજાં કોઈ કારણસર નહીં થઈ હોય.

ચુસ્ત ધાર્મીક માન્યતાઓએ કટ્ટરપંથીઓ પેદા કરી આતંકવાદને જન્મ આપ્યો છે. આત્મઘાતી હુમલા હોય, પુર્વયોજીત કાવતરાં હોય કે પછી સ્થાનીક ઘટના દેશવ્યાપી બની ગઈ હોય, એ

આચરનારા બીજા કોઈના દોરવાયા હોય છે, જેનો ભોગ નીર્દોષ લોકો બને છે. આવી ઘટનાઓ પાછળ ધાર્મીક, રાજકીય અને સામાજીક નેતાઓનો ફાળો હોય છે. તેમજ એની પાછળ અનુયાયીઓની ટોળાશાહી વીચારસરણી પણ એટલીજ જવાબદાર છે.

લોકટોળાની વીચારસરણી પર અંકુશ મેળવવાની પ્રવૃત્તી ઘણી સંસ્થાઓમાં ચાલે છે. એમના અનુયાયીઓની બાહ્ય તેમજ અંગત એમ બન્ને દુનીયાનું સંચાલન સંસ્થાની નેતાગીરી દ્વારા થતું હોય છે. એ સંચાલકોના કહેવાનો સાર એવો હોય છે કે, "જાણવા અને સમજવા જેવું અમે બધુ કરી લીધું છે. તમને વીચારવાની કઈ જરુર નથી. માત્ર અમારા ચીંધ્યા માર્ગે ચાલો તો તમારું કલ્યાણ થઈ જશે. વગેરે વગેરે". પરીણામે એમના ભક્તગણમાં વૈચારીક સ્વતન્ત્રતાનો સદન્તર અભાવ આવી જાય છે અને ટોળાશાહી વર્તણુક શરુ થાય છે.

એમને ક્યારેક એમ પણ કહેવામાં આવે છે કે, "જે દેખાય છે તે (બહારની દુનીયા) બધું ભ્રમ અને માયા છે અને જે દેખાતું નથી તે સત્ય છે. જીવનનો સાર આ અદૃશ્ય સત્યને પામવાનો છે". પરાવલમ્બી અને અન્ધશ્રધ્ધાળુ વીચારસરણી ધરાવતો આવો કમનસીબ ભક્તગણ છે જે બહારની વાસ્તવીક દુનીયા કરતાં આવી અંદરની દુનીયામાં વધુ જીવે છે.

કહેવાતા ધર્મગુરુની દેરવણીથી, આવતા જન્મના લાભાર્થે સેંકડો લોકોએ સામુહીક આત્મહત્યા કરી હોય એવો દાખલો થોડા દાયકાઓ પહેલા વીદેશમાં નોંધાયો હતો. અંગત લાભ માટે પશુબલી, અને ક્યારેક તો બાળ–નરબલી, ચઢાવવાના દાખલાઓ પણ અવારનવાર આપણા છાપામા ચમકે છે. આવા બનાવ કોઈ ચોક્કસ

ધર્મ, જાતી કે સમ્પ્રદાય પુરતા મર્યાદીત નથી; બલ્કે એક યા બીજા સ્વરુપે અન્ધશ્રધ્ધાળુ અને અજ્ઞાની લોકોમાં તે બધે જ દેખાય છે.

કાપેલું કોળું, મંત્રેલા લીંબુ-મરચાં કે ઝાડુ-માટલાંનો ‘ઉતાર’ ચોકમાં મુકી આવવાની પ્રચલીત પ્રવૃત્તી દેખીતી રીતે ભલે હીંસક ન હોય; પણ એની પાછળની ભાવના તો એટલી જ હીન છે. પોતાની મુસીબતો બીજાને પધરાવવાથી ઓછી થઈ શકે એ માન્યતા જ હીંસાનું એક સ્વરુપ છે.

અહીંસામાં માનનારા આપણે ભલે એવું ન કરીયે પણ આપણી અહીંસાની સમજને એટલી સુક્ષ્મ સ્તરે લઈ ગયા છીયે કે આપણા લીધે બીજાનું કોઈપણ જાતનું અહીત થાય એ સાચા અહીંસાવાદી માટે મોટું અપકૃત્ય (પાપ) ગણાય.

આપણી બહારની દુનીયાનુ સંચાલન તો રાજકીય તથા સામાજીક નેતાઓ કરવાના જ છે. દેશ અને સમાજના શાન્તીપુર્ણ સંચાલન માટે તે જરુરી છે. જ્યારે આપણી અંદરની દુનીયા આપણી પોતાની છે. એનું સંચાલન કેટલી હદે બીજાઓને કરવા દેવું એ આપણા હાથમાં છે. આપણે જો વીચારોની સ્વતન્ત્રતા નહીં કેળવીયે તો બીજાઓ અવશ્ય એનો લાભ ઉઠાવશે. ભલે એ કોઈ નેતા હોય, ધર્મગુરુ હોય કે પછી આપખુદ સગા-સમ્બન્ધી હોય. સામાન્ય રીતે “સારા” કહેવાતા લોકોને પણ બીજાઓ પર પોતાનો અંકુશ રાખવો ગમતો હોય છે. સ્વતન્ત્ર વીચારસરણી આવા લોકોનું આપણા પરનુ વર્ચસ્વ ઘટાડે છે.

જ્યાં સુધી સ્વતન્ત્ર વીચારસરણી ન કેળવાય ત્યાં સુધી સાચા અર્થમાં સ્વતન્ત્ર થયા એમ ન કહેવાઈએ. વીચારોની સ્વતન્ત્રતા કેળવવી અઘરી છે. જે પણ થોડા લોકો એ કરી શક્યા છે એમાથી મોટા ભાગના એના બીજા પાસામાં ઉણા ઉતરે છે. એ બીજું પાસું છે બીજાઓની

સ્વતન્ત્રતાનો પણ મોકળા મને સ્વીકાર કરવાનો. સ્વતન્ત્ર વીચારસરણીવાળા ઘણા લોકો આપખુદ થઈ જાય છે. એમની આસપાસના લોકોની સ્વતન્ત્ર વીચારસરણી એમને ગમતી નથી.

આવી ઘણી બાબતોમાં પશ્ચીમી સંસ્કૃતીના લોકો આપણા કરતાં વધુ મુક્ત છે. આટલું ધ્યાનમાં રાખીએ તો જાણ્યા–સમજ્યા વીના એમની ટીકા કરવાની અપણી અધીરાઈ થોડીક કાબુમા રહે.

આપણી અંગત દુનીયાના આસન પરથી બધાને હટાવીને આપણા પોતાના અંતરાત્માને બેસાડીએ એમાં જ આપણુ ભલું છે. બીજા બધા આપણા માર્ગદર્શક, હીતેચ્છુ, પુરક વગેરે હોઈ શકે, માલીક તો આપણે પોતે જ રહેવાનુ છે.

♦

અનુક્રમણીકા

## અવગણાયેલા મહામાનવો

મહાકાવ્યો લખનાર ઋષી–કવી લોકમાનસમાં અમર થઈ ગયા છે. એમનાં માનસ પુત્રો અને પુત્રીઓ (પાત્રો) એમના કરતાં પણ વધારે અમર થઈ ગયાં છે. ઘણા રાજાઓ, સેનાપતીઓ, તત્ત્વજ્ઞાનીઓ, દાર્શનીકો ઈત્યાદી પણ વત્તે ઓછે અંશે અમર થઈ ગયા છે. વાર્તાકાર અને એમનાં વાસ્તવીક તેમ જ કાલ્પનીક પાત્રો (ટારઝન, સુપરમેન, શેરલોક હોમ્સ વગેરે) પણ અમર થઈ ગયાં છે. વર્તમાનમાં પ્રસીદ્ધીની ટોચ પર પહોંચેલી રમતગમત અને મનોરંજન ક્ષેત્રની થોડી વ્યક્તીઓ પણ આગળ જતાં અમર થઈ શકે છે.

આ બધાં ક્ષેત્રની વ્યક્તીઓ કરતાં માનવજીવનને પ્રત્યક્ષ રીતે વધારે સ્પર્શી ગયેલી વ્યક્તીઓ પાઠ્યપુસ્તકો સીવાય સદંતર વીસરાઈ ગઈ છે. આ અવગણાયેલ વ્યક્તીઓ છે: વૈજ્ઞાનીકો અને સંશોધકો. આપણી આસપાસ માનવસર્જીત જે પણ દેખાય છે તે તમામ વસ્તુઓ આ લોકોની સાધના અને મહેનતનું ફળ છે. આ લોકોએ પોતાનું કાર્ય ન કર્યું હોત તો આજે પણ આપણે ગુફાઓમાં રહેતા હોત, ઝાડનાં પાનફળ ખાતા હોત અને શરીરે ચામડું લપેટતા હોત.

ગુફામાંથી બેઠાં ઘરો અને પછી બહુમાળી ઈમારતો સુધી આપણને પહોંચાડનાર બધા લોકો ભુલાઈ ગયા છે. આજ રીતે પહેરવેશ, ખોરાક અને અન્ય જીવન જરુરીયાતની પાયાની ચીજો પાછળ પણ આવા જ અગણીત ગુમનામ લોકો રહેલા છે. વીસરાઈ ગયેલા આવા અસંખ્ય લોકોમાંથી હજી કંઈક યાદ હોય એવા નજીકના ભુતકાળમાં થઈ ગયેલા થોડા લોકો અને એમના કાર્ય વીશે જાણીએ.

વૈજ્ઞાનીકોની વાત આવે એટલે સૌથી પહેલાં આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું નામ લેવાય છે. એમની શોધોએ પ્રત્યક્ષ રીતે આપણી જીંદગી પર હજી સુધી ખાસ અસર કરી નથી. એ થવાની હજી બાકી છે. આધુનીક શોધખોળોના પાયામાં સૌથી વધારે યોગદાન રહ્યું છે આઈઝેક ન્યુટનનું. એમનું નામ જેમણે સાંભળ્યું છે તેઓ એમને ગુરુત્વાકર્ષણના શોધક તરીકે ઓળખે છે. તે એમની એક મહત્ત્વની શોધ ખરી; પણ તે સીવાય એમણે ભૌતીકશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, ગણીત, ખગોળ વગેરે વીષયોમાં ખુબ ઉપયોગી કામ કર્યું છે. પાછળથી થયેલી ઘણી શોધો એમના સ્થાપીત સીદ્ધાન્તો પર રચાયેલી છે. કહેવાય છે કે ત્રણસો વરસ પહેલાં થઈ ગયેલ આ યુગપુરુષ દુનીયામાં આજ સુધી થઈ ગયેલા લોકોમાં સૌથી વધુ બુદ્ધીશાળી હતા.

કાગળની શોધ આશરે બે હજાર વરસ પહેલાં ચીનમાં થઈ હતી. બીજા દેશોમાં પહોંચતાં એને કેટલીક સદીઓ લાગી. આ અગત્યની શોધનો ખરો લાભ છાપખાનું શોધાયું ત્યારે જણાયો. છાપખાનાની શોધનો યશ આશરે છસો વર્ષ પહેલાં થઈ ગયેલ જોહાનીસ ગુટેનબર્ગને ફાળે જાય છે. આને લીધે જ્ઞાન અને માહીતી વધુ લોકો પાસે ઝડપથી પહોંચવા લાગી. એના લીધે સાક્ષરતામાં વધારો થયો. ભારતમાં એનો ખરો લાભ સદીઓ પછી અંગ્રજોના વખતથી થયો છે. એ સાથે, ભારતના સન્દર્ભમાં, લખવા વાંચવાનો બ્રાહ્મણોનો ઈજારો જતો રહ્યો. જનસમુદાયને પોતાની રીતે જ્ઞાન મેળવવું શક્ય બન્યું.

આજના સમયમાં થોડીવાર માટે પણ વીજળી જતી રહે તો આપણો બધો વ્યવહાર અને વ્યવસ્થા ખોરવાઈ જાય છે. આ વીજળીની શોધ અને એના જુદાં જુદાં ક્ષેત્રોના ઉપયોગ પાછળ પચાસ જેટલા મુખ્ય

સંશોધકોનું યોગદાન છે. વીજળીના અગણીત ઉપયોગમાંથી મુખ્ય છે પ્રકાશ, ઈલેક્ટ્રીક મોટર, ટેલીફોન વગેરે.

વીજળીની લાઈટ શોધનાર થોમસ એડીસનનું નામ પ્રમાણમાં વધુ જાણીતું છે. એમણે રાતના અંધારાનું વર્ચસ્વ ઘટાડી નાખ્યું અને કામના કલાકો વધારી આપ્યા. ચોવીસે કલાક ચાલુ રાખવી પડે એવી જીવન જરુરીયાતની પ્રવૃત્તીઓ વીજળીને લીધે શક્ય બની છે.

કોઈપણ મશીન ચલાવવા માટે ઈલેક્ટ્રીક મોટરની જરુર પડે છે. એના વગર આપણાં બધાં કારખાનાંનાં યંત્રો ચાલી ન શકે. તેમ જ ઘરમાં વપરાતાં સાધનો પણ શક્ય ન બને. આ મોટરની શોધનો યશ મુખ્યત્વે માઈકલ ફેરાડેના નામે જાય છે. મોટરથી ચાલનાર દરેક યન્ત્ર પાછળ વળી બીજા જ કોઈ વૈજ્ઞાનીકનો ફાળો છે.

દુનીયાને ટેલીફોન આપનાર એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલનું નામ પણ કંઈક જાણીતું છે. એના લીધે દુર બેઠેલી વ્યક્તીઓ વચ્ચે તાત્કાલીક વાતચીત શક્ય બની. સંદેશવ્યવહાર ખુબ સરળ અને કાર્યદક્ષ બન્યો. ટી.વી.ના આગમન પહેલાં લાંબા સમય માટે રેડીયોની બોલબાલા હતી. એની શોધનો યશ માર્કોનીના ફાળે જાય છે. રેડીયોએ હવે ભલે એનું મહત્ત્વ ગુમાવ્યું હોય, પણ ત્યાર પછીનો બધો વાયરલેસ સંદેશ વ્યવહાર માર્કોનીની શોધ પર આધારીત છે.

બધાં વાહનોમાં વપરાતાં પેટ્રોલ અને ડીઝલ એન્જીનના શોધક નીકોલસ ઓટો અને વરાળથી ચાલતા એન્જીન શોધનાર જેમ્સ વૉટ. આ બે જણાએ વાહનવ્યવહાર બદલાવી દીધો છે. ત્યાર પછી રાઈટ બંધુઓએ વીમાનની શોધ કરી દુનીયાને નાની બનાવવામાં મોટી હરણફાળ ભરી છે.

આ થોડી રોજબરોજના વપરાશની મુખ્ય શોધોની વાત થઈ. આ બધી શોધખોળો આજથી સો અને બસો વરસ પહેલાંના સમયગાળામાં થઈ છે. ભારતના સૌથી વીશાળ એવા મોગલ સામ્રાજ્યના શક્તીશાળી સમ્રાટોએ પણ આમાંના કોઈપણ સાધન વીશે સાંભળ્યું સુધ્ધાં નહોતું!

આ ઉપરાંત આરોગ્ય અને ચીકીત્સા ક્ષેત્રે પણ આજ સમય દરમીયાન ખુબ અગત્યની શોધો થઈ છે. એલેકઝાંડર ફ્લેમીંગે શોધેલ પેનેસીલીનને લીધે જાતજાતના ચેપ સામે રક્ષણ મળ્યું છે. વીલીયમ મોર્ટને શોધેલ એનેસ્થેસીયાને લીધે શસ્ત્રક્રીયા શક્ય અને સહ્ય બની છે. તે ઉપરાંત વીવીધ ચેપી રોગો સામે રક્ષણ આપતી રસીઓ, ટીસ્યુ કલ્ચર, જર્મ થીયરી, ડી.એન.એ., એક્સ–રે, એન્ટીબાયોટીક વગેરે શોધોએ ચીકીત્સાક્ષેત્રને સમુળગું બદલાવી દીધું છે. આ શોધોના પરીણામે ચેપી રોગથી મરતા લાખો લોકો બચી ગયા છે. શીતળા જેવો રોગ દુનીયામાંથી સદન્તર નાબુદ થઈ ગયો છે. અને બીજા બધા રોગોના ઉપચાર શક્ય બન્યા છે. બાળમૃત્યુનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે અને માણસોની સરેરાશ આવરદા બે થી ત્રણ ગણી થઈ ગઈ છે.

આ બધાનાં પરીણામ સ્વરુપ થયેલ વસતી વીસ્ફોટનું નીવારણ પણ શોધી કઢાયું છે. ગર્ભનીરોધક ગોળીઓ અને અન્ય સાધનોએ વસતી નીયન્ત્રણ ઉપરાંત સ્ત્રીઓનો પ્રસુતી આધારીત ઉંચો મૃત્યુદર ઘટાડી એમનાં સ્વાસ્થ્ય અને આવરદાને ઘણી વધારી છે.

આપણને પ્રત્યક્ષ અસર કરતા આ થોડાં ઉદાહરણ છે. પરોક્ષ રીતે અસર કરતી શોધો આનાથી અનેકગણી વધારે છે. દરેક વસ્તુને વધારે અસરકારક અને કાર્યક્ષમ બનાવવાના પ્રયાસો સતત થઈ રહ્યા છે. જો બધા વૈજ્ઞાનીકો અને સંશોધકોનું લીસ્ટ બનાવવા જઈએ તો એક

દળદાર પુસ્તક બની જાય. એ ઉપરાંત કેટલાયે એવા સંશોધકો છે જેમનાં નામની દુનીયાને ખબર સુધ્ધાં નથી.  આ ભૌતીક ઉપકરણોની શોધ જે પાયાના સીદ્ધાન્તો પર રચાયેલી છે તે સીદ્ધાન્તો ઘડનારા વૈજ્ઞાનીકોનું યોગદાન પણ એટલું જ મહત્ત્વનું છે. એમની નામાવલીમાં જવાનું હમણાં ટાળીએ.

આપણી જીવનશૈલીમાં બધું જ માનવસર્જીત છે. ખાવાનું અનાજ સુધ્ધાં. આ વીકાસ–પ્રગતીને ભૌતીકવાદ કહેતા લોકો પોતે એનો જેટલો પણ લાભ મળે એટલો લેવાનું ચુકતા નથી !

આ બધા ઉપરાંત ગેલીલીયો, કોપરનીકસ, હબલ, ચાર્લ્સ ડાર્વીન, સીગમંડ ફ્રોઈડ વગેરે જેવાઓએ આપણી બાહ્ય દુનીયા અને આંતરમન વીશેની પ્રચલીત માન્યતાઓને ધરમુળથી બદલાવી દીધી છે.

તાજેતરમાં શોધાયેલી કમ્પ્યુટર, ઈન્ટરનેટ અને સ્ટેમ સેલ જેવી શોધોનો પુરો વ્યાપ હજી હવે ખબર પડવાનો છે. નીત નવી શોધોનો અહીં અન્ત નથી આવતો. બધું ક્યાં પહોંચશે એની કોઈને ખબર નથી. ભવીષ્યની કલ્પના કરતા ઘણાં પુસ્તકો લખાયાં છે, ફીલ્મો બની છે ને બનતી રહેવાની છે. એ બધી અત્યારે કોઈકની કલ્પનાઓ છે, આજની વાસ્તવીકતા નથી; પણ એવું ભવીષ્યમાં થઈ શકે છે અને ન પણ થઈ શકે.

એ જ રીતે ભુતકાળમાં ત્યારના ભવીષ્ય વીશે જે પણ લખાયું છે એમાંની ઘણી બાબતો તે વખતની વાસ્તવીકતા નહીં; પણ કવીકલ્પના હોવાની શક્યતા ઘણી વધારે છે. આના અનુમોદનમાં પુષ્પક વીમાન, પવન પાવડી, સંજય દૃષ્ટી જેવા ઘણા દાખલા આપી શકાય.

આગળ વર્ણવેલા બધા લોકો વૈજ્ઞાનીકો અને સંશોધકો ઉપરાંત સાધક અને તપસ્વી પણ હતા. આ સીદ્ધીઓ એમને કોઈ મન્ત્રનો જાપ જપવાથી નથી મળી, કે કોઈ મંદીરના ઘંટ વગાડવાથી નથી મળી. પુજાપાઠ કરવાથી, જાત્રાઓ કરવાથી, શીબીરોમાં જવાથી કે બાધા–આખડીઓ રાખવાથી પણ નથી મળી. આવી શોધો કરવા માટે રાત દીવસ જોયા વગર અભ્યાસ ખંડમાં અને પ્રયોગશાળામાં જાત ઘસી નાંખવી પડે છે. એ માર્ગે કેટલીયે નીષ્ફળતાઓને પચાવવી પડે છે. એમાં કૌટુમ્બીક જીવનનો ભોગ દેવાય છે અને ઘણી વખત આર્થીક પાયમાલી પણ નોતરવી પડે છે. ફક્ત પોતાના આત્માના ઉદ્ધાર માટે નહીં; પણ સમસ્ત માનવજાતના લાભ માટે કરેલી આ એમની સાધના અને તપસ્યા છે.

એક માન્યતા એવી છે કે બધાનું ભવીષ્ય જન્મ સાથે જ નક્કી થયેલું હોય છે અને એ બદલી શકાતું નથી. આ મહામાનવોએ ફક્ત પોતાનું જ નહીં; પણ સમગ્ર માનવજાતનું ભવીષ્ય બદલ્યુ છે. પોતાની મહેનતનો લાભ પોતા પુરતો મર્યાદીત રાખવાનો સ્વાર્થ નથી દાખવ્યો. આ શોધખોળોની વીશેષતા એ છે કે એક ચીનના અપવાદ સીવાય એ બધી જ પશ્ચીમના દેશોમાં થઈ છે. આની પાછળ એમની સવાલો કરી, એના ઉત્તર મેળવવા માટે જાતમહેનત અને પ્રયોગો કરવાની વૃત્તી રહેલી છે. રાજકીય કારણોસર અંગ્રેજો સાથેના દ્વેષથી પ્રેરાઈને આપણે વીચાર્યા વગર પશ્ચીમના દેશોની બધી બાબતોનો આંધળો વીરોધ કરતા આવ્યા છીએ. જ્યારે એમની મહેનતનું ફળ ભોગવવામાં જરાય સંકોચ કરતા નથી.

સદીઓથી અવગણાયેલ આ વર્ગનું છેલ્લાં સો વરસથી જાહેર સન્માન થવા લાગ્યું છે. આવા સન્માનોમાં સૌથી પ્રતીષ્ઠીત છે, દર વર્ષે

અપાતું નોબલ પ્રાઈઝ. એનાથી એમને કદર અને કલદાર બન્ને મળે છે. હવે સંશોધકોને આપવો પડતો ભોગ ઘણો ઓછો થયો છે અને મળતું વળતર પણ વધ્યું છે. આ સ્વીકાર–સન્માન હજીયે મર્યાદીત વર્તુળમાં સીમીત છે. જનસમુદાય હજી એમના પ્રત્યે ઘણો ઉદાસીન છે.

ભુતકાળમાં સ્વીકાર–સન્માન તો દુર રહ્યાં; સર્વસ્વીકૃત માન્યતાથી અલગ કહેનારને પણ ઘણું સહન કરવું પડતું હતું. એવું કહેનારને ક્યારેક જેલવાસ તો કયારેક દેહાન્ત દંડ પણ મળ્યો છે. આજે પણ જુનવાણી સમાજોમાં રુઢીગત માન્યતાથી અલગ વીચારનારને દંડાય છે.

ઘણી વખત સાંભળ્યું અને વાચ્યું છે કે પ્રથમ જૈન તીર્થંકર ઋષભદેવે માણસોને ખેતી કરતા શીખવાડ્યું છે. ખોરાક પાછળ ભટકવા કરતાં સ્થાયી થઈ ખેતી કરવી એ માનવ ઉત્ક્રાન્તીનું ખુબ અગત્યનું પગથીયું હતું. આગળના કથનને બીજી રીતે પણ જોઈ શકાય. જૈન વીચારધારાએ એક સંશોધક–વૈજ્ઞાનીક તપસ્વીને તીર્થંકર ગણ્યા છે. આ ગૌરવની વાત છે. કોઈ પ્રગતીશીલ વાસ્તવવાદી ધર્માચાર્ય આ પરમ્પરાને આગળ ચલાવવા ઈચ્છે તો એમને એવા ઘણા સંશોધકો, વૈજ્ઞાનીકો, તપસ્વીઓ મળી આવે. ફરક એટલો છે કે એ ભારતની ભુમી પર ઓછા અને અન્ય દેશોમાં ઘણા વધુ મળશે.

મુળ સવાલ તરફ પાછા ફરીએ. ગીત ગાતા, ક્ષણીક મનોરંજન કરાવતા, ધનનો ઢગલો ભેગો કરતા, કથા–વાર્તા કરતા વગેરે લોકો લોકજીભે રહે છે અને એમનું સન્માન થાય છે. ક્યાંકથી મળી આવેલી અજાણી પથ્થરની મુર્તીને નવું નામ આપી એને પુજાય છે. જ્યારે આપણી રોજબરોજની પ્રવૃત્તીઓને આટલી આસાન અને સગવડભરી બનાવી આપણી જીન્દગી ધરમુળથી બદલી નાંખનારાઓનાં નામ સુધ્ધાં

કોઈને ખબર નથી કે જાણવાની દરકાર પણ નથી ! જે લોકોને હજી આવી સગવડો ભોગવવાથી વંચીત રાખવામાં આવ્યા છે, એને માટે એમના રાજકારણીઓ અને ધર્મગુરુઓ જવાબદાર છે. આ વાસ્તવીકતા સ્વીકારવી આપણા હીતમાં છે.

રાજકીય, સામાજીક, ધાર્મીક વગેરે બધી જ વીચારધારાઓએ માનવ સમુદાયના મર્યાદીત વર્ગને પ્રભાવીત કર્યા છે. ઘણી વખત એકબીજા સાથે લડાવ્યા પણ છે. અવગણાયેલ મહામાનવોની મહેનતનું ફળ સમસ્ત માનવજાત ભોગવી રહી છે. બધા જ એમના ઋણી છે. એમનું યથાયોગ્ય સન્માન સૌની નૈતીક ફરજ બની જાય છે.

♦

અનુક્રમણીકા

15-2013-10-19

## જ્ઞાન સાગારનું ઉંડાણ

*આપણે તો હજી જ્ઞાનસાગરના કીનારે છબછબીયાં કરી છીપલા વીણી રહ્યા છીએ. એના ઉંડાણનો તાગ કોઈને નથી’* ત્રણસો વરસ પહેલાં થઈ ગયેલ ઉંચા ગજાના વૈજ્ઞાનીક આઈઝેક ન્યુટનના આ શબ્દો આજે પણ એટલા જ સાચા છે.

બાળક જ્યારે ભણવાનું શરુ કરે છે ત્યારે સૌથી પહેલાં એને એકડો શીખવાય છે. પહેલા વીષય ગણીતના પહેલા પાઠની આ શરુઆત છે. આગળ જતાં બાળક સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, ટકાવારી વગેરે શીખે છે. વર્ષો પહેલાં ગણીતનો વીસ્તાર આટલો જ હતો. આજે પણ મોટાભાગના લોકો માટે આનાથી વધુ જાણવું જરુરી હોતું નથી.

એમની પુરી જીન્દગી આટલું ગણીત જાણવાથી વગર મુસીબતે પસાર થઈ જાય છે. વ્યાવહારીક ભાષામાં એમને ગણીત આવડે છે એમ કહેવાય છે.

વ્યવહારમાં પાયાનું ગણીત ભલે પુરતું હોય, ગણીતનો વીષય એનાથી ઘણો વીશાળ છે. સરવાળા, બાદબાકી વગેરે અંકગણીત થયું, ગણીતની બીજી ઘણી શાખાઓ છે. હાઈસ્કુલના પાઠ્યપુસ્તકોમાં વડીલો ડોકીયું કરે તો ગણીતના વીસ્તારનો વધુ ખ્યાલ આવે. આ એક અલ્પવીરામ માત્ર છે. કોલેજમાં ગણીતનો વીષય લઈ ગ્રેજ્યુએટ થઈ શકાય છે. આગળ જતાં ગણીતમાં પીએચ. ડી. થઈ શકાય છે. તેઓ પણ સંપુર્ણ ગણીત જાણે છે એમ નથી હોતું.

મોટાભાગના લોકો માટે પાયાનું ગણીત પુરતું હોય તો આટલા બધા ગણીતની જરુર ખરી ? હા છે. જરુરત એ શોધની જનેતા છે. જરુર ન હોય તો ગણીત આટલું વીકસ્યું ન હોત. વીકસીત ગણીત, એડવાન્સ મેથેમેટીક્સ, વીજ્ઞાનનો પાયો છે. વીજ્ઞાન ટૅકનોલોજીનો પાયો છે. ટૅકનોલોજી આપણા વીકાસના પાયામાં છે. એના વગર આપણાં રહેવાનાં ઘર, પહેરવાનાં કપડાં, રોજીન્દા વપરાશની હજારો વસ્તુઓ, આરોગ્ય માટે જરૂરી દવાઓ વગેરે કંઈ ન હોત.

માત્ર સરવાળા બાદબાકી વગેરે જાણનારને ગણીત આવડે છે એમ કહેવાય છે. જ્યારે વર્ષો સુધી વધુ ગણીત ભણનાર પણ નીષ્ણાત નથી ગણાતા. આ બન્ને વીધાનો પોતપોતાની રીતે સાચાં છે. ગણીતની વાત આટલા વીસ્તારથી કરવાનું કારણ એ છે કે તે વેપારી સમાજના શ્વાસમાં હોવા છતાં સામાન્ય માણસને એના વીસ્તારનો પુરો ખ્યાલ નથી. બીજા વીષયોની વાત તો બાજુએ રહી.

ગણીત એ જ્ઞાનસાગરનો એક વીષયમાત્ર છે. આજે દુનીયાની મોટી યુનીવર્સીટીઓમાં સો–સવાસો જેટલા અલગ વીષયોમાં ડીગ્રી લઈને ગ્રેજ્યુએટ થઈ શકાય છે. આ બધા વીષયોનાં પાઠ્યપુસ્તકો ભેગાં કરીએ તો લાયબ્રેરી બની જાય. પાઠ્યપુસ્તકો ઉપરાંત દરેક વીષયની કેટલીયે રેફરન્સ બુક્સ હોય છે જે વીશેષ માહીતીથી ભરપુર હોય છે. ડૉક્ટર, વકીલ, એન્જીનીયર વગેરે આ વાતને સારી રીતે જાણે સમજે છે. બધા જ વીષયોનું જ્ઞાન સતત ઉંડુ અને વીસ્તૃત થઈ રહ્યું છે.

માનવ સમાજનું આ જ્ઞાન અવલોકન **(observation)**, અર્થઘટન (interpretation), વીશ્લેષણ (analysis), ચીન્તન (thinking), પ્રયોગ (experimentation) અને ક્યારેક વીસ્તૃતીકરણ (extrapolation) ના સંયુક્ત માર્ગે આવ્યું છે. માત્ર ચીન્તન કરવાથી કે ધ્યાન ધરવાથી બધું જ્ઞાન આવી જતું નથી.

આજથી અઢી હજાર વરસ પહેલાં જાગૃતીનો એક સમય આવ્યો હતો. ત્યારની બધી જ સંસ્કૃતીઓએ જ્ઞાનની બાબતમાં હરણફાળ ભરી હતી. જોકે ત્યારની એમની કોશીશ નૈતીકતા અને તત્વજ્ઞાન પર વધુ કેન્દ્રીત હતી. તે સમયની એ માંગ હતી. અન્ય વીષયો પર માત્ર અછડતું ધ્યાન અપાયું હતું. ત્યાર પછીનું ફોકસ મુખ્યત્વે કળા અને સાહીત્ય જેવા વીષયોમાં હતું.

દરેક પ્રાચીન વીચારધારાના સાહીત્યમાં આ લોકનું જે પણ જ્ઞાન છે તે આજની સરખામણીમાં સાવ ઓછું હતું એમ કહેવામાં જરા પણ અતીશયોક્તી નથી. ત્યારનું મોટાભાગનું સાહીત્ય ભક્તી, પ્રાર્થના, જપ–તપ, નીતી, સમાજશાસ્ત્ર, મહાપુરુષોના જીવનચરીત્ર, દૃષ્ટાંત કથાઓ વગેરે વીશે હતું. મારા લેખોમાં આવી બાબતોની ચર્ચા થતી નથી. જે વીષયોની ચર્ચા થાય છે એ વીષય છે ઈતીહાસ, ભુગોળ,

ખગોળ, વીજ્ઞાન વગેરે. પૌરાણીક સાહીત્યની આ વીષયોને લગતી માહીતીનો આજના તારણો સાથે વીરોધાભાસ છે. આ બેમાંથી સાચું શું છે એ ત્યારે નક્કી થાય જ્યારે બન્ને બાજુની જાણકારી હોય. પ્રાચીન માન્યતાઓને આજના વીસ્તૃત જ્ઞાનસંદર્ભમાં મુલવવાની જરુર છે. આ વાત ફરી એક વાર કરી છે કારણ કે એ જ વાત ફરી ચર્ચામાં આવતી રહે છે.

કોઈ વીષયનો અછડતો ઉલ્લેખ એક વાત છે, જ્યારે ઉંડાણમાં એનું જ્ઞાન હોય એ સાવ અલગ વાત છે. વીષયના ઉંડાણની અગત્યતા લેખની શરુઆતમાં ગણીતના ઉદાહરણથી સમજાવી છે. પાણી તળાવમાં હોય છે, નદીમાં હોય છે અને દરીયામાં હોય છે. એમના જથ્થા, ઉંડાણ અને ઉપયોગમાં ફરક છે. તળાવનું પાણી મર્યાદીત હોઈ સ્થાનીક ઉપયોગનું છે. એ સુકાઈ શકે છે. જ્યારે દરીયાનું પાણી પોતાની ખારાશ પાછળ છોડી, વરસાદરુપે વરસી, સર્વત્ર ઉપયોગમાં આવે છે. જ્ઞાનનું પણ આવું જ છે. એના થોડા સરળ દાખલા જોઈએ.

પૃથ્વી આપણા કરતાં એટલી મોટી છે કે આપણા દૃષ્ટીબીંદુથી, વેન્ટેજ પૉઈન્ટથી, એનું સમ્પુર્ણ કદ અને સ્વરુપ દેખાતાં નથી. આ મર્યાદીત અવલોકનને લીધે પ્રાચીન કાળમાં બધાએ પોતપોતાની રીતે જે અર્થઘટન કર્યું તે એકબીજાથી ઘણું અલગ અને અધુરું હતું કારણ કે તેઓ અવલોકનથી આગળ વધ્યા જ નહીં. બધી જ પ્રાચીન સંસ્કૃતીઓએ બનાવેલ અને આજ સુધી સચવાયેલ પૃથ્વીના નકશા આ વાતના પુરાવા છે. બધાએ પોતાના પ્રદેશને પૃથ્વીના કેન્દ્રસ્થાને બતાવ્યા હતા. એમાંથી કોઈને પણ પૃથ્વીના સાચા કદ અને આકારની ખબર નહોતી.

આજે પૃથ્વી વીશેની જે સાચી અને સર્વસ્વીકૃત માહીતી છે તે ન સ્વીકારનાર અને પોતાની જુની માન્યતાઓને વળગી રહેનાર પણ એક

વર્ગ છે. એટલું જ નહીં, પોતાની ખોટી માન્યતાનો પ્રચાર કરી શ્રદ્ધાળુઓને ગેરમાર્ગે દોરે છે. ભુતકાળની કોઈ વાત ખોટી સાબીત થાય તો એને મોકળા મને સ્વીકારી લેવાય. પહેલાનું કંઈ ખોટું ન જ હોય એમ કહેવું એ બીજાઓની સાથે પોતાની જાતને પણ છેતરવા જેવું છે.

રોજ સવારમાં નીયમીતપણે ઉગતો સુર્ય બધા જુએ છે. માત્ર એના અવલોકનથી કોઈને એક ધગધગતું ચક્ર લાગે છે. કોઈને ચમકતું પાકું ફળ લાગે છે. કોઈને સાત અશ્વના રથ પર બીરાજમાન તેજસ્વી પ્રતીભા દેખાય છે, તો કોઈ ક્યારે જોયો ન હોવા છતાં બે સુર્યની વાત કરે છે.

આજની અધીકૃત માહીતી પ્રમાણે સુર્ય એક વીશાળ અણુભઠ્ઠી છે. એમાં પેદા થતી ઉર્જા, ગરમી અને પ્રકાશના રુપમાં આપણી પાસે પહોંચે છે. સુર્યના કદ, બંધારણ, આયુષ્ય વગેરે કેટલીયે બાબતોની આજે ઉંડાણમાં માહીતી છે. આ જાણવા કેટલાયે ખંતીલા લોકોએ અવલોકનથી આગળ વધી બીજા પગથીયાં સર કર્યા છે.

સુર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ પણ બધા આદીકાળથી જુએ છે. એના વીશે જાતજાતની ભયાનક માન્યતાઓ ઉભી કરી તકસાધુઓએ ભોળા લોકોને ખુબ છેતર્યા છે. પૃથ્વી અને ચંદ્રના એકબીજા પર પડતા પડછાયા ગ્રહણ સર્જે છે જેનું સાચું જ્ઞાન ખગોળશાસ્ત્રીઓએ આપ્યું છે.

આ તો અનાયાસે થતા અવલોકનની વાત હતી. આ ઉપરાંત આપણી નજર સામે દેખાતી અને અનુભવાતી કેટલીયે વસ્તુઓ અને બનાવો વીશે ઘણી અલગ માન્યતાઓ હતી. એમાંથી થોડી સાચી હતી, થોડી ખોટી હતી અને મોટાભાગની અધુરી હતી. આજે દરેક વીષયની ઘણી વધારે માહીતી હોવા છતાં એ શોધનાર માત્ર એક ડગલું આગળ વધ્યાની વાત કરે છે. કોઈ એવો દાવો નથી કરતું કે અમને બધું ખબર છે

અને હવે કંઈ વધુ જાણવાનું બાકી નથી રહ્યું. ત્રીકાળજ્ઞાની કોઈ થયું નથી કે થવાનું નથી.

માણસ, સ્વભાવે ભુતકાળનો ગુલામ છે. એ વર્તમાનના પ્રશ્નો ઉકેલવા ભુતકાળની માહીતીનો આધાર લઈ એમાં અટવાય છે. માનવોમાં સદીઓના જ્ઞાન સાથે સદીઓનું અજ્ઞાન પણ ઉતરી આવ્યું છે. જ્યાં સર્જનશક્તી નબળી હોય ત્યાં અનુકરણવૃત્તી પાંગરે છે. આ વાત ભારત માટે ખાસ લાગુ પડે છે. જે ભવીષ્યદૃષ્ટા હોય એ જ સફળ નેતા થઈ શકે છે.

મીત્રો સાથેની ચર્ચામાં એક પ્રશ્ન અવારનવાર પુછાય છે કે બધા વૈજ્ઞાનીકો પશ્ચીમના દેશોમાં જ કેમ થઈ ગયા, ભારતમાં કેમ નહીં ?

બુદ્ધીશાળી લોકો તો દરેક ભુમીમાં એટલા જ પેદા થાય છે. બુદ્ધી અને કલ્પનાશક્તી પર કોઈ જાતી, પ્રજા કે પ્રદેશનો ઈજારો નથી. ફરક એની માવજતમાં છે, કેટલાક પ્રદેશોમાં એને ખીલવા દેવામાં આવે છે. આપણે એકની એક વાત સદીઓથી દોહરાવે રાખીએ છીએ. (ભારતના સેંકડો વ્યક્તીઓએ એ જ રમાયણની કથા પોતાના શબ્દોમાં લખી છે.) બંધીયાર મનોવૃત્તીની દુનીયામાં નવા વીચારના વીરોધીઓ કલ્પનાશક્તીને, નવા અખતરાઓને દબાવી દેવામાં સફળ થાય છે. આજે વીદેશમાં સફળતાના શીખરે પહોંચેલા ભારતીઓ અહીં રહ્યા હોત તો એટલા સફળ ન થયા હોત.

અર્વાચીન યુગમાં બંધીયાર મનોવૃત્તીમાંથી બહાર નીકળવાની પહેલી શરુઆત ઈટલીના ફ્લોરન્સ શહેરથી થઈ. પછી થોડા સમયમાં સમગ્ર યુરોપ મુક્ત વીચારસરણીને આવકારવા લાગ્યું. ત્યારથી નવું તેમજ જુદું વીચારનારાઓમાં આવેલા જોમનું જે પરીણામ છે, એની

અસર માત્ર વૈજ્ઞાનીક ક્ષેત્રે જ નહીં પણ કળા, સાહીત્ય, ઈતીહાસ, ખગોળ વગેરે બધા જ ક્ષેત્રોમાં થઈ. એને રેનેસાં અથવા નવજાગૃતી પણ કહે છે.

આપણે બંધીયાર મનોવૃત્તીમાંથી બહાર નીકળવાની શરુઆત થોડા દાયકાઓ પહેલાં જ કરી છે, જેની અસર હવે દેખાવા લાગી છે. અત્યાર સુધી આપણે પરભવની ચીંતામાં આ ભવના પ્રશ્નો ઉકેલવા પ્રત્યે ઉદાસીન રહ્યા હતા. એ સમયગાળામાં ભારતમાં જે થોડા ઘણા વૈજ્ઞાનીકો થઈ ગયા તેઓના નામ પણ સાવ થોડાને યાદ હશે. એમનું યોગદાન જાણવું તો દુરની વાત થઈ.

વૈજ્ઞાનીક સમુદાય લોકશાહી ઢબે કામ કરે છે. ત્યાં નાતજાતના ભેદભાવ નથી. બધાને પોતપોતાની કાબેલીયત પ્રમાણે યોગદાન આપવાની છુટ છે. 'જાતે જુઓ, અનુભવો અને પછી સ્વીકારો' એ વીજ્ઞાનનો મંત્ર છે. 'અમારું કહ્યું સ્વીકારી લો' એ બંધીયાર મનોવૃત્તીની માંગ છે.

વીજ્ઞાન શું છે ? એનું કાર્યક્ષેત્ર શું છે ? એની રજુઆત એકથી વધુ વખત થઈ ગઈ છે. વીજ્ઞાનનો મુળ હેતુ કુદરતના નીયમ સમજી એનો માનવહીત માટે ઉપયોગ કરવાનો છે. જેટલું ચોક્કસપણે સાબીત થઈ ગયું છે એને સત્ય તરીકે સ્વીકારવાનું છે. જેની ચોકસાઈમાં હજી કચાસ છે એને 'શક્યતા' માનવાની છે. જે કુદરતી નીયમોથી વીરુદ્ધની વાતો છે, જાત અનુભવ વીરુદ્ધની વાતો છે એમનો અસ્વીકાર કરવાનો છે. આટલું બધું સરળ હોવા છતાં વીજ્ઞાનનો વીરોધ શા માટે થાય છે ?

વૈજ્ઞાનીક સત્યો વ્યક્તીલક્ષી નહીં; પણ વસ્તુલક્ષી હોય છે. કોઈ પણ વ્યક્તી ક્યાંય પણ તેમને અજમાવી શકે છે. નવી માહીતી મળતાં એમાં જરુરી ફેરફાર કરવાનો અવકાશ હોય છે. એટલે જ તો વધુ સારા અને સગવડીયા નવા ઉપકરણો આપણને મળતા રહે છે.

આ બધી ભૌતીક જગતની વાતો થઈ. પરલોક જેવી કાલ્પનીક જગતની વાતોને વૈજ્ઞાનીક રીતે સંપુર્ણપણે સાબીત કરી શકાતી નથી કે નકારી શકાતી નથી. એમની વાસ્તવીકતાને શક્ય છે ત્યાં સુધી વૈજ્ઞાનીક સત્યોને આધારે અને પછી તાર્કીક રીતે મુલવવી પડે છે. એ બધુ આ લેખકના અન્ય લેખોમાં ચર્ચાઈ ગયું છે.

મહાપુરુષોએ શું કહ્યું છે તે અગણીત વાર વાચ્યું અને સાંભળ્યું છે. એનો કોઈ વીવાદ નથી. એમના નામે પાછળથી જે ઉમેરવામાં આવ્યું છે તેમજ એમાં જે મતભેદ છે એને ઉકેલવાની જરુર છે. ભુતકાળની ભુલો વીશે જાણવાનો અને તેને સુધરવાના પગલા લેવાનો અધીકાર દરેક સમાજને અને તેની દરેક વ્યક્તીને છે. અન્ય મહાપુરુષોએ શું કહ્યું છે તે જાણવાની પણ જેમને ઈચ્છા ન થતી હોય તેઓ હઠાગ્રહી ગણાય.

લેખના શરુઆતના વાક્યને ફરી એકવાર યાદ કરીએ. જ્ઞાનસાગરના ઉંડાણનો તાગ કોઈને નથી. મનની બારી ખુલ્લી રાખીએ અને નવા વીચારોને આવકારીએ તો સાચા જ્ઞાનમાં વધારો થાય.

♦

અનુક્રમણીકા

16-2013-05-09

## દાનથી પરીગ્રહ વીચ્છેદ સુધી

### (અપરીગ્રહની અવાસ્તવીકતા)

કોઈપણ પરીક્ષામાં પાસ થવા માટે એમાં સમાવેલ બધા જ વીષયોમાં પાસ થવું જરુરી હોય છે. જેને દરેક વીષયમાં 100 માંથી 35-40 માર્કસ મળે તે પાસ ગણાય છે. પછી ભલેને બીજાઓની સરખામણીમાં એનો નંબર ઘણો પાછળ હોય ! જેને એક વીષયમાં 100 માંથી 100ની નજદીકના માર્કસ મળે; પણ બીજા વીષયમાં ફક્ત 2 કે 4 માર્કસ મળે તે નાપાસ ગણાય છે.

જો આ નીયમ ધાર્મીકતાને લાગુ પાડવામાં આવે તો મોટા ભાગના ધાર્મીકો એમની ધાર્મીકતાના દાવામાં નાપાસ થતા દેખાશે.

જૈન એક એવો ધર્મ છે જેમાં અપરીગ્રહને ખુબ મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે એક સમુદાય તરીકે જૈનેતરની સરખામણીમાં જૈનો વધુ સાધનસંપન્ન (પરીગ્રહી) હોવાનું દેખાય છે. ઘણા જૈન વેપારી હોવાથી એમની વૃત્તી અને પ્રવૃત્તી સ્વાભાવીકપણે વધુ સમ્પત્તી ભેગી કરવાની હોય છે. એને જ સફળતાનો માપદંડ માનવામાં આવતો હોવાથી સમાજમાં સમ્પત્તી પ્રમાણે વ્યક્તીનું સ્થાન નક્કી થાય છે. ધનસંચય સીવાયની અન્ય સીદ્ધીઓને એટલું મહત્વ નથી અપાતું. (ડૉક્ટરની કાબેલીયત કરતાં તે કેટલા પૈસા કમાય છે એની ચર્ચા વધુ થાય છે.) જે કોઈ વ્યક્તી સંતોષ માની કે પછી પ્રામાણીકતા જાળવવા પોતાની આર્થીક પ્રવૃત્તીઓ મર્યાદીત રાખે તો તેને નીચી નજરે જોવામાં આવે છે.

અફસોસ એ વાતનો છે કે આ સર્વવ્યાપી વાસ્તવીકતાને અવગણી, અપરીગ્રહના આદર્શને આગવું સ્થાન આપી એની ફક્ત વાતો

જ કર્યા કરવાનો દમ્ભ જૈનો છોડતા નથી. આટલી સરળ વાતમાં પણ તેઓ પ્રામાણીક નથી બની શક્યા.

ભારતીયો પશ્ચીમી સંસ્કૃતીને ભોગવાદી ગણે છે. ભૌતીકતાને સંસ્કૃતી કરતાં મનોભાવના સાથે વધુ સમ્બન્ધ છે. હકીકતમાં આપણે પણ એટલા જ ભોગવાદી છીએ. આપણી પાસે ભૌતીક સગવડનાં સાધનો ઓછાં હતા કારણ કે તે અહીં મળતાં નહોતાં. હવે જ્યારે મળવા લાગ્યાં છે ત્યારે જેને પણ પોષાય છે એમની પાસે ભરપુર પ્રમાણમાં છે. એટલું જ નહીં; પોતાની સમૃદ્ધીનું પ્રદર્શન કરવામાં તેઓ જરાયે પાછળ પડતાં નથી. લગ્ન પ્રસંગો, ધાર્મીક તેમ જ અન્ય ઉજવણીઓમાં આ છતું થાય છે. ખુદ ભગવાનની મુર્તી પર અલંકારો ચઢાવી એમને પરાણે પરીગ્રહી બનાવાય છે.

ભૌતીકતાની સાચી વ્યાખ્યા કોઈની પાસે કેટલી વસ્તુઓ કે સમ્પત્તી છે તે નહીં પણ એમના માટે એનો લગાવ કેટલો છે તે છે. આપણને જરુર ન હોય; છતાં બીજા પાસે છે, એટલા માટે ભેગી કરવી; વસ્તુઓ ન હોવાનો અફસોસ કરવો વગેરે ભૌતીકવાદી માનસીકતાની નીશાની છે. આપણા આધ્યાત્મીકપણાના દાવામાં તથ્ય કરતાં દમ્ભ વધારે છે.

આપણી રોજબરોજની પ્રવૃત્તીને આસાન બનાવતા સગવડના સાધનો વાપરવામાં કંઈ ખોટું નથી. એના લીધે બીજાં અગત્યનાં કામ માટે વધુ સમય ફાળવી શકાય છે. સગવડ વીરોધી વાતો અને વર્તન કરવાથી આધ્યત્મવાદી નહીં; પણ અગવડવાદી થઈ જવાય છે. બધી બાબતોની જેમ અહીં પણ બન્ને બાજુનો અતીરેક નુકસાનકારક જ છે.

અપરીગ્રહની પ્રચલીત વ્યાખ્યા ભૌતીક સમ્પત્તી ભેગી ન કરવાની છે. ગૃહસ્થી માટે એ વ્યવહારુ નથી. આર્થીક રીતે સ્વતંત્ર

(સધ્ધર) ન હોય એવી વ્યક્તીને ઘણી બાંધછોડ કરવી પડે છે. એમને વ્યક્તીગત સ્વતંત્રતાના મુળભુત હક્ક જાળવવા અઘરા પડે છે. કોઈના મતે અપરીગ્રહ એ સાંસારીક જવાબદારીમાંથી છટકી જવાનો એક પ્રકારનો પલાયનવાદ છે.

આપણે આવકના જે પણ સાધન વીકસાવ્યા હોય એને આગળ વધારવામાં કંઈ ખોટું નથી. બીજા જે પણ આપણી પ્રવૃત્તી સાથે સંકળાયેલા હોય એ બધાના હીત માટે પણ એ જરુરી છે. એકમાત્ર શરત આપણા ધંધા–વ્યવસાયમાં સમ્પુર્ણ પ્રામાણીકતા જાળવવાની છે.

દેશમાં જેટલી સમ્પત્તી વધી રહી છે તે તો વધવાની જ છે. આપણે નહીં તો બીજા કોઈ, એ ભેગી કરી એનો દુરુપયોગ કરી શકે છે. સારા માણસોના હાથમાં પ્રામાણીકપણે આવેલી સમ્પત્તીનો કેટલો સદુપયોગ થઈ શકે એ વાત આગળ આવે છે.

કોઈ આ ભાગદોડથી દુર રહેવા માંગતા હોય તો એમાં પણ કંઈ ખોટું નથી. એનાથી શાંતી, સંતોષ અને તનાવમુક્તી મળે છે. છતાં જે સાંસારીક જવાબદારીઓ સ્વીકારી લે છે તેને પુરી કારવાની દરેકની ફરજ તો રહે જ છે.

અપરીગ્રહ ઉપદેશતા સમાજમાં (ધર્મમાં) સામાજીક અને ધાર્મીક પ્રસંગોએ ધનવાનોને (પરીગ્રહીને) આગવું મહત્ત્વ આપવામાં આવે છે. કારણ કે એમના જ દાનને લીધે બધી ધાર્મીક અને સામાજીક સંસ્થાઓ અને પ્રવૃત્તીઓ ચાલતી હોય છે. આમાં પણ કંઈ ખોટું નથી. તટસ્થ રીતે જોઈએ તો દાનની વાસ્તવીકતાએ અપરીગ્રહના આદર્શને પરાજીત કરેલ છે.

આટલી લાંબી રજુઆતનો આશય અપરીગ્રહને સદન્તર ભુલી જવાનો નથી. વાસ્તવમાં આપણે અપરીગ્રહ (સમ્પુર્ણ ત્યાગ) કરતાં

દાનનો (આંશીક ત્યાગ) અમલ કરીએ છીએ. આ દાન અને અપરીગ્રહ ઉપરાંત ત્રીજો વીકલ્પ પણ છે. એમાં સમ્પત્તી ભેગી કરવાનો બાધ નથી છતાં એ ભાવનાગત રીતે પરીગ્રહ નથી થતો.

આ વીકલ્પ છે ભેગી કરેલી સમ્પત્તીના માલીક નહીં પણ ટ્રસ્ટી બની રહેવાનું. અહીં ટ્રસ્ટીપણાનો અર્થ થોડો જુદો છે. આપણી સમ્પત્તીનો બધો વહીવટ આપણા હાથમાં હોવા છતાં તે ફક્ત આપણા અંગત ઉપભોગ **(Wants)** માટે નહીં પણ બીજા ઘણાના ઉપયોગ **(Needs)** માટે પણ વપરાય. આ નવું નથી.

અતી ધનાઢય લોકો એમની સમ્પત્તીને લીધે અવારનવાર સમાચારોમાં ચમકે છે. શ્રીમંતોની વાર્ષીક યાદી પ્રગટ કરવાની ફેશન થઈ ગઈ છે. જોકે દુનીયાની અતી ધનાઢય બે વ્યક્તીઓ જુદા કારણસર સમાચારોમાં ચમકે છે.

બીલ ગેટસ્ અને વૉરન બફેટ, બન્નેએ પોતાની મોટા ભાગની મીલ્કતનું ટ્રસ્ટ બનાવી એને સમાજ કલ્યાણ માટે વાપરવાની જાહેરાત કરી છે. (દરેકની સમ્પત્તી ત્રણ-ચાર લાખ કરોડ રુપીયા જેટલી છે.) એમની પ્રવૃત્તી શીક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પુરેપુરી દુનીયાને આવરી લેવાની છે. સો વરસ પહેલાં અમેરીકાના સ્ટીલ ઉદ્યોગના પ્રણેતા એન્ડ્રયુ કાર્નેગીએ પણ આવું જ કર્યું હતું. ભારતમા અઝીમ પ્રેમજીએ આવુ કર્યાનું વાંચવામાં આવ્યું છે.

આ લોકો પાસે પુષ્કળ સમ્પત્તી હોવાથી એ સમાચાર માધ્યમોમાં ચમકે છે. બીજા પણ કેટલાક એવા હશે જેમણે આવું જ કર્યું હોય છતા સમાચારોમા ચમક્યા ન હોય. જાહેરમાં નોંધ ન લેવાયાથી એમની ભાવના કે કાર્યનું મહત્વ જરાય ઓછું થતું નથી.

આ બધી વ્યક્તીઓ સમાજ પાસેથી રળેલી સમ્પત્તી સમાજને પાછી સોંપે છે. અપરીગ્રહની ભાવનાને જાળવી રાખી એના અવ્યવહારુપણાનો આ શ્રેષ્ઠ વીકલ્પ છે. અઢળક સમ્પત્તી કમાયા પછી પણ એના માલીક મટી, ટ્રષ્ટી બનીને શું કરી શકાય તે આ વ્યક્તીઓની કરણીમાં જોઈ શકાય છે.

આ મહાનુભવોની વીશીષ્ટતા એ છે કે એમણે પોતાના બધા જ વારસદારોને મળીને મીલ્કતના 10 થી 15 ટકા જેટલી જ રકમ આપી છે. વંશજોને શ્રેષ્ઠ શીક્ષણ આપી, એમના વ્યવસાય માટે જરુરી મદદ કર્યા પછી એમની કાબેલીયત પર છોડી દીધા છે. પોતે આપબળે સમૃદ્ધ થયા હોવાથી પુત્રો, પૌત્રોને સ્વાવલંબી બનવાની ફરજ પાડી છે. બીજું કંઈ નહીં તો ઘણા કીસ્સામાં બને છે તેમ, એમના વંશજો કુપાત્ર બનવાની શક્યતા ઘટે છે. બધા વારસદાર હમેશાં કાબેલ કે સુપાત્ર હોય એ જરુરી નથી. વારસાગત રીતે ચાલતા ઘણા ઉદ્યોગગૃહો અને શ્રીમંત કુટુંબો બીજી કે ત્રીજી પેઢીએ પડી ભાંગતા જોયા છે.

વૉરન બફેટ તો પહેલેથી જ સાચા અર્થમાં અપરીગ્રહી રહ્યા છે. આટલી સમ્પત્તી મેળવ્યા છતાં તેઓ 60 વરસથી એક જ ઘરમાં (એટલે એ જ પડોશમાં) રહે છે. 80 વર્ષની ઉંમરે પોતાની ગાડી જાતે ચલાવીને ઓફીસે જાય છે.

અપરીગ્રહનો પ્રચલીત અર્થ કશું ભેગું ન કરવાનો થાય છે. ત્યાગનો અર્થ ભેગું કરેલું બધું છોડી દેવાનું કે આપી દેવાનું થાય છે. આમના કીસ્સાઓમાં સમ્પત્તીનો ત્યાગ છે પણ એની જવાબદારી જાળવી રાખેલ છે. આના માટે વધુ યોગ્ય શબ્દ ન મળે ત્યાં સુધી આપણે એને પરીગ્રહ–વીચ્છેદ કહીશું. પરીગ્રહ–વીચ્છેદ એ પાછલી ઉંમરે કરેલ આંધળો નહીં; પણ જાગૃત ત્યાગ છે.

આંધળા ત્યાગમાં પાછળ શું થાય છે એની દરકાર નથી હોતી. જાગૃત ત્યાગમાં સમ્પત્તી યોગ્ય માર્ગે વપરાય એ જવાબદારી જાળવી રાખવામાં આવે છે. સત્તાની જેમ સમ્પત્તી પણ જ્યારે અયોગ્ય હાથમાં જાય છે ત્યારે ઘણું નુકસાન કરી શકે છે.

સમ્પત્તી પોતે ગુણ કે દોષ વગરની છે. એ વ્યક્તીના મુળભુત સ્વભાવમાં રહેલી સારી અને ખરાબ બંને ખાસીયતો બહાર લાવે છે. એ થોડા લોકોને નમ્ર અને ઉદાર બનાવે છે; જ્યારે મોટાભાગના કીસ્સામાં એ વ્યક્તીને ઘમંડી બનાવે છે. એટલે જ કદાચ જૈન વીચારધારામાં અપરીગ્રહને આટલું મહત્ત્વ આપવામાં આવ્યું હશે. કમનસીબે એ વ્યવહારુ સાબીત નથી થયું.

આવો પરીગ્રહ–વીચ્છેદ જેની પણ ઈચ્છા હોય એના માટે શક્ય છે. પોતાની સમ્પત્તીના માલીક મટી ભાવનાગત રીતે ટ્રસ્ટી બનવું અઘરું નથી; પણ વીશાળ અર્થમાં એને નભાવવું અઘરું છે. કૌટુમ્બીક ધોરણે આપણે એનો અમલ કરીએ જ છીએ. આપણી કમાવેલી મીલકત કુટુમ્બના અન્ય સભ્યોના ઉપયોગ માટે હોય જ છે. એ સહજ છે. પરીગ્રહ–વીચ્છેદમાં કુટુમ્બનો વ્યાપ બને તેટલો વીશાળ બનાવવાનો થાય છે. આપણા સમ્પર્કમાં આવતી તેમ જ અન્ય જરુરતમંદ વ્યક્તીઓની મદદનો એમાં સમાવેશ થાય છે. લોહીના સમ્બન્ધથી આગળ જવામાં જ ઉદારતા સમાયેલી છે. જનહીતાર્થે ચાલતી સંસ્થાઓને આપેલું દાન આનો એક પર્યાય છે. પરીગ્રહ–વીચ્છેદ એ સાંસારીક જવાબદારીઓ પુરી કર્યા પછી અપરીગ્રહી બનવાની બીજી તક છે.

ટ્રસ્ટી શબ્દ સામાન્ય રીતે સમાજની જાહેર સંસ્થાઓ અને મીલકતનું સંચાલન કરનારા માટે વપરાય છે. એ જુદી જાતનું ટ્રસ્ટીપણું

છે. એમાં સમાજને ટ્રસ્ટીઓની વહીવટી કુશળતાનો લાભ મળે છે, એમની સંપત્તીનો નહીં.

દાનેશ્વરી તરીકે પ્રસીદ્ધી પામેલા કે લોકહીતાર્થે કાર્ય કરનારા રાજાઓ આવા સંસ્થાકીય ટ્રસ્ટીઓથી વધારે નહોતા. એમની સમ્પત્તી જાતમહેનત કે કુનેહથી મેળવેલી નહોતી. પ્રજા પાસેથી કરવેરા દ્વારા ભેગી કરેલી હતી.

ઘણી મોટી કમ્પનીઓ અને શ્રીમંત કુટુમ્બો પોતાની આંશીક સમ્પત્તીના ટ્રસ્ટ બનાવી ઘણા ઉત્તમ સામાજીક કાર્યો કરે છે. આવા બધા ટ્રસ્ટ પરીગ્રહ–વીચ્છેદ નહીં; પણ દાનના વ્યાપમાં આવે છે.

ભુતકાળમાં ભામાશા, જગડુશા વગેરે નામો આપણે ત્યાં પ્રસીદ્ધી પામેલા છે. એ મોટા દાનેશ્વેરી હતા. રાજાને કે પ્રજાને મુસીબત પ્રસંગે મોટી મદદ કરવી અને સ્વેચ્છાએ જનહીતાર્થે સંસ્થાઓ ઉભી કરવી એમાં ઘણો ફરક છે. સંસ્થાઓ સક્રીય **(pro-active)** હોય છે. જ્યારે પ્રસંગોપાત કરેલી મદદ પ્રતીક્રીય **(Reactive)** હોય છે.

બીજી બધી ધાર્મીક વીચારધારાઓમાં અપરીગ્રહની નહીં પણ દાનની વાત કરવામાં આવી છે. દાનનો મહીમાં વર્ણવતાં પુરાણોમા કહેવાયું છે કે, 'સો હાથે કમાઓ અને હજાર હાથે આપો' આ કથન દાન કરતાં આપણી પરીગ્રહ–વીચ્છેદની ભાવનાને વધુ મળતું આવે છે અને વધારે વાસ્તવીક પણ છે.

દાન અને પરીગ્રહ–વીચ્છેદ વચ્ચે ભેદરેખા દોરવી અઘરી છે. એ દરેકની કૌટુમ્બીક અને આર્થીક સ્થીતી પર આધાર રાખે છે. આનો સીધો અને શ્રેષ્ઠ ઉકેલ ખ્રીસ્તી ધર્મમાં વર્ણવવામાં આવેલ દાનની માત્રામાંથી મળે છે. "GIVE UNTIL IT HURTS" 'તમને પોતા માટે

કમી મહેસુસ થાય ત્યાં સુધી આપો.' આ વાત પણ દાનથી આગળ વધી પરીગ્રહ–વીચ્છેદ સુધી પહોંચી જાય છે.

ધાર્મીક દૃષ્ટાંત કથાઓમાં ગરીબના નાનકડા દાનને ધનવાનના મોટા દાન કરતાં વધારે મહત્વનું ગણવામાં આવે છે. કારણ, ગરીબને દાન કરવા માટે પોતાની જરુરીયાતો પર કાપ મુકવો પડે છે. શ્રીમંતોની જીંદગીમાં મોટા દાનથી પણ જરાય ફરક પડતો નથી.

ભુખ્યાને ખવડાવવું એ ની:શંક સત્કાર્ય છે. જ્યારે કોઈને પગભર કરવો એ વધારે મોટું સત્કાર્ય છે. એનાથી એના આખા કુટુમ્બને લાંબા સમય સુધી લાભ મળે છે. આ દૃષ્ટીએ જોઈએ તો સદાવ્રત કરતાં શીક્ષણ અને આરોગ્ય સંસ્થાઓ વધારે સારી ગણાય. આવી ધંધાદારી કે બીનધંધાદારી સંસ્થાઓનું અંતીમ લક્ષ્ય એક હોવા છતાં એમની ભાવનામાં ઘણો ફરક હોય છે. ધંધાદારી સંસ્થા સંચાલકો માટે પરીગ્રહલક્ષી છે જ્યારે બીનધંધાદારી સંસ્થા પરીગ્રહ–વીચ્છેદ લક્ષી છે.

ધાર્મીક સ્થળોએ કે પ્રસંગોએ થતા દાન વીશે કેટલાક લોકો એવી માન્યતા ધરાવે છે કે જેટલું આપીએ છીએ એનાથી ઘણું વધારે મળવાનું છે. આવી ભાવના દાનને એક સોદા કે રોકાણમાં બદલી નાંખે છે. એમાં પરીગ્રહ વધારવાની ભાવના ઉપરાંત પોતાના ઈશ્વરને છેતરવાપણું વધારે લાગે છે. દુ:ખની વાત એ છે કે સૌથી વધુ દાન આ ક્ષેત્રે થાય છે; અને આવી ભાવના સાથે થાય છે જે જરુરીયાતવાળા સુધી તો પહોચતું પણ નથી. આ બાબતમાં દેખાદેખી છોડી પોતાની વીવેકબુદ્ધી પ્રમાણેનું વર્તન બધાના હીતમાં રહેશે.

પરીગ્રહ–વીચ્છેદ એ અપરીગ્રહ નથી. એ નીષ્ક્રીય અને આંધળો ત્યાગ પણ નથી. કરેલા પરીગ્રહથી વીમુખ થવાની એ પ્રક્રીયા છે. કુદરત અને માનવ સમુદાય પાસેથી મેળવેલું પાછું આપવાની આપણને તક

પુરી પાડે છે. મુખ્યત્વે પાછલી ઉંમરે કૌટુમ્બીક જવાબદારીઓ પુરી થયા પછી શરુ થતી આ પ્રક્રીયા છે. એ **Abandonment** નથી; **Detachment** છે.

આ પરીગ્રહ–વીચ્છેદ સમ્પત્તી ઉપરાંત પ્રવૃત્તી અને સમ્બન્ધોને પણ લાગુ પડે છે. આનો અર્થ પ્રવૃત્તી કે સમ્બન્ધોને છોડી દેવાનો નથી; પણ એમને નવો વળાંક આપવાનો છે. માલીકીભાવ અને અનુરાગ છોડી કર્તવ્યભાવ અપનાવવાનો છે, અનાસક્તી કેળવવાની છે. એમાં મોટા થયેલા સંતાનોને સમ્પુર્ણ સ્વતંત્રતા આપવાની વાત છે. કૌટુમ્બીક તેમજ અન્યો પરના અંકુશો અને બન્ધનો ઢીલાં કરવાનાં છે. એમાં નીષ્ક્રીયતા નહીં; પણ પ્રવૃત્તીઓ પાછળની ભાવનાને ઉમદા કરવાની વાત છે. પક્ષપાત છોડી નેકી **(Fairness)** અપનાવવાની વાત છે.

વૈદીક સંસ્કૃતીની વર્ણવ્યવસ્થાએ ઘણા અનર્થો સર્જ્યા છે. જ્યારે એની આશ્રમ વ્યવસ્થામાં ઘણું વજુદ રહેલું છે. ગૃહસ્થાશ્રમ પછી વર્ણવાયેલ વાનપ્રસ્થાશ્રમ આ પરીગ્રહ–વીચ્છેદની ભાવનાને મળતો આવે છે. એ સમ્પત્તી, સમ્બન્ધો, સત્તા, પ્રવૃત્તી વગેરે બધાને નવી દૃષ્ટીએ જોઈ અલીપ્તતા કેળવવાનું કહે છે.

પુનર્જન્મમાં માનતા લોકો ભવના ફેરામાંથી છુટકારો મેળવવા કંઈ કેટલીયે ધાર્મીક પ્રવૃત્તીઓ કરતા હોય છે. પણ આ જનમમાં કેળવેલા અને મેળવેલા અંકુશો તેમ જ પરીગ્રહો છોડી શકતા નથી. આપણી ચારેકોર દેખાતી આ એક મોટી કરુણતા છે.

અપરીગ્રહ બાબતે આપણી પાસે ત્રણ વીકલ્પો છે: (1) પરમ્પરાથી ચાલ્યો આવતો અપરીગ્રહનો આદર્શ રાખી, કથની અને કરણીના વીરોધાભાસનો દમ્ભ ચલાવે રાખવાનો; (2) સ્વીકારી લીધેલા આદર્શનું પાલન ન થવાથી જાત પ્રત્યે અપરાધભાવ અનુભવવાનો; કે

પછી (3) વાસ્તવીકતાને સ્વીકારી, અપરીગ્રહને નવું નામ આપી નવી નજરે જોવાનું .

જે આદર્શ કોઈ પાળતું નથી કે પાળવાની ઈચ્છા પણ રાખતું નથી એની વાતો કર્યા કરવાથી બીજા એક આદર્શ ‘સત્ય’નો ભંગ થાય છે.

સામાજીક સ્તરે આવી વીચારસરણી વીકસાવવા માટે સમાજના આગેવાનોની ઈચ્છા અને ઈચ્છાશક્તી જરુરી છે. સમાજના સાચા આગેવાન કથાકાર–સાધુ–સન્તગણ છે. જનમાનસ પર સૌથી વધારે પ્રભાવ એમના કહેવાનો થાય છે. એમણે પોતાના વીચાર/પ્રચારને નવી દીશા આપવાની જરુર છે.

♦

અનુક્રમણીકા

17-2013-02-15

## સુખની શોધ

લાંબા સમયથી ચાલી આવતી કહેવત, ‘પહેલું સુખ તે જાતે નર્યા’ અવારનવાર વાંચવા મળે છે. નાનપણમાં આવાં દસ સુખની યાદી ક્યાંક વાંચી હતી. એમાંથી જે યાદ છે તે આ પ્રમાણે હતું.

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે કોઠીમાં ધાન, ત્રીજું સુખ તે સુશીલ નાર, ચોથું સુખ તે કુળનો તારનાર... ત્યાર પછી સાચો મીત્ર, સારા પાડોશી, ન્યાયી રાજા જેવું કંઈક હતું જે બરાબર યાદ નથી.

આવી કહેવતો તત્કાલીન જનસમુદાયના અનુભવનો નીચોડ હોય છે. સુખની અગત્યનો એમનો ક્રમ પણ ત્યારની વાસ્તવીકતા પર આધારીત હોય છે. એનું મહત્વ કોઈપણ શાસ્ત્રના ઉપદેશ કરતાં જરાપણ ઓછું નથી, બલકે વધારે હોઈ શકે છે. શાસ્ત્રોમાં ‘શું હોવું જોઈએ’ એ કહેવામાં આવે છે, જ્યારે આવી કહેવતો ‘જે હકીકત છે તે’ વર્ણવે છે. આદર્શ ભલે ‘ધ્યેય’ હોય; ‘વાસ્તવીકતા’નું પોતાનું આગવું મહત્ત્વ છે.

બધાનું અંતીમ ધ્યેય સુખી થવાનું હોય છે. જો કે દરેકની સુખની વ્યાખ્યા તેમ જ સુખી થવા માટેની જરુરીયાતો જુદી હોઈ શકે છે. ઉમ્મર પ્રમાણે એમાં ફેરફાર પણ થાય છે. યુવાનીમાં આનન્દનો અભાવ એ દુ:ખ છે. વૃદ્ધાવસ્થામાં દુ:ખનો અભાવ આનન્દ બની જાય છે.

સમય સાથે દરેક વાતની યથાર્થતા બદલાતી હોવા છતાં; આગલી કહેવતનો મોટો ભાગ આજે પણ એટલું જ વજુદ ધરાવે છે. સુખનાં પહેલાં ચાર ક્ષેત્રો આજના સંદર્ભમાં સારું સ્વાસ્થ્ય, પાયાની જરુરીયાતો પુરતી સમ્પત્તી, સમજદાર પતી કે પત્ની, વંશવેલો વગેરે વાજબી છે. એનો ક્રમ પણ મોટા ભાગના લોકો માટે સાચો છે.

ધ્યાન દોરવા યોગ્ય બાબત એ છે કે આ બધાં સુખની યાદી રોજબરોજની જીન્દગી સાથે વણાયેલી આ પૃથ્વી લોકની જરુરીયાતો છે. આત્મકલ્યાણ, સ્વર્ગ, મોક્ષ જેવી પરલોકની વાતોની ગેરહાજરી સ્પષ્ટપણે બતાવે છે કે જનસામાન્ય માટે શું અગત્યનું હતું. એમને અહીં જીવી, અહીં જ સુખી થવામાં રસ હતો, જે આજે પણ છે.

અધ્યાત્મની વાતો કરતા અને એને લગતી પ્રવૃત્તી કરતા લોકો પણ જ્યારે પોતાના ધર્મગુરુને ખાનગીમાં મળે છે ત્યારે એમના વાર્તાલાપનો વીષય બદલાઈ ‘આ–લોક’ની પ્રવૃત્તી અંગે હોય છે. એની ફળશ્રુતી (ધનલાભ) માટે તેઓ ગુરુના આશીર્વાદ મેળવવા ઈચ્છતા હોય છે. ગુરુજી એવા આશીર્વાદ આપે પણ છે અને સાથેસાથે અમુક રકમના દાનની જોગવાઈ પણ કરી લેતા હોય છે. અહીં આવા બધાની આધ્યાત્મીક પોકળતા છતી થાય છે.

મુળ કહેવતમાં નહોતી છતાંયે સુખની યાદીમાં સમાવવા લાયક, દરેક સમયકાળમાં અગત્યની એવી બે બાબતો વીશે લખવું જરુરી લાગે છે. એક છે વ્યક્તીગત સ્વતંત્રતા અને બીજી છે મનગમતી પ્રવૃત્તી.

જુની યાદીમાં સ્વતન્ત્રતાને સ્થાન નહોતું મળ્યું તે સમજી શકાય એમ છે. એ રાજાશાહીનો જમાનો હતો. ઉપરાન્ત, સમાજ અને ધર્મની પણ લોકો પર જોરદાર પકડ હતી. ગ્રામ્ય સમાજમાં રહેનાર માટે વ્યક્તીગત સ્વતન્ત્રતાની વાતો કરવી શક્ય નહોતી. આ વાત હડતાળો પાડવાની કે વાતવાતમાં વીરોધ કરવાની સ્વતન્ત્રતાની નથી. આ સ્વતન્ત્રતા છે વીચારોની તેમજ નૈતીક મર્યાદા ઉલ્લંઘ્યા વગર સ્વતન્ત્રપણે વર્તવાની.

પહેલાં જેમને વ્યક્તીગત સ્વતન્ત્રતા જોઈતી હતી તેઓ સંસાર છોડી, સાધુ બની જતા અથવા તો ડાકુ કે બહારવટીયા બનતા હતા. સ્વતન્ત્રતા માટે ચુકવવી પડતી આ ખુબ આકરી કીમ્મત હતી. હવે જ્યારે વ્યક્તી પરની સમાજ અને ધર્મની પકડ ઢીલી પડી છે, રાજાશાહીને બદલે લોકશાહી આવી છે ત્યારે સ્વતન્ત્રતા ભોગવવી સહેલી થઈ છે. છતાં લોકોને વ્યક્તીગત સ્વતન્ત્રતાનું ખાસ મહત્ત્વ નથી હોતું. જેમને છે તે આ તક અને અધીકારની યોગ્ય કદર કરે છે. મોટાભાગના લોકોને બીજાના દોરવ્યા દોરાવાનું વધુ માફક આવે છે. ટોળામાં સમાવું વધુ ફાવે છે.

મનગમતી પ્રવૃત્તી કરવી પણ એક પ્રકારની સ્વતન્ત્રતા છે. બધાને પોતાના ધંધા–વ્યવસાયમાં ક્યારેક તો કંટાળો આવતો જ હોય છે. આ કંટાળો જ્યારે નીયમીત બને છે ત્યારે એમની પ્રવૃત્તી એક મજબુરી બને છે.

વર્ણ આધારીત સમાજવ્યવસ્થામાં બધાને બાપદાદાના વારસાગત ધન્ધા–વ્યવસાયમાં જોડાવું પડતું. એ જ ગામમાં અને સમાજમાં રહેવું પડતું હતું. એમનું ભાવી જન્મ સાથે જ નક્કી થઈ જતું. ભાગ્ય, કર્મ વગેરેના ખ્યાલ આવી સમાજરચનાને લીધે આવે અને પાંગરે એ સ્વાભાવીક છે.

આજે શીક્ષણ અને ઉદ્યોગીકરણને લીધે વ્યવસાયના કેટલાયે નવાં ક્ષેત્રો ખુલ્યાં છે. લાયકાત કે આવડત હોય તો મનગમતા ક્ષેત્રમાં જઈ શકાય છે. હવે જન્મ સાથે વ્યવસાય નક્કી નથી થઈ જતો એટલે મનગમતી પ્રવૃત્તીની તક મળે છે. માણસ જ્યારે ગમતું કામ કરે છે ત્યારે એને કામનો ઉત્સાહ હોય છે. પરીણામે કામ વધુ સારું થાય છે અને થાક ઓછો લાગે છે. એનાથી સન્તોષ, સફળતા અને સાર્થકતા અનુભવાય છે.

આજની નવી સમાજવ્યવસ્થામાં નીવૃત્તીની વ્યાખ્યા બદલાઈ ગયેલ છે. નીવૃત્તી સાથે ફાજલ સમય અને સ્વતન્ત્રતા મળે છે. નીવૃત્ત ઉમ્મરે ઘણાનું સ્વાસ્થ્ય પણ સારું હોય છે. સ્ત્રીઓ માટે આ ખાસ લાગુ પડે છે. આવા સંજોગોમાં મનગમતી સકારાત્મક પ્રવૃત્તી માટે અવકાશ સાંપડે છે.

વર્તમાનમાં ઘણા લોકો સુખની યાદીમાં ખાવું–પીવું, પહેરવું–ઓઢવું, હરવું–ફરવું, પાર્ટી–મેળાવડા–ઉજવણી વગેરે આનન્દની પ્રવૃત્તીઓનું આગવું સ્થાન હોય છે. એમના માટે મોજમજામાં સુખ છે. તે સીવાય કોઈને ધનસંચયમાં તો કોઈને માહીતી સંચયમાં સુખ દેખાય છે. કોઈ સમ્બન્ધો વધારવામાં સુખ જુએ છે તો કોઈ પરનીંદામાં. બધા પોતપોતાની રીતે સુખની શોધમાં પડ્યા છે.

સુખની આટલી લાંબી યાદી તપાસ્યા પછી પણ મુળ સવાલ તો હજી ઉભો જ છે. બધાને લાગુ પડે એવું સુખ કોને કહેવાય? શબ્દકોશમાં સુખના ઘણા અર્થ આપેલા છે: આનન્દ, ચેન, શાન્તી, આરામ, સન્તોષ, તૃપ્તી વગેરેમાંનો કોઈ અર્થ બન્ધ બેસતો નથી લાગતો. સન્તોષકારક નથી જણાતો.

માણસ બીમાર થાય, ધન્ધામાં ખોટ ગઈ હોય કે કોઈ સ્વજનને ગુમાવ્યું હોય ત્યારે જરુર દુ:ખ થાય છે. એને નીવારી નથી શકાતું; પણ એને કેટલું મહત્ત્વ આપવું તેની સમજ અવશ્ય કેળવી શકાય છે. આ પ્રકારનાં દુ:ખના અભાવને પણ સુખ ગણી શકાય. દુ:ખનો અભાવ એ સુખની શરુઆત ખરી; પણ એનો પડાવ નથી. દુ:ખના અભાવથી માણસ આપોઆપ સુખી નથી થઈ જતો. ખાવાનું મળે એટલે ભુખનું દુ:ખ જતું રહે, તૃપ્તી થાય; પણ એ સ્થીતી કાયમ ટકતી નથી.

'સન્તોષી નર સદા સુખી'ની જુની ને જાણીતી કહેવત સન્તોષને સુખનો મુકામ ગણે છે. અસન્તોષ એ દુ:ખનું કારણ જરુર છે; પણ સન્તોષને સુખનો આખરી મુકામ ગણવું જોખમી છે. સન્તોષથી થોડા સમય માટે સુખ મળતું હોય તો પણ; સન્તોષી નર 'સદા' સુખી ન ગણાય. આપણી જરુરીયાતો, દૃષ્ટીકોણ વગેરે સમય પ્રમાણે બદલાતાં રહે છે. સંસારની જવાબદારીવાળા માણસ માટે સન્તોષ પ્રગતીનો બાધક બને છે. એટલે સન્તોષને સુખનો છેલ્લો મુકામ ગણવાને બદલે સુખની યાદીમાં ક્યાંક સ્થાન આપી શકાય.

ધર્મના રખેવાળો પાસેથી 'સાચા' સુખ વીશેની ઘણી વાતો સાંભળી છે; પણ તે ગળે ઉતરતી નથી. બુદ્ધી એને સ્વીકારતી નથી. ધર્મના રખેવાળોની શાશ્વત સુખની વાતો મૃગજળ સમી ભાસે છે, પલાયનવાદી જણાય છે.

સુખ અને દુ:ખ વચ્ચેની એક સ્થીતી છે અલીપ્તતા– ઈન્ડીફરન્સ. મોટા ભાગના લોકો માત્ર એક–બે ટકા સમય માટે ખુશ (સુખી) હોય છે. એનાથી થોડા વધુ સમય માટે નાખુશ (દુ:ખી) હોય છે. બાકીના મહદ્ સમય માટે અલીપ્ત હોય છે. અઘરી ગણાતી સ્થીતપ્રજ્ઞતા આ અનાયાસે મળતી અલીપ્તતાથી બહુ દુર નથી લાગતી.

સુખ જ્યાં પણ હોય, એના સુધી પહોંચવાનો એક માર્ગ છે સફળતા. આવી પડેલી જવાબદારીઓ ઉત્સાહથી નભાવવી એ સફળતાની સાદી–સીધી વ્યાખ્યા છે. પોતાના વ્યવસાયમાં નીપુણતા અને પ્રામાણીકતા કેળવવી એ પણ સફળતા છે. કમનસીબે વ્યવહારમાં સફળતાનો માપદંડ પૈસો અને સત્તા મનાય છે. પૈસો ઘણા અભાવોને પુરો કરી શકે છે તેમ જ પૈસાનો અભાવ અન્ય સફળતાને ગૌણ પણ

બનાવે છે. આ વાસ્તવીકતા સ્વીકારીએ તો પણ આવી સફળતા લાંબો સમય ન પણ ટકે.

સુખના મુકામ સુધી પહોંચવાનો સફળતા કરતાં વધારે સચોટ માર્ગ છે સાર્થકતા. સાર્થકતા કોને કહેવાય ?

ભારત જેવા અતી ધાર્મીક દેશમાં સાચા ખોટા બધા સાધુ મહાત્મા પોતપોતાની રીતે સમાજને સુખ, શાન્તી, સફળતા, સાર્થકતાનો કીમીયો બતાવતા આવ્યા છે. આ બધા પલાયનવાદી માર્ગો કરતાં આ લેખકને અંગ્રેજીમાં વાચેલું એક વીધાન વધારે વાજબી લાગે છે. 'IS THE WORLD ANY BETTER PLACE BECAUSE OF YOU?' – 'તમારા લીધે દુનીયામાં કંઈ સુધાર આવ્યો છે?' જો જવાબ 'હા' હોય તો જીવન સાર્થક થયું કહેવાય. ભલે ને આખી જીન્દગીમાં ક્યારે પણ પુજાપાઠ, વ્રત, તપ, જાત્રાઓ વગેરે કંઈ કર્યું ન હોય !

સાર્થકતાની માત્રાને સુધારાની માત્રા સાથે સીધો સંબંધ છે. 'જે વધારે સુધાર લાવે તે વધારે સાર્થક' ગણાય. આ ધોરણે જોઈએ તો વૈજ્ઞાનીકો, સમાજસુધારકો, સર્જકો, સમાજસેવકો, કાયદો–વ્યવસ્થા જાળવનારા વગેરે બધા પોતાની રીતે સાર્થક થયા ગણાય. સમ્પત્તી અને સત્તા હાંસલ કરનારા સફળતાની સાથે આપોઆપ સાર્થક નથી થઈ જતા. એમની 'સમ્પત્તી/સત્તાનો અન્ય માટે કરેલ સદુપયોગ' એમને સાર્થક બનાવે છે.

એની બીજી બાજુએ પ્રામાણીકપણે પોતાની ફરજ બજાવનાર સફાઈ કામદાર કે માળી (બાગવાન)ને કોઈ સફળ ન ગણે; છતાં તેઓ પોતાની મર્યાદામાં સાર્થક ગણાય. એમને લીધે દુનીયાનો એક નાનકડો ભાગ સ્વચ્છ રહે છે, સુંદર બને છે.

આટલી લાંબી યાદી તપાસ્યા પછી એટલું કહી શકાય કે કોઈ એક બાબતમાં સુખ સમાયેલું નથી. સફળ થવાની સાથે મહત્તમ સાર્થક બનવાની કોશીશ કરશું તો સુખ આપોઆપ આપણને ગોતતું આવશે. એની પાછળ દોડવાની જરુર નહીં રહે. યાદી બનાવવાની પણ જરુર નહીં રહે.

♦

અનુક્રમણીકા

18-2014-02-21

## પુરુષાર્થ અને પ્રવૃત્તી

પુરુષાર્થ એટલે પુરુષ પાસે પ્રવૃત્તી કરાવનાર પ્રેરક બળ. (પુરુષાર્થ શબ્દ પુરુષ પ્રધાન સમાજની ઉપજ છે. સ્ત્રીઓને પણ સમાવી લેતા જાતીભેદથી પર એવા નવા શબ્દો ગુજરાતીમાં હજી પ્રચલીત નથી થયા.)

પુરાણોમાં આવા ચાર પુરુષાર્થ કે પ્રેરકબળ ગણાવ્યા છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચાર પુરુષાર્થોને સદીઓથી એમને એમ જ વર્ણવવામાં આવે છે. ત્યારની સમાજ રચના માટે એ કદાચ વાજબી હશે. બદલાતા સમય પ્રમાણે એમાં ઉચીત ફેરફાર નથી થયા. એના માટે લોકોનો 'પુરાણો' પરનો સમ્પુર્ણ અને આંધળો વીશ્વાસ કારણભુત હોઈ શકે છે.

એક રીતે જોઈએ તો ધર્મ અને મોક્ષ એક જ હેતુના બે તબક્કા છે. મોક્ષના અંતીમ ધ્યેયનું ધર્મ એ સાધન છે. એને આપણે Spirituality, અધ્યાત્મના નામે ઓળખીએ તો અધ્યાત્મ આપણું સાંસ્કૃતીક વીકાસ દ્વારા કેળવેલ પ્રેરક બળ છે. કામ (Sex) એ કુદરતી રીતે મળેલું પ્રેરક બળ છે. જ્યારે અર્થ કે સમ્પત્તી એ આપણી સમાજ વ્યવસ્થાના પરીણામ રુપે ઉભી થયેલી જરુરીયાત છે. એ વાસ્તવીક છે, સર્વવ્યાપી છે, મુળભુત છે અને અધ્યાત્મ કરતાં વધુ શક્તીશાળી રહી છે.

જે પ્રવૃત્તી પાછળ આપણે સૌથી વધારે વખત ગાળીએ છીયે તે આપણા માટે સૌથી વધુ અગત્યની હોય તે સમજી શકાય છે. મોટાભાગના લોકોનો સૌથી વધુ સમય પૈસા કમાવવા, ખર્ચવા કે બચાવવા પાછળ વપરાય છે. વ્યવહાર, સમ્બન્ધો, ધર્મ વગેરે પ્રવૃત્તીઓ પાછળ પણ ઘણાની વધુ પૈસા કમાવવાની કે બચાવવાની વૃત્તી

છુપાયેલી હોય છે. વેપારી વર્ગના માનસમાં એનું મહત્ત્વ બીજા સમુદાયો કરતાં વધુ રહ્યું છે.

જેને પોતાના કુટુમ્બના ભરણપોષણ માટે એમ કરવું પડતું હોય તે સમજી શકાય છે. જે આ સ્તરથી આગળ વધી ગયા છે; જેમને માટે અર્થોપાર્જન એ જરુરીયાત રહેતી નથી એમના માટે ફક્ત એ જ પ્રવુત્તીમાં રચ્યાપચ્યા રહેવું એ એમનું વ્યક્તીત્વ છતું કરે છે. સાથેસાથે એમના કુટુમ્બીજનો અને આશ્રીતોની મુખ્ય પ્રવૃત્તી એમની સમ્પત્તીને સાચા – ખોટા માર્ગે વાપરવાની બની જાય છે.

માણસની ઉંઘ, આહાર જેવી જીવન ટકાવી રાખતી કુદરતી પ્રવૃત્તીઓ રોજના 8–10 કલાક માગી લે છે. એમાં કોઈપણ વ્યક્તી અપવાદરુપ નથી. બાકી રહેલા 14–16 કલાક માણસ જે પણ પ્રવૃત્તીઓ કરે છે તે એની પ્રાથમીકતા (Priorities) બતાવે છે. એ જે કરે છે તે જરુરી – બીનજરુરી તેમજ સારી – નરસી પ્રવૃત્તીઓનું મીશ્રણ હોય છે.

જરુરી અને બીનજરુરી પ્રવૃત્તીઓને ઓળખવી અને છુટી પાડવી અઘરી છે. એમની વચ્ચેનો ભેદ વ્યક્તીગત રીતે બદલાય છે. સારી – નરસી પ્રવૃત્તીઓ ઓળખવી પ્રમાણમાં સહેલી છે. સર્વવ્યાપી પરનીન્દા જેવી ખંડનાત્મક અને નકારાત્મક પ્રવૃત્તી બીનજરુરી તેમજ નરસી છે. દેખીતી રીતે નીર્દોષ લાગતી કેટલીક પ્રવૃત્તીઓ બીજાઓનું કંઈ બગાડતી ન હોય તો પણ આપણા સમય અને પૈસાનો વ્યય કરતી હોવાથી બીનજરુરી બની જાય છે.

કોઈપણ રચનાત્મક પ્રવૃત્તી ક્યારે પણ બીનજરુરી ન હોઈ શકે.

આ બધી પ્રવૃત્તીઓ માટે આગળ જણાવેલ ચાર કે પછી ત્રણ પરીબળો ઉપરાંત અન્ય કેટલાક પ્રેરક બળો કામ કરતા હોય છે. વાસ્તવીકતા અને અનુભવે જણાય છે કે આ પરીબળો પણ એટલા જ

શક્તીશાળી અને મુળભુત છે. પણ બધા જ સર્વવ્યાપી નથી. એમાંના કેટલાકની ચર્ચા અહીં કરી છે.

♦ પ્રેમ: કુદરતી રીતે મળેલ આ પ્રેરક બળ પર એટલું બધું લખાયું છે કે એમાં ઉમેરો કરવા જેવુ રહ્યું નથી.  પ્રેમ, મા–બાપ અને બાળકો વચ્ચેનો હોય, મીત્રો વચ્ચેનો હોય કે બે યુવાન હૈયા વચ્ચેનો હોય, એ ખુબ જ શક્તીશાળી પ્રેરકબળ છે. એના નામે વ્યક્તી ઘણાં સારાં – નરસાં કાર્યો કરી શકે છે.

♦ લગની અને ધ્યેય પ્રાપ્તી: (Zest and Success) : આ એક સ્વતંત્ર પ્રકારનું પ્રેરકબળ છે. માત્ર ધનપ્રાપ્તીને સફળતાનો માપદંડ માનનારને આ બે વચ્ચેનો ભેદ નહીં સમજાય. સર્જકો, કલાકારો, સંશોધકો, વૈજ્ઞાનીકો, રમતવીરો, પર્વતારોહકો વગેરે ઘણા ક્ષેત્રના લોકો પોતાના આનન્દ અને અંગત સીદ્ધી માટે જાત ઘસી નાંખે છે, તેમજ  આયખું ખર્ચી નાંખે છે. એમની પ્રેરણા પોતાના ક્ષેત્ર માટેની અભીરુચી (Passion) હોય છે. વર્તમાન સમયમાં બધા જ ક્ષેત્રના સફળ લોકોને ધનપ્રાપ્તી થાય છે. પરીણામે કેટલાક માટે આ ધનપ્રાપ્તી પણ પ્રેરકબળ થઈ જાય છે.

♦ કર્તવ્યભાવ: સાંસ્કૃતીક રીતે કેળવાયેલું આ પ્રેરક બળ વીશીષ્ટ વ્યવસાયમાં જોડાયેલા લોકોમાં જોવા મળે છે. સૈન્યમાં જોડાયેલી વ્યક્તીઓ માટે પોતાની ફરજ અને જવાબદારીની ભાવના સૌથી વધુ મહત્ત્વની હોય છે. એમના માટે કર્તવ્યભાવ એ ધર્મ, અર્થ કામ કરતાં વધારે શક્તીશાળી પ્રેરકબળ છે. ફરજનું આ આગવું મહત્ત્વ સૈન્ય ઉપરાંત સમાજ જીવનમાં વણાયેલી કેટલીયે વ્યવસાયીક વ્યક્તીઓ માટે પણ અગત્યનું છે. વીમાનનો પાયલોટ હોય કે બસનો ડ્રાયવર હોય, પોતાની ફરજ ભુલીને બીજા પુરુષાર્થોની પળોજણમાં પડે તો આપણને એમના વાહનમાં મુસાફરી કરવાનું સુરક્ષીત ન લાગે.

♦ સ્વીકાર: (Recognition, Validation) : બહુમતી લોકો માટે સામાજીક સત્કાર્યો કરવા પાછળ સ્વીકાર, બહુમાન વગેરે મોટું પ્રેરકબળ હોય છે. આ બહુમાન સત્કાર સમારંભના રુપમાં હોય, તકતીના રુપમાં હોય કે પછી માનદ હોદ્દાના રુપમાં હોય. બહુમાનની ગેરહાજરી ઘણા લોકોને ઉદાર થવાથી રોકે છે. આમાં અતીરેક થાય એ અનીચ્છનીય ખરું; પણ એ નક્કી કરવાનો હક્ક કોને છે? પ્રતીષ્ઠા, નામના, ખ્યાતી વગેરે આ સ્વીકારની ઈચ્છાનું વીસ્તૃતીકરણ (extension) છે. સમાજ વ્યવસ્થાએ ઉભું કરેલું આ પ્રેરકબળ કૌટુમ્બીક મનદુ:ખ અને ક્લેશો પાછળ પણ કારણભુત હોય છે.

♦ બદલાની ભાવના: કેટલાક લોકો માટે આ નકારાત્મક વૃત્તી જબરદસ્ત પ્રેરકબળ બની જાય છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ મહાભારતની કથામાં જોવા મળે છે. મહાભારતનાં અડધાં પાત્રો અન્યાય કે અપમાનના બદલાની ભાવનાથી દોરવાયેલા છે. એમની જીન્દગીનું તે એકમાત્ર ધ્યેય બની જાય છે. બધાને મહાભારતની કથામાંથી જુદા સંદેશ મળે છે. આ લેખકના મતે મહાભારતનો મુખ્ય સાર *બદલાની ભાવનાથી સર્વત્ર વેરાતો વીનાશ છે.* વર્તમાનમાં ત્રાસવાદીઓ આનો એક દાખલો છે. છુટાછવાયા બનાવ બધે જોવા મળે છે.

♦ સમ્બન્ધો નભાવવાની ભાવના: આપણી સંસ્કૃતીમાં સમ્બન્ધોનું ઘણું મહત્વ રહ્યું છે. ઘણા લોકો એને ફરજ અને જવાબદારી કરતાં વધારે મહત્વ આપે છે. સમ્બન્ધો સાચવવા આસાનીથી કાયદાનો ભંગ કરી કોઈ અજાણ્યાનો હક છીનવી એને અન્યાય કરે છે. આ નીકટના સમ્બન્ધીઓ ઉપરાન્ત અન્ય સામાજીક સમ્બન્ધો માટે પણ કરવામાં આવે છે. આ પણ એક પ્રકારનો ભ્રષ્ટાચાર છે. આ લોકો પોતાના જળવાયેલા સમ્બન્ધોનો ગર્વ લે છે. સાથે સાથે જે લોકો સમ્બન્ધો કરતાં ફરજ અને જવાબદારીને

વધારે મહત્ત્વ આપે છે એમને નીચી નજરે જુવે છે. આ એક કરુણાન્તીકા છે.

♦ સ્વતન્ત્રતાની ખેવના અને અંકુશની વૃત્તી: આ વીષયની વીસ્તારથી છણાવટ 'સ્વતન્ત્રતા, પરાવલમ્બન અને અંકુશની વૃત્તી' પ્રકરણમાં કરેલ છે. સત્તાની લાલસા એ અંકુશની વૃત્તીનું વીસ્તૃતીકરણ છે.

આ ઉપરાન્ત બીજી પણ એવી વૃત્તીઓ છે જે કેટલાક લોકોને પ્રવૃત્ત કરે છે. અહીં યાદી લાંબી બનાવવાનો આશય નથી પણ એની પાછળ રહેલા મર્મનો છે. આ બધા પ્રેરકબળો ધર્મ, અર્થ, કામ અને મોક્ષથી વેગળા છે. કેટલાક એકબીજાના વીરોધાભાસી છે અને દરેક વ્યક્તીને બધા લાગુ નથી પડતાં. છતાંયે એ મુળભુત અને શક્તીશાળી હોવાથી સમાજ અને વ્યક્તીને પ્રભાવીત કરે છે. એમને અવગણી ન શકાય.

માનવસમાજ સતત પ્રગતી કરતો રહ્યો છે. સમય સાથે આપણી દરેક બાબતની સમજ પણ વીસ્તરતી જાય છે. બે કે ત્રણ હજાર વરસ પહેલાં કહેવાયેલું અને લખાયેલું બધું શાશ્વત કે સનાતન ન હોઈ શકે. વીશેષમાં એમની અસલીયત (Authenticity) વીશે પણ પ્રશ્નો છે. આ શાસ્ત્રો લખનાર મહાપુરુષોએ પોતે પણ સવાલો કરી એના ઉત્તરો શોધ્યા છે. જો તેઓ એવું ન કરત તો આજે આપણી પાસે શાસ્ત્રો જ ન હોત.

સવાલો કરવા અને એના ઉત્તર શોધવા એ બુદ્ધીશાળી માણસના સ્વભાવનું લક્ષણ છે. વૈજ્ઞાનીકો, ધર્મપ્રણેતાઓ, તત્વચીન્તકો, દાર્શનીકો વગેરેએ આ રીતે ઉકેલો શોધીને આપણને અમુલ્ય વારસો આપ્યો છે. ફરક માત્ર એટલો છે કે વૈજ્ઞાનીકોએ પ્રયોગો કરી જે સાબીત કરી શકાય એને જ સ્વીકાર્યું છે. ત્યાં માન્યતાને અવકાશ નથી. અન્ય

બધા પ્રકારના લોકોએ ચીન્તન કરી પ્રશ્નોના ઉત્તર મેળવ્યા છે. એમના વીચારો માનવ મન પર સદીઓથી રાજ કરી રહ્યા છે. એમાંથી કેટલીક બાબતો હવે ખોટી કે અધુરી સાબીત થઈ છે.

કુદરત પરીવર્તનશીલ છે, સમાજ પરીવર્તનશીલ છે, માણસ પણ પરીવર્તનશીલ છે. જે વીચારધારા જરુરી પરીવર્તનનો વીરોધ કરે છે તે કુંઠીત થઈ અન્તે નષ્ટ પામે છે.

પુરાણો, ધર્મગ્રંથો કે અન્ય કોઈ માહીતીનો સ્રોત એટલો ચુસ્ત ન હોઈ શકે કે એમાં બહુમતીનો લાંબા સમયનો અનુભવ પણ ફેરફાર ન કરી શકે. પુરાણોમાં કહેલું હોય એ જ અને એટલું સ્વીકારીએ કે પછી આપણા અનુભવ અને વાસ્તવીકતાને વધુ મહત્વ આપીએ? આ આપણી સ્વતન્ત્ર વીચારસરણીની કસોટી છે. એને વફાદાર રહીએ એ આપણા હીતમાં જ છે.

♦

અનુક્રમણીકા

19-2012-06-07

## સીલેક્ટીવ મૉરાલીટી

લેખનું શીર્ષક એક જાણીતી અંગ્રેજી ઉક્તી છે. એનો ભાવાર્થ થાય છે, 'પોતાને ફાવતી નૈતીકતા' કે 'સગવડીયો ધર્મ'.

થોડા સમય પહેલાં એક નૈતીક કોયડો વાંચ્યો હતો તે અહીં પ્રસ્તુત છે. એ કોયડામાં વર્ણવાયેલ શક્યતાને નજરઅંદાજ કરી આપણે માત્ર એના સંદેશને સમજીએ.

બીજા વીશ્વયુદ્ધ દરમીયાન સમાધાનની શક્યતા ઉભી થઈ છે. દુનીયાના બધાએ મત આપવાનો છે અને ત્રણ કાલ્પનીક ઉમેદવારોમાંથી કોઈ એકને નવી દુનીયાનો નેતા ચુંટવાનો છે.

પહેલો ઉમેદવાર કપટી રાજકારણીઓ સાથે ભળેલો છે. એની બે રખાતો છે. એ દારુ પીએ છે, સીગારેટ ફુંકે છે અને માંસાહારી છે.

બીજો ઉમેદવાર યુવાનીમાં કેફી દ્રવ્યનો નશો કરતો હતો. એને બે વખત સત્તા છોડવી પડી હતી. એ આખી રાત જાગી બપોર સુધી સુતો રહે છે. રોજ દારુની આખી બોટલ ખાલી કરે છે, સતત સીગાર ફુંકે છે અને માંસાહારી પણ છે.

ત્રીજો ઉમેદવાર સન્માનીત યુદ્ધ વીજેતા છે. એ શાકાહારી છે, દારુ કે સીગરેટ પીતો નથી. એનો માત્ર એક જ સ્ત્રી સાથે સમ્બન્ધ છે.

આપ કોને દુનીયાના નેતા તરીકે પસંદ કરશો ?

પહેલા ઉમેદવાર ત્યારના અમેરીકન પ્રમુખ ફ્રેંકલીન રુઝવેલ્ટને મળતા વ્યક્તીત્વવાળા છે, બીજા ઉમેદવાર બ્રીટનના તત્કાલીન વડાપ્રધાન વીન્સટન ચર્ચીલને મળતા છે અને ત્રીજા ઉમેદવાર એડૉલ્ફ હીટલરને મળતા વ્યક્તીત્વવાળા છે.

જેમણે ત્રીજા ઉમેદવારની પસંદગી કરી હોય એમણે એડૉલ્ફ હીટલરના હાથમાં દુનીયા સોંપી દીધી કહેવાય.

બીજા વીશ્વયુદ્ધમાં જો નાઝી જર્મનીની જીત થઈ હોત તો આજે આપણે સાવ અલગ પ્રકારની દુનીયામાં જીવતા હોત. રુઝવેલ્ટ અને ચર્ચીલે ઈતીહાસની દીશા બદલી છે. જેમને બીજા વીશ્વયુદ્ધ સમયના રાજકારણ અને ઈતીહાસની જાણ હોય તેઓ આ કોયડાનો મર્મ સારી રીતે સમજી ગયા હશે. ન સમજ્યા હોય તેઓ આ લેખના અંતે સમજશે.

●♦●♦●♦●

પુરી દુનીયામાં સબળો વર્ગ આદીકાળથી નબળા વર્ગનું શોષણ કરતો આવ્યો છે. ભારતીય સમાજવ્યવસ્થામાં આનો સૌથી હીન દાખલો આભડછેટનો/ અસ્પૃશ્યતાનો છે. એને નીવારવાના પ્રયાસ અવારનવાર થતા આવ્યા છે. કોઈ પણ વ્યકતીના પ્રયત્નો કરતાં શહેરીકરણને લીધે એ દીશામાં ઘણી પ્રગતી થઈ છે. જો કે ગામડાંઓમાં હજી સારા પ્રમાણમાં આભડછેટ મોજુદ છે.

આભડછેટમાં માનનાર અને જાહેરમાં એવું સ્વીકારનારની વાત આપણે નથી કરવી; કારણ કે તેઓ બીજું કંઈ નહીં તોયે પ્રામાણીક તો છે. આપણે તો જાહેરમાં આભડછેટને વખોડનારા વર્ગની વાત કરવી છે. આ વર્ગના વીચારોની વીશાળતા, મનની ઉદારતા, વ્યક્તીગત અને સામાજીક સ્તરે કેટલે સુધી લઈ જવાઈ છે તેમ જ લઈ જઈ શકાય તેમ છે એ ચર્ચવાનો આ લેખનો ઉદ્દેશ છે.

આભડછેટ ન રાખવી એ 'સર્વ માનવ સમભાવ' અને 'સંપુર્ણ માનવીય ગૌરવ' જેવા ઉમદા આદર્શની દીશામાં લીધેલું ઉત્તમ પગલું છે. આભડછેટના ઉદાહરણથી લખાયેલ આ લેખ માત્ર દલીતો સમ્બન્ધી

નથી; અન્ય જાતીય, અન્ય ધર્મીય તેમજ જનસામાન્ય દ્વારા સર્વત્ર અવગણાયેલ, તરછોડાયેલ લઘુમતીને પણ લાગુ પડે છે.

દલીત કે પરધર્મીની આભડછેટ ન રાખતાં એમને ઘરની અંદર આવવા દેવા, એમની પાસે ઘરનું કામ કરાવવું વગેરે આપણી જરુરીયાત મુજબ કરેલી બાંધછોડ છે. એમાં એમની ઉપયોગીતા સ્વીકારાયેલી ગણાય છે. એને આપણા વીચારો કે વર્તનની ઉદારતા કહેવું વધારે પડતું ગણાશે. એનાથી દલીતોની ગરીમા નથી જળવાતી. બહુ બહુ તો એમના પ્રત્યે સહાનુભુતી બતાવાઈ એમ કહી શકાય.

આપણા સામાજીક અને ધાર્મીક પ્રસંગોએ એમને આમન્ત્રણ આપી એમની સાથે એક જ પંગતમાં બેસી જમવામાં એમનું ગૌરવ જળવાય છે. આ આપણી જરુરીયાત નહીં; પણ મનની મોટાઈ છે, એમના પ્રત્યેનો સદભાવ છે. 'સર્વ માનવ સમભાવ'ની દીશામાં લીધેલું આ પહેલું પગથીયું છે. વીચાર અને આચારની આવી ઉદારતા દાખવનાર અભીનન્દનને પાત્ર છે.

આપણને આમન્ત્રણ મળે તો તે સ્વીકારી દલીતોના સામાજીક/ધાર્મીક પ્રસંગોએ એમની સાથે બેસી એમનું ભોજન લેવું તે બીજું પગથીયું બને. જેઓ શાકાહારી છે એમના માટે માત્ર શાકાહારી ભોજનની જ અહીં વાત છે.

આ બે પગથીયાં અગત્યનાં અને અઘરાં હોવા છતાં અંતીમ ધ્યેયથી ઘણાં દુર છે. આટલું કરનારને અભીનન્દન તો ખરા જ, સાથે સાથે એ માટે પોતાની પીઠ થાબડનારાઓ માટે થોડા ધારદાર પ્રશ્નો આગળ આવે છે. અત્યાર સુધીના વીચાર અને આચાર જાહેર અને સામાજીક થયા. અંગત સમ્બન્ધથી તે ઘણા અલગ છે.

કોઈ દલીત સ્વચ્છ હોય, સંસ્કારી હોય, એની સાથે આપણો વર્ષો જુનો સમ્બન્ધ હોય, આપણા કુટુમ્બીજનોની માનમર્યાદા જાળવતો હોય તો એને આમન્ત્રણ આપી, આપણા ઘરમાં સાથે બેસી ભોજન લેવું એ ત્રીજું પગથીયું ગણાય.

આપણને આમંત્રણ મળે તો આ જ પ્રમાણે એમના ઘરે જઈ એમની સાથે એમનું (જેઓ શાકાહારી હોય તો તેવું) ભોજન લેવું તે ચોથું પગથીયું ગણાય. આ આપસી વ્યવહાર જો સહકુટુમ્બ કરવામાં આવે તો એ પાંચમું પગથીયું ગણાય અને સાથે પગથાર પણ બની જાય. પગથાર (લેંડીંગ) એવું મોટું પહોળું પગથીયું છે જ્યાંથી સામાન્ય રીતે દાદરની દીશા બદલાતી હોય છે.

'સર્વ માનવ સમાન'ના આદર્શની નજીક પહોંચવું હોય તો આપણે હવે દીશા બદલવાની જરુર છે. હવેનાં પગથીયાં ઘણાં ઉંચાં છે અને ચઢાણ કપરાં છે.

અન્ય ઘણી જ્ઞાતીઓ સાથે આપણો 'રોટીવ્યવહાર' હોય છે પણ 'બેટીવ્યવહાર' અન્ય કોઈ જ્ઞાતી સાથે હોતો નથી. લગ્ન સમ્બન્ધ બાંધવામાં ભાગ્યે જ કોઈ પોતાના વાડામાંથી બહાર જાય છે. અન્ય જ્ઞાતી સાથે સહજપણે લગ્નબન્ધન થતાં નથી ત્યાં અન્ય વર્ણોની વાત તો દુરની થઈ.

કોઈનું સંતાન પોતાની પસંદગીનું; પણ અન્ય કોઈ જ્ઞાતી, વર્ણ કે પરપ્રાન્તનું પાત્ર ગોતી આવે તો મોટાભાગના વડીલોની પહેલી પ્રતીક્રીયા વીરોધની હોય છે. એમની સમ્મતી વીરુદ્ધ એમનું સન્તાન લગ્ન કરી લે તો કોઈ વડીલ સન્તાન સાથેના સમ્બન્ધ સદન્તર કાપી નાંખે છે, તો કોઈ થોડા વખત પછી ક–મને સ્વીકારે છે. બહુ થોડા એમને ઉમળકાભેર આવકારતા હશે.

અત્રે એક ચોખવટ જરુરી છે કે કાચી વયના સન્તાનોની પસન્દગી હમ્મેશાં સારી કે સાચી હોતી નથી. પાત્ર સુસંગત ન હોય તો વડીલોનો વીરોધ જરુર વાજબી ગણાય. પરન્તુ જો સન્તાનની સમજ અને પરીપક્વતા પર આપણને વીશ્વાસ હોય, એમની પસન્દગીનું પાત્ર આપણી બધી અપેક્ષાઓ પુરી કરતું હોય તો આપણે તેને જ્ઞાતી/વર્ણ/પ્રાન્તના કશાયે બાધ ન રાખતાં ઉમળકાભેર અપનાવવા તૈયાર થઈએ છીએ ખરાં ?

આપણી જ્ઞાતી નજીકની ગણાતી ન હોય એવી અન્ય જ્ઞાતીના કુટુમ્બ સાથે આપણો વર્ષોનો સમ્બન્ધ હોય, એમના સન્તાનને આપણે નાનપણથી ઓળખતા હોઈએ, આપણી બધી અપેક્ષાઓ એમાં પુરી થતી હોય તો સામેથી માગું લઈને જઈએ ખરાં?

આવી વ્યકતી જો દલીત હોય, પરધર્મી હોય તો આપણું વલણ કેવું હોય?

પરજ્ઞાતી કે પરધર્મી સાથે લગ્નસમ્બન્ધ બાંધવામાં પહેલો બાધ ઘણાને ખાનપાનનો નડે છે જે વાજબી પણ છે. ખાસ કરીને દીકરી આપવાની હોય ત્યારે એનું મહત્ત્વ વધી જાય છે. એ પણ સાચું છે કે લગ્ન સમ્બન્ધે બંધાવું તે માત્ર ખાનપાનની સમાનતા કરતાં ઘણી વીશાળ અને ગહન બાબત છે. ઘણા એ વાતનું વજુદ સ્વીકારવા લાગ્યા છે.

આવા કીસ્સામાં જો બન્ને પાત્રો પુખ્ત હોય, શીક્ષીત હોય, વૈચારીક રીતે સ્વતન્ત્ર હોય, આર્થીક રીતે સ્વાવલમ્બી હોય, દરેક પ્રશ્નની પુરતી ચર્ચા કરી હોય તો, વડીલોએ આવા સમ્બન્ધનો વીરોધ કરવો જોઈએ? ક-મને સ્વીકારવું જોઈએ? કે સહર્ષ આવકારવું જોઈએ?

એક ખુલાસો કરવો જરુરી છે કે બાળકો આપણી સમ્પત્તી નહીં; બલકે આપણને સોંપવામાં આવેલી અમાનત છે. આટલું ધ્યાનમાં રાખીએ તો આપણા વલણમાં કોઈ ફરક પડે ખરો?

પહેલેથી કહ્યું હતું કે ચઢાણ કપરાં છે. સન્તાનો દ્વારા અન્ય વર્ણો કે ધર્મના પાત્ર પસન્દગીના કીસ્સા સુધી જુજ છે. તેમ જ સામે ચાલીને આવું પાત્ર ગોતવા કોઈ જતું નથી. વાત આદર્શની હતી એટલે આગળ ચલાવી છે. આ એક બૌદ્ધીક કવાયત માત્ર હતી. કોઈને મુલવવાનો જરા પણ આશય નથી.

‘સર્વ માનવ સમાન છે’ એમ કહેવું ઘણુ સહેલું છે, પણ કરવું ખુબ અઘરું છે. ‘સર્વ માનવ સમાન’ની દીશામાં આપણે કેટલા આગળ વધ્યા છીએ એની આ ચકાસણી છે. દરેક તબક્કાને સામે લાવ્યા વગર એ શક્ય નહોતું. બીજું કંઈ નહીં તો એક આદર્શ તરીકે સ્વીકારવાનો આપણો માનસીક અભીગમ કેવો છે એનો સાચો જવાબ જાત પાસે માગવાનો છે.

દલીત સાથેના લગ્ન તો દુરની વાત થઈ. દલીત કીશોર અને કીશોરી દત્તક લઈ એમની જ જ્ઞાતીમાં પરણાવવાનો દાખલો જોયો છે. એના માટે પણ ઘણી હીંમત અને માનસીક તૈયારીની જરુર પડી હશે. એની પુરતી સરાહના કરવી આવશ્યક છે.

એક મીત્રે કહ્યું કે આભડછેટમાં એમનાં શાસ્ત્રસમ્મત નથી એટલે તેઓ એનો વીરોધ કરે છે. ધારો કે શાસ્ત્ર સમ્મત હોત તો એ આજના સમયમાં આપોઆપ ઉચીત ગણાત ખરું? મનુસ્મૃતી વર્ણભેદનું સમર્થન કરે છે. આ કારણે સર્જાયેલી સમસ્યાઓની આકરી કીમ્મત હજીયે ચુકવાઈ રહી છે. આતંકવાદીઓ અને આત્માઘાતી હુમલાખોરો પણ એમનાં કૃત્યોને ‘શાસ્ત્રસમ્મત’ ગણે છે. શાસ્ત્રોમાં લખેલું બધું જ સ્વીકાર્ય ન

હોય. ક્યારેક આપણે સારાસારનો વીચાર કરવાનો હોય. આ વાત દરેક ધર્મના શાસ્ત્રોને લાગુ પડે છે.

શાસ્ત્રો સમય પ્રમાણે બદલાય છે, એમાં સુધારા–વધારા થતા રહ્યા છે. આવા ફેરફાર ધાર્મીક પન્થોને એકબીજાથી અલગ પાડે છે. જો કે બધા પોતાનાં શાસ્ત્રોને અસલ ગણે છે અને એકબીજા સાથે વીવાદ કરે છે. છતાંયે શાસ્ત્રોમાં સમય પ્રમાણે યોગ્ય ફેરફાર થતા રહે એ સારું છે અને જરુરી પણ છે.

બધા ભારતીઓ માટે આજે સૌથી અગત્યનું કોઈ શાસ્ત્ર હોય તો તે દેશનું બંધારણ છે. જો બંધારણને બધા અનુસરતા થાય તો દેશના ઘણા આન્તરીક પ્રશ્નો હલ થઈ શકે છે. (આ એક વીશફુલ થીંકીંગ માત્ર નથી એટલી અપેક્ષા.) જે દેશમાં બંધારણ કરતાં ધર્મગ્રંથને અગ્રેસર માનવામાં આવે છે એની આજે શી હાલત છે તે આપણે જોઈએ અને જાણીએ છીએ.

ખાનપાનની બાબતમાં ઘણા લોકો ખુબ ચુસ્ત હોય છે. એમાં ઢીલ રાખનારી અન્ય જ્ઞાતીઓ પ્રત્યે થોડો અણગમો ધરાવે છે. એમના જ સમાજના, આપણા પરીચયમાં હોય એવા કોઈ ખાનપાન બાબતમાં ‘શુદ્ધ’ ન હોય તો એવાની સાથે એમનો વ્યવહાર કેવો હોય? પરનાત કે પરધર્મી પ્રત્યે માત્ર ખાનપાનને લીધે અણગમો હોય એવો અણગમો પોતાના જ્ઞાતીબન્ધુઓ પ્રત્યે જાહેરમાં બતાવી શકે ખરા ? કર્મ આધારીત નહીં; પણ જન્મ આધારીત આ ભેદભાવને સીલેક્ટીવ મોરાલીટી ન કહેવાય ?

ઘણાને કહેતા સાંભળ્યા છે કે પુર્વજન્મનાં કર્મોનાં ફળ સ્વરુપે આપણો જન્મ ઉચ્ચ કુળમાં થયો છે, એટલે કે આપણે બીજા કરતાં ઉંચા છીએ. આભડછેટમાં ન માનવા છતાં આવું ઉંચ–નીચના ભેદભાવનું

વલણ 'સૌ માનવ સમાન'થી આપણ સૌને દુર લઈ જાય છે. આપણો જન્મ અને ખાનપાન આધારીત આડમ્બર ઘણાને ખટકતો હશે.

બુદ્ધ અને મહાવીરના ઘણા આદેશોમાંનો એક આદેશ અહીંસાનો છે જે એમના અનુયાઈઓએ પ્રમાણમાં સારી રીતે અપનાવ્યો છે. તે સીવાયના બીજા આદેશોને ઘણાએ પોતાની સગવડે હાંસીયામાં ધકેલી દીધા છે. આવી ટુંકાવેલ, મર્યાદીત ધાર્મીક્તાની ઓથે પોતાને વધુ પડતું મહત્વ આપવુ એ પણ **સીલેક્ટીવ મૉરાલીટી** છે.

દરેક દેશ, ધર્મ અને સમાજમાં એવા પણ થોડા લોકો મળી આવે જેઓ જ્ઞાતીભેદ, રંગભેદ, વર્ગભેદમાં માનતા નથી. બીજાઓ સાથે છેતરપીંડી કે તેમનું શોષણ કરતા નથી. કુટુમ્બ, સમાજ અને દેશ પ્રત્યેની ફરજ પ્રામાણીકતાથી બજાવે છે, પણ ધાર્મીક માન્યતાઓમા માનતા નથી. એમનું અંગત જીવન જે પણ હોય, જેવું પણ હોય; એમનું છે. આપણી પરીભાષામાં એ શુદ્ધ ન પણ હોય.

દરેક ઠેકાણે બીજો એક એવો વર્ગ છે જે પોતાની ધાર્મીક માન્યતાઓનું ચુસ્તપણે પાલન કરતો હોય; પણ અન્યો સાથે એમનું વર્તન સદ્ભાવપુર્ણ ન હોય. તેઓ બીજાની મજબુરીનો ભરપુર લાભ લેતા હોય છે. વાર્તા અને ફીલ્મોમાં ખલનાયક તરીકે બતાવાતા કર્મકાંડી બ્રાહ્મણો, વ્યાજખાઉ શાહુકાર, ઢોંગી તાન્ત્રીક તેમ જ લોકોને ઉશ્કેરતા રાજકીય, સામાજીક, ધાર્મીક નેતાઓ વગેરે આ વર્ગના થોડાક દાખલા છે.

મોટાભાગનો જનસમુદાય આ બે વર્ગની વચ્ચે ક્યાંક હોય છે. એમના માટે થોડા સવાલ છે. આગલા બે વર્ગના લોકોમાંથી વધુ નૈતીક કોણ ગણાય? કોણ વધુ વીશ્વાસપાત્ર છે? આપણને કોની સાથે સમ્બન્ધ રાખવો વધુ ગમશે?

લેખની શરુઆતમાં આપેલ કોયડાનો મુળ વીષય સાથેનો સમ્બન્ધ હવે છતો થયો છે. માણસના સારા-ખરાબ હોવાની વ્યાખ્યા કરવી ઘણી અઘરી છે. એનું અંગત અને જાહેર જીવન ઘણું અલગ હોઈ શકે છે. શુદ્ધ કે પવીત્ર ગણાતા અંગત જીવનના જે પણ ફાયદા હોય, જાહેર જીવનનાં કાર્યોની બીજા પર થતી અસર દુરગામી હોવાથી વધારે અગત્યની છે. જીવનભર જાતજાતના સંયમ-નીયમ પાળનાર; છતાં નીષ્ક્રીય રહેતી વ્યક્તી કરતાં લોકોની મુસીબતોમાં કામ આવતા સ્વચ્છંદીનું જીવન વધુ સાર્થક છે.

ભેદભાવ માનવ પ્રકૃતીમાં જન્મજાત છે. સદીઓથી આપણે પ્રકૃતીથી અળગા થઈ સંસ્કૃતી તરફ વધવાની કોશીશ કરતા આવ્યા છીએ. હજી બે ડગલાં આગળ વધીએ. જન્મ આધારીત ભેદભાવને સાચા અર્થમાં ભુલી જઈએ અને અંગત જીવન કરતાં જાહેર જીવનને વધુ મહત્ત્વ આપીએ.

અનેક પ્રકારની અન્ધશ્રદ્ધાઓથી ભરપુર ભારતીય સમાજોની સરખામણીએ કોઈ એક સમાજ થોડો ઘણો વધુ ઉદારમતવાદી અને પ્રગતીશીલ હોય તો પણ એ ઠોઠ નીશાળીયાઓ વચ્ચે પહેલો નમ્બર લાવવા જેવું થયું. વીશ્વકક્ષાએ આગલી હરોળમાં બેસી શકાય એટલી આચાર-વીચારની વીશાળતા કેળવવાનું ધ્યેય રાખીએ તો **‘સર્વ માનવ સમાન’** કહેવું સાર્થક બનશે. પછી **સીલેક્ટીવ મૉરાલીટી**નો સવાલ નહીં રહે.

♦

અનુક્રમણીકા

20-2013-12-03

## ક્ષમા, સહનશીલતા કે ન્યાય

'ક્ષમા' અને 'સહનશીલતા' વીશે એક આદર્શ તરીકે ઘણું લખાયું અને કહેવાયું છે. ધાર્મીક વીચારધારામાં તો એમનું આગવું મહત્વ છે. જો કે એમની વ્યાવહારીક મર્યાદાઓ વીશે સાવ ઓછું ચર્ચાય છે.

ન્યાયતંત્રમાં ક્ષમાના વીરોધી શબ્દો 'દંડ' અથવા 'સજા' છે. જ્યારે વ્યવહારમાં ક્ષમાનો વીકલ્પ 'બદલો' અથવા 'સમજુતીથી પ્રામાણીક વ્યવહાર' થાય છે.

અજાણતા થયેલી નાની ભુલની ક્ષમા હોઈ શકે; પણ જાણતા હોવા છતાં નીયમોનું પાલન ન કરવું, કાયદાનું ઉલ્લંઘન કરવું એ સજાને પાત્ર બને છે. એ માટે કાયદો, વ્યવસ્થાતંત્ર અને ન્યાયતંત્રનું માળખું રચાયું છે.

ધાર્મીક દૃષ્ટાંત કથાઓમાં ક્ષમાનો મહીમા બતાવવા, રીઢા ગુનેગારોને ક્ષમા કરવાથી એનું હૃદયપરીવર્તન થયાની ઘણી વાર્તાઓ છે. વાસ્તવમાં એવું ક્યારે પણ જોવા મળતું નથી.

જાહેર જીવનમાં ગુનાની ક્ષમા ન હોઈ શકે. ગુનેગાર પ્રત્યે ઉદારતા દાખવવા જતાં એના શીકાર બનેલા સાથે અન્યાય થાય છે. તેમ જ ભવીષ્યમાં બીજા નીર્દોષ પણ એનો શીકાર બની શકે છે.

ન્યાયતંત્રનું માળખું દરેક ભુલ કે ગુનાને અનુરુપ સજા થાય એવા પાયા પર રચાયેલું છે. જ્યારે એનું પાલન નથી થતું ત્યારે જાહેરજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. દેશમાં વધતી ગુનાખોરી પાછળ આપણા વ્યવસ્થાતંત્ર અને ન્યાયતંત્રની નબળાઈ રહેલી છે. જાહેર શીસ્ત માટે જાણીતી પ્રજાના વર્તન પાછળ એમના દેશના કાયદા અને ન્યાયતંત્રની સફળતા રહેલી છે.

દરેક સમાજનો મોટો વર્ગ એવો છે જે માત્ર સજાના ડરથી ગુનો કરતો અટકે છે. સજાનો ડર ન હોય તો કાયદાને અવગણે છે. પછી એ ગમ્ભીર ગુનો હોય કે વાહનવ્યવહારના સામાન્ય નીયમનો ભંગ હોય; વૃત્તી સરખી જ છે. (આ લેખમાં 'સમાજ' શબ્દ દેશ, પ્રાંત, જાતી વગેરે બધા માનવ સમુદાયોને આવરી લે છે.)

આ બધી વાતો જાહેર જીવનને લગતી બાબતોની થઈ. આમાં કંઈ નવું નથી કહ્યું. અહીં સાચું–ખોટું જાણવું પ્રમાણમાં સહેલું છે. કાયદામાં ગુના પ્રમાણેની સજા સ્પષ્ટ આલેખાયેલી છે. 'ક્ષમા વીરસ્ય ભુષણમ્' એ સુત્ર જાહેર જીવનને લાગુ પડતું નથી.

તો પછી બધી ધાર્મીક વીચારધારાઓમાં ક્ષમાને આટલું મહત્ત્વ શા માટે આપવામાં આવ્યું છે ?

એક કારણ એ છે કે જ્યારે ધાર્મીક વીચારધારાઓ અસ્તીત્વમાં આવી ત્યારે ન્યાય તોળવાની આટલી વીસ્તૃત પદ્ધતી વીકસી નહોતી. કાયદાઓ સ્પષ્ટ નહોતા. રાજાઓ, ધર્મગુરુઓ, સમાજના આગેવાનો વગેરે મરજી પ્રમાણે ફેંસલો સંભળાવી દેતા હતા. જેમાં ન્યાય સાથે અન્યાયની શક્યતા પણ એટલી જ હતી. એના વીકલ્પરુપે ક્ષમા કરવાનો માર્ગ સુચવાયો. એનાથી દોષીત ક્યારેક છુટી જાય; પણ નીર્દોષને ખોટી સજામાંથી બચાવી લેવું વધારે અગત્યનું હતું. આધુનીક ન્યાયપદ્ધતી નવી દુનીયાની શોધ અને દેન છે.

બીજા કારણમાં અંગત સમ્બન્ધોની નાજુકતા જાળવવા અને આત્મશાંતી માટે ક્ષમા જરુરી ઔષધ છે.

અંગત સમ્બન્ધોમાં બધું ખુબ ગુંચવાયેલું હોય છે. ત્યાં ખાસ ગુના નહીં; પણ ગેરવાજબી અપેક્ષાઓ, અણઆવડત, જરુરી ખુલાસાઓનો અભાવ વગેરેને લીધે ગેરસમજ ઉભી થઈ સમ્બન્ધ

બગડતા હોય છે. આવા પ્રશ્નોના ઉકેલ માટે ન્યાય તોળવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી ક્ષમાનો માર્ગ અપનાવાયો છે.

જૈન વીચારધારા કદાચ એક જ એવી છે જ્યાં વાર્ષીક ધોરણે સામુહીક 'ક્ષમાપના' મંગાય છે અને અપાય છે. જો કે આ ઉમદા પ્રથા એક સામાજીક પ્રસંગ માત્ર બની ગઈ છે. એનો મુળ હેતુ સરતો જણાતો નથી.

નાની અમથી વાતમાં 'સોરી' (કે 'થેંક યુ') કહેતી પ્રજાના શીષ્ટાચારની આપણે હળવી મજાક પણ કરી લઈએ છીએ.

જ્યારે જ્યાં સાચે જ જરુરી હોય ત્યાં પણ ક્ષમા ન માંગવા કે આભાર વ્યક્ત ન કરવા માટે આપણે 'ખોટો શીષ્ટાચાર' કહી આપણી ખામીનો પાંગળો બચાવ કરીએ છીએ.

સાચા અર્થમાં ક્ષમા માંગવી અને આપવી બન્ને કામ અઘરાં છે. ક્ષમા માંગવામાં અહમ્ આડો આવે છે, જ્યારે ક્ષમા આપવામાં ન્યાય ન થયાનો અફસોસ રહે છે. સાચી ક્ષમા માંગવી હોય તો પોતાના સાચાપણાના આગ્રહને જતો કરવો પડે. સાચી ક્ષમા આપવામાં માંગનારની શરણાગતી નહીં; પણ નમ્રતા જોવાની હોય.

ક્ષમા માંગવી ત્રણ પગલાંની ક્રીયા છે. સૌ પ્રથમ સામી વ્યક્તીને ખાસ એ જ હેતુસર મળી, આડી અવળી વાત કરવાને બદલે, નજર મેળવી આપણાથી થયેલ ભુલનો એકરાર કરવાનો છે. બીજું પગલું એવી ભુલ ફરી ન થાય એની ખાતરી આપવાની છે. ત્રીજું પગલું આપણા લીધે એમને થયેલી હાની કઈ રીતે સમારી શકાય એ પુછીને તે પ્રમાણે કરવાનું છે. આટલું ન કરીએ ત્યાં સુધી સાચી ક્ષમા માંગી ન કહેવાય.

વાસ્તવીકતા એ છે કે આપણે ત્યાં માત્ર બે મીનીટ લેતા આ ત્રણ પગલાં ભરાતાં ક્યાંય જાણ્યાં નથી. (અમેરીકામાં પ્રત્યક્ષ જોયા છે.)

હા, નુકસાન ભરપાઈ કરવાની સજા કાયદો સંભળાવે છે. આપણા આદર્શથી વાસ્તવીકતા કેટલી દુર છે એનો આ એક વધુ દાખલો છે. વ્યવહારમાં જેનું આચરણ કરાય છે તે મજબુરીથી કે ફાયદા માટે કરેલી બાંધછોડ છે, સાચા અર્થની ક્ષમા નથી. વીખવાદનાં મુળ કારણોનો ઉકેલ ન શોધાય ત્યાં સુધી સમાધાન શક્ય નથી. ત્યાં ક્ષમા એક ઔપચારીકતા માત્ર છે.

સાચી રીતે મંગાતી હોય તો ક્ષમા આપવાની સામે પક્ષે ફરજ બની જાય છે. ક્ષમા આપ્યા પછી એ બાબત કે પ્રસંગનો ઉલ્લેખ ફરી ક્યારેય ન કરાય. એ બાબત મનમાં કડવાશ પણ ન રખાય. ભુતકાળમાં બનેલો કડવો પ્રસંગ સદન્તર ભુલી જવો શક્ય નથી, પણ એને પરાણે યાદ ન કરવું આપણા હાથમાં છે. મનમાં આવતા વીચાર પર કાબુ ન રખાય; પણ એ વીચારોને શબ્દો દ્વારા કે આપણા કાર્યો દ્વારા વ્યક્ત કરવાનો કે ન કરવાનો નીર્ણય આપણો છે.

જાહેર સ્થળે કોઈને આવકારવાથી કે સામાજીક પ્રસંગે આમન્ત્રણ આપવાથી ક્ષમાયાચના નથી થઈ જતી. આવા આડકતરા સંકેત પાછળ નમ્રતા અને ઉદારતા કરતાં સ્વાર્થ વધુ હોય છે. સામા પક્ષે તે સ્વીકારાઈ જાય એવી અપેક્ષા રાખવી વધુ પડતી કહેવાય.

એક રીતે જોઈએ તો ક્ષમા માંગવી અને આપવી સામી વ્યક્તી કરતાં આપણા માટે વધુ જરુરી છે. સાચા કે માની લીધેલા અન્યાયને ભુલવું ખુબ અઘરૂં છે. તેમ જ દરેક અન્યાયનો ન્યાય થવો પણ શક્ય નથી. જીવનભર બદલાની આગમાં બળતા લોકોની મનોદશા અને એના પરીણામ બતાવવા માટે તો વેદવ્યાસે મહાભારત રચ્યું છે. સામાન્ય રીતે મહાભારતની કથાને ધર્મયુદ્ધની કથા ગણવામાં આવે છે. આ લેખકને મહાભારતનો મુખ્ય સંદેશ, દરેક પાત્રની બદલાની ભાવના

સર્વનાશમાં પરીણમતી બતાવવાનો લાગ્યો છે. આવા સંજોગોમાં સર્વનાશ નીવારવા સાચા અર્થની સામુહીક ક્ષમાપના યુદ્ધનો વીકલ્પ બની શકી હોત.

માંગ્યા વગર સામેથી અપાતી ક્ષમાનો હેતુ સમજવો વધારે અઘરો છે. ક્યારેક જ તે આત્મશાંતી માટે હોય છે. મોટેભાગે એમાં ઉદારતા કરતા ઘમંડ (arrogance) વધારે હોય છે. એમાં પોતાની ભુલનો એકરાર નહીં; પણ બધો દોષ સામા પક્ષે હોવાના આગ્રહ સાથે પોતાના મોટાપણાનો આડંબર રહેલો છે. વ્યવસાયમાં ઉપરીના હાથ નીચેના લોકો સાથેના વર્તનમાં આવું ખાસ જોવા મળે છે.

જેવી રીતે બાળકની દરેક જીદ પુરી કરવાથી કે એની બધી ભુલો માફ કરવાથી એ બગડી શકે છે, એ જ રીતે દરેક વાતમાં મોટાઓનો અહમ્ પોષવાથી નકારાત્મક પરીણામ આવી શકે છે. આપણામાં ઉમ્મરને અપાતા વધુ પડતા મહત્વના કેટલાક ગેરફાયદા પણ છે. સભ્ય વર્તનની જવાબદારી નાનામોટા બધાની હોય છે. આનો અર્થ વડીલોને અવગણવાનો નથી; પણ સત્ય અને સભ્યતાને નમ્રતા કરતાં આગળ મુકવાની તેમ જ વધુ મહત્વ આપવાની વાત છે. કહેવાતા જનરેશન ગેપ પાછળ આ એક મોટું કારણ છે.

કેટલાક લોકોને વાતવાતમાં વણમાગી સલાહ આપવાની ટેવ હોય છે. ઘણાને તે ગમતી નથી; છતાં સભ્યતાની રુએ ચુપચાપ સાંભળી લે છે. એ જ રીતે વાતવાતમાં આપવડાઈ કરનાર તેમ જ સતત બીજાની નીન્દા કરનારને, ગમતું ન હોવા છતાં ઘણા લોકો સહન કરી લે છે. કામના માણસની આવી કુટેવ નભાવી લેવી તે મનની મોટાઈ નથી બલ્કે મજબુરી છે. રોજબરોજના વ્યવહારમાં બતાવાતી આવી 'સહનશીલતા' કેટલી વાજબી અને જરુરી છે દરેક જણ પોતાની રીતે નક્કી કરે છે.

સહનશીલતા આપણો ખાસ ગુણ ગણાય છે. અછતમાં નીભાવી લેવું યોગ્ય છે. કુદરતનાં પરીબળોને સહન કરવાં જરુરી છે; પણ કોઈની ઉદ્ધતાઈ સતત સહેવી જરુરી નથી. ‘સહનશીલતા’ અને ‘કાયરતા’ વચ્ચેની પાતળી ભેદરેખા ક્યારે ઓળંગાઈ જાય છે એનો ઘણાને ખ્યાલ રહેતો નથી.

સહનશીલતાનો વીકલ્પ એકમાત્ર સંઘર્ષ નથી; અસહકાર અને અવગણના પણ છે. જેમને વણમાગી સલાહ જોઈતી હોય, પરનીન્દામાં કુતુહલ સાથે રમુજ જણાતી હોય એમના માટે કોઈ પ્રશ્ન નથી. જેમને આવું બધું વાજબી ન લાગે એમણે આવા પ્રસંગ અને વ્યક્તીઓથી દુર રહેવું જરુરી છે અને પુરતું છે.

જે સમાજમાં આ પ્રકારના અભદ્ર લોકોની સંખ્યા ઓછી હોય તેમ જ જાહેરમાં શીસ્ત અને સ્વચ્છતા જાળવનારા વધુ હોય એ સમાજ વધુ સભ્ય અને સંસ્કારી ગણાય છે. કેટલાક સમાજોમાં ક્ષમા અને સહનશીલતાનાં ધોરણ, સ્ત્રી અને પુરુષ માટે અલગ હોય છે. ત્યાં પુરુષોના મનઘડંત કાયદા પ્રમાણે બધો ન્યાય કરવામાં આવે છે. બાકીની દુનીયા એમને અન્તીમવાદી ગણે છે.

આમની સરખામણીએ ભારત દેશમાં ન્યાયનું માળખું યોગ્ય છે; પણ ન્યાયપાલન સાવ પાંગળું છે. ‘હોતા હૈ, ચલતા હૈ, જાને દો’ જેવી મનોવૃત્તી, સહનશીલતાને નામે કાયરતાને નભાવે છે, અરાજકતાને પોષે છે. ક્ષમા અને સહનશીલતા, ગુણને બદલે નબળાઈ બની જાય છે. સદીઓની ગુલામીને લીધે આપણામાં વધુ પડતી સહનશીલતા આવી છે કે પછી વધુ પડતી સહનશીલતાએ ગુલામીને પોષી છે તે એક સંશોધનનો વીષય છે. વ્યક્તી સ્વાતન્ત્ર્યના અભાવે પણ એમાં ઘણો ભાગ ભજવ્યો છે.

'ક્ષમા', "સહનશીલતા" અને 'બદલો', એ ત્રણે કરતાં યોગ્ય ન્યાય થવો વધારે અગત્યનું અને જરુરી છે. એમાં જ સંસ્કૃતીનો વીકાસ છે. ભારત જેવો વીશાળ, વીભીન્ન સમસ્યાઓથી ઘેરાયેલો દેશ આ બધાં જ ક્ષેત્રોમાં ઝડપી સુધારા ન કરી શકે. દરેક સમાજ પોતાના સામાજીક પ્રશ્નોનો ઉકેલ જાતે શોધે તે જરુરી છે. આપણો સમાજ દેશવીદેશના ઘણા સમાજોના સમ્પર્કમાં આવ્યો છે. એમની ટીકા કરવા કરતાં, એમનું સારું જણાય તે અપનાવવું આપણા હીતમાં છે.

♦

અનુક્રમણીકા

## 21-2013-03-23

## રાજવંશ અને રાજઅંશ

બધાનાં બે પેરન્ટ્સ (માતા + પીતા) હોય છે અને ચાર ગ્રાંડપેરન્ટ્સ હોય છે. દર પેઢીએ આ સંખ્યા બમણી થાય છે. ત્રીસ વર્ષે પેઢી બદલાય, એ હીસાબે સવા સો વરસમાં ચાર પેઢી બદલાઈ જાય. આનો અર્થ એ થયો કે આપણાથી સવા સો વર્ષ મોટા 16 પુર્વજોના જનીન (genes) કે અંશ આપણામાં આવેલા છે. આ ચાર પેઢીની ત્રીસ વ્યક્તીઓનાં નામ ભાગ્યે જ કોઈને યાદ હશે. ખાસ કરીને માતૃપક્ષનાં અને સ્ત્રી સમુદાયનાં. એમનાં જીવન વીશેની વાત તો દુર રહી.

આ ગણતરીને વધુ ભુતકાળમાં લઈ જઈએ તો દસ પેઢી પહેલાંની એક હજાર વ્યક્તીઓ, વીસ પેઢી પહેલાંની દસ લાખ વ્યક્તીઓ અને ત્રીસ પેઢી પહેલાંની એક અબજ વ્યક્તીઓ આપણી પુર્વજ થાય. જેમના જનીન કે અંશ આપણામાં હોઈ શકે છે. એમના પહેલાંની દર પેઢીએ આ સંખ્યા બમણી તો થાય જ છે.

ત્રીસ પેઢી એટલે આશરે 900 વરસ થયા. ત્યારે દુનીયાની વસ્તી અબજોમાં નહોતી. એક અંદાજ પ્રમાણે ત્યારની દુનીયાની વસ્તી દસ કરોડ જેટલી હતી અને સમસ્ત ભારતની વસ્તી બે કરોડથી પણ ઓછી હતી. માત્ર આજના બૃહદ મુમ્બઈ શહેર જેટલી.

આપણા બધા પુર્વજોનાં નામ પેઢી પ્રમાણે કાગળ પર લખીએ તો ઉંધો ત્રીકોણ બને. આ જ રીતે જો કોઈ એક વ્યક્તીના વંશજોનાં નામ લખીએ તો સીધો ત્રીકોણ બને. જો કે આ બે ત્રીકોણોમાં એક મોટો તફાવત છે. દરેક વ્યક્તીનાં પેરન્ટ્સ બે હોય છે. જ્યારે એનાં સંતાનો ઘણાં હોઈ શકે કે એક પણ ન હોય. જો દરેક પેઢીનાં સરેરાશ બે સંતાન

ગણીએ તોય 900 વરસમાં એક જ વ્યક્તીના જનીન ધરાવનાર કરોડો વ્યક્તીઓ હોઈ શકે છે.

રાજાશાહીમાં આજની જેમ એક પત્નીનો કાયદો નહોતો. પુરુષ ઈચ્છે એટલી અને પોસાય એટલી પત્નીઓ રાખી શકતો. ખાસ કરીને રાજાઓને ઘણી રાણીઓ હોતી અને રખાતો પણ હોતી. જીન્દગીને સમ્પુર્ણપણે માણવાનો તેઓ પોતાનો હક્ક ગણતા. એટલું જ નહીં; આને પુરુષત્વનું પ્રતીક ગણાતું. રાજાઓ ઉપરાન્ત અન્ય સત્તાધીશો, જમીનદારો વગેરે ઘણા પોતાની શક્તી મુજબ આ પ્રણાલીકાનો લાભ ઉઠાવતા. સમાજને એ સ્વીકાર્ય હતું.

ચીન, યુરોપ અને મુસ્લીમ સામ્રાજ્યોમાં આ ખુલ્લેઆમ થતું. ભારતના કેટલાક પ્રદેશોમાં પણ આ ચાલતું, જ્યારે અન્ય પ્રદેશોમાં અનૌરસ સમ્બન્ધોને સમાજની નજરથી છુપાવવામાં આવતા હતા. વર્ણવ્યવસ્થા આધારીત આભડછેટને લીધે તેમ જ ભારતની ધાર્મીક/ સામાજીક મર્યાદાઓએ આ પ્રકારની પોલીગેમીને (બહુપત્નીત્વને) મર્યાદામાં રાખી હતી.

રાજાઓ તેમ જ અન્ય શક્તીશાળી પુરુષોના અનૌરસ સમ્બન્ધોનાં આટલાં ઉંડાણમાં જવા પાછળનો હેતુ એ છે કે સામાન્ય માણસના હોય એના કરતાં રાજાના કેટલાયે વધારે વંશજ થતા. તે ઉપરાંત એ બધા રાજ્યાશ્રયમાં ઉછેરાતા હોવાથી એમનું જીવનધોરણ સામાન્ય પ્રજાજન કરતાં સારું રહેતું. આ બાબત અનૌરસ વંશજોને પણ લાગુ પડે છે. એ સમયમાં ભુખમરો, કુપોષણ અને ચેપી રોગોને કારણે ઘણાનાં અકાળે મોત થતાં હોવાથી સરેરાશ આયુષ્ય ત્રીસ વરસથી ઓછું હોવાનું મનાય છે. આવા સંજોગોમાં રાજાના વંશજો પ્રમાણમાં લાંબું જીવતા.

જે માણસનું આયુષ્ય લાંબું હોય અને જેને ઘણી પત્નીઓ હોય એનો વંશવેલો લાંબો હોવાની શક્યતા વધતી જાય છે. છેલ્લાં બે–અઢી હજાર વરસમાં લાખોની સંખ્યામાં થઈ ગયેલા રાજાઓના અંશ દુનીયાની મોટા ભાગની વસ્તીમાં હોવાની શક્યતા છે. ત્યારે ગર્ભનીરોધક સાધનો ઉપલબ્ધ નહોતાં.

અહીં ડાર્વીનના ઉત્ક્રાન્તીવાદનો એક સીદ્ધાન્ત, 'સર્વાઈવલ ઓફ ધ ફીટેસ્ટ' કામ કરતો દેખાય છે. એ સીદ્ધાન્ત પ્રમાણે જે જીવ પોતાની આસપાસના વાતાવરણ સાથે અનુકુળ થઈ શકે છે, તે ટકી રહે છે. જે અનુકુળ નથી થઈ શકતા એમનો અંત આવે છે. એને 'નેચરલ સીલેક્શન' પણ કહેવાય છે. માનવીના કીસ્સામાં કુદરતી નહીં; પણ માનવસર્જીત પરીબળોએ ભાગ ભજવ્યો છે અને હજી પણ ભજવી રહ્યો છે.

આપણી વંશાવળીની નોંધ ભટ્ટ (ભોગળ–ભટ્ટ, બારોટ) રાખતા હતા. રાજાઓના ઔરસ વંશાવળીની વ્યવસ્થીત નોંધ ઈતીહાસકારોએ રાખી છે. એમના અનૌરસ વંશજોની નોંધ કેટલેક ઠેકાણે મળે છે. વીદેશમાં જીનોલૉજીના વીશેષજ્ઞ આવી વંશવેલી પ્રમાણ સાથે શોધી આપે છે. આવા જીનોલૉજીસ્ટની સંસ્થાઓ પણ છે.

માણસના ગુણ – અવગુણ અમુક અંશે એના વંશજોમાં ઉતરે છે. એના પરથી 'બાપ તેવા બેટા' જેવી કહેવતો પડી છે. **ગુણથી વીશેષ** શરીરની રચના અને સ્વાસ્થ્ય પર કેટલીયે પેઢી સુધી વારસાગત અસર જળવાઈ રહેવાના પુરાવા છે. અલબત્ત દર પેઢીએ વારસામાં નવા જનીન ઉમેરાતા હોવાથી કોઈ એક જનીનની અસર એટલી ઓછી થતી જાય છે; છતાં વાળ અને આંખના રંગ જેવાં લક્ષણ કેટલીયે પેઢી પછી દેખા દેતાં હોય છે.

ઘણા રાજાઓ પોતાનામાં દેવતાઈ અંશ હોવાનું માનતા હતા કે પછી એમના ખુશામતીયા એવો પ્રચાર કરતા હતા. તોય રાજ્યના વડા હોવાને નાતે એમનામાં હીમ્મત, શૌર્ય, નીર્ણયશક્તી, શાણપણ વગેરે ગુણ તેમ જ અભીમાન, અક્કડપણું વગેરે અવગુણ અન્યના પ્રમાણમાં વધારે હોય તે સ્વાભાવીક છે.

પ્રાચીન તેમ જ મધ્યકાલીન ભારતમાં શીક્ષણ બ્રાહ્મણો પુરતું મર્યાદીત હતું. બ્રાહ્મણોની સંખ્યા અન્ય વર્ણો કરતાં ઘણી ઓછી હતી. એમનો વંશવેલો મર્યાદીત રહેતો. એમની સરખામણીએ અન્ય વર્ણોની સંખ્યા ઘણી વધતી ગઈ. સતત સંકોચાતા શીક્ષીત વર્ગની દેશના સાંસ્કૃતીક અને આર્થીક વીકાસ પર કેટલી અસર થઈ તે એક સંશોધનનો વીષય છે. સદીઓની આપણી પીછેહઠ પાછળ, આવાં કારણોએ કેટલો ભાગ ભજવ્યો હશે ?

બીજી એક કરુણ વાસ્તવીકતા એ છે કે સાધનસમ્પન્ન અને સત્તાધારી પુરુષો દુરાચાર દ્વારા પોતાનો અનૌરસ વંશવેલો વધારતા જાય, સદાચારી ગૃહસ્થનો વંશવેલો મર્યાદીત હોય તેમ જ ધાર્મીક સમાજમાં વંદનીય ગણાતા આજીવન બ્રહ્મચારીના સદ્ગુણી જનીનના લાભથી દુનીયા વંચીત રહી જાય – આને માનવસમાજની સેવા કહેવાય કે અવહેલના ?

હીટલરે કરાવેલી યહુદીઓની સામુહીક કતલ જગજાહેર છે. જે ખાસ જાહેર નથી થયું તે છે એની શુદ્ધ નૉરડીક – આર્યન જાતી માટેની ઘેલછા. એના માટે એણે ઘડેલી વીસ્તૃત યોજના હેઠળ સેકડો ચુનંદા યુવક – યુવતીઓ માટે ખાસ સંસ્થા ઉભી કરી હતી. જેનું મુખ્ય કામ હતું શુદ્ધ જાતીની પ્રજોત્પતીનું. બીજા વીશ્વયુદ્ધમાં જો હીટલરની જીત થઈ હોત તો આજની દુનીયા કેવી હોત એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

હીન્દુ દન્તકથા પ્રમાણે આપણે બધા લાખો વરસ પહેલાં થઈ ગયેલ મનુના વંશજ છીએ. ખ્રીસ્તી વીચારધારા પ્રમાણે બધા જ માનવી સાત હજાર વરસ પહેલાં થઈ ગયેલા આદમ – ઈવના વંશજ છે. નૃવંશશાસ્ત્ર પ્રમાણે સમસ્ત માનવજાતી દોઢ–બે લાખ વરસ પહેલાંના પુર્વ આફ્રીકાના નાનકડા આદી માનવસમુદાયની વંશજ છે. આ લેખક છેલ્લા વીધાનમાં સમ્પુર્ણપણે માને છે.

આટલા દુરના ભુતકાળમાં ન જતાં નજીકના ભુતકાળની એવી થોડી વ્યક્તીઓ શોધવી અઘરી નથી જેમના જનીન વીશાળ જનસમુદાયમાં હોય. લાંબો સમય સત્તા ભોગવતા ‘રંગીલા’ રાજાઓ અને સરમુખત્યારોનો એમાં સમાવેશ થાય છે. ભારતની પ્રાચીન દન્તકથાનું પાત્ર રાજા યયાતી આવું એક ઉદાહરણ છે.

આવી યાદીમાં સૌથી મોખરાનું નામ હશે ચંગીઝખાનનું (1162 – 1227). આઠસો વરસ પહેલાં થઈ ગયેલા મંગોલીયાના આ વતનીએ દુનીયાનો સૌથી વધુ પ્રદેશ જીત્યો હતો. એમ કહેવાય છે કે એ જ્યાં પણ જતો ત્યાં પોતાના ‘જનીન’ મુકતો જતો હતો. ચંગીઝખાને ચીન, મધ્ય એશીયાનાં મુસ્લીમ અને આરબ રાજ્યો, પુર્વ યુરોપ તેમ જ દક્ષીણપુર્વ એશીયાનાં કેટલાંક રાજ્યો જીતી ત્યાં પોતાના પુત્રો અને પૌત્રોને ગાદીએ બેસાડ્યા હતા. એના વંશજોએ લાંબો સમય રાજ કરી પોતાનો વંશવેલો આગળ વધારવામાં જરાય કચાશ નહોતી રાખી.

ચંગીઝખાનનો એક પૌત્ર કુબલાઈખાન ચીનનો અતી શક્તીશાળી અને પ્રખ્યાત રાજા થઈ ગયો છે. ચીનના રાજાઓની હજારો કન્ક્યુબાઈન (રખાતો) રાખવાની પ્રથા જાણીતી છે. ભારતના શક્તીશાળી મોગલ સમ્રાટો પણ ચંગીઝખાનના વંશજ હતા. એમનામાંથી કેટલાકના જનાનખાનાંમાં સેંકડો સ્ત્રીઓ હોવાનું કહેવાય છે.

મોટાભાગનું એશીયા, પુર્વ યુરોપ તેમ જ ભારતના કેટલાક ભાગની પ્રજાનાં ઘણાં નવજાત શીશુઓનાં શરીર પર ‘લસણ’ કહેવાતા ઘેરા રંગનાં ચાંઠાં હોય છે જે મેડીકલ ભાષામાં ‘મંગોલીયન સ્પોટ’ કહેવાય છે. આ ચાંઠાં ચંગીઝખાન અને એના સૈનીકોને આભારી હોવાનું કેટલાક નૃવંશશાસ્ત્રીઓનું માનવું છે. જો આમાં તથ્ય હોય તો પચ્ચીસ–ત્રીસ પેઢી પછી પણ જેનેટીક અસર દેખા દેતી હોય છે એ સાબીત થાય છે.

નેશનલ જીઓગ્રાફીક સોસાયટી અને અમેરીકાની આઈ.બી.એમ. કમ્પનીએ થોડાં વરસ પહેલાં દુનીયાના દુર દુરના પ્રદેશોમાં માણસો મોકલી ત્યાંના લોકોના જનીન એકઠા કરી એકબીજા વચ્ચેના જૈવીક સમ્બન્ધ શોધ્યા છે. ડી.એન.એ.ની નવી ટૅકનોલૉજીને લીધે આ શક્ય બન્યું છે. આ સર્વેક્ષણનાં તારણો રસપ્રદ છે. એના આધારે ઘણા લોકો પોતાના લામ્બા જાતીય વારસાની ભાળ મેળવે છે.

દુનીયાની મોટાભાગની પ્રજાઓ જૈવીક રીતે (બાયોલૉજીકલી) એકબીજાની ઘણી જ નજીક છે. આપણા જાતીય વારસાનું કોઈએ બહુ ગુમાન ન કરાય. ગમે ત્યાંથી ગમે તે નીકળી શકે છે. દેશ, જાતી કે ધર્મના નામે થતાં યુદ્ધો અન્તે તો પીતરાઈઓ વચ્ચેની જ લડાઈ છે.

♦

અનુક્રમણીકા

22-2014-09-17

## સ્વપસંદગીની (ફાવતી) નૈતીકતા

તારીખ 13 એપ્રીલ, 1919ના સાંજના સમયે, આબાલવૃદ્ધ, સ્ત્રી–પુરુષ મળી 5,000થી વધુ લોકો, તત્કાલીન કર્ફ્યુને અવગણીને, અમૃતસરના જલીયાંવાલા બાગમાં વૈશાખીનો તહેવાર ઉજવવા ભેગા થયા હતા.

અંગ્રેજ બ્રીગેડીયર જનરલ રેજીનાલ્ડ ડાયર (Dyer) પોતાના કમાંડ નીચેના 90 સૈનોકોનું/ પોલીસનું દળ લઈ જલીયાંવાલા બાગ પહોંચે છે. કોઈપણ જાતની ચેતવણી આપ્યા વગર નીઃશસ્ત્ર લોકો પર ગોળીબાર કરવાનો હુકમ કરે છે. સૈનીકોની બધી ગોળીઓ ખુટી ગઈ ત્યાં સુધીની 10–15 મીનીટ માટે સતત ગોળીબાર થાય છે, જેમાં 1,000 થી 1,500 લોકોનું મૃત્યુ થયાનો અંદાજ છે.

થોડો ઘણો ઈતીહાસ જાણનારને આટલી ખબર તો હશે જ. અંગ્રેજ સરકારે શરુઆતમાં ડાયરનો બચાવ કર્યા પછી, વધુ માહીતી મળતાં એને ઠપકો આપી, રાજીનામું આપવાની ફરજ પાડી હતી. એનું 1927માં મૃત્યુ થયું હતું.

ઈતીહાસમાં વધુ ઉંડા ઉતરતાં થોડી વધુ માહીતી મળે છે. ડાયરને ગોળીબારની પરવાનગી આપનાર તત્કાલીન પંજાબના લેફ્ટેનન્ટ (લ્યુટેનન્ટ) ગવર્નર માઈકલ ઓ’ડ્વાયરની (O’Dwyer), 21 વરસ પછી ઠેઠ 1940માં, જલીયાંવાલા હત્યાકાંડમાં બચી જનાર ઉધમસીંહે, લંડનમાં ગોળી મારી હત્યા કરી હતી. (સંદર્ભઃ વીકીપીડીયા)

હત્યાકાંડ માટે પ્રત્યક્ષ રીતે જવાબદાર આ બે વ્યક્તીઓનો યોગ્ય ન્યાય થયો ગણાય ? આ હત્યાકાંડ માટે જવાબદાર ત્રીજા પક્ષનો ઉલ્લેખ ક્યાંય જોવા મળતો નથી. એ પક્ષ છે ગોળીઓ ચલાવનાર

સૈનીકો પોતે. કોણ હતા આ સૈનીકો ? એ અંગ્રેજ નહોતા. એ પંજાબના પણ નહોતા. એ બધા પરપ્રાંતીય ભારતીઓ અને અંગ્રેજ રાજના નાગરીક હતા.

એ સાચું છે કે બધા ઉપરી અધીકારીના હુકમનું પાલન કરતાં હતા. પોતાની ફરજ બજાવતા હતા. હુકમનો અનાદર કરવો તે લશ્કરમાં આકરી સજાને પાત્ર હોય છે એ પણ સાચું છે. પણ...; આ બનાવ સામાન્ય નહોતો. સામે સશસ્ત્ર સૈન્ય નહોતું કે તોફાની ટોળું પણ નહોતું. સૈનીકોને પોતાને કોઈ ખતરો નહોતો. નાનકડી જગ્યામાં સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો બધા હતાં. એમની પાસે કોઈ હથીયાર પણ નહોતાં. એમનો એક્માત્ર ગુનો કરફ્યુનો અનાદર કરવાનો હતો. આવા સંજોગોમાં હુકમના પાલનના નામે અન્ધાધુન્ધ ગોળીબાર કરનાર ગુનેગાર ગણાય કે ન ગણાય ? હુકમપાલન કરતાં પણ કોઈ મોટી ફરજ ખરી કે નહીં ?

સૈનીક હોય કે કોઈ અન્ય વ્યવસાયનો હોય, સૌ પ્રથમ એ માણસ છે. માણસ તરીકેની એની થોડી ફરજો અને જવાબદારીઓ છે જે નૈતીકતાના ક્ષેત્રમાં આવે છે. આટલા સૈનીકોમાંથી એકને પણ કંઈ ખોટું થતું હોય એમ નહીં લાગ્યું હોય ? ટોળાપર ગોળીબાર કરવાને બદલે કોઈ એક સૈનીકે પોતાનું નીશાન જનરલ ડાયર પર લગાવ્યું હોત તો શું થાત? તો એને મૃત્યુદંડ થયો હોત એ નીશ્ચીત છે. પણ એના આ પગલાથી આખી બાજી પલટી શકત. કેટલાયે નીર્દોષ બચી જાત. આજે એનું નામ આગલી હરોળના શહીદોમાં હોત.

બધું એટલું જલદી બની ગયું કે ત્યારે કોઈને આવો વીચાર ન આવ્યો હોય એ પણ શક્ય છે. (જો કે અણધાર્યા સંજોગોમાં ત્વરીત નીર્ણય લેવાની તાલીમ સૈનીકોને અપાય છે.) પાછળથી કોઈને પોતાના કર્યા/

ન કર્યાનો પસ્તાવો થયો હશે ? એના પરીણામે કોઈએ ‘અંગ્રેજી રાજ’ની નોકરી છોડી હશે ?

સૈનીકોની તરફેણમાં અને વીરુદ્ધમાં હજી વધુ દલીલો કરી શકાય છે. કાયદાની દૃષ્ટીએ આ સૈનીકો ગુનેગાર ન ગણાય પણ નૈતીક ધોરણે બધા સૈનીકો ગુનેગાર બની શકે છે. સાચા ઈતીહાસકારે આની નોંધ લેવી જોઈતી હતી. માણસની દુન્યવી ફરજ સાથે વધુ ઉદ્દાત એવી માનવતાની ફરજ ટકરાય છે ત્યારે માણસની નૈતીકતાની કસોટી થાય છે.

આ એક દ્રષ્ટાંત માત્ર હતું. વળી એ ઘણુ જટીલ હતું. બાકી સાવ સરળ, ગુંચવણ વગરના, સ્વાર્થથી ભરપુર, અનૈતીક, અપ્રામાણીક એવા અગણીત બનાવો પ્રાચીન કાળથી બનતા આવ્યા છે અને હજી ચાલુ છે, જેમનો ક્યાંય ઉલ્લેખ નથી. એ કાળની ગર્તામાં દટાઈ ગયા છે. જે થોડા બનાવોની નોંધ લેવાઈ છે એમને પણ આપણે સહજતાથી સ્વીકારી પછી ભુલી જઈએ છીએ.

પચાસ હજાર જેટલા અંગ્રેજો આટલા વીશાળ દેશપર લાંબો સમય રાજ કરી શક્યા; કારણ કે એમને ભારતીયોનો સાથ હતો. એમણે આપણા પ્રાન્તવાદ, જાતીવાદ, સમ્પ્રદાયવાદ વગેરે જોયા અને આપણા આ આપસના મતભેદનો આપણી સામે જ ઉપયોગ કર્યો. આજે પણ આ બધા “વાદો” મોજુદ છે, જેની આપણે આકરી કીમ્મત ચુકવી રહ્યા છીએ. આ વાસ્તવીકતા સ્વીકારીયે નહીં ત્યાં સુધી આપણા પ્રશ્નો અને તકલીફો માટે બીજાઓને દોષ દેવાની વૃત્તી બદલાવાની નથી.

આજે દરેક ક્ષેત્રમાં જે ભ્રષ્ટાચાર દેખાય છે તે નૈતીકતા અને પ્રામાણીકતાના અભાવનુ નગ્ન સ્વરુપ છે. આ નવું નથી અને બહારથી આવેલું પણ નથી. આપણીજ ઘરેલું પેદાશ છે. આજે પ્રસાર માધ્યમોને

લીધે બધું જલદી પ્રકાશમાં આવે છે. પહેલા એ શક્ય નહોતું એટલે ઘણુ ઢંકાઈ રહેતું. બાકી સત્તા અને સંપત્તી માટેની ખટપટ અને એને સફળ કે નીષ્ફળ બનાવનાર દગાબાજોનો ક્યારે પણ તોટો નહોતો. રામાયણ મહાભારતમાં પણ આવું જ જોવા મળે છે.

મોટા ગજાની અપ્રામાણીકતા કે અનૈતીકતા પ્રમાણમા ઓછા લોકો કરે છે. છતાંય લગભગ બધા માણસો થોડે ઘણે અંશે અપ્રામાણીક હોય છે. બધા જ ક્યારેક અનૈતીક વ્યવહાર પણ કરતા હોય છે. કોઈની મજબુરીનો લાભ લેવો, કોઈને આપેલો વાયદો ન પાળવો, બહાનાં બનાવવા વગેરે અનૈતીક ગણાય. જ્યારે કામચોરી, કરચોરી વગેરે અપ્રામાણીક ગણાય. બધે જ દેખાતા નૈતીકતા અને પ્રામાણીકતાના આટલા અભાવનુ કારણ શું છે ?

ગણીત, વીજ્ઞાન, ઈતીહાસ, ભુગોળ જેવા કોઈપણ વીષયને માણસની નૈતીકતા સાથે જરાપણ નીસ્બત નથી; કારણ કે એમના કાર્યક્ષેત્ર અલગ છે. પ્રામાણીકતા અને નૈતીકતાનું ક્ષેત્ર પહેલેથી જ માત્ર ધર્મ અને શાસનવ્યવસ્થા (સમાજશાસ્ત્ર) હસ્તક રહ્યું છે. ધર્મ હજારો વરસથી લોકમાનસ પર રાજ કરે છે. જુદા જુદા નામે અને સ્વરુપે તે આખી દુનીયામાં પ્રસરેલો છે. આટલા લાંબા એકચક્રી શાસન પછી પણ ધર્મ માણસને માત્ર આંશીક રીતે જ પ્રામાણીક/નૈતીક બનાવી શક્યો છે. આ સત્યને સ્વીકારવું રહ્યું. એની પાછળના કારણ શોધવા તે સત્યની શોધ હશે.

‘ભૂમિપુત્ર’ પખવાડિકના તા. 01 સપ્ટેમ્બર, 2010ના અંકમા આવેલ વીનોબા ભાવેના લેખનો નાનો અંશ અત્રે રજુ કરવો યોગ્ય લાગે છે.

"ધર્મ આજે ત્રણ પ્રકારની કેદમાં જકડાઈ ગયો છે. આપણે જો માનવ ધર્મને પાંગરવા દેવો હોય તો બધા જ ધર્મોને આ ત્રીવીધ કેદમાથી છોડાવવો પડશે. માનવ ધર્મને ધર્મ–સંસ્થાઓના સકંજામાથી, પાદરી–પુરોહીત–મુલ્લાઓના હાથમાથી અને મંદીર–મસ્જીદ–ચર્ચની ચાર દીવાલોની કેદમાથી સદન્તર મુક્ત કરી સાચી ધર્મભાવના સર્વત્ર ફેલાવવાની છે.

ધર્મ જોઈએ પણ ધર્મસંસ્થા ન જોઈએ. ધર્મ સંસ્થાઓ મુળમાં ગમે તે સારા ઉદ્દેશથી ઉભી કરવામાં આવી હોય, આજે હવે તે ચાલુ રહે તેમાં સમાજને લાભને બદલે નુકસાન જ વધુ થશે. લોકોએ માની લીધું છે કે ધર્મનું જે કંઈ કાર્ય છે તેને કરવાની જવાબદારી આ ધર્મસંસ્થાના રખેવાળોની છે. ધર્મ માટે આપણે પોતે જાણે કંઈ કરવાનુ નથી. એક સુન્દર મંદીર બનાવી દીધું, એના માટે જમીન–પૈસા વગેરે આપ્યા, પુજા અર્ચનાની વ્યવસ્થા કરી, એટલે આપણુ ધર્મકાર્ય પતી ગયું. બધું પંડ્યાને, પાદરીને, મુલ્લાને સોંપી દઈને આપણે હાથ ધોઈ નાખ્યા છે.

આજે ધર્મ જેમ ધર્મસંસ્થાઓના સંચાલકોના હાથમાં કેદ છે, તેમ જ ધર્મને મંદીર–મસ્જીદ–ચર્ચમાં કેદ કરી મુક્યો છે. મંદીર જઈ આવ્યા એટલે ધર્મનું આચરણ થઈ ગયું સમજો. રોજબરોજના વ્યવહારમાં ધર્મની કશી જરુર નથી ! ત્યાં જુઠાણા અને અધર્મ વચ્ચે જે ચાલતું હોય તે ભલે ચાલતું ! ધર્મ એમાં ક્યાંય આડો આવતો નથી ! બજારમાં ધર્મ ન લઈ ગયા એટલું જ નહીં, બલકે, ધર્મમાં બજાર લઈ આવ્યા છીયે. બજારનો અધર્મ મન્દીરમાંય પહોંચી ગયો છે......"

♦

અનુક્રમણીકા

23-2011-11-09

## મનનો અંધાપો અને તાર્કીકતા

પોતાના ખાબોચીયાને સર્વસ્વ માનતા દેડકાઓ પરથી પ્રચલીત થયેલી '**કુવામાંના દેડકા**' કહેવત, દેડકાઓ માટે નહીં પણ માણસો માટે બનાવવામાં આવી છે. દેડકાઓ કે પછી બીજા કોઈપણ પ્રાણીઓનું મગજ એટલું વીકસીત નથી હોતું કે પોતાની નાનકડી દુનીયાથી અલગ દુનીયાના અસ્તીત્વ વીશે એમને કંઈ ખબર હોય.

માણસોની બાબતમાં એવું નથી. આજના સમયમાં બધાને એટલી તો ખબર છે કે દુનીયા ઘણી વીશાળ છે. એમાં ભાતભાતના લોકો રહે છે. એમના આચાર–વીચાર, માન્યતાઓ, ધર્મ વગેરે એકબીજાથી અલગ છે. કંઈ જાણ્યા–સમજ્યા વગર લગભગ બધા જ બીજાનું ખોટું અને ફક્ત પોતાની માન્યતાઓ સાચી હોવાનો આગ્રહ સેવે છે.

જેલની કોટડીમાં પુરાયેલાને ફક્ત એક નાનકડી બારીમાંથી જોવા મળે છે. ત્યાંથી એને હમ્મેશ એક જ દૃશ્ય દેખાય છે. આંખો હોવા છતાં એ અન્ધાપો ભોગવે છે. જે મુક્ત અને જાગૃત છે, જેની ચારે તરફ બારીઓ (મોકળાશ) છે, એને જોવાની ઈચ્છા હોય તો હમ્મેશા ધબકતી, બદલાતી, જીવન્ત દુનીયા એના માટે મોજુદ છે.

મગજની બારીઓનું પણ એવું જ છે. ઘણા લોકો મગજની એક નાનકડી બારી ખુલ્લી રાખે છે. એમાંથી આવતી બધી જ માહીતીને સમ્પુર્ણ અને સાચી માનીને બીજી કોઈપણ માહીતીને અન્દર આવવા દેતા નથી. આ જાતે સ્વીકારી લીધેલો મનનો અન્ધાપો છે.

સામાન્ય માણસની મનની બારીઓ બન્ધ કરાવનાર હોય છે ધર્મગુરુઓ, રાજકારણીઓ અને અન્ય અંકુશની વૃત્તી ધરાવતા લોકો. તેઓ ફક્ત પોતા તરફ ખુલતી બારીને જ ખુલ્લી રાખવાનો આગ્રહ

સેવે છે. જુદી વીચારધારા ધરાવતા લોકોની વાતો એ ન સાંભળે એટલા માટે ક્યારેક બીજા કોઈને ન સાંભળવાનું કે વાચવાનું વ્રત પણ લેવડાવે છે. આવું વ્રત માનસીક અન્ધાપાને કાયમી કરે છે. નાઝી જર્મની, સામ્યવાદી દેશો વગેરે આ પ્રકારના માનસીક અન્ધાપાને ઠોકી બેસાડનારાં રાજકીય ઉદાહરણો છે. ધાર્મીક ઉદાહરણો તો ચારેકોર દેખાય જ છે.

પ્રત્યેક ધર્મના મોટા ભાગના શ્રદ્ધાળુઓ પોતાના ધર્મગુરુ અને સમ્પ્રદાયના પ્રચાર–સાહીત્ય સીવાય બીજું કશું સાંભળવાની કે વાંચવાની તસ્દી લેતા નથી. આ ગુરુઓ એમના અનુયાયીઓને સદીઓ જુની ભ્રામક માન્યતાઓમાં અટવાયેલા રાખે છે. એનાથી દૃષ્ટી ટુંકી થઈ જાય છે. લોકો ગુરુઓથી એટલા પ્રભાવીત થયેલા હોય છે કે એમના કહેવાથી દુષ્કૃત્યો કરવા પણ તૈયાર હોય છે. આતન્કવાદીઓ તેમ જ સમ્પ્રદાયો વચ્ચેની હીંસક અથડામણો આના દાખલા છે.

કેટલાક કીસ્સાઓમાં ધર્મગુરુઓને ‘ભગવાન’ના નામે સમ્બોધાય છે અને ‘ભગવાન’ના સ્થાને બેસાડાય છે. એમની પાસે ચમત્કારીક અને અલૌકીક શક્તીઓ હોવાનો ભ્રમ ઉભો કરવામાં આવે છે. વ્યક્તીપુજાની આ પરાકાષ્ઠા છે.

એક વર્ગ એવો પણ છે જેણે ‘દુનીયા જોઈ છે’ છતાં એ જડતાપુર્વક પોતાની જુની માન્યતાઓને વળગી રહે છે. સામાન્ય રીતે બુદ્ધીશાળી અને શીક્ષીત ગણાતા કેટલાક લોકોનો આ વર્ગમાં સમાવેશ થાય છે. આ લોકો મનના અન્ધાપાનો ભોગ બનેલા હોય છે.

આપણાથી જુદું કંઈ જાણવું કે સાંભળવું નહીં એ મનનો અન્ધાપો છે. નવું તેમ જ સત્ય જાણ્યા અને સમજ્યા છતાં સ્વીકારવું નહીં એ બુદ્ધીનો અન્ધાપો છે. પ્રેમમાં કે દ્વેષમાં માણસ આંધળો થઈ જાય છે

એવું કહેવા પાછળ આજ બુદ્ધીના અન્ધાપાની વાત છે. વોટર પ્યુરીફાયરનું શુદ્ધ પાણી કપડાના ગળણાથી ફરી ગાળવું એ બુદ્ધીના અન્ધાપાનું એક ઉદાહરણ છે. આવું તો બીજી કેટલીયે પ્રવૃત્તીઓમાં દેખાય છે. રુઢીચુસ્ત ધાર્મીક પક્કડે ઘણાને સાવ સાદી બાબતોમાં પણ માનસીક અન્ધ બનાવ્યા છે. જાણ્યા–સમજ્યા છતાં સમજુ લોકો પરમ્પરા છોડી શકતા નથી.

મનનો અને બુદ્ધીનો અન્ધાપો દુર કરવાનો સાદો, સરળ અને એકમાત્ર ઉપાય છે '**તાર્કીકતા**'. સાંભળેલી કે વાંચેલી કોઈપણ વાતની ખરાખોટાની શક્યતા પર વીચાર કરી વાસ્તવીક લાગે તેટલું જ સ્વીકારવાની પદ્ધતીને તાર્કીકતા કે તર્કશાસ્ત્ર કહેવાય છે – **Logic and Reasoning.** મનની બધી બારીઓ ખોલી નવી માહીતી અને વીચારોને પ્રવેશવા દેવાનો; ખુલ્લા મને એને સમજવાનો પ્રયાસ કરવાનો; એમાંથી સાચું અને સારું લાગે તેટલું સ્વીકારવાની પ્રામાણીકતા અને હીમ્મત દાખવવી એ માનસીક સ્વતન્ત્રતાની નીશાની છે. જીન્દગીભર એકની એક કથા સાંભળવાની પણ હદ હોય છે. માનસીક ગુલામીમાં અટવાયેલા માટે એને છોડવું અતી કઠીન પગલું લાગશે.

ધાર્મીક કે બીજી કોઈપણ વીચારધારા કુદરતના નીયમોથી વીરુદ્ધ ન હોઈ શકે. જ્યાં પણ કુદરતી નીયમોનો ભંગ થતો દેખાતો હોય ત્યાં તાર્કીક રીતે વીચારવું જોઈએ. ચમત્કારો અને અલૌકીક સીદ્ધીઓને વાસ્તવીકતાની નજરથી જોવું જરુરી છે.

નાના બાળક માટે એના માતા–પીતા સર્વસ્વ હોય છે. એમની પાસેથી એના બધા પ્રશ્નોના ઉત્તર મળે છે. ત્યાં એ સલામતી અનુભવે છે. જ્યારે બાળક મોટું થાય છે ત્યારે બીજા લોકોના સમ્પર્કમાં આવવાથી એની દૃષ્ટી વીશાળ થાય છે. એ જાત અનુભવે ઘણું શીખે છે. એને મા–

બાપની મર્યાદીત સમજ અને શક્તીનો ખ્યાલ આવે છે. પરીણામે મા–બાપની દરેક વાતમાં તે સહમત થતો નથી. આ બધું અનાયાસે થતું હોય છે. આના લીધે મા–બાપ પ્રત્યેનો એનો પ્રેમ અને માન ઓછાં થતાં નથી, ફક્ત તે એમની મર્યાદાઓને સ્વીકારતો થાય છે.

અફસોસની વાત એ છે કે આવા જાત અનુભવનો ઉપયોગ માણસ પોતાના માની લીધેલા ગુરુની મર્યાદાઓ સ્વીકારવા માટે નથી કરતો. ગુરુઓએ એનું એટલું બધુ બ્રેઈન વોશીંગ કરેલું હોય છે કે એ બીજી દીશામાં વીચારવાનું છોડી દે છે. બધા ધાર્મીક પન્થોની મુળ વાતનો સાર એકસરખો હોવા છતાં ધર્મગુરુઓ ગજબ રીતે ફક્ત પોતાને જ સાચું અને સમ્પુર્ણ જ્ઞાન હોવાનું ભોળા ભાવીકોના મનમાં ઠસાવે છે.

મોટા ભાગના લોકો પોતાના ગુરુની વાતોમાં સમ્પુર્ણ શ્રદ્ધા ધરાવે છે. કેટલાક લોકો આનાથી પર છે. એ ધર્મને નીતીશાસ્ત્ર રુપે જુએ છે. કોઈપણ ધર્મગુરુને ચુસ્તપણે અનુસરતા નથી. ધર્મપ્રચારના સાહીત્યમાંથી સત્યને વેગળું તારવવાની કોશીશ કરે છે. કહેવાતા ધાર્મીક લોકો, આવા લોકોને નાસમજ કે નાસ્તીક ગણે છે. જ્યારે એ પોતાને વાસ્તવવાદી અને જાગૃત માને છે.

આ લોકો કુદરતના નીયમોને સમ્પુર્ણપણે સ્વીકારે છે. ચમત્કાર અને પરલોકની દુનીયા કરતાં જે નજર સામે દેખાય છે એને વધુ મહત્ત્વ આપે છે. એમને ક્રીયાકાંડને બદલે માનવતા અને પ્રામાણીકતામાં ધર્મ અને પ્રભુતા દેખાય છે. પોતાની મર્યાદામાં થાય એટલું એનું પાલન કરે છે. **એક રીતે જોઈએ તો તેઓ નાસ્તીક નહીં પણ ખરા અર્થમાં આસ્તીક છે.**

આ બે પ્રકારમાં ન આવતા હોય એવા બાકીના લોકોને ચીલાચાલુ માન્યતાઓ સ્વીકાર્ય નથી અને આ માન્યતાઓમાંથી સત્યને

અલગ તારવવાની સમજ પણ નથી. પરીણામે તેઓ સામાજીક દબાણને કારણે બહુમતીમાં ભળે છે. વાસ્તવવાદી લઘુમતીની એ નૈતીક ફરજ થઈ જાય છે કે અવઢવમાં ફસાયેલા આ લોકોને યોગ્ય માહીતી પુરી પાડવી. જેથી પોતાના નીર્ણયો તેઓ જાતે કરી શકે. આમ કરતાં કટ્ટર પન્થીઓને કદાચ મન દુ:ખ થાય; પણ એના માટે અન્ધશ્રદ્ધાને પોષતા રહેવું વાજબી નથી. આ ઉપદેશ નહીં પણ સન્દેશ છે. વીજ્ઞાન, સાહીત્ય, કળા, કાયદો વગેરે ક્ષેત્રોમાં વીચાર, ચીન્તન અને તર્કને મુલ્યવાન ગણવામાં આવે છે. સંગઠીત ધર્મોનું પહેલું કામ શ્રદ્ધા અને ભક્તીના નામે તર્ક અને વીચારને દબાવી દેવાનું રહ્યું છે. એમને સમ્પુર્ણ શરણાગતી ખપે છે. આ પન્થો '**મારું તે સાચું**'ની હઠ લઈને બેઠા છે. તર્ક પર રચાયેલી વૈજ્ઞાનીક વીચારસરણી 'સાચું તે મારું'માં માને છે. વીજ્ઞાન ઘણી જુની ધાર્મીક માન્યતાઓને ખોટી સાબીત કરતું આવ્યું છે.

આપણે મેળવેલું બધું જ્ઞાન અને બધી સમજ આપણી આસપાસની દુનીયા અને એમાં બનતા બનાવોના અવલોકન પરથી આવેલ છે. જે પણ પ્રખર બુદ્ધીશાળી અને પ્રતીભાશાળી વ્યક્તીઓ થઈ ગઈ એમણે કેટલાક સનાતન પ્રશ્નોના ઉત્તર પોતાની સમજ પ્રમાણે આપ્યા છે. એમાંથી જ બધી ધાર્મીક વીચારધારાઓ શરુ થયેલી છે. એમનાં વીચારો અને તારણો પર તત્કાલીન સ્થળ અને કાળની અસર હોવાથી એમના દ્વારા કરેલું અર્થઘટન એકબીજાથી થોડું ભીન્ન છે. પરીણામે આટલી બધી વીચાર ધારાઓ પ્રચલીત થઈ છે. હજી સુધી દુનીયામાં એવી કોઈ વ્યક્તી પેદા નથી થઈ જેના બધા જ વીષય પરના વીચારો સમ્પુર્ણ અને સત્ય હોય. તર્કમાંથી જ શરુ થયેલી આ બધી વીચારધારાઓ આગળ જતાં, (કમનસીબે) તર્કને પોતાનો હરીફ અને પછી વીરોધી માનવા લાગી છે.

માનવજાતનું સંયુક્ત જ્ઞાન અને સમજ સતત વધી રહ્યાં છે. વર્તમાનમાં વધેલી વસ્તી અને વૈચારીક સ્વતન્ત્રતાને લીધે જ્ઞાન વધવાની ગતીમાં પણ વધારો થઈ રહ્યો છે. દરેક વીષયની સમજ પહેલાં ક્યારે પણ હતી એના કરતાં અત્યારે અનેકગણી છે. આમાં કોઈપણ ક્ષેત્ર અપવાદરુપ નથી. એનો લાભ ન લેવો એ સામુહીક અન્ધાપો થશે.

ઘણા લોકો સામાજીક માન્યતાઓ, રીતરીવાજ અને પ્રવૃત્તીઓ પ્રત્યે ઘણી જ પ્રગતીશીલ વીચારસરણી ધરાવે છે. એવાઓની 'સંસ્કારી' તરીકે ગણના થાય છે. જ્યારે એ જ લોકો ધાર્મીક માન્યતાઓ અને ક્રીયાકાંડની બાબતમાં અતીશય રુઢીચુસ્ત વલણ ધરાવે છે. સામાજીક અને ધાર્મીક આચરણના આ વીરોધાભાસ પાછળ મુખ્યત્વે વ્યક્તીપુજાને લીધે આવતો મનનો તથા બુદ્ધીનો અન્ધાપો અને તાર્કીક રુચીનો અભાવ જવાબદાર છે. આ એક કરુણાંતીકા છે.

**: તણખો :**

જે તર્ક કરી શકતા નથી એમની મર્યાદાઓ ક્ષમ્ય છે. આવડત હોવા છતાં જે તર્ક કરવા માંગતા નથી તે મતાન્ધ છે. જેમનામાં તર્ક કરવાની હીમ્મત પણ નથી તે માનસીક કાયર છે.

◆ ◆ ◆